સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 21
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૫ મે, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## કેન્દ્ર-રાજ્યો 'ટીમ ઈન્ડિયા'ની જેમ કામ કરે, તો દરેક લક્ષ્ય પાર પાડી શકાયઃ મોદી

### 'દરેક રાજ્ય વૈશ્વિક સ્તરનું પર્યટન સ્થળ વિકસાવે'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર અને રાજ્યો એકસાથે મળીને 'ભારતની ટીમ'ની જેમ કામ કરે, તો કોઇ પણ લક્ષ્ય પાર પાડવું અશક્ય નથી.

મોદીએ અહીં નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા ('નીતિ' આયોગ)ની સંચાલન સમિતિની દસમી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશના વિકાસની ઝડપ વધારવાની જરૂર છે. કેન્દ્ર સરકાર અને દેશના બધાં રાજ્યો જો સાથે મળીને કામ કરે, તો દરેક લક્ષ્ય પાર પાડી શકાય.

નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયાની સંચાલન સમિતિની દસમી બેઠકનો થીમ '૨૦૪૭માં ભારતને વિકસિત બનાવવા માટે રાજ્યોનો ઝડપી વિકાસ જરૂરી' મોદીએ જણાવ્યું હતું કે દરેક ભારતીયનું લક્ષ્ય 'ભારતને વિકસિત' બનાવવાનું છે. દરેક રાજ્ય વિકસિત થશે ત્યારે ભારત પણ વિકસિત થશે. આ ૧૪૦ કરોડ નાગરિકોની આશા છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયાની સંચાલન સમિતિમાં દરેક રાજ્યના મુખ્ય પ્રધાનો, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો અને અનેક કેન્દ્રીય પ્રધાનોનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદી તેના અધ્યક્ષ છે. મોદીએ જણાવ્યું હતું કે આપણે દરેક રાજ્ય, દરેક શહેર, દરેક નગરપાલિકા, દરેક ગામને વિકસિત બનાવવાના છે. જો આપણે આ દિશામાં ઝડપથી કામ કરીશું, તો દેશને વિકસિત બનાવવા માટે ૨૦૪૭ સુધી રાહ જોવી નહિ પડે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દરેક રાજ્યે પોતાને ત્યાંના ઓછામાં ઓછા એક પર્યટન સ્થળને વિકસાવીને વૈશ્વિક

(જુઓ પાનું ૨) ▸▸




## નીતિ આયોગની બેઠકમાં દક્ષિણના ત્રણ મુખ્ય પ્રધાન ગેરહાજર

ચેન્નાઈ : આંધ્ર પ્રદેશ, તમિળનાડુ અને તેલંગાણાના મુખ્ય પ્રધાન - એન ચંદ્રબાબુ નાયડુ, એમ કે સ્ટાલિન અને એ રેવંત રેડ્ડી શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા.

ત્રણે આ બેઠકમાં હાજરી આપવાના હતા અને સંબંધિત મુદ્દાઓ પર કાઉન્સિલ સમક્ષ પોતાનાં મંતવ્યો રજૂ કરવાના હતા.

કૉંગ્રેસ શાસિત કર્ણાટકના મુખ્ય પ્રધાન, સિદ્ધારમૈયાએ રાજ્યમાં વ્યસ્તતાનું કારણ જણાવી કાઉન્સિલમાં પોતાનું ભાષણ વાંચવા માટે મોકલ્યું હતું, કેરળના મુખ્ય પ્રધાન, પિનરાઈ વિજયને તેમના વતી રાજ્યના નાણાં પ્રધાન બાલાગોપાલને તેમના સ્થાને જવા માટે નિયુક્ત કર્યા હતા.

જોકે, આ મુખ્ય પ્રધાનોની બેઠક હોવાથી, બાલાગોપાલ તેમાં હાજરી આપી શકશે કે નહીં તે સ્પષ્ટ નથી, સૂત્રોએ જણાવ્યું હતું.

તેવી જ રીતે, પુડુચેરીના મુખ્ય પ્રધાન એન રંગાસ્વામી, જે

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં કોવિડ-૧૯ના સબવેરિઅન્ટ એલએફ.૭ના ચાર દરદી નોંધાયા

નવી દિલ્હીઃ ઇન્ડિયન સાર્સ (સિવીઅર એક્યુટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ)-કોવ-૨ જિનોમિક્સ કન્સૉર્ટિઅમ (આઇએનએસ એસીઓજી)એ આપેલી માહિતી મુજબ ગુજરાતમાં કોવિડ-૧૯ના સબવેરિઅન્ટ એલએફ.૭ના ચાર અને તમિળનાડુમાં સબવેરિઅન્ટ એનબી.૧.૮.૧ના એક દરદી નોંધાયા હતા.

ગુજરાતમાં આ ચાર દરદી મે મહિનામાં જ નોંધાયા હતા.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન (વિશ્વ આરોગ્ય સંસ્થા - ડબ્લ્યૂએચઓ)એ કોવિડ-૧૯ના સબવેરિઅન્ટ એલએફ.૭ અને એનબી.૧.૮ને 'મોનિટરિંગ' (નિરીક્ષણ) હેઠળના વેરિઅન્ટ ગણાવ્યા હતા, પરંતુ આ પ્રકારના સબવેરિઅન્ટ ચીન ઉપરાંત એશિયાના અન્ય દેશોમાં ઝડપથી ફેલાઇ રહ્યા છે.


ભારતમાં જેએન.૧ સૌથી વધુ જોવા મળતો વેરિઅન્ટ છે અને અત્યાર સુધી તપાસવામાં આવેલા નમૂના (સેમ્પલ)માંના ૫૩ ટકામાં તે પ્રકારના વાઇરસ જોવા મળે છે. તે પછી ૨૬ ટકા દરદી બીએ.૨ વેરિઅન્ટના અને ૨૦ ટકા દરદી ઓમિક્રોન સબલાઇનેજીસના છે.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન સબવેરિઅન્ટ એનબી.૧.૮.૧ને સાર્વજનિક આરોગ્ય સામે ઓછા જોખમી ગણાવ્યા હોવા છતાં તેના એ૪૩૫એસ, વી૪૪૫એચ અને ટી૪૭૮આઇ જેવા પ્રોટીન મ્યુટેશન્સ અન્ય સબવેરિઅન્ટની સરખામણીમાં ઇમ્યૂન સિસ્ટમ (રોગપ્રતિકારશક્તિ) પર વધુ હુમલા કરતા જોવા મળ્યા હતા.

દેશમાં ૧૯ મે સુધીમાં કોવિડ-૧૯ના નવા ૨૫૭ દરદી નોંધાયા હતા, પરંતુ તે પછી દરદીઓની સંખ્યા

(જુઓ પાનું ૨) ▸▸




### ઈંગ્લૅન્ડની ટૂર માટે પંત વાઈસ-કૅપ્ટનઃ સુદર્શન અને અર્શદીપને ટેસ્ટમાં ડેબ્યૂનો મોકો

## ટીમ જાહેર : ગિલ ભારતનો નવો ટેસ્ટ-કૅપ્ટન




મુંબઈઃ આગામી ૨૦મી જૂને ઇંગ્લૅન્ડમાં શરૂ થનારી પાંચ મૅચની સિરીઝ સાથે ભારતની ટેસ્ટ ટીમનો પરિવર્તનકાળ શરૂ થશે અને એ નવી ટીમનું સુકાન શુભમન ગિલને સોંપવામાં આવ્યું છે. તેને ૧૮ ખેલાડીઓની એવી ટેસ્ટ ટીમ સોંપવામાં આવી છે જેમાં બહુ ઓછા અનુભવી ખેલાડીઓ અને નવા તથા યુવા ખેલાડીઓ સામેલ છે.

પચીસ વર્ષના શુભમન ગિલને ૩૨ ટેસ્ટ મૅચના ૫૯ દાવનો અનુભવ છે. વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતને તેના ડેપ્યૂટી તરીકે નીમવામાં આવ્યો છે. તેને ૪૩ ટેસ્ટની ૭૫ ઇનિંગ્સનો અનુભવ છે. ભારતની નવી ટેસ્ટ ટીમમાં કુલ ચાર ઑલરાઉન્ડર, પાંચ સ્પેશિયાલિસ્ટ ફાસ્ટ બોલર અને એકમાત્ર સ્પેશિયાલિસ્ટ સ્પિનર છે.

ચાર ઑલરાઉન્ડર (બે સ્પિન, બે પેસ)માં રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર અને નીતીશ કુમાર રેડ્ડીનો સમાવેશ છે. પાંચ ફાસ્ટ બોલરમાં જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહ સામેલ છે. કુલદીપ યાદવ ટીમમાં એકમાત્ર વિશિષ્ટ સ્પિનર છે. ભારતની નવી ટેસ્ટ ટીમમાં ટૉપ-

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદમાંથી નકલી ભારતીય પાસપોર્ટ સાથે ૪૦ બાંગ્લાદેશી ઘૂસણખોર ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવ ડિમોલિશનના બે તબક્કા દરમિયાન આશરે ૨૦૦ જેટલા ગેરકાયદે બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. આ વિસ્તાર ભારતમાં ઘૂસણખોરીને કરીને આવેલા બાંગ્લાદેશીઓ માટે સલામત આશ્રય સ્થાન હતું અને મિનિ બાંગ્લાદેશ તરીકે પણ ઓળખાતો હતો. તપાસ દરમિયાન નકલી ભારતીય પુરાવાઓ ઊભા કરીને પાસપોર્ટ મેળવનારા ૪૦ બાંગ્લાદેશીઓ ગુમ થઈ ગયા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જે બાદ તેમની રાજ્યભરમા શોધખોળ શરૂ કરવામાં આવી છે. ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સાથે સંકળાયેલા મોટા પાયે પાસપોર્ટ કૌભાંડની ચાલી રહેલી તપાસ દરમિયાન આ ખુલાસો થયો હતો.

ક્રાઈમ બ્રાન્ચે જાણવા જોગ નોંધીને ફરાર થયેલા લોકોને શોધવા ટીમ બનાવી છે. ટૂંક સમયમાં એફઆઈઆર દાખલ કરવામાં આવશે. સૂત્રોના કહેવા પ્રમાણે આવા ૫૦૦ થી વધુ પાસપોર્ટ હજુ પણ શંકાના દાયરામાં છે. ગુમ થયેલા બાંગ્લાદેશીઓ દ્વારા ભારતીય પાસપોર્ટનો દુરુપયોગ થવાની સંભાવના હોવાથી ગુપ્તચર એજન્સીઓની ચિંતા વધી ગઈ છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના કહેવા પ્રમાણે,

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળમાં ચોમાસાનું આઠ દિવસ વહેલું આગમન

નવી દિલ્હીઃ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું શનિવારે કેરળ પહોંચ્યું હતું. જે વર્ષ ૨૦૦૯ પછી ભારતીય મુખ્ય ભૂમિ પર સૌથી વહેલું આગમન છે. તે ૨૩મેના રોજ દક્ષિણ રાજ્યમાં પહોંચ્યું હતું. આ માહિતી ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)એ આપી હતી.

સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પહેલી જૂન સુધીમાં કેરળ પહોંચે છે અને આઠ જુલાઇ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. તે ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી પાછું વળવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે પાછું વળી જાય છે. આઇએમડીના આંકડા દર્શાવે છે કે ગયા વર્ષે ચોમાસું ૩૦ મેના રોજ કેરળ પહોંચ્યું હતું. જ્યારે ૨૦૨૩માં ૮ જૂને, ૨૦૨૨માં ૨૯ મે, ૨૦૨૧માં ત્રીજી જૂન, ૨૦૨૦માં પહેલી જૂન, ૨૦૧૯માં આઠમી જૂન અને ૨૦૧૮માં ૨૯ મેના રોજ કેરળ પહોંચ્યું હતું.

વર્ષ ૧૯૭૫થી ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે ચોમાસું પહેલી વાર ૧૯૯૦માં (૧૯ મેના રોજ) સમય કરતાં વહેલું કેરળ પહોંચ્યું હતું. જે સામાન્ય તારીખ કરતાં ૧૩ દિવસ વહેલું હતું. હવામાન શાસ્ત્રીઓના મતે ચોમાસાના આગમનની તારીખ અને દેશભરમાં મોસમ દરમિયાન પડેલા કુલ વરસાદ વચ્ચે કોઇ સીધો સંબંધ નથી. કેરળમાં ચોમાસાનું વહેલું કે મોડું આગમન થવાનો અર્થ એ નથી કે તે દેશના અન્ય ભાગોને પણ એ જ રીતે

(જુઓ પાનું ૨) ▸▸

## આતંકવાદ હડકાયો કૂતરો અને પાકિસ્તાન તેનો હૅન્ડલર દેશ છેઃ અભિષેક બેનરજી

ટૉક્યોઃ આતંકવાદ હડકાયો કૂતરો અને પાકિસ્તાન તેનો અધમ હૅન્ડલર દેશ છે. આ દૂષણને ડામવા વિશ્વના તમામ દેશોએ એકજૂટ થવું જોઈએ, એમ જાપાનની મુલાકાતે ગયેલા ટીએમસીના સાંસદ અભિષેક બેનરજીએ શનિવારે કહ્યું હતું.

ટીએમસીના સાંસદ અભિષેક બેનરજી સરહદપારના આતંકવાદને મામલે પાકિસ્તાનને વૈશ્વિક સ્તરે ઉઘાડું પાડવાના ભારતના વલણ પર પ્રકાશ પાડવા જાપાન ગયેલા સર્વપક્ષી પ્રતિનિધિમંડળનો હિસ્સો છે.

તેમણે કહ્યું હતું કે ભારત જે મામલે જરા પણ નમતું ન જોખી શકે એવું સત્ય જણાવવા અમે અહીં આવ્યા છીએ.

આતંકવાદ વિરુદ્ધની લડતને મામલે ભારત મક્કમ વલણ ધરાવે છે એ સંદેશો વૈશ્વિક સમુદાયને પહોંચાડવા વિશ્વના ૩૩ દેશમાં સર્વપક્ષી પ્રતિનિધિમંડળ મોકલવાનો ભારતે નિર્ણય લીધો હતો. જેડી (યુ)ના સાંસદ સંજય ઝાના વડપણ હેઠળ જાપાન પહોંચેલું સર્વપક્ષ પ્રતિનિધિમંડળ પણ તેનો જ હિસ્સો છે.

ટૉક્યોમાં આપેલા પ્રવચન દરમિયાન તેમણે કહ્યું હતું કે આતંકવાદના ભય સામે અમે નમતું નહીં જોખીએ. લોકો જે ભાષા સમજે તે ભાષામાં જવાબ આપવાનું અમે શીખી ગયા છીએ.

આતંકવાદ જો હડકાયો કૂતરો અને પાકિસ્તાન તેનો હૅન્ડલર દેશ છે તો આ દૂષણને ડામવા વિશ્વના તમામ દેશોએ એક થવું જોઈએ અન્યથા આ હડકાયો કૂતરો વધુ હડકાયા

(જુઓ પાનું ૨) ▸▸

## જમ્મુ-કાશ્મીરના ભાદેરવાહમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા ૨૭ મે સુધી સસ્પેન્ડ

સુરેશ એસ. ડુગ્ગર

નવી દિલ્હીઃ જાહેર વ્યવસ્થા ખોરવી નાખવા રાષ્ટ્રવિરોધી તત્ત્વો દ્વારા દુરુપયોગ કરવામાં આવી શકે એવા ભયને કારણે જમ્મુ-કાશ્મીર સરકારે ડોડા જિલ્લાના ભાદેરવાહના અમુક વિસ્તારોમાં ૨૭મી મે સુધી મોબાઈલ ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

જમ્મુ વિભાગના આઈજીપી ભીમસેન તૂતીની ભલામણને પગલે ગૃહ વિભાગે રિલાયન્સના ૧૯ અને ભારતી એરટેલના ૧૮ એમ કુલ ૩૭ ટાવરની મોબાઈલ ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

મુખ્ય સચિવ (ગૃહ વિભાગ) ચંદ્રાકર ભારતીએ આદેશમાં જણાવ્યું હતું કે બાવીસ મે રાત્રે ૮:૦૦ વાગ્યાથી ૨૭મી મે રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી ૩૭ ટાવરની મોબાઈલ ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ રહેશે.

ટેલિકમ્યુનિકેશન્સ (ટેમ્પરરી સસ્પેન્શન ઑફ સર્વિસિસ) રૂલ્સ, ૨૦૨૪ની કલમ ત્રણ અંતર્ગત

(જુઓ પાનું ૨) ▸▸

## એલઆઈસીએ ૨૪ કલાકમાં સૌથી વધારે પૉલિસી વેચીને વર્લ્ડ રેકોર્ડ કર્યો

નવી દિલ્હી : લાઈફ ઈન્શ્યોરન્સ ઑફ ઈન્ડિયા (એલઆઈસી) ૨૪ કલાકની અંદર સૌથી વધારે જીવન વીમાની પૉલિસી વેચીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડનો ખીતાબ મેળવ્યો હતો, એવી જાહેરાત એલઆઈસીએ કરી હતી. એલઆઈસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ગિનીસ વર્લ્ડ રોકોર્ડસ દ્વારા ચકાસવામાં આવેલી આ ઐતિહાસિક ઉપલબ્ધિ છે. તે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના નિગમના સમર્પિત એજન્સી નેટવર્કના અસામાન્ય દેખાવને માન્યતા આપે છે. ૨૦ જાન્યુઆરીએ એલઆઈસીના ૪,૫૨,૮૩૯ એજન્ટે આખા ભારતમાં ૫,૮૮,૧૦૭ જીવન વીમા પૉલિસી પૂરી કરી હતી.

આ પ્રચંડ પુરુષાર્થે જીવન વીમા ઉદ્યોગ માટે ૨૪ કલાકનો નવો વૈશ્વિક માપદંડ સર્જ્યો છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે આ અમારા એજન્ટના અવિરત સમર્પણ, કૌશલ્ય અને અથાગ કાર્યનીતિને શક્તિશાળી કાયદેસરતા મળી છે. આ સિદ્ધિ અમારા ગ્રાહકો અને તેમના કુટુંબોને મહત્ત્વનું નાણાકીય રક્ષણ અપવાની અમારી પ્રતિબદ્ધતા દાખવે છે.

એલઆઈસીના એમડી અને સીઈઓ

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૨૫–૫–૨૦૨૫ થી તા. ૩૧–૫–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સમગ્ર સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ સમગ્ર સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. બુધ વૃષભ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર આ સપ્તાહમાં મેષ રાશિમાંથી તા. ૨૬મીએ વૃષભ રાશિમાં આવે છે. તા. ૨૮મીએ મિથુન રાશિમાં, તા. ૩૦મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે આ સપ્તાહમાં શુભ પુરવાર થશે. નોકરીમાં પરિવર્તનો જણાય છે. અકારણ નાણાં વ્યય શક્ય હોઈ સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓના પરિવારોમાં મતભેદો શક્ય જણાય છે. મહિલાઓનો સપરિવાર પ્રવાસ પણ શક્ય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન, અભ્યાસમાં અનિયમિતતા નિર્માણ થાય તેમ હોય સતર્ક રહેવું જરૂરી છે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ દ્વારા લે-વેંચનો વેપાર શક્ય જણાય છે. તા. ૨૮, ૨૯, ૩૦ નોકરી માટે શુભ જણાય છે. નોકરીમાં પ્રગતિ જાળવી શકશો. સામાજિક, રાજકીય પ્રવૃત્તિમાં યશ મેળવશો. વેપારની આવક વધશે. નાણાં બચતના કામકાજમાં સફળતા જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારજનો સાથેના વિવાદમાં રાહત જણાશે. પરિવારમાં માંગલિક પ્રસંગ સરળતાથી બની રહેશે. વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૯ શુભ જણાય છે. નોકરીમાં અપેક્ષિત નિર્ણયો લઈ શકશો. તા. ૨૬, ૨૮, ૨૯ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સરળતાથી પૂર્ણ કરી શકશો. આ સપ્તાહમાં નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને સ્વજનોનો સહયોગ પ્રાપ્ત થાય. સ્વજનોમાં પ્રિય થશો. વડીલોની કૃપા પ્રાપ્ત કરશો. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. દૈનિક સાપ્તાહિક વેપાર સરળતાથી સંપન્ન થશે. અધિકારી નોકરીના ક્ષેત્રે ઉપયોગી થશે. તા. ૨૭ ૩૦, ૩૧ નોકરીમાં પ્રગતિ દર્શાવે છે. આયાત-નિકાસના કારોબારમાં પ્રગતિ થાય. કુટુંબીજનોમાં યશસ્વી બનશો. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પરિવારની જવાબદારીમાં પ્રાપ્ત થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારથી લાભ થશે. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. તા. ૨૭, ૨૯, ૩૦ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ જળવાશે જૂના નાણાં વ્યવહાર પૂર્ણ કરશો. ગેરસમજણો દૂર થશે. નવા કારોબારનો પ્રારંભ થશે. મહિલાઓને નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ પ્રાપ્ત થાય. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શાળા કોલેજના અભ્યાસમાં પ્રગતિનો અનુભવ થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ શક્ય છે. દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજમાં સફળતા જણાશે. નોકરીમાં તા. ૨૬, ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે. નોકરીના કામકાજમાં પણ ફેરફારો જણાય છે. નાણાં આવક જળવાઈ રહેશે. ભાગીદાર ઉપયોગી થાય. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસમાં પ્રગતિ જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નવી નોકરી, કામકાજનો પ્રારંભ શક્ય છે. તા. ૨૭, ૨૯, ૩૦ના કામકાજમાં પ્રગતિ જણાશે. મિલકતના નિર્ણયો લઈ શકશો. કાર્યક્ષેત્રે યશ મેળવશો. કાર્યદક્ષતા, અનુભવ, પુરુષાર્થ, જ્ઞાનના પૂર્ણ ઉપયોગ માટે ગોચરગ્રહ ફળ પણ શુભ છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ થાય.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે ગોચરફળ શુભ છે. નોકરી માટે લાંબા અંતરનો પ્રવાસ શક્ય છે. સ્થળ બદલી પણ શક્ય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. વેપાર વધશે. નાણાં આવક વધશે. પરિવારના સભ્યોની પ્રગતિ જળવાશે. મહિલાઓને કાર્યક્ષેત્રે નિયમિતતા અને પરિશ્રમના સફળ પરિણામોનો સફળ અનુભવ થાય. અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના પરિણામો સફળ બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મિત્રોથી જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થશે. વેપારથી નાણાંલાભ થશે. ભાઈ-બહેનો સાથેના નાણાં વ્યવહાર સફળતાથી સંપન્ન થશે. નોકરીમાં આ સપ્તાહમાં વિશિષ્ટ નિર્ણયો લઈ શકશો. વેપારના કામકાજમાં પ્રગતિ જણાશે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને કિંમતી ચીજોની ખરીદીના કામકાજ સફળ બનતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનના કામકાજમાં નિયમિતતા અને પ્રગતિ જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યક્ષમતા, જ્ઞાન અનુભવોનો પૂર્ણ ઉપયોગ સકારાત્મક સ્વરૂપે કરી શકશો. નોકરીની પ્રવૃત્તિઓ સફળ બનતી જણાશે. નોકરીમાં યશ મેળવશો. ભાઈ-બહેનોમાં મતભેદો દૂર થશે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. અકારણ નાણાં ખર્ચ ટાળવા જરૂરી છે. ભાગીદારી સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મહિલાઓને આ સપ્તાહમાં કિંમતી ચીજોની ખરીદીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો સરળતાથી પ્રાપ્ત થતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. વાયદાના વેપારમાં પણ સફળ રહેશો. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. પરંતુ નોકરીમાં પ્રગતિ જળવાઈ રહેશે. પ્રગતિનો અનુભવ કરશો. નાણાં બચતના નિર્ણયોનો અમલ થઈ શકશે. મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સરળ બની રહેશે. યશ મેળવશો. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે તથા જૂનાં રોકાણમાંથી પણ નાણાં મેળવી શકશો. નોકરીમાં સહકાર્યકરો સાથેનો વિવાદ હળવો બનશે. નોકરી માટે આ સપ્તાહમાં સ્વપ્રયત્ને સફળ નિર્ણયો લઈ શકશો. સામાજિક, રાજકીય પ્રવૃત્તિમાં યશ મેળવશો. વેપાર વધશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓના કુટુંબ જીવનના મતભેદોનો ઉકેલ જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

## આજનું પંચાંગ
### ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
### રવિવાર, તા. ૨૫–૫–૨૦૨૫, શિવરાત્રિ, સાવિત્રી ચતુર્દશી

ભારતીય દિનાંક ૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
વૈશાખ વદ –૧૩
જૈન વીર સંવત ૨૫૫૧,
માહે વૈશાખ, તિથિ વદ–૧૩
પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૪મો ગોશ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ,
માહે ૪થો તીર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૬મો,
માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૮મો,
માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
નક્ષત્ર અશ્વિની સવારે ક. ૧૧–૧૧ સુધી, પછી ભરણી
ચંદ્ર મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા. સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ
ભરતીઃ સવારે ક. ૧૦–૪૦, રાત્રે ક. ૨૨–૧૮
ઓટઃ સાંજે ક. ૧૬–૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૩૯ (તા. ૨૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – ત્રયોદશી. શિવરાત્રિ, સાવિત્રી ચતુર્દશી (બંગાલ), સૂર્ય રોહિણીમાં સવારે ક. ૦૯–૩૨, ભદ્રા બપોરે ક. ૧૫–૫૩થી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૪.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ શિવરાત્રિનો ઉપવાસ, રાત્રિ જાગરણ, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, સૂર્ય–કેતુ ગ્રહદેવતાનું પૂજન, ગાયત્રી જાપ, હવન પરદેશનું પસ્તાનું, પ્રયાણ શુભ, નવાં વસ્ત્રો, આભૂષણ, હજામત વિદ્યારંભ, નવા વાસણ, પશુ લે–વેંચ, નૌકા બાંધવી. દુકાન–વેપારના નિત્ય થતાં કામકાજ, સર્વ શાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.

આચમનઃ ચંદ્ર–રાહુ અર્ધચતુષ્કોણ મતલબ, ચંદ્ર–ગુરુ અર્ધચતુષ્કોણ દંભી, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ કજિયાખોર

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ અર્ધચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ અર્ધચતુષ્કોણ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ (તા. ૨૬) સૂર્ય–રોહિણી પ્રવેશ.

ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ– વૃષભ, ગુરુ–મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૨૫–૫–૨૦૨૫ થી તા. ૩૧–૫–૨૦૨૫

રવિવાર, વૈશાખ વદ–૧૩, વિ. સં. ૨૦૮૧, તા. ૨૫મી મે, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર અશ્વિની સવારે ક. ૧૧–૧૧ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, સાવિત્રી ચતુર્દશી (બંગાલ), સૂર્ય રોહિણીમાં સવારે ક. ૦૯–૩૨, ભદ્રા બપોરે ક. ૧૫–૫૩થી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૪. સામાન્ય દિવસ.

સોમવાર, વૈશાખ વદ–૧૪, તા. ૨૬મી, નક્ષત્ર ભરણી સવારે ક. ૦૮–૨૪ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૨ સુધી (તા. ૨૭), પછી રોહિણી. ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩–૪૦ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, ફલહારિણી કલિકા પૂજા, વટસાવિત્રી વ્રત (અમાવસ્યા પક્ષ), શનિશ્ચર જયંતી, અન્વાધાન, સોમવતી અમાવસ્યા ૧૨–૧૧થી. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, વૈશાખ વદ–૩૦, તા. ૨૭મી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૦, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર. ભાવુકા અમાવસ્યા, ધનિષ્ઠા નવક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૨ (તા. ૨૮), પ્રતિપદા ક્ષય તિથિ છે. ઈષ્ટિ. દશહરા આરંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, જયેષ્ઠ સુદ–૨, તા. ૨૮મી, નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રે ક. ૨૪–૨૮, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૩–૩૬ સુધી, પછી મિથુનમાં. કરીદિન, ચંદ્રદર્શન, મું. ૩૦ સામ્યાર્ધ, દક્ષિણ શૃંગોન્નતિ ૦૪ અંશ. સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, જયેષ્ઠ સુદ–૩, તા. ૨૯મી, નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૨–૩૮ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી (રાજસ્થાન), મેલા હલદીઘાટી, મુસ્લિમ ૧૨મો જિલ્હેજ માસારંભ, સ્પષ્ટ રાહુ કુંભમાં અને કેતુ સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪–૫૫, ઉપનયન, શુભ દિવસ.

શુક્રવાર, જયેષ્ઠ સુદ–૪, તા. ૩૦મી, નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૧–૨૮ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧૫–૪૧ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ઉમા ચતુર્થી (બંગાલ–ઓરિસ્સા), ગુરુ અર્જુનદેવ શહીદ દિન (શીખ), ભદ્રા સવારે ક. ૧૦–૧૬થી ૨૧–૨૨. ઉપનયન, શુભ દિવસ

શનિવાર, જયેષ્ઠ સુદ–૫, તા. ૩૧મી, નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૧–૦૬ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. મહાદેવ વિવાહ (ઓરિસ્સા), શુક્ર મેષમાં સવારે ક. ૧૧–૩૪. સર્વદેવ પ્રતિષ્ઠા, સામાન્ય દિવસ.

# પૂંચમાં પાકિસ્તાનના ગોળીબારથી તબાહ થયેલા લોકોને રાહુલ ગાંધી મળ્યા

***સુરેશ એસ. ડુગ્ગર***

જમ્મુ : કૉંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે જમ્મુ અને કાશ્મીરના પૂંચની મુલાકાત લીધી અને સીમાપારથી પાકિસ્તાન ગોળીબારથી અસરગ્રસ્ત લોકોને મળ્યા હતા. રાહુલે આ મહિને આ કેન્દ્રશાસિત પ્રદેશની બીજી મુલાકાત લીધી છે. અગાઉ રાહુલ ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી શ્રીનગર ગયા હતા. આ હુમલામાં ૨૬ જણે જાન ગુમાવ્યો હતો અને આમાં મોટા ભાગના પર્યટકો હતા.

રાહુલ પૂંચમાં પાકિસ્તાની ગોળીબારમાં માર્યા જનાર લોકોના સ્વજનોને મળ્યા હતા અને તેમના દુઃખ સાંભળ્યા હતા. રાહુલ આ ઉપરાંત પાકિસ્તાન ગોળીબારથી પ્રભાવિત બીજા લોકોને પણ મળ્યા હતા. રાહુલે પાક ગોળીબારમાં તબાહ થયેલા લોકોનું દુઃખ શેર કર્યું હતું. રાહુલે એક્સ પર એક પોસ્ટ મૂકીને લખ્યું હતું કે શનિવારે પૂંચ જિલ્લામાં પાકિસ્તાન ફાયરિંગમાં મરણ પામનારા પરિવારજનોને મળ્યો હતો. તૂટેલા મકાન, વિખરાયેલો સામાન, ભીની આંખો અને દરેક ખૂણામાં પોતાનાને ખોવાની દર્દભરી દાસ્તાન મેં સાંભળી. આ દેશભક્ત પરિવારો દરેક વખતે યુદ્ધનો મોટો બોજો સાહસ અને ગરિમા સાથે ઉપાડે છે. તેમના હોંસલા બુલંદ છે. પીડિત પરિવારો સાથે મક્કમતાથી ઊભો છું. હું તેમની માગણીઓ અને મુદ્દા રાષ્ટ્રીય સ્તરે ઉઠાવીશ. પહલગામમાં ૨૨ એપ્રિલના આતંકવાદી હુમલા પછી રાહુલનો આ રાજ્યનો બીજો પ્રવાસ છે. પાકિસ્તાની ગોળીબારનું સૌથી મોટું નુકસાન પૂંચને થયું છે. ત્યાં ૨૦ જણ મરણ પામ્યા હતા. પૂંચમાં એક સ્કૂલમાં બાળકો સાથે વાતચીત કરતાં રાહુલે કહ્યું હતું કે તમે ભયાનક સ્થિતિનો સામનો કર્યો છે, પરંતુ ગભરાતા નહીં. આનો જોરદાર જવાબ એ છે કે તમે મહેનતથી અભ્યાસ કરો અને મિત્રો બનાવો.

આના પહેલાં તેમણે કહ્યું હતું કે આવા આતંકવાદી હુમલાનો હેતુ દેશને વિભાજિત કરવાનો છે અને આનો મુકાબલો કરવા દેશે સંગઠિત થવું જોઈએ.

જમ્મુ અને કાશ્મીર કૉંગ્રેસના અધ્યક્ષ તારિક હમીદ કર્રાએ માહિતી આપી હતી કે રાહુલ ગાંધી એ પાકિસ્તાની ગોળીબારથી પ્રભાવિત એક ગુરુદ્વારા, મંદિર અને મદરેસા તથા એક મિશનરી સ્કૂલની મુલાકાત લીધી હતી. રાહુલ સ્થાનિક નાગરિકો અને સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓને મળ્યા હતા. રાહુલ પહેલા એવા રાષ્ટ્રીય નેતા છે જેમણે પૂંચમાં પહોંચીને સંવેદના બતાડી હતી અને ત્યાંના પીડિતોના દુઃખને લોકો સાથે વહેંચ્યું હતું. (એજન્સી)

# રશિયા, યુક્રેને સેંકડો કેદીઓ–નાગરિકોની આપ–લેનો આરંભ કર્યો

ચેરનીહિવ રિજનઃ શસ્ત્રવિરામના લગભગ ત્રણ વર્ષના નિષ્ફળ પ્રયાસ બાદ રશિયા, યુક્રેને શુક્રવારે પ્રથમ તબક્કામાં સેંકડો કેદીઓ-નાગરિકોની આપ-લેનો આરંભ કરી શસ્ત્રવિરામને મામલે સહકાર વધાર્યો હતો. બેલારુસ-યુક્રેન સરહદે આ આપ-લે કરવામાં આવી હતી. મુક્ત કરાયેલા તમામ લોકોને તબીબી સારવાર માટે બેલારુસ લઈ જવામાં આવ્યા હોવાનું રશિયાના સંરક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

યુક્રેનના પ્રમુખ ઝૅલેન્સ્કીએ કહ્યું હતું કે આપ-લેના પ્રથમ તબક્કામાં સૈનિકો અને નાગરિકો સહિત કુલ ૩૯૦ યુક્રેનવાસીઓની આપ-લે કરી હતી. અઠવાડિયાના અંતમાં વધુ લોકોને મુક્ત કરવામાં આવશે. યુદ્ધગ્રસ્ત યુક્રેન અને રશિયા વચ્ચે કેદીઓ અને નાગરિકોની આ સૌથી મોટી આપ-લે હશે.

પ્રત્યેક લોકોને ઘરે લાવવા ખૂબ મહત્ત્વનું છે એમ જણાવી ઝૅલેન્સ્કીએ આ તમામ લોકોની ઘરવાપસી માટે પ્રયાસ કરનારાંઓનો આભાર માન્યો હતો અને આ પ્રકારની વધુ આપ-લે માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખવાનું વચન આપ્યું હતું.

મુક્ત કરવામાં આવેલા કેદીઓને લઈને યુક્રેનના ચેરનીહિવ રિજનસ્થિત મેડિકલ ફેસિલિટીએ આવી પહોંચેલી બસને નિહાળીને કેદીઓના ડઝનબંધ સગાંસંબંધીઓએ આભાર માનીને આનંદ વ્યક્ત કર્યો હતો.

યુક્રેનના ધ્વજમાં લપેટાયેલા અમુક લોકો ભાવવિહોણા ચહેરા સાથે બસમાંથી નીચે ઉતર્યા હતા.

ગયા અઠવાડિયે ઈસ્તંબુલમાં યોજાયેલી બેઠકમાં રશિયા અને યુક્રેને પ્રથમ તબક્કામાં પ્રત્યેક દેશના ૧,૦૦૦ કેદીઓને મુક્ત કરવા સહમતી દર્શાવી હતી. બે કલાક ચાલેલી આ બેઠકે રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત આણવાના અમેરિકાના પ્રયાસને સફળતા અપાવી હતી.

રશિયા અને યુક્રેન વચ્ચે મોટાપાયે કેદીઓ અને નાગરિકોની આપ-લે થઈ હોવાના અહેવાલને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પણ સમર્થન આપ્યું હતું.

રશિયાના વિદેશ પ્રધાન સર્ગી લાવરૉવે શુક્રવારે રાત્રે કહ્યું હતું કે બંને દેશ વચ્ચે એકવાર કેદીઓ અને નાગરિકોની આપ-લે થઈ ગયા બાદ ટકાઉ, લાંબાગાળાના અને વ્યાપક શાંતિકરાર માટે રશિયા યુક્રેનને શરતોનો દસ્તાવેજી મુસદ્દો આપશે. (એજન્સી)

# આસામમાં વધુ ત્રણ દેશદ્રોહીની ધરપકડ

ગુવાહાટી : આસામમાં ચાલી રહેલા ''પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકો પર કાર્યવાહી'' માં વધુ ત્રણ દેશદ્રોહી લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી ગયા મહિને પહલગામ આતંકવાદી હુમલા બાદ રાજ્યમાં આવી ધરપકડોની કુલ સંખ્યા ૭૬ થઈ ગઈ છે, એમ મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું.

'રાષ્ટ્ર વિરોધીઓ' સામે કાર્યવાહી અંગે અપડેટ શેર કરતા સરમાએ જણાવ્યું હતું કે નલબારી, દક્ષિણ સલમારા અને કામરૂપ જિલ્લામાંથી એક એકની ધરપકડ કરવામાં આવી છે.

''આસામમાં પાકિસ્તાન તરફી સહાનુભૂતિ ધરાવતા લોકો પર કાર્યવાહીમાં અત્યાર સુધીમાં કુલ ૭૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે,'' એમ તેમણે કહ્યું હતું.

રાજ્ય પોલીસ ૨૨ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલા પછી, સોશિયલ મીડિયા પર પોસ્ટ સહિત 'ભારત વિરોધી' અને 'પાકિસ્તાન તરફી' પ્રવૃત્તિઓ માટે લોકો સામે કાર્યવાહી કરી રહી છે.રાષ્ટ્ર વિરોધી આરોપમાં ધરપકડ કરાયેલા લોકોમાં એઆઈયુડીએફના વિધાનસભ્ય અમીનુલ ઇસ્લામનો પણ સમાવેશ થાય છે. પહલગામ હુમલામાં પાકિસ્તાન અને તેની સંડોવણીનો ''બચાવ'' કરવાના આરોપસર શરૂઆતમાં તેની રાજદ્રોહના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.

# બાંગ્લાદેશના વડા તરીકે મહંમદ યુનુસ ચાલુ રહેશે

ઢાકાઃ મહંમદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે ચાલુ રહેશે.

અગાઉ, યુનુસે રાજીનામું આપવાની તૈયારી દર્શાવી હોવાનું કહેવાય છે.

બાંગ્લાદેશમાંની સરકારના આયોજન વિભાગના સલાહકાર વાહિદુદ્દીન મહમૂદે પત્રકારોને જણાવ્યું હતું કે મહંમદ યુનુસે રાજીનામું આપવાની કોઇ વાત મિટિંગમાં નહોતી કરી. યુનુસે માત્ર એવું કહ્યું હતું કે આપણી સરકારને ઘણી જ મોટી જવાબદારી અપાઇ છે. આપણે અનેક પડકારનો સામનો કરી રહ્યા છીએ, પરંતુ આપણે આપણી ફરજ બજાવવાનું છોડી ન શકીએ. અગાઉ, મહંમદ યુનુસે નેશનલ સિટીઝન પાર્ટીના નેતાઓ સાથેની બેઠકમાં પોતે રાજીનામું આપવાનું વિચારી રહ્યા હોવાની વાત કરી હતી. તેમણે આ પહેલાં પ્રધાનમંડળની બેઠકમાં પણ રાજીનામું આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

મહંમદ યુનુસે ઢાકામાંના શેરે બાંગ્લાનગર ખાતે નેશનલ ઇકોનોમિક કાઉન્સિલની કારોબારી સમિતિની બેઠક બાદ અંદાજે ૧૯ સલાહકારની સાથે બંધ-બારણે બેઠક યોજી હતી.

સલાહકાર સઇદા રિઝવાન હસને પત્રકારોને જણાવ્યું હતું કે અમે બાંગ્લાદેશમાંની આગામી ચૂંટણી, કાયદામાંના સુધારા સહિતના વિવિધ મુદ્દે ચર્ચાવિચારણા કરી હતી.

નેશનલ સિટીઝન પાર્ટીના કન્વીનર નાહિદ ઇસ્લામે જણાવ્યું હતું કે મેં મહંમદ યુનુસને દેશની સલામતી અને ભાવિને ધ્યાનમાં રાખીને હોદ્દા પર ચાલુ રહેવા વિનંતિ કરી હતી. અમે બધાના સહકારની આશા રાખીએ છીએ.

યુનુસે ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને જમાતે ઇસ્લામીના નેતાઓની સાથે બેઠક યોજી હતી.

બાંગ્લાદેશમાં ચૂંટણી વહેલી યોજવા હિલચાલ ચાલી રહી છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### કેન્દ્ર–રાજ્યો

સ્તરનું બનાવવું જોઇએ અને ત્યાં દરેક સુવિધા તેમ જ શ્રેષ્ઠ આંતરિક માળખું તૈયાર કરવા જોઇએ. 'એક રાજ્યઃ એક વૈશ્વિક પર્યટન સ્થળ' વિકસાવવામાં આવશે, તો તેની પાસેનાં અન્ય શહેરોને પણ તેનો લાભ મળશે.

મોદીએ જણાવ્યું હતું કે દેશમાં ઝડપથી શહેરીકરણ થઇ રહ્યું છે. આપણે શહેરોને ભવિષ્યના વિવિધ પડકાર માટે તૈયાર કરવાની જરૂર છે. તેના માટે નવી શોધખોળ આવશ્યક છે. મહિલાઓને પણ દેશના વિકાસના કાર્યમાં વધુ સહભાગી બનાવવી જોઇએ. (એજન્સી)

### નીતિ આયોગની

કેન્દ્રશાસિત પ્રદેશમાં એઆઇએનઆરસીની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધનના વડા છે, તેમણે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી ન હતી, એમ એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું.

જોકે, સૂત્રએ રંગાસ્વામીના આ કાર્યક્રમમાં હાજરી આપવાનું કારણ જાહેર કર્યું નથી.

કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં, સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન વિજયને બેઠકમાં હાજરી ન આપવાનું કોઈ કારણ જણાવ્યું નથી.

નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થા, કાઉન્સિલમાં તમામ રાજ્યના મુખ્ય પ્રધાન, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો અને ઘણા કેન્દ્રીય પ્રધાનનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદી નીતિ આયોગના અધ્યક્ષ છે. ઓપરેશન સિંદૂર પછી વડા પ્રધાનની તમામ રાજ્યોના મુખ્ય પ્રધાનો અને ઉપરાજ્યપાલો સાથેની આ પહેલી મોટી બેઠક છે.

### કોવિડ–૧૯ના

ઝડપથી વધી રહી છે.

હૅલ્થ સર્વિસીસના ડિરેક્ટર જનરલની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી બેઠકમાં નેશનલ સેન્ટર ફૉર ડિઝીઝ કન્ટ્રોલ, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ અને આરોગ્ય ક્ષેત્રે કામ કરી રહેલી અન્ય સરકારી સંસ્થાના અધિકારીઓએ ભાગ લીધો હતો અને સંભવિત રોગચાળો રોકવા માટેનાં ભાવિ પગલાં અંગે ચર્ચા કરી હતી.

દેશના અનેક પ્રદેશમાં કોવિડ-૧૯ના દરદીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. દિલ્હીમાં કોવિડ-૧૯ના નવા ૨૩, આંધ્ર પ્રદેશમાં ચાર, તેલંગણામાં એક, બેંગલૂરુમાં એક દરદી નોંધાયા હતા. કોવિડ-૧૯ના દરદીઓની સંખ્યા છેલ્લા ૨૦ દિવસ દરમિયાન ઝડપથી વધી રહી છે.

કેરળમાં મે મહિનામાં જ કોવિડ-૧૯ના ૨૭૩ દરદી નોંધાયા હતા. (એજન્સી)

### અમદાવાદમાંથી

કેટલાક ઘૂસણખોરો દેશની સુરક્ષા માટે ખતરો છે. અગાઉ અહીંથી સ્લીપર સેલ પણ પકડાયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે તેમણે નકલી ઓળખ દસ્તાવેજોના આધારે મેળવેલા લગભગ ૫૫૦ પાસપોર્ટની વિગતો પાસપોર્ટ ઓફિસ અને એફઆરઆરઓને સોંપી હતી. બંને એજન્સીઓના પ્રતિસાદના આધારે, તેઓએ સરનામાં તપાસવાનું શરૂ કર્યું અને જાણવા મળ્યું હતું કે ૪૦ વ્યક્તિઓ ગુમ થઈ ગઇ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વાતને વહીવટીતંત્ર દ્વારા ખૂબ ગંભીરતાથી લેવામાં આવી છે અને ફરાર થયેલા લોકોને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી.

### કેરળમાં

આવરી લેશે. આઇએમડીના એક અધિકારીએ જણાવ્યું કે તે મોટા પાયે પરિવર્તનશીલતા અને વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક લાક્ષણિકતાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે. એપ્રિલમાં આઇએમડીએ ૨૦૨૫ના ચોમાસાની ઋતુ માટે સામાન્યથી વધુ સંચિત વરસાદનું અનુમાન લગાવ્યું હતું. જેમાં અલ નીનોની પરિસ્થિતિની શક્યતાને નકારી કાઢવામાં આવી હતી. જે ભારતીય ઉપખંડમાં સામાન્યથી ઓછા વરસાદ સાથે સંકળાયેલી છે.

### આતંકવાદ

કૂતરા પેદા કરવાનું ચાલુ રાખશે, એમ તેમણે કહ્યું હતું.

આ મામલે ભારતની કામગીરી ચોકસાઈવાળી, ગણતરીપૂર્વકની અને કોઈપણ પ્રકારની ઉશ્કેરણી ન કરનારી હશે, એમ તેમણે કહ્યું હતું.

૨૬ નિર્દોષ લોકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો.

પ્રતિનિધિમંડળે પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકાની સ્પષ્ટ રજૂઆત કરી હતી. (એજન્સી)

### જમ્મુ–કાશ્મીરના

કામચલાઉ રીતે મોબાઈલ ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરવાનો મોબાઈલ કંપનીઓને આદેશ આપવાની જમ્મુ વિભાગના આઈજીપીને સત્તા છે.

દેશની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશોની સુરક્ષા અને જાહેર વ્યવસ્થાની જાળવણી માટે આ આદેશ આપવો જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### એલઆઈસીએ

સિદ્ધાર્થ મોહંતીની પહેલ અને દરેક એજન્ટને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ એટલે કે નમેડ મિલિયન ડેથમાં ઓછામાં ઓછી એક પૉલિસી પૂરી કરવાની અપીલે આમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આને લીધે જ આ વિક્રમ પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બોલતાં મોહંતીએ બધા ગ્રાહકો, એજન્ટ અને કર્મચારીને નમેડ મિલિયન ડેથને ઐતિહાસિક બનાવવા માટે આભાર માન્યો હતો. (એજન્સી)

### ટીમ જાહેર

ઑર્ડરનો બૅટ્સમૅન કરુણ નાયર અને ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુર કમબૅક કરી રહ્યા છે, જ્યારે ઓપનર સાઇ સુદર્શન તથા લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને પહેલી વાર ટેસ્ટ રમવાનો મોકો અપાયો છે. શાર્દુલ ભારત વતી છેલ્લે ડિસેમ્બર ૨૦૨૩માં રમ્યો હતો.

ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ પાંચેય ટેસ્ટ માટે ઉપલબ્ધ નહીં રહી શકે એવું ફિઝિયોથેરપિસ્ટ અને ડૉક્ટરોએ જ અમને કહ્યું હોવાનું ખુદ ચીફ સિલેક્ટર અજિત આગરકરે શનિવારે મુંબઈમાં પત્રકારોને કૅપ્ટન અને ટીમની જાહેરાત વખતે જણાવ્યું હતું.

અજિત આગરકર અને તેમની સિલેક્શન કમિટીએ શનિવારે બપોરે મુંબઈમાં બીસીસીઆઇના હેડ ક્વૉર્ટરમાં ટીમ પસંદ કરવા વિશેની મીટિંગ રાખ્યા બાદ નવા કૅપ્ટન અને નવી ટીમની જાહેરાત કરી હતી. આગરકરે કહ્યું હતું કે 'ભારતની ટેસ્ટ ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની જગ્યા કોઈ લે એ મુશ્કેલ તો છે, પણ અમને આશા છે કે ઇંગ્લૅન્ડ ખાતેની આગામી ટેસ્ટ સિરીઝમાં અન્ય ખેલાડીઓ તકનો લાભ લઈને ખૂબ સારું રમશે.'

પેસ બોલર મોહમ્મદ શમીની બાદબાકી સૌથી વધુ ચર્ચામાં છે. ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ-શ્રેણી છેક ઑગસ્ટ સુધી ચાલશે અને એટલી લાંબી ટૂર સિલેક્ટરોને શમી પૂર્ણપણે ફિટ નહોતો લાગ્યો એટલે તેને ૧૮ ખેલાડીની ટીમમાં સામેલ નથી કર્યો. આગરકરે પત્રકારોને કહ્યું હતું કે 'શમીને ફિટનેસની થોડી સમસ્યા છે. ગયા અઠવાડિયે એક એમઆરઆઇ સ્કૅન કરાવ્યું હતું. મારે ખાસ કહેવું જોઈએ કે તે ઇંગ્લૅન્ડમાં પાંચેય ટેસ્ટમાં રમી શકે એવી સ્થિતિમાં નહોતો. બીસીસીઆઇની મેડિકલ ટીમે જ અમને કહ્યું કે શમી પૂર્ણપણે ફિટ નથી.'

સિલેક્ટરોએ સરફરાઝ ખાનને બદલે અનુભવી કરુણ નાયરને ટીમમાં સમાવ્યો છે. રિઝર્વ ઓપનર તરીકે અભિમન્યુ ઈશ્વરનને ૧૮ ખેલાડીની ટીમમાં સામેલ કરાયો છે. જોકે ફાસ્ટ બોલર હર્ષિત રાણાને ફરી ટીમમાં નથી લેવામાં આવ્યો.

### ભારતની ટેસ્ટ–ટીમઃ

શુભમન ગિલ (કૅપ્ટન), રિષભ પંત (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઇ સુદર્શન, અભિમન્યુ ઈશ્વરન, કરુણ નાયર, નીતીશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ, અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવ.

# Destination Uttarakhand

## CHAR DHAM YATRA 2025

PICS: UTTARAKHAND TOURISM



Shri Yamunotri (April 30) Shri Gangotri (April 30) Shri Kedarnath (May 2) Shri Badrinath (May 4) Shri Hemkunt Sahib (May 25)



Prime Minister Shri Narendra Modi's vision for the holistic development of Uttarakhand is deeply inspiring. As we welcome devotees to the sacred 'Chardham Yatra', our government remains fully committed to ensuring their safety for a spiritually fulfilling experience. We urge all visitors to come experience the soul of Devbhoomi, Uttarakhand.

**-Pushkar Singh Dhami,** Chief Minister, Uttarakhand

There are two main pillars for the creation of a developed India in the 21st century—pride in our heritage and making every possible effort for development. Today, Uttarakhand is strengthening both these pillars. This decade will be the decade of Uttarakhand.

**-Narendra Modi,** Prime Minister

# Easy & safe Char Dham journey

Char Dham Yatra 2025 is set to commence from April 30, coinciding with the auspicious occasion of Akshaya Tritiya, as the portals of Yamunotri and Gangotri reopen. This revered pilgrimage spans four sacred sites—Yamunotri, Gangotri, Kedarnath, and Badrinath—located in Uttarakhand. Each year, lakhs of devotees set out on this spiritual journey in pursuit of divine blessings and inner peace.

For easy access, the Uttarakhand government has established both online and offline registration procedures for pilgrims to provide a seamless and well-organised experience.

- Prior to journey registration is mandatory
- Please enter the correct mobile number during registration
- Make sure to obtain 'Darshan' token at the dhams
- Always carry sufficient woolen clothes, umbrella and raincoat with you
- Provide the correct health information during the registration process
- Senior citizens are advised to get a health check-up done prior to journey
- If you take any medicine, keep sufficient stock with you
- If you are not feeling well then don't travel
- Take rest breaks at various stops during the journey route so that the climate su you better
- Book the ticket for helicopt ride on heliyatra.irctc.co.in
- Beware of unauthorised persons assuring to provide helicopter tickets
- Beware of unauthorised persons who assure you to do darshan at the dhams
- Please extend help to keep the journey routes neat and clean by not littering the same
- Please keep control on the speed of your vehic and park the vehic a only

## GOVERNMENT'S INITIATIVE TO ENSURE CLEAN AND HEALTHY FOOD AT THE CHAR DHAM JOURNEY ROUTE

This initiative will improve the quality of food served on the route and ensure healthy and safe food for millions of pilgrims who visit every year.

## 'AAJ SE THODA KAM' CAMPAIGN

**PM Narendra Modi**, during his last visit to Uttarakhand, emphasised on reducing the usage of salt and sugar by 10%, which is being promoted by the Uttarakhand government in the Char Dham Yatra. The main objective of this initiative is to control the quantity of excess salt, sugar and fat in food, so that diseases like heart disease and high blood pressure can be prevented. Restaurants and hotels are being encouraged to prepare healthy dishes with the help of chefs and food experts and keep nutritional balance in mind.

## 'RUCO' INITIATIVE

RUCO Repurpose Used Cooking Oil

To further strengthen health security, the department has launched the Re-purpose Used Cooking Oil (RUCO) initiative. Under this, strict monitoring is being done to reduce the harmful effects of re-used oil and prevent it from entering into the food chain again




PICS: UTTARAKHAND TOURISM

## Decisions taken by the U'khand government to make Char Dham Yatra 2025 'Sugam, Sukhad aur Surakshit'

For the past few years, the number of devotees coming to Char Dham Yatra has been continuously increasing. The state administration is constantly making efforts to provide proper facilities for the devotees. In this sequence, to provide better facilities for the devotees in the upcoming Char Dham Yatra, U'khand government is committed to ensure a 'Sugam, Sukhad aur Surakshit' journey for pilgrims, for which several steps have been taken for their convenience:

- Aadhar-based registration is compulsory for the pilgrims
- For those who have not registered online, on spot registration facilities are available at Rishikesh, Haridwar and Vikasnagar (Herbertpur, Nayagaon)
- Darshan will be allowed on the date for which registration is done
- On spot registration will be done based on the number of pilgrims present at the dham, considering the security/ safety of pilgrims
- Chief Secretary, Uttarakhand, has requested all the dignitaries, state officials and members of judiciary to avoid visiting the dhams during the period from May 2 to 31, 2025, for the sake of the convenience of the pilgrims

**Uttarakhand is the ultimate adventure destination—the perfect answer to every thrill-seeker's dream. Bestowed with snow-carpeted slopes ideal for high-altitude skiing; the Himalayan ranges for trekking, mountaineering and rock climbing; gurgling rivers for white water rafting, pristine lakes for canoeing and kayaking, and mountain paths best suited for biking challenges—there is no dearth of adventure sports here.**

During the Char Dham Yatra, you can also visit the following nearby places


**• Triyugi Narain Temple • Gartang Gali • Valley of Flowers • Harshil Valley • Devprayag • Auli**




Kedar Gufa



Auli



Gartang Gali




Tungnath Temple




Omkareshwar Temple



Valley of Fower



Triyugi Narain Temple



Kartik Swami Temple

PICS: UTTARAKHAND TOURISM

For registration: please visit on **registrationandtouristcare.uk.gov.in**
or download the App **touristcareuttarakhand** from App stores
For any type of support please contact our 24x7 toll free number: **0135-1364**
For more details please contact: **0135-2559898, 0135-2552627**
E-mail: **touristcare.uttarakhand@gmail.com**

For Chardham Heli booking please log on **heliyatra.irctc.co.in** or **scan the QR code**

**CONSUMER CONNECT INITIATIVE**

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# માતા પર હુમલો કરવા જઈ રહેલા પિતાની પુત્રએ કુહાડીના ઘા ઝીંકી કરી હત્યાઃ મૃતદેહ સળગાવ્યો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં બોલાચાલી થયા બાદ માતા પર હુમલો કરવા જઇ રહેલા પિતાને પુત્રએ કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યા કર્યા બાદ પિતાના મૃતદેહની સાથે લોહીથી કુહાડીને પણ સળગાવી દીધી હતી. વાડા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને પુત્રની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વાડા પોલીસ સ્ટેશનની હદમાં વરનોલ ગામમાં ૨૦ મેના રોજ આ ઘટના બની હતી. આ પ્રકરણે ગામવાસીઓએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ૨૧ વર્ષના આરોપી અક્ષય હદાલને કસ્ટડીમાં લીધો હતો.

અક્ષયના પિતા વિલાસ હદાલ દારૂના વ્યસની હતા અને તે દારૂના નશામાં ઘરે આવ્યા બાદ પત્ની સાથે ઝઘડો કરતા હતા. ઘટનાને દિવસે વિલાસ દારૂના નશામાં ઘરે આવ્યો હતો અને પત્ની સાથે તેની બોલાચાલી થઇ હતી. બોલાચાલી ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલા વિલાસ કુહાડી લઇને તેની પત્ની પર હુમલો કરવા દોડ્યો હતો.

એ સમયે માતાને બચાવવા અક્ષય વચ્ચે પડ્યો હતો અને તેણે પિતાના હાથમાંથી કુહાડી આંચકી લીધી હતી. અક્ષયે બાદમાં પિતા પર કુહાડીના ઘા ઝીંકી દીધા હતા, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ગુનો છુપાવવા માટે અક્ષયે તેના પિતાના મૃતદેહની સાથે કુહાડી પણ સળગાવી દીધી હતી. ઉપરાંત આ અંગે પોલીસને જાણ કરતાં જાનથી મારી નાખવાની ગામવાસીઓને ધમકી આપી હતી. વાડા પોલીસે આરોપી અક્ષય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (હત્યા) અને ૨૩૮ (પુરાવા નષ્ટ કરવા) હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

# નાગપુરમાં પત્ની સાથે વિવાદ થયા બાદ પતિએ સસરાને મોતને ઘાટ ઉતારી દીધો

નાગપુરઃ નાગપુરમાં પત્ની સાથે વિવાદ થયા બાદ પતિએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી સસરાને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર બુટીબોરી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બોરખેડી ગામમાં શુક્રવારે સાંજે આ ઘટના બની હતી.

આરોપી પંકજ દેવરાજ ગજભીયે (૩૦)એ તેના સસરા અરુણ જ્ઞાનદેવ ભગત (૬૫) પર શસ્ત્રના ઘા ઝીંકી દેતાં ઘટનાસ્થળે તેનું મૃત્યુ થયું હતું.

આરોપી અરુણનાં લગ્ન ગયા વર્ષે ભગતની પુત્રી સાથે થયાં હતાં. જોકે ઘરેલું હિંસાને કારણે તેમના સંબંધ બગડવા લાગ્યા હતા.

આરોપી અરુણે અકોલી ખાતેના તેના ઘરે શુક્રવારે પત્નીને અનેક વાર લાફા માર્યા હતા. પત્નીએ આની જાણ તેના પિતાને કરી હતી. આથી ભગત ત્યાં આવ્યો હતો અને તેની પુત્રીને સાથે લઇ ગયો હતો. આ બાબતને લઇ અરુણ રોષે ભરાયો હતો. અરુણે તેમનો બોરખેડી ખાતેના ઘર સુધી પીછો કર્યો હતો અને બાદમાં જાહેરમાં ભગતની હત્યા કરી હતી. (પીટીઆઇ) ■

# ચર્ચગેટ સ્ટેશન નજીક ફૂટપાથ પર માથામાં પથ્થર ઝીંકી શખસની હત્યા

મુંબઈઃ ચર્ચગેટ સ્ટેશનની નજીક ફૂટપાથ પર સૂતેલા અજાણ્યા શખસના માથામાં પથ્થર ઝીંકીને તેની હત્યા કરવામાં આવી હોવાની ઘટના ગુરુવારે રાતના બની હતી. શેરબ્રોકર હર્ષ શાહે (૩૧) આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે આઝાદ મેદાન પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી.

હર્ષ શાહ રોજ મુજબ ગુરુવારે સવારે ઝવેરી બજાર ગયો હતો. કામ પતાવીને સાંજે પોતાની ટૂ-વ્હીલર તેણે ચર્ચગેટ સ્ટેશન નજીક મસ્કતી કોર્ટ પાસે પાર્ક કરી હતી. બાદમાં તે ટ્રેન પકડીને મલાડ ગયો હતો. રાતે ચર્ચગેટ પાછા ફર્યા બાદ હર્ષ તેની ટૂ-વ્હીલર લેવા ગયો ત્યારે મોઢા પર રૂમાલ બાંધેલી વ્યક્તિ ફૂટપાથ પર સૂતેલા શખસના માથામાં પથ્થર મારતી નજરે પડી હતી. હર્ષ ત્યાંથી ભાગીને નજીકની પોલીસ ચોકીમાં પહોંચે હતો અને પોલીસને ઘટનાની જાણ કરી હતી. ઉપરાંત પોલીસ કન્ટ્રોલ રૂમને કોલ કરીને પણ માહિતી આપી હતી.

દરમિયાન આઝાદ મેદાન પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે અજાણ્યો શખસ ત્યાં લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. તેને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તપાસીને તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ■

# નાગપુરમાં ઘોડા સાથે દુષ્કર્મઃ યુવકની ધરપકડ

નાગપુરઃ નાગપુર જિલ્લામાં રાઇડિંગ એકેડમીમાં ઘોડા સાથે દુષ્કર્મ આચરવા પ્રકરણે ૩૦ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી. નાગપુરના ગિટ્ટીખદાન વિસ્તારમાં નાગપુર ડિસ્ટ્રિક્ટ ઇક્વેસ્ટ્રિયન એસોસિયેશન ખાતે ૧૭ મેના રોજ આ ઘટના બની હતી. રાઇડિંગ એકેડમી ચલાવતા ફરિયાદીના જણાવ્યા અનુસાર ત્યાંના સિક્યુરિટી ગાર્ડે ઘટનાની રાતે આરોપીને અંદર ઘૂસતા જોયો હતો. સિક્યુરિટી ગાર્ડે આની જાણ ફરિયાદીને કરી હતી. બાદમાં સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવતાં આરોપી છોટ્યા સુંદર ખોબ્રાગડે એક ઘોડા સાથે દુષ્કર્મ કરતો નજરે પડ્યો હતો. આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટૂ એનિમલ્સ એક્ટ હેઠળ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# ફડણવીસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો શંખ ફૂંક્યો

## ક્યારે ચૂંટણીઓ થશે તેની તારીખ આપી

મુંબઈઃ દેવેન્દ્ર ફડણવીસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે મોટી જાહેરાત રાજ્યના સાંગલી જિલ્લામાં કરી હતી. રાજ્યમાં આગામી સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જિલ્લા પરિષદ, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાશે. આ બધી ચૂંટણીઓ દોઢ મહિનામાં પૂર્ણ થશે, એમ તેમણે સાંગલીમાં ભાજપના કાર્યકર્તાઓના મેળાવડામાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની શક્યતા છે. આ પૃષ્ઠભૂમિમાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આજે સાંગલીથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનો શંખનાદ કર્યો હતો અને કાર્યકર્તાઓને તૈયારીમાં લાગી જવા જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભાજપના કાર્યકરોને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી જીતવા માટે સખત મહેનત કરવાની હાકલ કરી છે, કારણ કે જિલ્લા પરિષદ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ એકસાથે યોજાશે એમ તેઓએ સાંગલીમાં આયોજિત ભાજપ કાર્યકર્તાઓની રેલીમાં જણાવ્યું હતું. દરમિયાન, આ સમયે બોલતા તેમણે ફરી એકવાર શિવસેના ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું છે. જ્યારે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર સત્તામાં આવી તે સમયે મહારાષ્ટ્રમાં તમામ પ્રોજેક્ટ બંધ થઈ ગયા હતા. દેવેન્દ્ર ફડણવીસે ભાજપના કાર્યકરોના મેળાવડાને સંબોધતા એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રના વિકાસ માટે સંસ્થાકીય ફેરફારો જરૂરી છે. ■

# ઑપરેશન સિંદૂર બાદ 'આકાશતીર' પર અન્ય દેશોની નજર હોવાનો દાવો

નાગપુરઃ સ્વદેશમાં વિકસાવવામાં આવેલી 'આકાશતીર' હવાઈ સંરક્ષણ સિસ્ટમને ઓપરેશન સિંદૂર દરમિયાન મળેલી સફળતાને પગલે અન્ય દેશોને પણ એમાં રસ પડશે એવો ભારતના ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકને વિશ્વાસ છે. સંપૂર્ણપણે સ્વચાલિત એર ડિફેન્સ કંટ્રોલ અને રિપોર્ટિંગ સિસ્ટમ 'આકાશતીર' પાકિસ્તાન અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં નવ આતંકવાદી સ્થળ પર ત્રાટકવા શરૂ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર દરમિયાન નવી યુદ્ધ ક્ષમતાઓની અદૃશ્ય શક્તિ તરીકે ઉભરી આવી હતી.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના અધ્યક્ષ સમીર વી. કામતે ગુરુવારે સાંજે પીટીઆઈને જણાવ્યું હતું કે 'એમાં કોઈ શક નથી કે આપણી એર ડિફેન્સ સિસ્ટમે લાજવાબ કામગીરી કરી છે. મને ખાતરી છે કે અન્ય દેશોને આપણી સિસ્ટમનું આકર્ષણ થશે.'

કામતે નાગપુરની મુલાકાત દરમિયાન ભારતની ડિફેન્સ ટેકનોલોજીના ભવિષ્ય અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

'આકાશતીર' સિસ્ટમ વિવિધ રડાર સિસ્ટમ્સ, સેન્સર્સ અને કમ્યુનિકેશન ટેકનોલોજીને એક જ, મોબાઇલ, વાહન-આધારિત માળખામાં સંકલિત કરીને દુશ્મનના વિમાનો, ડ્રોન અને મિસાઇલોની શોધ, ટ્રેકિંગ અને જોડાણને સક્ષમ બનાવે છે, જેનાથી પ્રતિકૂળ વાતાવરણમાં તેનું સંચાલન કરવાનું સરળ બને છે. (પીટીઆઇ)■

# રાહુલ ગાંધી બાલિશ વર્તન કરી રહ્યા છેઃ પ્રફુલ્લ પટેલ

નાગપુરઃ એનસીપીના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પ્રફુલ્લ પટેલે શુક્રવારે ઓપરેશન સિંદૂર અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન એસ. જયશંકર પર આક્ષેપો કરવા બદલ રાહુલ ગાંધીની ટીકા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા પગલાં આખરે કોંગ્રેસને નુકસાન પહોંચાડશે. ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે ભારતની વિદેશ નીતિ ''તૂટી'' પડી છે અને જયશંકરને સમજાવવા કહ્યું કે ભારતે પાકિસ્તાન સાથે શા માટે સમજૂતી કરી અને કોણે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બે દક્ષિણ એશિયાઈ પડોશીઓ વચ્ચે ''મધ્યસ્થી'' કરવા કહ્યું હતું.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ઝુમા જાશ | ૪૮ | ૧,૦૦,૦૦૦ |
| ૨) પ્રભાસ હૉલદાર | ૬૭ | ૬૦,૦૦૦ |
| ૩) પ્રબિર કુમાર અનંતા | ૫૪ | ૨૫,૦૦૦ |
| ૪) કાંતિ સિંહ | ૬૪ | ૮૫,૦૦૦ |
| ૫) નૂરજહાન બીબી | ૬૫ | ૩,૦૦,૦૦૦ |
| ૬) બાસુદેબ જાના | ૩૫ | ૫૫,૦૦૦ |
| ૭) વિવેક કુમાર | ૫૩ | ૨૫,૦૦૦ |
| ૮) સુરેન્દ્ર પાલ સિંહ | ૪૯ | ૨૦,૦૦૦ |
| ૯) ચેમ્પ શર્મા | ૪૮ | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) માનસ સાહુ | ૪૫ | ૮૦,૦૦૦ |
| ૧૧) બાલારામ બિસ્વાસ | ૬૭ | ૫૦,૦૦૦ |
| ૧૨) સુસ્મિતા પોલ | ૩૭ | ૫૦,૦૦૦ |
| ૧૩) સુધા રાની જયસ્વાલ | ૬૫ | ૩૦,૦૦૦ |
| ૧૪) વિનય મોહન પાંડેય | ૪૯ | ૩૭,૦૦૦ |
| ૧૫) સીમા સાહ | ૪૧ | ૩૦,૦૦૦ |
| ૧૬) તપન સૂત્રધાર | ૩૫ | ૫૦,૦૦૦ |
| ૧૭) સંગીતા | ૪૩ | ૨૫,૦૦૦ |
| ૧૮) સૂર્ય દેવ કુમાર | ૨૪ | ૬,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૯) અસ્મિતા સંદીપ જાદવ | ૨૨ | ૫૦,૦૦૦ |
| ૨૦) દીક્ષા મહેશ અલીમ | ૧૦ | ૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

છેલ્લા પાનાનું ચાલુ

## રાજ્યમાં રેડ અલર્ટ

કારણે રાજ્યમાં ૨૮ મે સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

શુક્રવારે દક્ષિણ કોંકણ કિનારાના પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર ઓછા દબાણનું ક્ષેત્ર વધુ તીવ્ર બન્યું છે. આથી આગામી ૨૪ કલાકમાં તે ઉત્તર તરફ આગળ વધે તેવી અપેક્ષા છે. આના કારણે કોંકણ કિનારાથી પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર નીચા દબાણનો મોટો વિસ્તાર બન્યો છે. તેથી મધ્ય મહારાષ્ટ્ર, દક્ષિણ મરાઠવાડા અને ઉત્તર તેલંગાણાથી દક્ષિણ છત્તીસગઢ સુધી વરસાદની તીવ્રતા વધુ રહેશે.

રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે પવન અને ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પાલઘર, થાણે અને મુંબઈ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, જ્યારે રાયગઢ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. ધુળે, નંદુરબાર અને જલગાંવ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. નાસિક અને નાસિક ઘાટમાં પણ ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. પુણે અને અહમદનગર જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે, જ્યારે પુણે ઘાટ અને કોલ્હાપુર જિલ્લાના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી છે. સતારા જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી છે. સાંગલી અને સોલાપુર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. મરાઠવાડાના છત્રપતિ સંભાજીનગર અને જાલના જિલ્લામાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે પરભણી, બીડ, હિંગોલી, નાંદેડ, લાતુર અને ધારાશિવ જિલ્લામાં તોફાની પવન સાથે વાવાઝોડાની શક્યતા પણ વ્યક્ત કરી છે. અકોલા, અમરાવતી, ભંડારા, બુલઢાના, ચંદ્રપુર, ગઢચિરોલી, ગોંદિયા, નાગપુર, વર્ધા, વાશિમ અને યવતમાલ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. ■

## રાજ્યના સાત જિલ્લાઓના

આવક રાજ્યની સરેરાશ આવક કરતાં ઓછી છે.

જીએસડીપી ચોક્કસ સમયગાળા દરમિયાન રાજ્યની સીમાઓમાં ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્યને માપે છે. મહારાષ્ટ્રની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશના ૧૪૮ ટકા હતી, જ્યારે રાજ્યના ૧૨ જિલ્લાઓમાં માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી છે, એમ તેમાં જણાવાયું છે.

રાજ્યએ ચાલુ નાણાકીય વર્ષમાં જિલ્લા વાર્ષિક યોજના ખર્ચમાં ૧૧ ટકાનો વધારો કરીને રૂ. ૨૦,૧૫૦ કરોડનો વધારો કર્યો છે જેથી વહીવટીતંત્રને વૃદ્ધિ વ્યૂહરચનાઓ માટે ભંડોળ પૂરૂં પાડવામાં મદદ મળે. જિલ્લા વ્યૂહાત્મક યોજના ડીએસપીમાં ઓળખાયેલા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવા માટે કલેક્ટરોને વાર્ષિક યોજનામાં ઓછામાં ઓછા ૨૫ ટકા ખર્ચ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે પૂર્વ મહારાષ્ટ્રમાં નક્સલ પ્રભાવિત ગઢચિરોલી જિલ્લાને સ્ટીલ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. આર્થિક વૃદ્ધિ અને જીડીપીના આધારે જિલ્લાઓને ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

અહેવાલમાં જણાવાયું છે કે ૩૬ જિલ્લાઓમાંથી ૫૦ ટકાથી વધુ જિલ્લાઓ ત્રીજા વિભાગ (ઓછા કુલ જિલ્લા સ્થાનિક ઉત્પાદન અથવા માથાદીઠ જીડીપીમાં છે.

મોટાભાગની આર્થિક પ્રવૃત્તિઓ માટે જવાબદાર અને જીએસડીપીમાં ૫૪ ટકા ફાળો આપતા સાત જિલ્લાઓમાં રાયગઢ, નાગપુર, પુણે, થાણે, પાલઘર, મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગરનો સમાવેશ થાય છે.

બીજા સેગમેન્ટમાં ૧૧ જિલ્લાઓ છે વર્ધા, ચંદ્રપુર, અહિલ્યાનગર, સોલાપુર, સતારા, રત્નાગિરી, સાંગલી, છત્રપતિ સંભાજીનગર, નાસિક, સિંધુદુર્ગ અને કોલ્હાપુર જેમનું જીએસડીપી યોગદાન ૨૬ ટકા હતું. ■

## પુણેમાં બોગસ કૉલ

ઍપ્લિકેશન્સ, વીએનપી સોફ્ટવેર અને હજારો અમેરિકનોના કોન્ટેક્ટ નંબરો છે.

આરોપીઓ અમેરિકન નાગરિકોનો સંપર્ક કરીને દાવો કરતા હતા અને દાવો કરતા હતા કે તેમના અકાઉન્ટનો ડ્રગ્સ ટ્રાફિકિંગ અથવા અન્ય ગુના માટે દુરુપયોગ કરવામાં આવ્યો છે. બાદમાં તેમને ડિજિટલ અરેસ્ટનો ડર બતાવીને ગિફ્ટ કાર્ડ ખરીદવા દબાણ કરવામાં આવતું હતું, જેનો ઉપયોગ પાછળથી આરોપીઓ પોતાના વ્યક્તિગત લાભો માટે કરતા હતા, એમ જોઇન્ટ પોલીસ કમિશનર રંજનકુમાર શર્માએ જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર બોગસ કૉલ સેન્ટર 'ડિજિટલ અરેસ્ટ'નો ડર દેખાડીને અમેરિકનો પાસેથી ૩૦ હજારથી ૪૦ હજાર ડોલર્સ (પચીસ લાખથી વધુ) પડાવતું હતું. તેના દ્વારા મોટા ભાગે વરિષ્ઠ નાગરિકો અને નિવૃત્ત લોકોને લક્ષ્ય બનાવવામાં આવતા હતા.

આરોપી અને તેમના એજન્ટો પોતાને સરકારી અધિકારી બતાવવા માટે કૉલર માસ્કિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરતા હતા. અમેરિકનોને ફસાવવા માટે ઉપયોગમાં લેવાતી અમુક સ્ક્રિપ્ટ પણ જપ્ત કરી હતી, જે એજન્ટોને આપવામાં આવી હતી.

કૉલિંગ એજન્ટોને દર મહિને પચીસ હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. અમે તેમના ભૂતકાળની તપાસ કરી રહ્યા છીએ. તેમની સામે પણ ગુનો દાખલ કરવામાં આવશે. તેમનેદ્રહાલ પૂછપરછ માટે તાબામાં લેવામાં આવ્યા છે, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું. ■

## અટલ સેતુ, સમૃદ્ધિ

કંપનીઓ અને પરિવહન વિભાગ વચ્ચે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવશે. દરેક એસટી બસ ડેપો અને સ્ટેશન પર ફાસ્ટ ચાર્જિંગ સુવિધા પણ ફરજિયાત બનાવવામાં આવશે. આ નીતિ મુંબઈ-પુણે અને મુંબઈ-નાગપુર રુટ વચ્ચે ટકાઉ પરિવહન મૉડેલોને પણ પ્રોત્સાહન આપશે.

નવી નીતિમાં ટ્રક, ટ્રેક્ટર, હાર્વેસ્ટર, બાંધકામ કાર્યમાં વપરાતા વાહનો, એમ્બ્યુલન્સ અને કચરો પરિવહન વાહનોનો પણ સમાવેશ થાય છે. રાજ્ય સરકાર આ વાહનોને ઇલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરવા માટે ખાસ સબસિડી આપશે, કારણ કે આ વાહનો સામાન્ય કાર કરતા ૬૭ ગણું વધુ પ્રદૂષણ ફેલાવે છે. ■

## ફરીથી લાડકી બહેનો

નથી કે આ ભંડોળ આદિવાસી મહિલાઓ માટે વાપરવાનું ફરજિયાત હોવા છતાં હકીકતમાં તેનો લાભ આદિવાસી મહિલાઓ સુધી પહોંચી રહ્યો છે કે નહીં.

જોકે એવો દાવો કરવામાં આવ્યો છે કે આ ભંડોળ એવી મહિલાઓ અને છોકરીઓ માટે છે જે આ યોજના માટે પાત્ર છે, પરંતુ રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું નથી કે આદિવાસી સમાજની મહિલાઓ યોજનાનો લાભ લઈ રહી છે કે નહીં. ■

## મધ્ય રેલવેમાં

વિક્રોલી, સાયન સ્ટેશન પર પણ ઊભી રહેશે, જેથી ટ્રેનો ૧૦થી ૧૫ મિનિટ મોડી પડશે.

ટ્રાન્સ હાર્બર લાઈન પર સવારે ૧૧થી સાંજે ચાર વાગ્યા સુધી વાશી, નેરુળ-થાણે વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. ■

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ કોલવા (અમલસાડ) હાલ ખાર દાંડાના નિવાસી સ્વ. ભીખુભાઇ તેમ જ સ્વ. મણીબેનના પુત્ર ગજુભાઇ પટેલ (ઉં. વ. ૬૪) રવિવાર, તા. ૧૮-૫-૨૫ના દેવલોક પામ્યા છે. તે સુનીતાના પતિ. મીના, જયકિશન, સ્વ.અમૃત, સ્વ. રાજુના ભાઇ. તેમ જ ગીતાના દિયર. સંગીતા, બીપીનના કાકા. તેમ જ સુંધાશુંના મામા. તેમનું પુષ્પપાણી ગુરુવાર તા. ૨૯-૫-૨૫ના બપોરે ૪થી ૫. નિવાસ સ્થાનેઃ અમાન ગુલ પઠાણ ચાલ, ૨/૬, મ્યુનિસિપલ સ્કૂલની બાજુમાં, ખાર દાંડા (પ.), મુંબઇ-૪૦૦૦૫૨.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

વાળુકડ નિવાસી હાલ બોરીવલી, અરવિંદભાઈ પ્રતાપરાય દવે (ઉં. વ. ૭૫) તે પ્રિયકાન્તભાઈ રતિલાલ દવે, હર્ષદા, ઈલા, ઘનશ્યામના ભાઈ. દિશા તથા પ્રેરણાના પિતા. જીજ્ઞેશ તથા ભૂમિકના સસરા. પ્રવિણાબેનના પતિ. ધાંધળીવાળા, હિંમતલાલ લક્ષ્મીરામ પંડ્યાના જમાઈ ૨૨/૫/૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૫/૨૫ના ૪ થી ૬. બી-૨, મેઘદૂત બિલ્ડીંગ, શીમ્પોલી નાકા, એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

આગિયોલ નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. શારદાબેન જયંતિલાલ મહેતા (ઉં. વ. ૮૭) તા.૨૦/૫/૨૫ના મંગળવારે દેવલોક પામ્યા છે. તે નિતીન, રાજેન્દ્ર, જગદીશભાઈ, આણંદીબેન, મંજુલા, અંજુબેન, હર્ષાના માતુશ્રી. મીના, નિતાના સાસુ. જય, દિપ, પુનિતના દાદી. ભુમિના દાદીસાસુ. હિયાનના પરદાદી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૫/૫/૨૫ના ૪ થી ૬, શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સોની સહકારી સોસાયટી, સોનીવાડી, શિંપોલી ક્રોસ લેન, શિંપોલી, બોરીવલી (વેસ્ટ). પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઈડર સત્તાવીશ લિમ્બાચીયા સમાજ**

ભાણપુર નિવાસી હાલ કાંદિવલી, કચરાલાલ વાલજીભાઈ લિમ્બચીયા તે ગં.સ્વ શારદાબેનના પતિ. રાજેશભાઈ, સુરેશભાઈ, પ્રવિણાબેન, દીનાબેન, નીતાબેનના પિતા. સુંમતભાઈ, જગદીશભાઈ, નીરૂબેન, મયુરીબેનના સસરા. આકાશ, સપના, હનીના દાદા, વિનીત, જીનલના નાના. મંગળવાર તા.૨૦.૫.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર તા.૨૬.૦૫.૨૫ના હાલાઈ લોહાણા મહાજનવાડી પહેલે માળે એસ. વી રોડ કાંદિવલી વેસ્ટ. ૪ થી ૫. ઉત્તર ક્રિયા મુંબઈમાં રાખેલ છે.

**મેઘવાળ**

ગામ મોરસુપણા હાલ મુંબઈ, સ્વ. પુંજાભાઈ અને સજબેનના પુત્ર. સ્વ.ખોડાભાઈ બગડાના ભાણેજ. સ્વ. હિરાલાલ ધારીયા (ઉં. વ. ૭૧) તા.૧૫.૦૫.૨૫ ગુરુવારે રામચરણ પામ્યા છે. તે ગં.સ્વ. નિર્મળાબેનના પતિ. સ્વ.નારણભાઈના ભાઈ. સ્વ. કરસનભાઈ બગડાના જમાઈ. અનિતા, સુનિતા, સંગીતા, નયનના પિતા. તેમનું (બારમું) તા.૨૬/૦૫/૨૫ના સોમવારે સાંજે ૫ વાગ્યે. બી/૨, રૂ. ૩૦૭, ડૉ .આંબેડકર નગર, મહાલક્ષ્મી, મુંબઈ -૩૪માં

**કપોળ**

સિહોરવાળા હાલ નાલાસોપારા, સ્વ. નવીનચંદ્ર પ્રાણલાલ ચિતલિયાના ધર્મપત્ની પદમાબહેન (ઉં. વ. ૮૦) તે પ્રશાંત, ગૌરાંગ, ગીતા ઘનશ્યામ કાચરીયા, પારુલ નિલેષકુમાર મણિયારના માતુશ્રી. પિંકી અને શિલ્પાના સાસુ. પિયરપક્ષે અમરેલીવાળા નવનીતરાય પ્રિતમલાલ દેસાઈના પુત્રી. બંસરી, દ્રષ્ટિ, આયુષી, હની અને શુભમના બા. શનિવાર તા. ૨૪-૫-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ચિંચણ નિવાસી, શાંતાબેન રમણીકલાલ શાહના પુત્ર હર્ષદભાઈ તે કિરણબેનના પતિ. પ્રવિણભાઇ, રમેશભાઈ, કુંજબહલાબેન જમનાદાસ આણંદપરા, અરવિંદભાઈ, પલ્લવીબેન નલીનભાઇ ચોવટિયા, ભરતભાઈના ભાઈ સૂરજભાઈના પિતાશ્રી. નિધિના સસરા. તારાચંદભાઇ ડાયાભાઇ વસ્તાણીના જમાઈ, તા.૨૧-૫-૨૫ના તિરૂપુર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ડાહિબાઇ સુંદરજી ચંદન કચ્છ ગામ મોટી વમોટી હાલ દેવલાલી નાશીક નિવાસીના પુત્રવધૂ સ્વ. શારદાબેન ચંદન તે રતનશી સુંદરજી ચંદનના પત્ની. તે સ્વ. મટુબાઇ ચાપસી તન્ના કચ્છ ગામ મુરૂના દીકરી. તે ઉષાબેન શરદભાઇ ચંદન તથા મહાલક્ષ્મીબેન અનિલભાઇ તન્ના માતુશ્રી. જીજ્ઞાબેન રોહિતભાઇ સેજપાલ તથા સ્નેહલ અમર ચંદનના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૫-૨૫ના જિનેન્દ્ર ઇસ્ટેટ, લામ રોડ, દેવલાલી ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

હંસરાજ કાપડિયા (ઉં. વ. ૭૬) તે રોહિણીના પતિ. ચી. ભાવના તથા નેહાના પિતાશ્રી. તે સ્વ. ડાઇબાઇ દેવીદાસ મેઘજી કાપડિયાના પુત્ર. સ્વ. સુંદરદાસ જીવણદાસ ટોપરાણીનાં જમાઇ. તે સ્વ. નારણદાસ, સ્વ. તારાબેન, સ્વ. માનસિંગ, સ્વ. કુસુમબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. નરેન્દ્ર, સ્વ. ચંદનબેન, સ્વ. પ્રમિલાબેનનાં નાનાભાઇ તા. ૨૩-૫-૨૫નાં શ્રીજીનાં ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

હરેશ (ઉં. વ. ૬૦) મુળગામ ધોરાજી હાલ મુંબઇ જે સ્વ. કાંતાબેન કાંતિલાલ બગડાઇના પુત્ર. જે દેવાંગના બેનના પતિ. સાન્યા, મિથીલ, ધૈર્યના પિતાશ્રી. હીના ભરતકુમાર તન્ના, મીના ઉદયકુમાર સવજાણી, રીટા સતીષકુમાર દત્તા, જયશ્રી મુકેશકુમાર કોટક અને વિજયના ભાઇ. બેન દિપાલીના જેઠ. ચંપાબેન સૂર્યકાંત સામાણીના જમાઇ. શુક્રવાર તા. ૨૩-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે.બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૬-૫-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. વાય. બી. ચવાણ સેન્ટર, ૪થે માળે, નરીમાન પોઇન્ટ ખાતે.

# પારસી મરણ

બોમી હોરમઝ ભાથેના તે પેરીનના ધની. તે મરહુમો મોતામાય હોરમઝ ભાથેના ના દીકરા. તે પરસીસ ખુશરુના પપ્પા. તે અસપી ને દીપાના સસરા. તે શાપુર તથા મરહુમો એમી, બેલહી ને સોલીના ભાઇ. તે માહાઝરીન, શહેરવર, ક્રીયાનાના મમાવા. (ઉં. વ. ૮૫) રે. ઠે. બી-૧૬૦૪, સમર હાઇટસ, એસ. એમ. રોડ, એન્ટોપ હીલ ચર્ચ, મુંબઇ-૪૦૦૦૩૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગ્યારીમાં છેજી.

સાવક બરજોરજી દાબુ તે કેરબાનુંના ધની. તે મરહુમો હોમાય બરજોર દાબુના દીકરા. તે ખુશરુ ને ફરઝીનના પપા. તે દિલખુશ ને મેહરાબના સસરા. તે અદીલ, હોમી ને મરહુમ ફેનીના ભાઇ. તે કયાનના બપાવા. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૬૨૭, દુબાશ બિલ્ડિંગ, બીજે માળે, ફ્લેટ નં. ૯. હામાવઝી રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૫-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

# જૈન મરણ

ખેરાલુ નિવાસી હાલ બોરીવલી, પૂર્ણિમાબેન કમલભાઈ સુભદ્રાબેન સોમચંદ મહેતાના ધર્મપત્ની (ઉં. વ. ૭૧) ૨૩.૦૫.૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે અમી - વિશાલ, દીપ - શિલ્પાના માતુશ્રી. મહેશભાઈ, નલિનભાઇ, રોહિતભાઈ તથા શકુંતલાબેનના બહેન. નિષ્ક, તનિષ્કના દાદી. ગીરીશભાઈ, સોનલબેન, મંજુલાબેન, સ્નેહલતાબેન, રેણુબેનના ભાભી. પ્રાર્થનાસભા ૨૫.૦૫.૨૫ના ૪ થી ૬, આંગણ હોલ, કેન્ટ ગાર્ડન અપાર્ટમેન્ટ, ટી .પી. એસ રોડ, ફેક્ટરી લેન, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ગોપાલગ્રામ નિવાસી હાલ દહિસર, સ્વ. કેશવલાલ મોહનલાલ દામાણીના ધર્મપત્ની ગં.સ્વ લીલાવંતીબેન (ઉં. વ. ૯૦) ૨૩/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગોકળદાસ હીરાચંદ પારેખના દીકરી. મનોજ, અરૂણા ગીરીશભાઈ રવાણી, કિરણ શૈલેષભાઇ પંચમીયા, પ્રિતી ગુણવંતરાય શેઠ, પારૂલ દિલીપભાઈ શાહના માતુશ્રી. સ્વ. ખીમચંદભાઈ, સ્વ. તારાચંદભાઈ, સ્વ. ઓધવજીભાઈ, સ્વ. ચત્રભુજભાઈ, સ્વ. ચંચળબેન રૂપાણી, સ્વ. ચંપાબેન ટીમ્બડીયાના ભાભી. સ્વ. હિમતલાલ, સ્વ. જશવંતરાય, રમણીકભાઇ, સ્વ. શાંતાબેન રતિલાલ ગોહિલ, ભાનુમતીબેન બટુકરાય દેસાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મુંદ્રા હાલે ડોંબીવલીના મયુર શાંતીલાલ કેનીયા (ઉં. વ. ૬૧) તા. ૨૨-૫-૨૫ના અવસાન પામેલ છે. સુશીલાબેન (સાકર) શાંતીલાલના પુત્ર. મીનાબેનના પતિ. ગીતા, રીટાના ભાઇ. ચંચલબેન ઠાકરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મયુર કેનીયા, ૧૦૩, નવ અનુરાધા દર્શન, અયોધ્યાનગરી, માનપાડા રોડ, ડોંબીવલી (ઇ).

છસરાના ભાણબાઈ વેલજી ગાલા (ઉં. વ.૯૫) તા.૨૨-૫-૨૫ ના અવસાન પામેલ છે. ભાણીમા હભુ હંસરાજના પુત્રવધુ. વેલજી હભુના પત્ની. હસમુખલાલ, હરેશ, તારા, હેમલતાના માતાજી. લુણી રતનબેન પુંજા ગોવા સોનીના પુત્રી. લુણી કંકુબાઈ લાલજી,પત્રી લક્ષ્મીબેન હીરજી,રતાડીયા ગ. ઉમરબાઈ નેણશી, લાખાપુર પુરબાઈ શાંતિલાલ, મંજુલા (પાનબાઈ)માવજી, વાંકી ભાનુબેન લાલજી,લુણી મણીબેન વસનજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. હસમુખ વેલજી ગાલા. જે-૧,૫૦૪, કલ્પિતા એન્કલેવ, સહારરોડ, અંધેરી (ઈ).

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ.નીતાબેન જયેશ મગનલાલ છેડા (ઉં.વ.૫૩) ગુરુવાર તા.૨૨.૦૫.૨૫ના અવસાન પામેલ છે. મણીબેન મગનલાલ નાથાલાલના પુત્રવધુ, જયેશના ધર્મપત્ની. કનિકા, કનિષ્કાના માતુશ્રી. લતા, નિલેશના ભાભી. કોમલના જેઠાણી, ગં.સ્વ. સવિતાબેન રમેશના મોટાભોયની સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બી-૪૦૨, સમર્થ એપાર્ટમેન્ટ, જૂના વિવા કોલેજ રોડ, વિરાર-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ.જયંતિલાલ જગશી સામત વધાણ (ઉં. વ. ૬૬) મુંબઈ મધ્યે બુધવાર તા. ૨૧.૦૫.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. જમનાબેન/પાર્વતીબેન જગશી સામતના પુત્ર. મંજુબેનના પતિ. વરૂમ, ઋષિતાના પિતા. નેહલના સસરા. માયશાના દાદા. ભીમશી, સ્વ. કાંતિલાલ, નવિન, ચંદ્રિકાના ભાઈ. આધોઈના સ્વ. વેજીબેન પોપટલાલ અરજણ ગડાના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૬.૦૫.૨૫ સમય સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ સ્થળ. અચલગચ્છ જૈન ભુવન, કેવસ રોડ, હરદેવી સોસાયટી, જોગેશ્વરી -ઈસ્ટ, ઠે. ૩૦૧, ઓમ મુયરેશ્વર સોસાયટી, બાભઈનાકા, બોરીવલી-વેસ્ટ, મુંબઈ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ (ઇંગરોળા) નિવાસી હાલ વિરાર તે સ્વ. મોજીલાલ ધનજીભાઇ શાહના ધર્મપત્ની ગં. સ્વ. લાભુબેન શાહ (ઉં. વ. ૮૧) તા. ૨૧-૫-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. કેતન, નિલેશ, સોનલ, સ્વ. બકુલના માતુશ્રી. સ્વ. રંજન, અ. સૌ. ચેતના તથા ભાવેશભાઇ શાહના સાસુ. કોકીલાબેન મલુકચંદ શાહના જેઠાણી. બરવાળા (ઘેલાશા) ભરતભાઇ અમૃતલાલ અદાણી , જયોતીબેન વિનોદરાય ડેલીવાળાના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## કોરોના ફરી

વહીવટીતંત્રે હોસ્પિટલોને સતર્ક રહેવાની વિનંતી કરી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. નાગરી સંસ્થાઓએ લોકોને ગભરાશો નહીં અને સાવચેતીના પગલાંનું પાલન કરવા વિનંતી કરી છે.

ટીએમસી કમિશનર સૌરભ રાવે નાગરિક આરોગ્ય વિભાગ અને હોસ્પિટલોને કોવિડ-૧૯ દર્દીઓની તપાસ અને સારવાર માટે સતર્ક અને સતર્ક રહેવા સૂચના આપી છે, એમ એક અહેવાલમાં જણાવાયું છે.

શુક્રવારે નાગરિક સંસ્થાએ આરોગ્ય પ્રણાલીની પરિસ્થિતિ અને તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.

તમામ આરોગ્ય કેન્દ્રો પર દવાઓનો પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે અને કોવિડ-૧૯ પરીક્ષણ કીટ સરળતાથી ઉપલબ્ધ છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. જરૂર પડે ત્યારે સંભવિત હોસ્પિટલમાં દાખલ થવાની વ્યવસ્થા પણ કરવાનો નિર્દેશ પ્રશાસન દ્વારા કરાયો છે. રાજ્યની હોસ્પિટલોમાં આરટી-પીસીઆર પરીક્ષણ સુવિધાઓથી સજ્જ રહેવા કહેવામાં આવ્યું છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પ્રોપર્ટી ટેક્સના બિલ હવે સેલ્ફ-હેલ્પ ગ્રૂપની મહિલાઓ ઘરે-ઘરે જઈને આપશે

## નવી મુંબઇ પાલિકાની મહિલા સશક્તીકરણ માટે નવી પહેલ

નવી મુંબઈ: નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલકત વેરા બિલની હોમ ડિલિવરી અને મિલકત ધારકો વિશે માહિતી એકત્રિત કરવાનું શરૂ કર્યું છે. આ પહેલ માટે સ્વ-સહાય જૂથો (સેલ્ફ-હેલ્પ)ની મહિલાઓ મદદ લીધી છે અને તે નાગરિક સંસ્થાના મહિલા સશક્તિકરણ કાર્યક્રમનો એક ભાગ છે. નાગરિક વહીવટીતંત્રે આ મહિલા પ્રતિનિધિઓને કામચલાઉ ઓળખ કાર્ડ જારી કર્યા છે, જેઓ મિલકત વેરા બિલની સમયસર ડિલિવરી માટે મિલકત વેરા ધારકોના ઘરની મુલાકાત લેશે. તેઓ દર મહિને લગભગ ૩.૫ લાખ ઘરોને આવરી લેશે.

મ્યુનિસિપલ કમિશનર અને એડમિનિસ્ટ્રેટરે સૂચના આપી છે કે આ મહિલાઓને ખાનગી અને સરકારી સોસાયટીઓ, વસાહતો અને હાઉસિંગ કોમ્પ્લેક્સમાં તમામ રહેઠાણોમાં અવરોધ વિના પ્રવેશ મળવો જોઈએ. મિલકત માલિકો અથવા ભાડૂતોને ડિજિટલ રેકોર્ડ રાખવા માટે આ પ્રતિનિધિઓને માલિકનું પૂરું નામ, સક્રિય મોબાઇલ નંબર અને ઇમેઇલ સરનામું સહિત સંપૂર્ણ અને સચોટ વિગતો પ્રદાન કરવા વિનંતી કરવામાં આવે છે.

રજિસ્ટર્ડ સ્વ-સહાય જૂથોમાંથી નિયુક્ત મહિલાઓ પાર્ટ-ટાઇમ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રતિનિધિઓ તરીકે સેવા આપશે, જે મિલકત ધારકો પાસેથી બિલ વિતરણ અને માહિતી સંગ્રહ બંનેનું સંચાલન કરશે. કોર્પોરેશન આ પ્રતિનિધિઓને કોઈપણ મુશ્કેલી વિના તેમની ફરજો બજાવવા માટે સંપૂર્ણ સમર્થનની વિનંતી કરે છે. અગાઉ, રહેવાસીઓએ મિલકત વેરાના બિલ સમયસર ન પહોંચાડવાની ફરિયાદ કરી હતી, જેના કારણે ચુકવણીમાં વિલંબ થતો હતો અને મોડા ચુકવણીના ચાર્જ વસૂલવામાં આવતા હતા. ■

# ગેટવે જેટી પ્રોજેક્ટના વિરોધમાં સ્થાનિકોની સુપ્રીમ કોર્ટમાં ધા

## હેરિટેજ માળખાં, દરિયાઈ વારસો, જાહેર સલામતી સામે જોખમ હોવાનો દાવો

મુંબઈ: પ્રતિષ્ઠિત ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે વિવાદાસ્પદ જેટી અને ટર્મિનલ પ્રોજેક્ટના બાંધકામ પર સ્ટે આપવાના બોમ્બે હાઈકોર્ટના ઇનકારને પડકારતી સુપ્રીમ કોર્ટમાં એક ખાસ અરજી દાખલ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ જે કથિત રીતે હેરિટેજ માળખાં, દરિયાઈ વારસો અને જાહેર સલામતી માટે જોખમી છે, તેની સુનાવણી ૨૭ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં થવાની છે.

અરજીમાં બોમ્બે હાઈકોર્ટના આદેશોનો વિરોધ કરાયો છે જેમાં પેસેન્જર જેટી અને ટર્મિનલ સુવિધાઓ સંબંધિત ચાલી રહેલા બાંધકામ, તોડી પાડવા અથવા ફેરફાર પ્રવૃત્તિઓને રોકવા માટે વચગાળાની રાહત આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

અરજદારોના મતે આ પ્રોજેક્ટ કોલાબા વિસ્તારના ૨.૧ લાખથી વધુ રહેવાસીઓને અસર કરે છે. અરજીમાં દાવો કરાયો છે કે હાઇકોર્ટે ભારે જાહેર હિત અને બાંધકામથી થઈ શકે તેવા મોટા નુકસાનને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગઇ છે.

અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે વિવિધ મંજૂરીઓ, નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ્સ એનઓસીએસ અને પર્યાવરણીય મૂલ્યાંકન અહેવાલો નિયમનકારી પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના આપવામાં આવ્યા હતા. તેમાં દલીલ કરવામાં આવી છે કે આમાંની ઘણી મંજૂરીઓ પ્રવર્તમાન પર્યાવરણીય, વારસો અને દરિયાકાંઠાના ક્ષેત્રના નિયમોનું ઉલ્લંઘન કરે છે. ■

# ધારાવીમાં દર વર્ષે ચારથી પાંચ ટકા મૃત્યુ બોગસ ચિકિત્સકો દ્વારા અપાતી ખોટી સારવારને કારણે થાય છે

મુંબઇ: ધારાવીમાં ઘણા લોકો એટલા ગરીબ છે કે તેઓ જનરલ ફિઝિશિયનનો ખર્ચ ઉઠાવી શકતા નથી, જેઓ પ્રત્યેક મુલાકાતના રૂ. ૧૫૦થી રૂ. ૩૦૦ સુધીનો ચાર્જ લે છે. તેના બદલે, તેઓ બોગસ ચિકિત્સકો પાસે જાય છે, જેઓ તેમની સારવાર માત્ર રૂ. ૫૦થી રૂ. ૧૦૦માં કરે છે.

૧૯૮૫ થી ધારાવીમાં પ્રેક્ટિસ કરી રહેલા ડો. અનિલ પચનેકરે જણાવ્યું હતું કે, બોગસ ચિકિત્સકોઓ એટલા માટે જાણિતા છે કારણ કે તેઓ શરદી, ઉધરસ, તાવ અથવા શરીરમાં દુખાવો ધરાવતા દરેક દર્દીને એન્ટિબાયોટિક્સનો ડોઝ આપે છે. તેઓ દર્દીને બીજી કઈ સમસ્યાઓ છે કે નહીં, દર્દીને કોઈ દવાથી એલર્જી છે કે નહીં તે તપાસતા નથી અથવા તેઓ આડઅસરો અંગે વિચારતા નથી. ૯૦ ટકા કિસ્સાઓમાં, દર્દી સારું અનુભવે છે, પરંતુ ૧૦ ટકા કિસ્સાઓમાં તેઓ ગૂંચવણો ઊભી કરે છે. પછી આ કહેવાતા ડોક્ટરો-ઉટવૈદો (બોગસ ચિકિત્સકો) ગાયબ થઈ જાય છે અથવા જવાબદારી લેવાનો ઇનકાર કરે છે.

ડો.પચનેકરે દુઃખ વ્યક્ત કર્યું કે, ઘણા લાયક ડોકટરો જગ્યાના અભાવે અને નબળી માળખાગત સુવિધાને કારણે ધારાવીમાં ક્લિનિક સ્થાપવાનું ટાળે છે. એકવાર રિડેવલપમેન્ટ થશે, પછી ઝૂંપડપટ્ટી નું લેબલ દૂર થશે અને નિષ્ણાતો અહીં ક્લિનિક ખોલવા માટે તૈયાર થશે.

ડો.પચનેકર ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના મુંબઈ ચેપ્ટરના પૂર્વ પ્રમુખ છે અને ૨૦ વર્ષથી મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલમાં સેવા આપી ચૂક્યા છે. તેમણે ઉમેર્યું, મારી ૪૦ વર્ષની પ્રેક્ટિસમાં, મેં આવા હજારો કેસ જોયા છે.

તેમણે એમ પણ કહ્યું કે, જ્યારે તબીબી ગૂંચવણો ઊભી થાય છે, ત્યારે દર્દીનો પરિવાર ઘણીવાર મને મોડી રાત્રે ફોન કરે છે. દાયકાઓથી સમુદાય સાથે રહેલા ફેમિલી ડોક્ટર તરીકે, હું તેમને મદદ કરવા અને દિલાસો આપવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરું છું, પરંતુ અમારા પ્રયત્નોની પણ મર્યાદાઓ હોય છે. ■

# ભારતની સફળતા: રોબોટીક (Partial Knee) ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટ વડે સચોટ સારવાર

**નરેન્દ્ર જોબલિયા**

તબીબી ઉપચાર ક્ષેત્રે શક્તિશાળી એવા ભારતે વૈશ્વિક સ્તરે ઘૂંટણની સર્જરીમાં નવી સફળતા મેળવી છે. ડૉ. આશિત શાહ અને તેમની ટીમે નવીનતમ વેલિસ રોબોટિક - આસિસ્ટેડ સોલ્યૂશનનો ઉપયોગ કરીને (Partial Knee) ઘૂંટણનું આંશિક રિપ્લેસમેન્ટ કર્યું છે. મુંબઈના કાંદિવલીમાં આવેલી નમહ હૉસ્પિટલે આખા વિશ્વમાં (ઉત્તર અમેરિકાને બાદ કરતાં) પ્રથમ સેન્ટર બનીને ઈતિહાસ રચ્યો છે.

૨૦ મેના રોજ ડૉ. આશિત શાહ અને તેમની ટીમે (techKNEEque®) આ સીમા ચિન્હરૂપી ઓપરેશન કરીને ભારતને વૈશ્વિક તબીબી નકશા પર દ્રઢ સ્થાન આપ્યું. આ ઓપરેશન (વેલિસ રોબોટિક સિસ્ટમ સાથે) એશિયા-પેસિફિક, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રલિયામાં કશેજ આજ રોજ સુધી થયું નથી. ભારતે પરવિર્તનશીલ ઓપરેશનની ટેકનીકોને અપનાવવામાં પોતાને મજબૂતીથી અગેસર રાખ્યું છે.



રોબોટિક સિસ્ટમ સાથે ડૉ. આશિત શાહ
MS, MCH Orth, FRCS Orth (London, UK)
ROBOTIC KNEE SURGEON



ટીમ-techKNEEque® અને ટીમ નમહ હૉસ્પિટલે આંતરરાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.

### રોબોટિક - આસિસ્ટેડ સર્જરીના ફાયદા:

- ઈમ્પલાન્ટ (કુત્રિમ ઢાંકણીની) ખૂબ જ સચોટ ગોઠવણ
- પ્રક્રિયા દરમિયાન સર્જન માટે રિયલ-ટાઈમ ડેટા
- નરમ પેશીઓનું જૂજ નુકસાન
- લોહીનો ઓછો વ્યય
- ઓપરેશન પછીના દુખાવામાં નાંધપાત્ર ઘટાડો
- હૉસ્પિટલમાં ટૂંકૂ રોકાણ અને ઝડપી રિકવરી

આ સિદ્ધિ પાછળ કંઈક વધુ ઊંડાણમાં છુપાયેલું છે જે ઘૂંટણની પીડાથી રાહત અને ગતિશીલતા પાછી મેળવવાનો અનુભવ છે. પ્રથમ દર્દી ૬૪ વર્ષના પ્રૌઢ જે ઘૂંટણના દુઃખાવાથી સખત પીડાતા હતા. તેઓ આ ઓપરેશનના માત્ર ચાર કલાક પછી ઊભા થયા અને વિશ્વાસ અને રાહતના સ્મિત સાથે ચાલવા લાગ્યા. બીજા જ દિવસે તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. તે વખતે પોતાનો સંતોષ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ''મેં આ ઉપચાર પહેલા કેમ ન કરાવ્યો? હવે હું ફરીથી પીડા વિના ચાલી શકું છું - અને સંપૂર્ણ બળ સાથે જીવન જીવવાની બીજી તક મળી હોય એવું લાગે છે.'' જે દર્દીઓ ખૂબ લાંબી રાહ જુએ છે અને અવગડતામાં જીવે છે તેમના મૌન અફસોસનો આ પડઘો છે.

પરંપરાગત આખા ઘૂંટણની (Knee Replacement) બદલીથી વિપરીત **આ નવી રોબોટિક પ્રક્રિયા ઘૂંટણના ક્ષતિગ્રસ્ત ભાગને બદલે છે.** તે સ્વસ્થ હાડકાં અને કુદરતી અસ્થિબંધનને સાચવે છે, જેથી રિકવરી ઝડપી થાય છે. ડૉ. આશિત શાહે ભારપૂર્વક સમજાવ્યું કે આ નવી પધ્ધતી દ્વારા (Partial Knee) ઓપરેશન કરાવવાથી **મોટાભાગના દર્દીઓ ઘૂંટણ બદલવાની સર્જરી કરાવ્યાના થોડા મહિના પછી જ ભૂલી જશે કે તેમણે ક્યારેય ઘૂંટણ બદલવાની સર્જરી કરાવી હતી.**

નમહ હૉસ્પિટલના ડિરેક્ટર ડૉ. મુંજાલ કાપડિયા જણાવે છે કે ''અમે હમેશા માન્યું છે કે મલાડ, કાંદિવલી અને બોરીવલી જેવા ઉપનગરોનાં દર્દીઓ વિશ્વસ્તરની આરોગ્યસેવાની હકદાર છે. ડૉ. અશિત શાહ જેવા કુશળ અને સમર્પિત સર્જન સાથે ભાગીદારી કરવા અને તેમને વેલીસ રોબોટ જેવી અદ્યતન ટેકનેલોજી પૂરી પાડવા માટે અમને ખૂબ જ ગર્વ છે. આ બધું અહીંની અમારી અભૂતપૂર્વ ટીમની મહેનત અને પ્રતિબદ્ધતાના કારણે શક્ય બન્યું છે. નમહ હૉસ્પિટલની મેનેજમેન્ટને વિશ્વના શ્રેષ્ઠ હૉસ્પિટલ્સ સમકક્ષ માળખાકીય રોકાણ કરવા માટે પ્રેરણા અને આત્મવિશ્વાસ મળ્યો છે''.

ડૉ. આશિત શાહ રોબોટિક (Knee Replacement) સર્જરીના નિષ્ણાત છે . તેઓ આ પધ્ધતી વડે Partial Knee Replacement સર્જરી માટેનાં આપણાં દેશમાં પ્રણેતા છે. તેમની ચોકસાઈ અને માવજતભરી સંભાળથી દર્દી પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્થાપિત થાય છે. રોબોટિક-આસિસ્ટેડ (Knee Replacement) માં ત્રણ વર્ષનાં અનુભવ સાથે, આ નવીનતમ ટેક્નોલોજીનો ઉમેરો એ બન્નેનો સુભગ સમન્વય છે, જે દર્દીઓને લાંબા સમય સુધી ઘૂંટણના દુઃખાવાથી પીડા મુક્ત રાખે છે.

## પરિવાર સૂતો હતો ત્યારે ઘરમાં આગ લગાવી

# સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે કેસ ઉકેલાયો: એકની ધરપકડ, ચાર ફરાર

મુંબઈ: બોરીવલી પશ્ચિમમાં લાગેલી આગમાં ઘર તેમ જ નજીકમાં પાર્ક કરાયેલી ટૂ-વ્હીલરને નુકસાન થયું હતું. જોકે મહિલા અને તેના પરિવારજનોને સળગાવવાના ઇરાદે ઘરને આગ પાંચવામાં આવી હોવાનું સીસીટીવી કેમેરાના ફૂટેજ પરથી સામે આવ્યા બાદ એમએચબી પોલીસે ચાર જણ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો, જ્યારે એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બોરીવલી પશ્ચિમના ગણપત પાટીલ નગરમાં ૧૪ મેના રોજ ભીષણ આગ લાગી હતી, જેમાં જ્યુલી કેવટ (૩૭)ના ઘર અને ઘરની નજીક પાર્ક કરાયેલી ટૂ-વ્હીલને નુકસાન થયું હતું.

લોકો શરૂઆતમાં અકસ્માતે આગ લાગી હોવાનું માનતા હતા. જોકે સીસીટીવી ફૂટેજ તપાસતાં તે ઘાતપાત હોવાનું જાણવા મળ્યું હતું. આરોપી દેવરાજ સિદ્ધાર્થ પાટીલ (૨૨) અને તેના સાથીદારો ૧૪ મેના મળસકે કેવટના ઘરની નજીક પાર્ક કરેલી ટૂ-વ્હીલરને આગ ચાંપતા હોય તેવું દેખાયું હતું. બાદમાં હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી દેવરાજની ધરપકડ કરાઇ હતી.

ફરિયાદી મહિલાના પુત્ર લકીનો આરોપી શાબાદ સાથે વિવાદ થયો હતો, જેને પગલે આરોપીઓએ લકીને ધમકાવ્યો હતો. બાદમાં ૧૪ મેના મળસકે આરોપીઓએ ફરિયાદીના ઘર નજીક ટૂ-વ્હીલરને આગ લગાવી હતી અને ત્યાર બાદ તેના ઘરને પણ આગ ચાંપી હતી. એ સમયે ફરિયાદી અને તેનો પરિવાર ઘરમાં સૂતો હતો. આગ લાગતાં ફરિયાદીએ બૂમાબૂમ કરી મૂકી હતી, જેને પગલે પડોશીઓ દોડી આવ્યા હતા અને આગ બુઝાવી હતી.

આગ કયા કારણસર લાગી તેની તપાસ કરતી વખતે સીસીટીવી ફૂટેજ ફરિયાદીના હાથે લાગ્યા હતા, જેમાં આરોપીઓ આગ લગાવતા નજરે પડ્યા હતા. પોલીસે શુક્રવારે દેવરાજની ધરપકડ કરી હતી, જ્યારે તેના સાથીદારોની શોધ ચલાવાઇ રહી છે. ■

# આજે માધવબાગમાં અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ: માધવબાગ સંકુલમાં પ્રખ્યાત શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રવિવારે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસા માટે આ એક ઐતિહાસિક ક્ષણ હોવાથી, કેન્દ્રીય ગૃહ અને સહકાર ખાતાના પ્રધાન અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

આ પ્રસંગે મંદિરની સદીઓ જૂની પરંપરાને ધ્યાનમાં રાખીને એક ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંગીત નાટક અકાદમી અને સરફોજી રાજે ભોસલે સંસ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અને માધવબાગ ચેરિટીઝના ટ્રસ્ટી મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે. આ દિવસે મહારાષ્ટ્રભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો, નાગરિકો અને મહાનુભાવો હાજર રહે તેવી શક્યતા છે.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિરએ મુંબઈના પૌરાણિક સામાજિક અને આધ્યાત્મિક વારસાનું પ્રતીક છે. માધવબાગ સંકુલનો ઇતિહાસ ૧૫૦ વર્ષ પહેલાંનો છે, જ્યારે આ વિસ્તાર 'લાલબાગ' તરીકે ઓળખાતો હતો. ઈ.સ. ૧૮૭૪માં કપોળ સમાજના બે અગ્રણી ઉદ્યોગપતિઓ - વરજીવનદાસ માધવદાસ અને નરોત્તમ માધવદાસે - તેમના પિતાની યાદમાં એક ભવ્ય મંદિર સંકુલ બનાવવાનું નક્કી કર્યું અને જમીનનો મોટો પ્લોટ ખરીદ્યો. ૧૮૭૫માં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના થઈ હતી. ■

# સુધરાઈની હૉસ્પિટલમાં હવે નર્સને મહિનામાં આઠ રજા

મુંબઈ: પાલિકાની કેઈએમ, સાયન અને નાયર હોસ્પિટલની પરિચારિકાઓને મહિનામાં આઠ રાજાઓ મળે છે જયારે કૂપર, કસ્તુરબા અને ટીબી હોસ્પિટલ તેમજ બીજી હોસ્પિટલોની પરિચારિકાઓને મહિનામાં છ રજાઓ મળે છે, પણ હવે મુંબઈ મહાનગરપાલિકાની હોસ્પિટલોમાં કાર્યરત લગભગ સાડાત્રણ હજાર પરિચાલિકાઓને આઠ દિવસ રજા મળવાનો માર્ગ મોકળો થવાનો છે. ■

# કન્સ્ટ્રકશન સાઈટ પર વોચમેનની મારપીટ કરીને ખંડણી માગી: કોર્ટે આરોપીઓને જામીન આપ્યા

મુંબઈ: કાલબાદેવી વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઇટ પર વોચમેનની મારપીટ કરીને ખંડણી માગવાના કેસમાં એલ.ટી. માર્ગ પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા ચાર આરોપીને કોર્ટે શનિવારે જામીન આપ્યા હતા. આરોપીઓની ઓળખ દશરથ પાંડે, રોહિત ગુપ્તા, જયેશ વાલંત્રા અને આદિત્ય નાયડુ તરીકે થઇ હતી. આરોપીના વકીલ સુનીલ પાંડેએ કોર્ટને કહ્યું હતું કે તેમના અસીલને ખોટી રીતે ફસાવાયા છે. તેઓ કોલેજ સ્ટુડન્ટ છે. તેઓ સંજોગોનો ભોગ બન્યા છે અને ફરિયાદીએ એનઓસીમાં કહ્યું છે કે તેઓ આ ગુના સાથે સંકળાયેલા નથી.

કન્સ્ટ્રકશન સાઇટ પર ૧૯ મેની રાતે અમુક લોકો આવ્યા હતા, જેમણે પોતાની ઓળખ રાજકીય પક્ષના કાર્યકર્તા તરીકે આપી હતી અને કામ અંગે તપાસ કરી હતી. બીજે દિવસે ફરી બે જણ ત્યાં આવ્યા હતા અને તેમણે કોન્ટ્રેક્ટરને મળવાની વાત કરી હતી. જોકે વોચમેને તેમને અંદર જવા દીધા નહોતા. આથી તેમણે વોચમેનને કહ્યું હતું કે કામ પૂરું કરવું હોય તો પચીસ હજાર રૂપિયા આપવા પડશે. તેમણે બાદમાં સાથીદારોને ત્યાં બોલાવ્યા હતા અને વોચમેન સહિત ત્રણ જણની મારપીટ કરીને મારી નાખવાની ધમકી આપી હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો દાખલ કરીને ચાર જણની ધરપકડ કરી હતી. ■

# રાજકારણમાંથી પવાર અને ઠાકરે બ્રાન્ડ ભૂંસી નાખવાનું અશક્ય: રાજ ઠાકરે

પુણે: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ એવો દાવો કર્યો છે કે રાજકારણમાંથી પવાર અને ઠાકરેના નામોને 'સમાપ્ત' કરવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. જોકે, આવા પ્રયાસો સફળ થશે નહીં.

પુણેમાં એક મરાઠી ન્યૂઝ પોર્ટલ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, રાજ ઠાકરેએ રાજ્ય અને રાષ્ટ્રીય રાજકારણ બંનેમાં પવાર અને ઠાકરે પરિવારોના લાંબા સમયના પ્રભાવ વિશે ચર્ચા કરી હતી. પોતાના પરિવારના રાજકીય અને સાંસ્કૃતિક યોગદાન વિશે વાત કરતા રાજ ઠાકરેએ કહ્યું હતું કે, 'ઠાકરે બ્રાન્ડની વાત કરીએ તો મારા દાદા પ્રબોધનકાર ઠાકરેનો મહારાષ્ટ્ર પર પહેલો મોટો પ્રભાવ હતો. તેમના પછી બાળાસાહેબ ઠાકરે હતા, ત્યારબાદ મારા પિતા શ્રીકાંત ઠાકરે, જેમણે સંગીતમાં છાપ છોડી. બાદમાં, ઉદ્ધવ અને મેં બંનેએ અમારી અસર પાડી છે.'

તેમણે ઉમેર્યું હતું કે, ભલે આ વારસાને ભૂંસી નાખવાના પ્રયાસો થઈ રહ્યા હોય, પરંતુ તે સરળ રહેશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે રાજકીય નેતાઓ બદલાઈ શકે છે, પરંતુ આ પરિવારના નામોનો પ્રભાવ ચાલુ રહેશે. રાજની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે તેમના અને તેમના પિતરાઈ ભાઈ શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે વચ્ચે સંભવિત સમાધાનની ચર્ચાઓ વેગ પકડી રહી છે. બંને લગભગ ૨૦ વર્ષથી રાજકીય રીતે અલગ છે. ■









# વધુ ભાડું વસૂલતી ઍપ આધારિત ટેક્સીઓનું હવે આવી બનશે

## પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નવા નિયમો બનાવાયા

મુંબઈ: તહેવારોના સમયે, ઇમર્જન્સી વખતે પ્રવાસીઓ પાસેથી મનમાની પ્રમાણે ભાડા વસૂલી દ્વારા ચલાવાતી લૂંટને રોકવા માટે રાજ્ય સરકારે મુંબઈ સહીત રાજ્યમાં એપ આધારિત ટેક્સીઓ પર લગામ કસી છે. એપ આધારિત પ્રવાસી સેવાના નિયમોમાં મોટા બદલાવ કરવામાં આવ્યા છે. હવે એપ આધારિત ટેક્સીચાલકો પર મૂળ ભાડા કરતા ૧.૫ ટકાથી વધુ ભાડું વસૂલી શકશે નહીં. જેથી પ્રવાસીઓની થતી લૂંટ રોકવી શક્ય બનશે. આ નિયમ મંગળવારથી લાગુ થશે. નવા નિયમોમાં પ્રવાસીઓની સુરક્ષાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

મુંબઈ અને રાજ્યભરમાં સાર્વજનિક પરિવહનમાં પ્રચંડ ભીડ થઇ છે. તેથી લોકો પર્યાયી વાહનમાં પ્રવાસ કરવાનું પસંદ કરી રહ્યા છે. પરંતુ રીક્ષા-ટેક્સી તેમજ એપ આધારિત સેવામાં પ્રવાસી સાથે લૂંટ ચલાવવામાં આવતી હતી અને વધુ ભાડું વસુલવામાં આવતું હતું. તેમજ વાહન ચાલકો પ્રવાસી સાથે ઉદ્ધત વર્તન કરતા, તહેવારોમાં પ્રવાસીઓ પાસેથી બે-ત્રણ ગણું ભાડું વસુલવામાં આવતું હોય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને પરિવહન વિભાગે એપ આધારિત વાહનો માટે ધોરણો નક્કી કર્યા છે. ■

# કોલેજની વિદ્યાર્થિનીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પ્રેમીની ધરપકડ

મુંબઈ: કોલેજમાં ભણતી ૧૯ વર્ષની યુવતીને ત્રાસ આપવા અને તેને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા પ્રકરણે પાયધુની પોલીસે શનિવારે ૨૦ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ સોહન બેંગડે તરીકે થઇ હોઇ તે હાલ પોલીસ કસ્ટડીમાં છે.

મસ્જિદ બંદર વિસ્તારમાં રહેતી અને ચર્ની રોડ ખાતેની કોલેજમાં ભણતી યુવતીએ ૮ માર્ચે પોતાના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. રોજ મુજબ ૮ માર્ચે કોલેજથી ઘરે આવ્યા બાદ યુવતીએ તેની માતાને કૉલ કરીને પોતે થાકી ગઇ હોવાથી સૂઇ રહી હોવાનું કહ્યું હતું.

માતાએ સાંજે તેને કૉલ કર્યો હતો, પણ તેણે રિસિવ કર્યો નહોતો. આથી તેણે પડોશીનો સંપર્ક સાધીને ઘરે જવા કહ્યું હતું. પડોશીએ ઘરે જઇ તપાસ કરતાં યુવતી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી, જેને પગલે પાયધુની પોલીસને જાણ કરાઇ હતી.

થોડા દિવસ બાદ યુવતીનાં માતા-પિતાએ ઇમારતના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં આરોપી સોહન અને તેની મિત્ર ઘરમાં ડોકિયું કરતાં નજરે પડ્યાં હતાં. બાદમાં તેમણે પુત્રીનો મોબાઇલ તપાસતાં ઘટનાને દિવસે સોહમે અનેક કૉલ કર્યા હોવાનું જણાયું હતું. ઉપરાંત બંનેએ એકબીજાને મેસેજ પણ કર્યા હતા.

યુવતીના અન્ય યુવક સાથે પ્રેમસંબંધ હોવાની સોહમને શંકા હતી અને કોલેજની પિકનિક વખતે સોહમે તેની મારપીટ પણ કરી હતી. ઉપરાંત તેના ફોટા વાયરલ કરવાની ધમકી પણ સોહમે આપી હતી, એવું મેસેજ પરથી જાણવા મળ્યું હતું. દરમિયાન યુવતીનાં માતા-પિંતાએ નોંધાવેલી ફરિયાદને આધારે સોહમ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરાયો હતો.

પોલીસ આ કેસમાં વધુ તપાસ કરી રહી છે. ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આગમન ટાંકણે જ કચ્છમાંથી બહાર આવ્યું જાસૂસી કૌભાંડઃ પત્રકાર પરિષદમાંથી ઝડપાયો જાસૂસ

### અદિતિ ભારદ્વાજ નામની મહિલા સાથેના સંપર્ક બાદ આરોગ્ય કર્મી તરીકે કામ કરી ચૂકેલા શખ્સે કરી પાકિસ્તાન માટે જાસૂસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી જિલ્લા કચ્છમાં એક તરફ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભુજ મુલાકાતનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે ત્યારે તેમની મુલાકાતને ટાંકણે જ રાજ્યના ત્રાસવાદ વિરોધી દળ (એટીએસ) એ એક પાકિસ્તાની જાસૂસને ઝડપી લેતાં આ બનાવને સુરક્ષા દળો અત્યંત ગંભીરતાથી લઇ રહ્યા છે. ચિંતાનો વિષય તો એ છે કે જે સ્થળે નરેન્દ્ર મોદી જવાના હતા તેવી વાત બહાર આવી હતી તે લખપત તાલુકાના માતાના મઢ ખાતેથી આ પાકિસ્તાનના જાસૂસને પ્રથમ એક મહિના પૂર્વે જ પકડવામાં આવ્યો હતો, પરંતુ પૂછપરછના અંતે તેને જવા દેવામાં આવ્યો હતો. આ જાસૂસનું નામ સહદેવસિંઘ દીપુભા ગોહિલ હોવાનું અને તે અગાઉ લખપત તાલુકાના માતાના મઢ ખાતેના સરકારી આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય કર્મચારી તરીકે પણ કામ કરી ચૂક્યો હોવાનું પણ બહાર આવ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, ગોહિલ અદિતિ ભારદ્વાજ નામની મહિલાના પરિચયમાં આવ્યો હતો જે પણ પાકિસ્તાની જાસૂસ હોવાનું બહાર આવ્યું હતું. તેનાં કહેવાથી ગોહિલે ભારતીય નૌસેના અને સરહદી સલામતી દળ વિશેની સંખ્યાબંધ સંવેદનશીલ માહિતી પાકિસ્તાન મોકલી હતી જેને બદલે તેને રૂપિયા



૪૦,૦૦૦નું મહેનતાણું પણ અપાયું હતું. મળતી માહિતી મુજબ સહદેવે જાન્યુઆરી ૨૦૨૫માં જીયોનો સીમકાર્ડ ખરીદ્યો હતો અને ફેબ્રુઆરી ૨૫માં તેણે પોતાના વ્હોટ્સએપ ખાતાનો ઓટીપી પાકિસ્તાની એજન્ટને આપ્યો હતો જેથી મહિલા પાકિસ્તાની જાસૂસ પણ આ વોટ્સએપમાં સંવેદનશીલ માહિતીઓને જોઈ શકે. સહદેવ ગોહિલના મોબાઈલ ફોનની ફોરેન્સિક એનાલિસિસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી મોકલાતા આ ફોનથી પાકિસ્તાન સાથે સંખ્યાબંધ માહિતી અને ડેટાની આપ લે કરવામાં આવી હોવાનું સુરક્ષા એજન્સીઓને જાણવા મળ્યું હતું.

તપાસનીશ એજન્સીના માનવા પ્રમાણે પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈએ જ આ અદિતિ નામની જાસૂસનું નામ રાખ્યું હોઈ શકે છે અને હકીકતમાં તેનું નામ કોઈ બીજું પણ હોઈ શકે છે. અચરજની વાત એ છે કે ગોહિલને એક પત્રકાર પરિષદ દરમ્યાન ઝડપી પાડવામાં આવ્યો હતો. દરમ્યાન, પકડાયેલા જાસૂસને વધુ પૂછપરછ માટે અમદાવાદ લઇ જવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારની રાત્રે કચ્છની સીમાને અડકીને આવેલા ગુજરાતની બનાસકાંઠા સરહદ વાટે ભારતમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા શંકાસ્પદ ઈસમને ઠાર મારી દેવાયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ સરહદી સલામતી દળના જવાનોએ તેને પડકારવા છતાં આ શખ્સ ભારતની સીમા તરફ આગળ વધી રહ્યો હતો જેથી તેને તત્કાળ ઠાર કરી દેવાયો હતો. ■

# બનાસકાંઠા બોર્ડર પર એક પાકિસ્તાની ઘૂસણખોરને બીએસએફે ઠાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યારે પણ સંબંધો ખરાબ ચાલી રહ્યા છે. તેવામાં બનાસકાંઠાની સરહદ પર પાકિસ્તાન ઘૂસણખોરને ઠાર કરવામાં આવ્યો છે. ઘૂસણખોરને બીએસએફ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી. તેમ છતાં તે ભારતની સરહદમાં આવી રહ્યો હોવાથી તેને ઠાર કરવામાં આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ મામલે બીએસએફ દ્વારા સત્તાવાર રીતે વિગતો આપવામાં આવી હતી. ૨૩ મેની રાત્રે ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ભારતીય ક્ષેત્રમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર મારવામાં આવ્યો હતો. બીએસએફ જવાનોએ એક શંકાસ્પદ વ્યક્તિને આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને સરહદની વાડ તરફ આગળ વધતા જોયો હતો. બીએસએફ દ્વારા ઘૂસણખોરને ચેતવણી પણ આપવામાં આવી હતી, પરંતુ તે આગળ વધતો રહ્યો, જેના કારણે તેમણે ગોળીબાર કર્યો હતો. જેથી પાકિસ્તાની ઘૂસણખોર ઘટનાસ્થળે જ માર્યો ગયો હતો. ■

# અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય, ગુજરાતમાં માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય થયું છે, જેની અસર ગુજરાતના હવામાન ઉપર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ કાંઠાના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. આગામી ૫ દિવસ ભારે કમોસમી વરસાદ થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી હતી. જોકે, ચોમાસાના વિધિવત વરસાદ પહેલા ડિપ્રેશનના કારણે વરસાદ થશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, ડિપ્રેશન હાલ મહારાષ્ટ્ર રત્નાગીરી થી ૪૦ કિમી દૂર સક્રિય છે. આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના પોર્ટ પર ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. પવનની ગતિ ૩૫-૫૦ કિમી પ્રતિ કલાકની રહેશે.

૨૫ મેના રોજ જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં માવઠાની આગાહી છે, જ્યારે ૨૬ મેના અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. ૨૭ મે ના રોજ અમરેલી, ભાવનગર, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી હતી.

૨૮ મેના અમરેલી, ભાવનગર, દાહોદ, છોટા ઉદેપુર, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. તો અન્ય વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ રહેશે કે સાથે જ ભારે પવન ફૂંકાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

# અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલની ૫૮૮ કરોડના ખર્ચે કાયાપલટ થશે

### ૨૭મીએ વડા પ્રધાન મોદી ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ મેના રોજ અસારવા સિવિલ હૉસ્પિટલ પરિસરમાં ૧૮૦૦ બેડની આધુનિક હૉસ્પિટલના નિર્માણનું ખાતમુહૂર્ત કરશે. આ વિશાળ પ્રોજેક્ટ ૫૮૮ કરોડના ખર્ચે આગામી ત્રણ વર્ષમાં પૂરું થવાનું આયોજન છે. સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, અસારવા સિવિલ હૉસ્પિટલની કાયાપલટ થવાની છે. દરમિયાન જૂની સિવિલની એમએસ ઓફિસ સહિત પાંચ બ્લોક તોડી નવી હૉસ્પિટલ તૈયાર કરવામાં આવશે. જે બાદ હવે હૉસ્પિટલમાં નવા ૧૮૦૦ બેડ ઉમેરાશે. ૫૮૮ કરોડના ખર્ચે તૈયાર થનારી હૉસ્પિટલ આગામી ત્રણ વર્ષમાં તૈયાર થશે.

જૂની સિવિલની એમએસ ઓફિસ સહિત ૫ જૂના બ્લોક તોડી નવી હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. ૫૦૦ બેડ ફક્ત ઇન્ફેક્શિયસ ડિસીઝ માટે હશે. જ્યારે ૩૦૦ આઈસીયુ બેડ અને ૬૦ આઇસોલેશન વોર્ડ હશે. ૫૦ ખાસ રૂમ, મોડ્યુલર ઑપરેશન સેન્ટર, અને ૫૦ સુપર સ્પેશિયાલિટી વોર્ડ હશે. જી+૧૦ માળનું ભવ્ય બિલ્ડિંગ થશે. પાર્કિંગ માટે વિશાળ વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં ૬૦૦ ટુ વ્હીલર અને ૧૦૦૦ ફોર વ્હીલર માટે જગ્યા, ઉપરાંત બે માળનું મલ્ટીલેવલ પાર્કિંગ બનશે.

એક લાખ ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયામાં હૉસ્પિટલનું નિર્માણ થશે. હૉસ્પિટલનું નિર્માણ આવનારા ૫૦ વર્ષ માટેની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે, જેથી દર વર્ષે હજારો દર્દીઓને આધુનિક અને ઉચ્ચ ગુણવત્તાવાળી સારવાર મળી શકે છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, સિવિલ હૉસ્પિટલમાં કુલ બેડની સંખ્યા ૪૨૦૦થી પણ વધુ થશે, જે ગુજરાત માટે આરોગ્ય ક્ષેત્રે ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થશે. ■

# સુરતમાં ૨૭, ૩૮૧ લિટર નકલી તેલ ઝડપાયું, રૂ.૩૦.૪૨ લાખનો સ્ટોક સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં આરોગ્ય વિભાગે ૨૭૩૮૧ લિટર શંકાસ્પદ તેલ ઝડપ્યું હતું, ઉમરા હજીરા રોડના ગોડાઉનમાં આરોગ્ય વિભાગે રેડ કરીને આ તેલનો જથ્થો ઝડપી પાડ્યો હતો, જેમાં આરોગ્ય વિભાગે રૂ.૩૦.૪૨ લાખનો સ્ટોક સિઝ કર્યો હતો, તેલના નમૂના લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. તો સોયાબીન અને સનફ્લાવરના નામે આ તેલનું વેચાણ થતું હોવાની વાત બહાર આવી હતી. તો આરોગ્ય વિભાગ હવે તેલના રિપોર્ટની રાહ જોઈ રહી છે અને ત્યારબાદ વધુ કાર્યવાહી કરશે.

સુરતમાં સોયાબીન અને સનફ્લાવરના નામે વેચાણ થતું ૨૭,૩૮૧ લિટર શંકાસ્પદ તેલ જપ્ત કરવામાં આવ્યું છે, આરોગ્ય વિભાગે કુલ ૩૦,૪૨ લાખ રૂપિયાનો સ્ટોક સીઝ કર્યો છે, આરોગ્ય વિભાગને બાતમી મળી હતી કે તેલ શંકાસ્પદ છે અને જયારે જગ્યા પર જોઈને તપાસ કરી તો સામે આવ્યું કે તેલનો જથ્થો એટલી માત્રામાં હતો કે લાગ્યું કે આ તેલમાં ભેળસેળ થઈ રહી છે, ઉમરા હજીરા રોડના ગોડાઉનમાં પાલિકા દ્વારા રેડ કરવામાં આવી છે.

સુરત શહેરના હજીરા રોડ વિસ્તારમાં આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે મોટા પાયે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં મુકાયેલા આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા નિરીક્ષણ અભિયાન અંતર્ગત દ્વારકેશ ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૨, પ્લોટ નંબર ૨૬, હજીરા ખાતે આવેલા શિવભૂમિ એન્ટરપ્રાઇઝના ગોદામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ■

# રત્નકલાકારો માટે સરકારે સહાય પેકેજ જાહેર કર્યુંઃ બાળકોની એક વર્ષની સ્કૂલ ફી સરકાર ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યોનો હીરા ઉદ્યોગ મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. મંદીના કારણે અનેક રત્નકલાકારોની આર્થિક હાલત કફોડી બની છે. રત્ન કલાકારોના પ્રશ્નોને ધ્યાને લઈ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૧૧ માર્ચે ઑલ ગુજરાત ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી. ડાયમંડ એસોસિયેશનોની મુખ્ય પ્રધાન સાથેની બેઠકના ૭૪ દિવસ બાદ આખરે રત્નકલાકારો માટે યોજના જાહેર કરાઈ હતી. આપઘાત કરનારા રત્ન કલાકારોની યાદી મંગાવવામાં આવી છે.

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ પ્રધાન મુકેશ પટેલ, રાજ્યના શિક્ષણ પ્રધાન પ્રફૂલ પાનસેરિયાએ સહાય યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ, રાજ્ય સરકાર રત્ન કલાકારના સંતાનની એક વર્ષની શિક્ષણ ફીમાં વધુમાં વધુ ૧૩,૫૦૦ સુધીની રકમ માફ કરશે. સરકાર દ્વારા ડીબીટી મારફતે આ રકમ ટ્રાન્સફર કરવામાં આવશે. આ ઉપરાંત વીજ ડ્યૂટીમાં પણ એક વર્ષની રાહત આપવામાં આવશે. તેમ જ, ૫ લાખની લોન ઉપર ૯ ટકાની ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવશે. આ રાહતનો લાભ ૩૧ માર્ચ ૨૦૨૪થી કામ ન મળ્યું હોય અને જેમને કારખાનામાંથી છૂટા કરી દેવામાં આવ્યા હોય તેવા જ રત્નકલાકારોને મળશે. આ સિવાય તેમણે રત્નકલાકાર તરીકે સતત ૩ વર્ષ સુધી કામ કર્યું હોવું જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૩૦ અને ૩૧ માર્ચના રોજ સુરતમાં ડાયમંડ વર્કર્સ યુનિયન દ્વારા બે દિવસની હડતાળ પાડવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં કારખાનાં બંધ રાખી હીરા વેપારીઓ જોડાયા હતા. હીરા ઉદ્યોગમાં મંદીના કારણે ઘણા રત્નકલાકારો અન્ય કામધંધામાં લાગી ગયા હતા. ડાયમંડ વર્કર્સ યુનિયનના દાવા પ્રમાણે છેલ્લા ૧૬ મહિનામાં ૭૧ રત્નકલાકારોએ જીવન ટૂંકાવ્યું હતું. જેમાં મોટાભાગના લોકોએ આર્થિક સંકડામણથી આ પગલું ભર્યું હતું. રત્નકલાકારોમાં આપઘાતના વધી રહેલા પ્રમાણને લઈ સતત પેકેજ જાહેર કરવાની માગ ઊઠી હતી.

હીરા ઉદ્યોગના એકમો માટે સહાય અંગે પાત્રતાના ધોરણો નિયત કરવામાં આવ્યા છે, તે અંતર્ગત સૂક્ષ્મ એકમો (પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૨.૫ કરોડ સુધીનું મૂડીરોકાણ), એકમે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ (૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫) દરમિયાન હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલું હોવું જોઈએ, ગત વર્ષ (૨૦૨૩-૨૪)ની સરખામણીએ વીજ વપરાશમાં ૨૫ ટકા અથવા તેથી વધુ ઘટાડો તેમજ એકમે તા. ૩૧/૦૩/૨૦૨૫ પહેલાં ઉદ્યમ રજિસ્ટ્રેશન મેળવેલું હોવું જોઈશે. સહાય માટે આવેલી અરજીઓની મંજૂરી માટે સમિતિનું ગઠન થશે. આ સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી બે વખત યોજાશે. ■

# મહેસાણા, પાલનપુર, અમદાવાદમાં એસજીએસટીના ૧૫ રેડીમેડ ગારમેન્ટના ડીલરના ત્યાં દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વધુ એક વખત એસજીએસટીના દરોડા પડ્યા હતા. મહેસાણા, પાલનપુર અને અમદાવાદના રેડીમેડ ગારમેન્ટનું વેચાણ કરતા ૧૫ ડીલરો પર કાર્યવાહી કરવામાં આવી છે. આ વેપારીઓને ત્યાં એસજીએસટીની ટીમે દરોડા પાડ્યા હતા. એસજીએસટીની ટીમ દ્વારા કાર્યવાહી દરમિયાન ૧.૪૮ કરોડ રૂપિયાની કરચોરી બહાર આવી હતી. વેપારીઓ મોટાપ્રમાણમાં રોકડના વ્યવહારો કરતા હતા અને ઓછું ટર્નઓવર દર્શાવતા હતા. વેપારીઓ બિન-હિસાબી વેચાણ કરતા અને ઓછું ટર્નઓવર દર્શાવીને કમ્પોઝીશન સ્કીમ હેઠળની મર્યાદાનો લાભ મેળવીને ગેરરીતિ આચરતા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૧૮મેના રોજ પણ અમદાવાદમાં એસજીએસટી વિભાગે દરોડા પાડ્યા હતા. શહેરમાં તમાકુ અને વાસણોના વેપારીઓને ત્યાં એસજીએસટી વિભાગે દરોડા પાડ્યા હતા. એસજીએસટી વિભાગના દરોડામાં વેપારીઓને ત્યાંથી કરોડો રૂપિયાની કરચોરી ઝડપાઈ હતી. એસજીએસટીની તપાસમાં રૂપિયા ૯.૨૮ કરોડની કરચોરી ઝડપાઈ હતી. એસજીએસટી વિભાગે તમાકુ તથા વાસણોના ૬૭ વેપારીઓનાં ૮૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ તમામ વેપારીઓ બિલ વગર માલની ખરીદી કરીને વેચાણ કરતા હતા અને કરોડો રૂપિયાની કરચોરી કરતા હતા. અમદાવાદમાં વાસણોના ૧૨ વેપારીઓના ૧૩ ધંધાનાં સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સિવાય વિજાપુર, ઉંઝા તથા ઉનાવામાં તમાકુના ૫૫ વેપારીઓના ૭૧ ધંધાનાં સ્થળોએ દરોડા પાડ્યા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ એસજીએસટી વિભાગે રાજ્યભરમાં અનેક વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા અને કરોડો રૂપિયાની કરચોરી ઝડપી પાડી હતી. ■

# પંચમહાલની શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા બે વર્ષ માટે તડીપાર, આઠથી વધુ ગુના દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પંચમહાલ જિલ્લાની શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને તાલુકા કૉંગ્રેસ પ્રમુખ જે. બી. સોલંકીને તડીપાર કરી દેવામાં આવ્યા છે. શહેરા તાલુકા પ્રમુખ જે.બી.સોલંકી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ સુધીમાં મારામારી સિવાયના ૮ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. જેમની વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે તેમની સામે કાર્યવાહી કરીને તડીપાર કરવાની કામગીરી શરૂ કરી હતી.

શહેરા તાલુકા પ્રમુખ જે. બી. સોલંકી કૉંગ્રેસના મોટા હોદ્દા પર હોય તોપણ ૮ ગુનાઓ નોંધાતા તેમની રાજકીય છબી ખરડાયેલી છે. જે મામલે તેમની સામે મારામારી સહિતના ૮ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. જેથી પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલે એ દરખાસ્તને મંજૂરી આપી હતી. જે બાદ કૉંગ્રેસ તાલુકા પ્રમુખ અને કરણી સેનાના જિલ્લા અધ્યક્ષને ૨ વર્ષ માટે તડીપાર કરી દેવાયા છે. પ્રાંત અધિકારીએ જે.બી. સોલંકીની દરખાસ્તને મંજૂર કરતાની સાથે જ તેમને પંચમહાલ અને મહિસાગર જિલ્લાની હદમાંથી ૨ વર્ષ તડીપાર કરવાનો હુકમ ફરમાવી દેવાયો હતો. તેમ જ પોલીસ શહેરા કૉંગ્રેસ તાલુકા પ્રમુખ જે.બી. સોલંકીને અરવલ્લી જિલ્લા ખાતે મૂકવામાં આવ્યા હતા.

શહેરા તાલુકા કૉંગ્રેસ પ્રમુખને તડીપાર કરાતા રાજકીય વર્તુળોમાં ખૂબ જ ચર્ચાઓ જાગી હતી. જોકે, પ્રાંત અધિકારીના આદેશાનુસાર જે.બી સોલંકી પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ૨ વર્ષ માટે તડીપાર કરી દેવાયા છે. જો તેઓ આગામી ૨ વર્ષમાં ૨ જિલ્લાઓમાં પ્રવેશવાનો પ્રયત્ન કરશે તો તેમના વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. પ્રાંત અધિકારીના આદેશથી પોલીસે તેમને અરવલ્લી જિલ્લામાં મૂકી આવ્યા હતા. ■

# વડોદરામાં પૂર્વ ધારાસભ્યના પુત્ર સામે દુષ્કર્મ અને ગર્ભપાતનો આરોપ, આરોપી નવ દિવસથી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

વડોદરાઃ વડોદરાના કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્યના પુત્ર અનિરૂદ્ધસિંહ ગોહિલ વિરુદ્ધ ૨૧ વર્ષીય યુવતી પર લગ્નની લાલચ આપીને વારંવાર દુષ્કર્મ ગુજારવા અને ગર્ભવતી બનાવ્યા બાદ બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવવાના ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાઈ હતી. આ ઘટનાને ૯ દિવસ વીતી ગયા હોવા છતાં આરોપી અનિરૂદ્ધસિંહ ગોહિલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

મળતી વિગતો અનુસાર વડોદરા જિલ્લાના નંદેસરી ગામે રહેતા અનિરૂદ્ધસિંહ ગોહિલે યુવતીને લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા અને આ દરમિયાન યુવતી ગર્ભવતી થઈ હતી. ત્યારબાદ આરોપી યુવતીને આણંદ ખાતે આવેલી એક હૉસ્પિટલમાં ગર્ભપાત કરાવવા લઈ ગયો હતો. ત્યાં આરોપીના મામાએ યુવતીને ગન બતાવીને બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવ્યો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ઉલ્લેખનીય છે કે, આરોપી અનિરૂદ્ધસિંહ ગોહિલ ઉમરેઠના ધારાસભ્યના નાનાનો દોહિત્ર થાય છે.

આ મામલે આરોપીના મામાની આ ગુનામાં સંડોવણી છે કે નહીં તેની પણ તપાસ શરૂ કરી છે. અત્યાર સુધીમાં મેજિસ્ટ્રેટ સમક્ષ ત્રણ પ્રત્યક્ષદર્શીઓના નિવેદન લેવામાં આવ્યા છે, જ્યારે દુષ્કર્મની સમગ્ર ઘટનામાં કુલ ૨૫ લોકોના નિવેદન નોંધવામાં આવ્યા છે. આરોપીને પકડવા માટે પોલીસની ૫ જેટલી ટીમો બનાવીને સઘન શોધખોળ કરવામાં આવી રહી છે. જોકે, ૯ દિવસ વીતી જવા છતાં પણ આરોપી પોલીસના હાથમાં આવ્યો નથી, જેના કારણે ગુનો વધુ ચકચારી બન્યો છે. ■

# અમદાવાદમાં અકસ્માતની સંખ્યા વધતાં ૩૩૯ બમ્પ બનાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં અકસ્માતની સંખ્યામાં થઈ રહેલા વધારાના કારણે તંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરમાં ૩૩૯ નવા બમ્પ બનાવવામાં આવશે. જે પૈકી ૭૫ ટકા સ્પીડ બ્રેકર પશ્ચિમ અમદાવાદમાં બનાવવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૪ થી મે ૨૦૨૫ની વચ્ચે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ૩૩૯ સ્પીડ બ્રેકર્સને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં દરેક ચાર સ્પીડ બ્રેકરમાંથી ત્રણ પશ્ચિમ વિસ્તારોમાં બનાવવા મંજૂરી આપવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારમાં રહેતા રહેવાસીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ બંનેએ ટ્રાફિકને નિયંત્રિત કરવાના પગલાં માટે સખત દબાણ કર્યું હતું. સૂત્રોએ કહ્યું હતું કે આ જરૂરિયાત અને વિનંતીઓ પર આધારિત છે, જ્યારે શહેરના પૂર્વ વિસ્તારના રહેવાસીઓ દલીલ કરી કે તેમની સાથે ભેદભાવ રાખીને તેમને પાછળ રાખવામાં આવ્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૪ થી મે ૨૦૨૫ વચ્ચે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પશ્ચિમ ઝોનમાં સ્પીડ બ્રેકર્સ માટે ૨૫૭ (૭૫.૮ ટકા) અરજીઓને મંજૂરી આપી હતી અને પૂર્વમાં માત્ર ૮૨ (૨૪.૨ ટકા) અરજીઓને મંજૂરી આપી હતી. આમાંથી શહેરમાં ૨૪૦ થી વધુ સ્પીડ બ્રેકર્સ બનાવવામાં આવ્યા છે. ૨૦૦૬ થી ૨૦૨૨ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સ્પીડ બ્રેકર્સ માટે ૮૯૨ અરજી મળી હતી, પરંતુ તેમાંથી માત્ર ૧૮૦ ને જ મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે ૫૭૦ થી વધુને નકારી કાઢવામાં આવી હતી. તેનાથી વિપરીત, છેલ્લાં બે વર્ષમાં અરજીઓની સંખ્યામાં વધારો થયો હતો. ૨૦૨૩ માં ૧૦૦ અરજીઓમાંથી ૫૦થી વધુને મંજૂરી આવી હતી. ૨૦૨૪માં આ સંખ્યામાં થોડો વધારો થયો હતો. ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૩૩૯ અરજી મળી હતી.

અમદાવાદ મનપાનાં સૂત્રોના કહેવા પ્રમાણે, અમદાવાદના પશ્ચિમ વિસ્તારોમાંથી સ્પીડ બ્રેકર્સ માટેની અરજીઓમાં વધારો થયો છે. પશ્ચિમ વિસ્તાર ખાસ કરીને એસ જી હાઈવે અને તેની આસપાસના એરિયામાં અકસ્માતની ઘટના વધતાં વધુ પ્રમાણમાં અરજી આવી છે. છેલ્લા એક મહિનામાં નવરંગપુરાના નવરંગ સ્કૂલ રોડ, જોગર્સ પાર્ક રોડ, ભીમજીપુરા ક્રોસરોડ રોડ અને બાલોલનગર રોડ સહિત પશ્ચિમ વિસ્તારોમાં ૨૫ થી વધુ સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા હતા. છેલ્લા બે વર્ષમાં ઓવરસ્પીડિંગને કારણે કેટલાક જીવલેણ હિટ એન્ડ રન તેમજ ગંભીર અકસ્માતો થયા છે. તેથી જે રસ્તાઓ પર ઓવરસ્પીડિંગ અને અકસ્માતોના કેસો વધી રહ્યા છે ત્યાં સ્પીડ બ્રેકરને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ ઉપરાંત શાળાઓ, હૉસ્પિટલો અથવા સાર્વજનિક જગ્યાઓ નજીક સ્પીડ બ્રેકરો બનાવવામાં આવી રહ્યા છે. ■

# વડા પ્રધાન મોદીના કાર્યક્રમ માટે ભીડ ભેગી કરવા દાહોદ જિલ્લાના તમામ ટોલનાકા ૨૬મીએ ટોલ ફ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૬મી મેના રોજ દાહોદની મુલાકાતે આવી રહ્યા છે. તેમની જાહેરસભા દાહોદના ખરોડ (ડોકી) મુકામે યોજાવાની છે. વડા પ્રધાન મોદીની આ જાહેર સભાને સફળ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ કાર્યક્રમમાં જંગી જનમેદની એકત્ર કરવા માટે કલેક્ટર દ્વારા તમામ ટોલનાકા પર વાહનોને ટોલ ફ્રી કરવાનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી કાર્યક્રમમાં આવતા લોકોને સુવિધા મળશે અને વધુમાં વધુ લોકો ઉપસ્થિત રહી શકે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વડા પ્રધાનની જાહેરસભા માટે વહીવટી તંત્રએ જનમેદનીની બેઠક વ્યવસ્થા માટે કુલ ૧૨ સેક્ટર નિર્ધારિત કર્યા છે. આ સેક્ટર્સમાં જુદા જુદા તાલુકાઓ અને જિલ્લાઓના લોકોને બેઠક ફાળવવામાં આવી છે, જેથી વ્યવસ્થા જાળવી શકાય.

ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

આ દરમિયાન, તેઓ દાહોદના ખરોડ ખાતે આયોજિત એક ખાસ કાર્યક્રમમાં રેલ્વે મંત્રાલય અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ સહિત ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવાના છે. ■

# પાકિસ્તાનની જાસૂસી જાળના ભેદ-ભરમ

**પાડોશી છતાં જાની દુશ્મન એવા પાકિસ્તાનની ખતરનાક જાસૂસી એજન્સી ISI ના મૂળિયાં આપણે ત્યાં ઊંડે સુધી પ્રસરેલાં છે. દેશની અત્યંત ગુપ્ત એવી સંરક્ષણની માહિતી મેળવવા એના આકાઓ રૂપલલનાની હનીટ્રેપ અને નગદ રૂપિયાની લાલચથી લઇને બ્લેકમેલિંગ અને જરૂર પડે તો ધમકાવીને પણ અનેક ભારતીયોને પોતાના એજન્ટ બનાવી- એમની પાસે દેશ સાથે ગદ્દારી કરાવે છે. હરિયાણાની જ્યોતિ મલ્હોત્રા એનો તાજો દાખલો છે. આજના હાઈટેક જમાનામાં આવી સ્પાઈ ગેમ રમવી જેટલી આસાન લાગે છે એટલી જ એ અટપટી પણ છે... !**





જ્યોતિ મલ્હોત્રા


માધુરી ગુપ્તા


પ્રદીપ કુરૂલકર

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

હરિયાણાની રૂપાળી- સ્માર્ટ યૂ-ટ્યૂબર જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા ISIની એજન્ટ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.

જમ્મુ- કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી જ્યોતિએ ભારતીય લશ્કરની હિલચાલ વિશે પાકિસ્તાનને માહિતી પહોંચાડી હોવાનો ભાંડો ફૂટતાં જ એને જેલભેગી કરી દેવામાં આવી છે. હકીકતમાં તો આ જ્યોતિ લાંબા સમયથી પાકિસ્તાનની ખોફનાક જાસૂસી એજન્સી ISI સાથે કામ કરતી હોવાની કહેવાય છે.

'ટ્રાવેલ વીથ જો' નામે ટ્રાવેલ ચેનલ ચલાવતી ૩૩ વર્ષની જ્યોતિ મલ્હોત્રા દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં કામ કરતા દાનિશ તથા ISIના અન્ય ઓપરેટર્સ સાથે એન્ક્રિપ્ટેડ એપ્સ (આંતરીને એના સંદેશ ઉકેલી ન શકાય એવાં ) માધ્યમથી સતત સંપર્કમાં હતી અને ભારતના સંવેદનશીલ વિસ્તારોની વિગતો પહોંચાડતી હતી એવો આરોપ મૂકાયો છે.

આ દરમિયાન, જ્યોતિ બે વાર પાકિસ્તાન ગઈ હતી અને જાસૂસી માટે એને ISI તરફથી તગડી રકમ અને વિવિધ સુવિધા મળતી હતી. એના જોરે થોડાં વર્ષ અગાઉ સાવ સામાન્ય જોબ કરતી જ્યોતિ લેવિશ લાઈફસ્ટાઈલ- વૈભવી જીવન જીવતી થઈ ગઈ હતી.

આમ જૂવો તો ભારતમાં પાકિસ્તાની જાસૂસી એજન્સી ISI માટે કામ કરતાં ઝડપાયેલી જ્યોતિ પહેલી વ્યક્તિ નથી. બલકે જ્યોતિ ઝડપાઈ એ સમયગાળામાં ભારતમાંથી જ બીજા ISI એજન્ટોને પણ ઝડપી લેવામાં આવ્યા છે. 'ઓપરેશન સિંદૂર'ની ગુપ્ત વિગતો ISIના હેન્ડલરને આપવા બદલ પંજાબના સુખપ્રીતસિંહ-કરણબીર સિંહ અને દેવેન્દર સિંહ ઢિલ્લોન નામના યુવકો પણ ઝડપાયા છે. એમાંય ઢિલ્લોને તો પટિયાલા આર્મી કેન્ટોનમેન્ટની તસવીરો પાકિસ્તાન મોકલાવી હતી અને ગયા વર્ષે પાકિસ્તાનની ટૂર પણ કરી આવ્યો હતો.

ભૂતકાળમાં પણ બીજા ઘણા ભારતીયો આ રીતે પાકિસ્તાન માટે જાસૂસી કરતાં ઝડપાયા છે તેના પરથી જ ભારતમાં ISIનું નેટવર્ક કેટલું વ્યાપક છે તેનો અંદાજ આવે.

બીજા દેશની ગુપ્ત માહિતી કઢાવવા માટે કોઈ પણ દેશની જાસૂસી એજન્સી જે જે મોડસ ઑપરેન્ડી અજમાવે એવી બધી ટ્રિક્સ ISI પણ આપણે ત્યાં અજમાવે છે. હની ટ્રેપ, નાણાંની લાલચ, બ્લેકમેલિંગ અને જરૂર પડે તો ધમકાવીને પણ સંખ્યાબંધ ભારતીયોને પોતાના એજન્ટ બનાવી- એમની પાસે દેશ સાથે ગદ્દારી કરાવે છે.

જો કે, જ્યોતિ ને બીજા યુવકો તો સાવ નાનાં પ્યાદાં છે. પાકિસ્તાની ISIની જાળમાં મોટા મોટા ધુરંધરો પણ ફસાઈ ચૂક્યા છે. પાકિસ્તાનની જાળમાં ફસાયેલા સૌથી મોટા ત્રણ કેસ માધુરી ગુપ્તા, પ્રદીપ કુરૂલકર અને સતેન્દ્ર સિવાલના છે.

ઈસ્લામાબાદના ભારતીય દૂતાવાસમાં ડિપ્લોમેટ માધુરી ગુપ્તાના કેસે ૨૦૧૦ના દાયકામાં ભારે ચકચાર જગાવી હતી. ૫૩ વર્ષનાં માધુરી ગુપ્તા ૩૦ વર્ષના પાકિસ્તાની જાસૂસ જમશેદ ઉર્ફે જિમના સંપર્કમાં આવી પછી એની સાથે સેક્સ સંબંધ બંધાયા હતા.

માધુરી તો જિમ સાથે લગ્ન પણ કરવા માગતી હતી, પણ જમશેદને લગ્નમાં રસ નહોતો. એને તો માધુરી પાસે જાસૂસી કરાવીને ભારતને લગતી ગુપ્ત માહિતી કઢાવવામાં રસ હતો. ISIનો મુબ્સર રાઝા રાણા પેલા જમશેદનો હેન્ડલર હતો. 'હાઈ કમાન્ડ' તરફથી ઓર્ડર મુજબ માધુરીને સેક્સ- જાળમાં ફસાવીને જમશેદ બ્લેકમેલ કરીને માધુરીને ભારતનાં રહસ્યો એને પૂરાં પાડવા દબાણ કરતો હતો. માધુરી પાકિસ્તાન માટે જાસૂસી પોતાની મરજીથી કરે છે એ સાબિત કરવા એને દર મહિને રૂપિયા એક લાખ આપવામાં આવતા. માધુરીને મોબાઇલ ફોન અને પાકિસ્તાની સીમકાર્ડ પણ આપવામાં આવ્યા હતા. ૨૦૧૦માં માધુરીનો ભાંડો ફૂટી જતાં ધરપકડ થઈ અને સાત વર્ષની જેલની સજા ભોગવ્યા પછી માધુરી ભારતના કોઈ અજ્ઞાત સ્થળે રહેતી હતી અને એક અહેવાલ મુજબ ૬૪ વર્ષની વયે એનું અવસાન પણ થયું ...


આ જ રીતે, ISIની જાળમાં ફસાયેલા પ્રદીપ કુરૂલકર તો ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)ના ટોચના વૈજ્ઞાનિક હતા. ૨૦૨૩ના નવેમ્બરમાં 'આઉટસ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટ' તરીકે નિવૃત્ત થાય એ પહેલાં ISIના અધિકારીઓ સાથે સંપર્ક કરવા બદલ મહારાષ્ટ્ર એટીએસે ૩ મે, ૨૦૨૩ના રોજ કુરૂલકરની ધરપકડ કરીને ઓફિશિયલ સીક્રેટ એક્ટના ભંગ બદલ કેસ નોંધ્યો હતો. 'ડીઆરડીઓ'ની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એન્જીનિયર્સ) લેબોરેટરીના ડિરેક્ટર કુરૂલકર ન્યુક્લીયર શસ્ત્રો લઈ જવા સક્ષમ 'અગ્નિ' મિસાઈલ તથા ૨૦૧૯માં સફળતાપૂર્વક પાર પડાયેલા એન્ટિ-સેટેલાઈટ મિસાઈલ ટેસ્ટ માટેના 'મિશન શક્તિ' જેવાં મોટા પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હતા.


સેજલ કપૂર

'ઝારા દાસગુપ્તા' તરીકેની કોડ આઈડેન્ટિટી- ઓળખ ધરાવતી પાકિસ્તાની જાસૂસ યુવતીની મોહજાળમાં કુરૂલકર ફસાયેલા. આ 'ઝારા દાસગુપ્તા'ને બ્રહ્મોસ મિસાઈલનો હાઈલી ક્લાસિફાઈડ રિપોર્ટ બતાવવા સુધ્ધાં કુરૂલકર તૈયાર થઈ ગયેલા. વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી અને લશ્કરી વડા સિવાય કેટલાક ટોચના અધિકારીઓને જ આ સિક્રેટ રિપોર્ટ જોવા મળે છે. ત્યારે કુરૂલકરે તો ૨૦૨૨ના જૂનથી ૨૦૨૨ના ડિસેમ્બર દરમિયાન 'ઝારા દાસગુપ્તા' સાથે બ્રહ્મોસ, શક્તિ, અગ્નિ ૬, અનમેન્ડ એર વ્હીકલ રૂસ્તમ, સરફેસ ટુ એર મિસાઈલ્સ, અનમેન્ડ કોમ્બેટ એર વ્હીકલ્સ, ડ્રોન પ્રોજેક્ટ્સ મુદ્દે ચેટ પણ કરી હતી ને તેમાં જ એ ફસાઈ ગયા...!

મોસ્કોના ભારતીય દૂતાવાસમાં કામ કરતા સતેન્દ્ર સિવાલની ૨૦૨૪ના ઓગસ્ટમાં પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતીય દૂતાવાસમાં સિક્યુરિટી આસિસ્ટન્ટ તરીકે કામ કરતો ૨૮ વર્ષનો સિવાલ ઉત્તર પ્રદેશના હાપુર જિલ્લાનો છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયમાં મલ્ટિટાસ્કિંગ સ્ટાફ તરીકે ૨૦૧૯માં જોડાયેલો. પૂજા નામની યુવતીએ 'ફેસબુક' પર સતેન્દ્રને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલતાં એ બન્ને વચ્ચે ચેટ શરૂ થઈ ને પછી નંબરની આપ-લે થતાં વાતચીત


સતેન્દ્ર સિવાલ


ઝારા દાસગુપ્તા

શરૂ થઈ. પોતાને રિસર્ચર ગણાવતી પૂજાએ સતેન્દ્રને નાણાંની લાલચ આપી. એના બદલામાં સતેન્દ્રે લશ્કરની મૂવમેન્ટ, ડિપ્લોયમેન્ટ, ટ્રૂપ્સ વગેરેને લગતી માહિતી પૂજાને વેચી હતી.

આજ રીતે મૂળ મુસ્લિમ, પણ 'સેજલ કપૂર'ના નામે એક ફૂટડી યુવતીએ ભારતીય સંરક્ષણ ખાતાના અનેક અધિકારીઓને 'હની ટ્રેપ'માં સંડોવીને ઢગલાબંધ અત્યંત ગુપ્ત માહિતી કઢાવીને છટકી પણ ગઈ હતી...

માધુરી, કુરૂલકર અને સતેન્દ્ર તો છીંડે ચડેલા- ઝડપાયેલા ચોર છે પણ એ સિવાય બીજા પણ ઘણા હાઈ પ્રોફાઈલ લોકો ISI સાથે જોડાયેલા હોય એવી પૂરેપૂરી શક્યતા છે. એ લોકો પકડાય નહીં ત્યાં સુધી શરીફ ને દેશપ્રેમી હોવાનો ઢોંગ કરીને જીવ્યા કરે છે ને ઘણાં એવાં હોય છે કે દેશ સાથે ગદ્દારી કરતા હોવા છતાં જે વરસો સુધી હાથ આવતા પણ નથી.

૨૦૨૩માં ગુજરાતમાંથી લાભશંકર દુર્યોધન મહેશ્વરી નામનો પાકિસ્તાની જાસૂસ ઝડપાયો હતો. ૫૩ વર્ષનો મહેશ્વરી ૧૭ વર્ષથી પાકિસ્તાની એજન્ટોને ભારતીય સીમ કાર્ડ મેળવવામાં મદદ કરતો કે જે આર્મી સ્કૂલોમાં ભણતાં સંરક્ષણ મંત્રાલયના કર્મચારીઓમાં બાળકોના ફોન હેક કરીને જાસૂસી કરવા માટે વપરાતા હતા !

જ્યોતિ મલહોત્રાના જાસૂસી કાંડે એક બીજી એ વાત તરફ પણ ધ્યાન દોર્યું છે. મોટા ભાગના મુસ્લિમોની વફાદારી ભારત તરફ નહીં, પણ પાકિસ્તાન તરફ છે એવો રાજકીય ફાયદા માટે કુપ્રચાર પણ થાય છે. બીજી બાજુ, આ દેશમાં હિંદુ કે શીખોની દેશભક્તિ તરફ કદી શંકા કરાતી નથી, પણ જ્યોતિ મલ્હોત્રા, સુખપ્રીતસિંહ, કરણબીરસિંહ કે દેવેન્દરસિંહ ઢિલ્લોન મુસ્લિમ નથી પણ નખશીખ હિંદુ કે શીખ છે. પાકિસ્તાન માટે કામ કરનારા દેશના ગદ્દારોમાં બીજાં પણ ઘણાં ભારતીયોનાં નામ ઉમેરી શકાય તેમ છે.

ભારતમાં હિંદુઓ પાકિસ્તાન માટે જાસૂસી કરતા હોય એવો વિચાર પણ કોઈને ના આવે. તેનો લાભ લઈને પાકિસ્તાન રૂપલલનાઓ અને રૂપિયાનો ધૂમ ઉપયોગ કરીને જાસૂસી કરાવડાવે છે.

વાત તો સારે છે કે સેક્સ, પૈસા કે બીજી કોઈ લાલચમાં કોઈ પણ અહીંનો વતની પણ દેશ સાથે ગદ્દારી કરે છે કરી શકે છે એ કડવી, પણ વાસ્તવિકતાને ના ભૂલવી જોઈએ. અલબત્ત, આવા દેશદ્રોહીઓની સંખ્યા મુઠ્ઠીભર છે તેથી આખા હિંદુ કે શીખ સમુદાય પર દેશદ્રોહીનું લેબલ ના લગાડી શકાય. એ જ લોજિક મુસ્લિમોને પણ લાગુ પડે જ છે. થોડાક મુસ્લિમ આતંકવાદ ફેલાવે તેથી બધા મુસ્લિમોને આતંકવાદી ના ગણી શકાય કે મુઠ્ઠીભર મુસ્લિમો અહીં રહીને પાકિસ્તાનની તરફદારી કરે એટલે બધા મુસ્લિમોને પાકિસ્તાનના એજન્ટ ના ગણાવી શકાય. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી

feedback@bombaysamachar.com

# મીડિયાને યુદ્ધની પૂરી સચ્ચાઈ ખબર ન હોય, પણ જૂઠ ન કહેવાનું સાહસ તો હોવું જોઈએ




તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાયું ત્યારે હિન્દી અને અંગ્રેજી ન્યૂઝ ચેનલોનું રિપોર્ટિંગ ગજબનું હાસ્યાસ્પદ ઠર્યું હતું. દિલ્હીના ટીવી સ્ટુડિયોમાં બેસીને સોશિયલ મીડિયા પર આવતા 'બ્રેકિંગ ન્યૂઝ'ના આધારે ટીવી એન્કરોએ જે અવિશ્વસનીય દાવાઓ કર્યા હતા એ લઈને જાણકાર લોકો તો ઠીક, સામાન્ય દર્શકો પણ આઘાત પામી ગયા હતા.

એ વખતે ટીવીમાં જે જોવા મળ્યું તેને રિપોર્ટિંગ કહેવાય કે કેમ તે પણ પ્રશ્ન છે. યુદ્ધ જેવી સ્થિતિમાં, મીડિયાનું કામ લોકો સુધી સાચી માહિતી પહોંચાડવાનું, લોકોને શિક્ષિત કરવાનું અને શાંતિને પ્રોત્સાહન આપવાનું હોય છે ત્યારે અહીં તો આ વખતે મીડિયાએ સનસનાટીભર્યા સમાચાર,ખોટી માહિતી અને ઉન્માદને પ્રોત્સાહન આપીને પરિસ્થિતિ બગાડી હતી.

મીડિયા યુદ્ધની જે તસવીર રજૂ કરે છે એનાથી લોકોના વિચાર પર ઊંડી અસર પડે છે. ભારત અને પાકિસ્તાન બંનેના મીડિયાએ એવો માહોલ ઊભો કર્યો હતો કે વિવેકબુદ્ધિથી સમજવાનું અશક્ય બની ગયું હતું. આવા સંજોગોમાં, યુદ્ધની કમાન જેમના હાથમાં હોય છે તે સેના અને સરકારની માનસિક સ્થિરતા પર શું અસર પડે તેની કલ્પના કરવી પણ ડરામણી છે.

ડાહ્યા લોકો કહેતા આવ્યા છે કે અતિઉત્સાહમાં સંયમ ન ગુમાવવો જોઈએ. જે રીતે 'ઓપરેશન સિંદૂર'ની અને ત્યારબાદની પરિસ્થિતિઓ ટીવી ચેનલ્સ દ્વારા રજૂ કરવામાં આવી હતી તેનાથી આ ચેનલોની ટીઆરપીમાં ભલે તોતિંગ વધારો થયો હોય, પણ તેમણે ન તો જનતાની સેવા કરી છે કે ન તો સેનાને ન્યાય કર્યો છે. આટલા મોટા અને સફળ દેશની જનતા અને તેનું બહાદુર સૈન્ય એક બહેતર પત્રકારત્વને લાયક છે.




યુદ્ધનું રિપોર્ટિંગ સહેલું નથી. યુદ્ધમાં સૌથી પહેલાં સત્યનો ભોગ લેવાય છે. આ અનિવાર્ય દૂષણ છે. યુદ્ધમાં બંને પક્ષ પોત-પોતાની સફળતાના દાવા કરતા હોય છે, જે જરૂરી પણ હોય છે. આ માહિતીઓ 'ચળાઈ'ને આવતી હોય છે. યુદ્ધ ભૂમિ એક જોખમી જગ્યા છે. ત્યાં માત્ર જીવ બચાવવો અને જીવ લેવો તે બે જ પ્રાથમિકતા હોય છે. ત્યાં બીજું બધું નગણ્ય બની જાય છે, સત્ય પણ. પત્રકારોને એ ખબર હોવી જોઈએ. અને એટલા માટે જ એ સત્ય ન પહોંચાડી શકે તો કંઈ નહીં, કમસે કમ અસત્ય તો ના જ પહોંચાડવું જોઈએ.

માહિતી અને અફવા વચ્ચે પાતળી ભેદરેખા હોય છે. પત્રકારો માહિતીના અભાવમાં ઘણીવાર અફવાને સમાચાર તરીકે રજૂ કરતા હોય છે.

માહિતી એટલે પાણીમાં એક પથ્થર પડે અને પાણીમાં વમળો સર્જાય તે. અફવા એટલે પાણીમાં કોઈ પથ્થર ન હોય અને કોઈ માણસ કિનારા પર ઊભો ઊભો વમળો પેદા કરે તે.... લોકો એવું માની લે કે પાણીમાં પથ્થર છે.

યુદ્ધનું રિપોર્ટિંગ, તેની આદિમ અવસ્થામાં, અફવાઓનું જ રિપોર્ટિંગ હતું. ગુફામાં રહેતા માણસો પાસે બહાર શું ચાલી રહ્યું છે તે જાણવાની તકનિક નહોતી એટલે એ બીજા માણસની વાતો પર ભરોસો રાખતા હતા. કોઈક આવીને એમને કહેતો કે, 'અલા, તેં સાંભળ્યું? જંગલમાં સિંહે પાંચ લોકોને ફાડી ખાધા.'

આધુનિક સમયમાં ન્યૂઝપેપરો અને ન્યૂઝ ચેનલો એ જ કામ વ્યવસ્થિત ઢંગથી કરે છે એટલા માટે જ ન્યૂઝ પેપરને સંગઠિત અફવા (ઓર્ગેનાઇઝ્ડ ગોસિપ) કહેવાય છે.

યુદ્ધમાં સમાચારોને તોડી-મરોડીને પેશ કરવાની રીત નવી નથી. 'મહાભારત'ના યુદ્ધ દરમિયાન દ્રોણાચાર્યએ સેનાપતિની કામગીરી સંભાળી હતી. એ તો પાંડવો અને કૌરવો બંનેના ગુરુ હતા અને એમને પરાજિત કરવાની ક્ષમતા કોઈની પાસે નહોતી. તો શું કરવાનું? યુદ્ધમાં અશ્વત્થામા નામનો એક હાથી ભીમના હાથે હણાયો. યોગાનુયોગ, દ્રોણાચાર્યના પુત્રનું નામ પણ અશ્વત્થામા હતું એટલે અર્જુનના 'વોર એડવાઈઝર' કૃષ્ણએ એક યોજના બનાવી- ધર્મરાજ યુધિષ્ઠિર એમની સત્યનિષ્ઠા માટે કૌરવોમાં આદરણીય છે. એ જો દ્રોણાચાર્યને કહે કે અશ્વત્થામા હણાયો છે, પણ એ હાથી કે પુત્ર તેની ચોખવટ ન કરે તો દ્રોણાચાર્ય હતાશ થઈએ શસ્ત્રો હેઠે મૂકી દે પછી પાંડવો એમનો વધ કરી શકે.

જોકે, યુધિષ્ઠિરને આ વાત મંજૂર ન હતી. એમના ભાઈઓએ બહુ સમજાવ્યા તે પછી તે આ સમાચાર આપવા તૈયાર થયા કે 'અશ્વત્થામા હતો ઇતિ (અશ્વત્થામા હણાયો છે)'. પરંતુ પોતે અસત્ય નથી બોલતા તેના આત્મસંતોષ માટે તેઓ પાછળથી ધીમેથી બોલ્યા : 'નરો વા કુંજર વા (તે નર છે અથવા હાથી).

આગળનું વાક્ય સાંભળીને દ્રોણાચાર્યનાં ગાત્રો ઢીલાં થઇ ગયાં. એમણે શસ્ત્રો નીચે મુક્યાં અને સમાધિ અવસ્થામાં બેસી ગયા. એ જોઇને પાંડવોના એક ધનુર્ધારીએ એમની પર તીર ચલાવી દીધું. આમ, અર્ધ-સત્ય કારગત નીવડ્યું.

યુદ્ધ રિપોર્ટિંગમાં આજે પણ આવું થતું હોય છે. દુશ્મનોને ગુમરાહ કરવા માટે અથવા એમને ઊંઘતા ઝડપવા માટે

યુદ્ધના સંચાલકો પત્રકારોનો ઉપયોગ કરતા હોય છે. આપણા જેવા સામાન્ય લોકો યુદ્ધથી જોજનો દૂર હોઈએ છીએ

અને આપણને જે માહિતી આપવામાં આવે તેને જ આપણે સાચી માની લઇએ છીએ. આપણી પાસે બીજો વિકલ્પ

પણ નથી હોતો. એ અર્થમાં આપણે મહાભારતના દ્રષ્ટિહીન ધૃતરાષ્ટ્ર છીએ અને પત્રકારો સંજય. સંજયનું કામ ધૃતરાષ્ટ્ર માટે કુરુક્ષેત્રના યુદ્ધનું લાઈવ રિપોર્ટિંગ કરવાનું છે. કહે છે કે સંજય પાસે દિવ્ય દ્રષ્ટિ હતી, પરંતુ અમુક મામલાઓમાં એના વર્ણનમાં પણ અંતર હતું, જેમ કે '૧૪મા દિવસે અર્જુને અગિયાર અક્ષૌહિણી સેનાને પરાસ્ત કરી છે ' તેવું સંજયે કહ્યું હતું, પરંતુ 'મહાભારત'નાં અન્ય સંસ્કરણો અનુસાર તે સંખ્યા ૭ અને ૮ હતી. એ જ રીતે એણે એવું કહ્યું હતું કે અર્જુને કર્ણના બધા સંબંધીઓને મિત્રો સાથે મારી નાખ્યા હતા. કર્ણના ભાઈઓ અને પુત્રોને અર્જુન, અભિમન્યુ, સાત્યકિ, નકુળ અને ભીમે માર્યા હતા.

એક સ્થાન પર સંજય કહે છે કે શિખંડીએ ભીષ્મનો વધ કર્યો છે અને બીજી એક જગ્યાએ તે કહે છે કે અર્જુને એમને માર્યા છે.

આ જાણીજોઇને બોલાયેલું જુઠાણું નહીં હોય, પરંતુ મિસ-રિપોર્ટિંગ હશે. આપણી ચેનલોએ આવી રીતે જ તો કરાચીને તબાહ કરી નાખ્યું હતું, ઇસ્લામાબાદ પર કબજો જમાવી દીધો હતો અને સેના અધ્યક્ષ અસિમ મુનિરને પાકિસ્તાન છોડાવી દીધું હતું.

દેશ જ્યારે યુદ્ધ લડતો હોય ત્યારે પત્રકારોને પૂરી સચ્ચાઈ કહેવાની સ્વતંત્રતા ન હોય તે સમજી શકાય છે, પરંતુ

એમની પાસે જૂઠ નહીં કહેવાની સ્વતંત્રતા અને સાહસ તો હોવું જ જોઈએ. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'સા'બ મેરા ગુના ક્યા હૈ યે તો બતાઓ?' શિંદેએ મેકમોહનને મોરેની સામેની ખુરસી પર બેસાડ્યો.

'અબ માલૂમ પડેગા. સા'બ આતે હી હોંગેં.' શિંદેએ કહ્યું ને એસીપી મોરે દાખલ થયા.

'અરે ઇનકો ચાય પીલાઓ.' મોરેએ ખુરસી પર બેસતાં કહ્યું.

શિંદેએ ઘંટડી વગાડીને હવાલદારને બોલાવ્યો. ચા લાવવાનો ઇશારો કર્યો.

'તુમ સીમા કે બાપ હો..?' મોરેએ પૂછ્યું.

'હાં.. બાપ હું. ક્યા યે મેરા ગુના હૈ?' મેકમોહને પૂછ્યું.

'તુમ્હારી બેટી સીમાને ચંદન સે ભાગ કે શાદી કી થી.?'

'બડી હો ગઇ હૈ વો. સીમા મેં રહેના હૈ યા સીમા કા ઉલ્લંઘન કરના યે ઉનકી મરજી થી.'

'તુ દારૂ પી કર...બાંહોં મેં લડકી કો લેકર ઘર આતા થા...ઔર સીમા પર હાથ ઉઠાતા થા. ઇસલિયે વો ઘર સે ભાગી થી.?'

'હાં, મૈં દારૂ પીતા થા...ઔર પીતા હું. ઔરતોં કો ઘર પે લાતા થા....ઔર લાતા હું. હર મર્દ કી તરહા યે મેરી ભી ઝરૂરત હૈ.'

'અરે તુ કેસા બાપ હૈ....ઘર મેં જવાન બેટી કે સામને કોઇ ઔરત કો લાને કા.....ઔર બેટી કો મારને કા?' શિંદેએ કહ્યું.

'સાહબ, સીમા જબ ઘર મેં હોતી થી તબ કભી નહીં લાયા. એક બાર પકડા ગયા તબ સે ઝઘડા શુરૂ હુઆ.. રોજ ઝઘડા કરતી થી...ચિલ્લાતી થી...બર્તન ફેંકતી થી.'

'તુમ ઉસકો મારતે થે યે સચ હૈ.?' મોરેએ પૂછ્યું.

'ઉસને મેરી ફ્રેન્ડ પે હાથ ઉઠાયા તો મૈંને ભી ઉસકો....સાહબ, સીમા ઇન્સિક્યોરિટી કી શિકાર થી. પાગલ થી. ઉસને ચંદન મેં સિક્યોરિટી દેખી. ભાગ નીકલી ઉસ ટેક્સી ડ્રાઇવર કે સાથ. આપકો માલૂમ નહીં હોગા સાહબ, સીમા કી મેન્ટલ હેલ્થ કી ટ્રિટમેન્ટ ચલ રહી થી. સાયકોલોજિસ્ટ નીલમ શાહ કે પાસ હફ્તે મેં એક બાર જાતી થી. મેરી બેટી બીએ વિથ સાયકોલોજી....ખુદ સાયકોલોજિકલ કેસ હૈ.'

મેકમોહનની મુરલીમાંથી કોઇ જુદા જ સૂર રેલાયા. એણે તદ્દન જુદું જ પિક્ચર આપ્યું. એસીપી મોરે મેકમોહનને તાકીને જોઇ રહ્યા હતા ને શિંદે વારાફરતી બંનેને જોઇ રહ્યો હતો.

ટેબલ પર પડેલી ચા પર મલાઇ અને રૂમમાં સન્નાટો પથરાઇ ગયો હતો.

'ચાય ઠંડી હો ગઇ હૈ. ગરમ ચાય મંગાઉં.?' શિંદેએ પૂછ્યું.

'નહીં....ઓર કૂછ પૂછના હૈ.?' મેકમોહને ઠંડી ચાનો ઘૂંટડો ભરતાં કહ્યું.

'ચંદન કહાં રહેતા થા.?' શિંદેએ આંગળીથી ચાની મલાઇ ગ્લાસની કોરે મૂકી.

'મેરે સામનેવાલે ફલેટ મેં.' શિંદે ચમક્યો. કેમ કે એણે સામેના ફલેટનો અડધો ખુલેલો દરવાજો જોઇ લીધો હતો.

'અબ ઉધર કૌન રહેતા હૈ.?' શિંદેએ પૂછ્યું.

'ચંદન કી બુઢી મા.' મેકમોહન બોલ્યો.

'ચંદન મર ગયા, અબ ઉસકા ગુઝારા કેસે ચલતા હૈ?'

'પહેલે ચંદન પૈસા ભેજતા થા. ઉસકે જાને કે બાદ કોઇ મોતી નામ કા આદમી પૈસા દે કર જાતા થા.'

'લેકિન અબ વો ભી નહીં રહા. મદદ કૌન કરતા હૈ?' શિંદેએ પૂછ્યું.

'મૈં...મૈં ઉનકી મદદ કરતા હું.'

'તુમ ક્યા કામ કરતે હો..?' મોરેએ પૂછ્યું.

'મૈં રેસ કોર્સ મેં કામ કરતા હું...ઘોડે પે દાવ લગાતા હું. બુકી હું....વરલી મટકા ખેલતા હું...જુઆ ખેલતા હું...જુઆ પે જિંદા હું. જુઆ મેરી જિંદગી હૈ.'

'શિંદે, ઇસ આદમી મેં એક બાત હૈ.....બિન્દાસ્ત બોલતા હૈ.' મોરે બોલ્યો.

'સાહબ મૈં એક્ટર નહીં હું....મેરા ચહેરા ઔર મ્હોરા દોનોં એક હી રહેતા હૈ.'

'ચંદન કી મૌત કે બાદ સીમાને અભિ સે શાદી કર લી થી...તુમકો તો પતા હોગા.' મોરેએ કહ્યું.

'સીમાને અભિ સે શાદી કી યે આશ્ચર્ય કી બાત નહીં હૈ. આશ્ચર્ય ઇસ બાત કા હૈ કી અભિને સીમા સે શાદી કી..'

'તુમ જા સકતે હો. જબ બુલાઉં તબ આના.' મોરેએ કહ્યું. મેકમોહનના ગયા પછી શિંદેએ કહ્યું: 'જાન લિયા...સીમા કે બાપ કા ચાલચલન. મુઝે તો યે સાયકોલોજિકલ કેસ લગતા હૈ.'

'બાતચીત સે કૂછ તો જાનકારી મિલ હી જાતી હૈ.' મોરેએ કહ્યું.

'મુઝે મેકમોહન કા ઇસ મર્ડર કે સાથ કોઇ કનેક્શન નહીં લગતા.'

'તુમ સાયકોલોજિસ્ટ નીલમ શાહ કા કોન્ટેક્ટ કર કે ડિટેલ નીકાલો.' મોરેએ કહ્યું.

'સમય કી બરબાદી હૈ સર.' શિંદે કમને નીલમ શાહને મળવા તૈયાર થયો.

***

શિંદેને જે સમયની બરબાદી લાગી હતી એ મોરેને સમયની ઉપયોગિતા લાગી હતી. એમના દિમાગની એક આંગળી રહસ્યમય રિવોલ્વરના ટ્રીગર પર ગોઠવાયેલી હતી જ. ટ્રીગર દબાવતા પહેલા બબલુ, છપ્રા પોલીસ અને વાગલેની સચ્ચાઇ પારખવી જરૂરી તો હતી જ પણ એ પહેલાં સીમા સચ્ચાઇ પરથી પડદો ઉઠાવે એ જરૂરી હતું.

'સીમાદેવી, વો રિવોલ્વર કહાં હૈ જો બબલુને આપકો દી થી.' મોરે સીધા પોઇન્ટ પર આવ્યા.

'રિવોલ્વર? કૌનસી રિવોલ્વર? બબલુને મુઝે કોઇ રિવોલ્વર નહીં દી....યે ક્યા બાત કર રહે હો આપ?'

'બબલુ દુસરી બાર ભાગ કર આપકે ઘર છૂપને કે લિયે આયા થા. આપને ઉસકો છૂપાની કિમત માંગી થી......રિવોલ્વર.'

'ચંદન જિંદા થા તબ પહેલી બાર વો આયા થા....ઇસકે બાદ વો કભી આયા નહીં. ઔર ભલા મુઝે રિવોલ્વર કા ક્યા કામ..?'

> 'મૈં ઘોડે પે દાવ લગાતા હું, બુકી હું, વરલી મટકા ખેલતા હું, જુઆ ખેલતા હું, જુઆ પે જિંદા હું, જુઆ મેરી જિંદગી હૈ.'

'આપકો ચંદન કી મૌત કા બદલા લેના થા. મોતી સે બસ્તા કા મર્ડર કરવા કર.'

'લગતા હૈ આપકો ફિલ્મ કી સ્ક્રિપ્ટ મિલ ગઇ હૈ. આપ એસી મનઘડંત કહાની પર સે ખૂની કો પકડ કર કિસી બેગુનાહ કો સઝા દિલાઓગે.' સીમા બોલી. એસીપી મોરે સહેજ મલક્યા પણ અટક્યા નહીં.

'આપકે પિતાજી મોહન ઉર્ફ મેકમોહન...' મોરે આટલું બોલ્યા ત્યાં સીમાએ કહ્યું: 'અચ્છા તો યે ભી આપકી સ્ક્રિપ્ટ કા એક હિસ્સા હૈ. ઉસકા ઇસ કેસ સે ક્યા સંબંધ હૈ?'

'આપ ઇન્સિક્યોરિટી કી શિકાર થી.' મોરેએ પૂછ્યું.

'મેરી સિક્યોરિટી યા ઇન્સિક્યોરિટી કા ઇસ મર્ડર કેસ સે ક્યા લેના દેના હૈ? મોરે સાહબ, અભિ કે ખૂની કા પતા લગાને કા આપને ગલત ઔર ગૈરકાનૂની તરીકા અપનાયા હૈ.'

'સાયકોલોજિસ્ટ નીલમ શાહ સે આપકી ટ્રીટમેન્ટ ચલ રહી થી. હફ્તે મેં એક બાર આપ ઉનકે પાસ કાઉન્સેલિંગ કે લિયે જાતી થી....ક્યા યે ઝુઠ હૈ.?'

સીમાએ નારાજગી સાથે પોતાના કપાળ પર હાથ મૂક્યો....ને એ જ વખતે શિંદે દાખલ થયો. એણે મોરેને ખૂણામાં બોલાવીને કાનમાં કંઇક કહ્યું.

'ઓકે સીમાદેવી.' મોરેએ કહ્યું.

'મોરે સાહબ, અભિ કી આધીઅધૂરી ફિલ્મ કી સચ્ચાઇ મુઝે માલૂમ નહીં, લેકિન મૈં યે કહે સકતી હું કી આપ કિસી ફિક્શન કી રાહ પર ચલ રહે હો....જિસકા અંત ખતરનાક હોગા.'

***

'સર, ડો. નીલમ શાહને કાઉન્સેલિંગ કન્ફર્મ કિયા. મૈંને ફાઇલ માગી. ઉસને કહા કોર્ટ કે ઓર્ડર સે હી વો દે સકતી હૈ.' શિંદેએ પોલીસ જીપમાં બેસતાની સાથે કહ્યું.

'એથિક્સ કી બાત હૈ. લગતા હૈ મુઝે ઉસ સે મિલના પડેગા.'

'રિવોલ્વર કે બારે મેં સીમાદેવીને ક્યા કહા?' શિંદેએ પૂછ્યું.

'કહેતી હૈ કી બબલુ ના તો ઘર આયા થા ના ઉસને કોઇ રિવોલ્વર દી હૈ.' મોરેએ કહ્યું.

'તો ક્યા વાગલે કી કહાની ઝુઠી હૈ...?' શિંદેએ કહ્યું.

'લેકિન વાગલે એસા ક્યું કરેગા? ઉસે ભી મિલના પડેગા.' મોરે કહ્યું.

***

એસીપી મોરેના દિમાગમાંની રિવોલ્વર નિશાન શોધી રહી હતી. સીમાદેવી સાચું બોલી રહી હતી કે વાગલે. રિવોલ્વરે મોરેની તપાસને એક નવો વળાંક આપ્યો હતો. પણ શું રિવોલ્વરનું રહસ્ય બહાર આવશે તો મર્ડર કેસ ઉકેલાઇ જશે ખરો.?' શું રિવોલ્વર ખૂની સુધી લઇ જશે ખરી.?' સીમાએ કરેલા ઇન્કાર પછી વાગલેની પ્રતિક્રિયા કેવી હશે.? વાગલેને મળવા પોલીસ જીમખાના જઇ રહેલા મોરે પાસે આવી બધી માત્ર અટકળો જ હતી. બધો આધાર વાગલેના જવાબ પર હતો. એસીપી મોરેને દારૂની તલબ નહતી...એમની પ્યાસ વાગલેના જવાબથી બૂઝાવાની હતી. મોરે ખુરસી ખેંચીને બેઠા.

'વાગલે, બબલુ ઝુઠા હૈ, વો છૂપને કે લિયે સીમા કે ઘર ગયા હી નહીં થા.

છપ્રા પુલીસને ગલત કહા તુમસે'

'મોરે, મેરી ઇન્ફર્મેશન ગલત નહીં હો સકતી. વાગલે કોઇ ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયો. મેરે પાસ એક પ્લાન હૈ. એ બોલ્યો. ત્યાર પછી બંને પોલીસ ઓફિસરોની પ્લાન પર ચર્ચા ચાલી.

***

'શિંદે, તુમને કભી એક્ટર્સ અડ્ડા દેખા હૈ?'

'નહીં મૈંને ગુંડાલોગોં કા અડ્ડા દેખા હૈ. જુઆરીઓં કા અડ્ડા દેખા હૈ.'

'ચલો, મૈં આજ તુમ્હે ઉભરતે એક્ટરોં કા અડ્ડા દિખાતા હું.'

મોરે ચૌબેજીને મળવા ગયા ત્યારે શિંદેને પોતાની સાથે એક્ટર્સ અડ્ડા લઇ ગયા. ટેબલે ટેબલે અતરંગી અદાકારો ને શતરંગી સપનાઓ બેઠા હતા ને મોરેની નજર ચૌબેજીને શોધતી હતી. ચૌબેજીએ અચાનક એન્ટ્રી મારીને બગલથેલામાંથી સ્ક્રિપ્ટ કાઢીને મોરેના હાથમાં પકડાવતાં કહ્યું: 'ધી એન્ડ. મૈં જલ્દી મેં હું. ચલતા હું.' મોરે અને શિંદે એમને જતાં જોઇ રહ્યા. શિંદેને ધી એન્ડ શબ્દ સમજાયો નહતો. ને મોરેને સ્ક્રિપ્ટના આગળના ભાગમાં રસ હતો. એમણે બેસવા માટે આસપાસ નજર કરી. એક ખૂણાની જગ્યાએ જઇને બેઠા. મોરે સ્ક્રિપ્ટ વાંચવા લાગ્યા.

'હેલો સર' મોરેએ જોયું એમના આશ્ચર્યની વચ્ચે શીલા હતી.

'સર, મુઝે આપસે કૂછ કહેના હૈ.' શીલાએ કહ્યું.

'કહો..' મોરેએ કહ્યું. શીલાએ શિંદેની સામે જોયું.

'કોઇ બાત નહીં ઇનકે સામને બોલ સકતી હો.'

'એકબાર અભિને શાદી કે બાદ. જબ સીમા ઘર પર નહીં થી તબ ઉનકે ઘર બુલાયા થા.' (ફ્લેશબેક)

અભિ અને શીલા બેડરૂમમાં સૂતાં હતાં.

'શીલા, મુઝસે શાદી કર લો.' અભિએ કહ્યું.

'અભિ, તુમ્હારી શાદી હો ચુકી હૈ.'

'અરે....યે કોઇ શાદી થોડી ના હૈ....એક અરેન્જમેન્ટ હૈ. મૈંને સીમા પર અહેસાન કિયા હૈ.'

'લેકિન મુઝે શાદી કે ઝમેલે મેં નહીં પડના...મૈં અપની કરીઅર પર ધ્યાન દેના ચાહતી હું. કભી કભી ઇસ તરહા મિલતે રહેંગેં. (ઇતને મેં સીમા આ ગઇ. શાયદ ઉસને હમારી બાત સૂન લી થી) મુઝે મારને લગી.....જો હાથ મૈં આયા વો ફેંકને લગી.....ચિલ્લાને લગી....રોઝ રોઝ કિસી ના કિસી કો લાતે હો...ફિલ્મ કી એક્સ્ટ્રા તક કો નહીં છોડી તુમને' (ફ્લેશબેક પૂરો)

ઉસ વક્ત અભિ કા રિએક્શન કેસા થા. મોરેએ પૂછ્યું.

ઉસ કા કોઇ રિએક્શન નહીં થા...વો અપના પેગ બનાને મેં લગ ગયા.

સિર્ફ સીમા કે ચિલ્લાને કી આવાઝ આ રહી થી.

મોરેને સીમાના બાપ મેકમોહને કરેલી વાત યાદ આવી ગઇ: સીમાને અભિ સે શાદી કી યે આશ્ચર્ય કી બાત નહીં હૈ. આશ્ચર્ય ઇસ બાત કા હૈ કી અભિને સીમા સે શાદી કી.....

શીલાના ગયા પછી મોરેએ શિંદેને કહ્યું: તો યે અસલી રૂપ થા અપને લાખો ફેન કે દિલોં પર રાજ કરનેવાલે હીરો કા.

હમેં ખૂની કા પતા લગાના હૈ....હીરો કે ચાલનચલન સે હમારા ક્યા સંબંધ....શિંદેએ કહ્યું ને મોરે માર્મિક હસ્યો.

(ક્રમશઃ)■

વિશેષ પ્લસ

કે.પી.સિંહ
feedback@bombaysamachar.com

# કાચબા કેમ થઈ રહ્યાં છે ગાયબ?



અમેરિકન ટોર્ટોઈઝ રેસ્ક્યુ દ્વારા ૨૩ મેએ વર્લ્ડ ટર્ટલ ડે મનાવવાની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસની શરૂઆત ૨૩ મે ૨૦૦૦માં થઈ હતી. કેલિફોર્નિયાના માલીબુ શહેરમાં રહેતી આ સંસ્થાની સંસ્થા પર સુઝાન ટેલમેલે આ દિવસની શરૂઆત કરાવી હતી. લોકોમાં કાચબાઓ પ્રત્યે સભાનતા અને જાગૃતિ લાવવાનો ઉદ્દેશ છે. કાચબાઓના થતાં શિકાર અને બદલાતા પર્યાવરણની અસર તેમની પ્રજાતિ પર પડી રહી છે. આ દિવસ મનાવવાનો હેતુ એ છે કે કઈ રીતે કાચબાની પ્રજાતિને સુરક્ષિત રાખી શકાય?

આજે સ્થિતિ એવી છે કે કાચબા અને મગરો લુપ્તપ્રાય જીવ થઈ ગયા છે. ઑક્સફર્ડ યુનિવર્સિટીએ કરેલા એક રિસર્ચ મુજબ જાણવા મળ્યું છે કે કાચબા અને મગરોને લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે મૂલ્યાંકિત કરવામાં આવે છે. એમાંથી ૧૩ ટકા અનોખા જીવ પણ ગાયબ થઈ શકે છે.

વિશ્વભરના કાચબાની પ્રજાતિઓ પર તોળાતું જોખમ મુખ્યત્વે તેમના રહેવાના સ્થળ પર પણ મંડરાય છે. સાથે જ જળવાયુ પરિવર્તનને કારણે, ઉપરાંત વેપાર માટે થતાં તેમના શિકારને કારણે પણ તેમના અસ્તિત્વ પર જોખમ છે. કાચબા અનેક વર્ષો સુધી જીવિત રહે છે, પરંતુ હવે તેમની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે.

શહેરીકરણ, ઘટતાં જંગલો, પ્રદૂષણને કારણે કાછબા પર અસર થઈ છે. કાચબાને પકડીને તેમની તસ્કરી કરવામાં આવે છે અને તેમને કેદ કરી રાખવામાં આવે છે. જે લોકોને કાચબાના અસ્તિત્વની ચિંતા છે તેમણે તેમના સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. સાથે જ તેમનાં બનાવેલાં ઉત્પાદનો ન ખરીદવા જોઈએ.

યુનાઈટેડ કિંગડમ સ્થિત વર્લ્ડવાઇડ ટ્રેડ મોનિટરિંગ નેટવર્ક ઑફ ધ ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઑફ નૅચર સાથે જોડાયેલી સંસ્થા ટ્રાફિક ઈન્ડિયા દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે કાચબાની દેશી ૨૯માંથી ૨૫ પ્રજાતિઓના ગેરકાયદે શિકાર અને કાર્યવાહીને કારણે તેમનું અસ્તિત્વ ખતરામાં છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવાં સીમાવર્તી રાજ્યોના માધ્યમથી એની બેફામ તસ્કરી થઈ રહી છે. આવી તસ્કરી માટે મુંબઈ, ચેન્નઈ અને બેંગ્લુરુ જેવા ઍરપોર્ટ પ્રખ્યાત થઈ ગયા છે. તાજા પાણીના ટર્ટલને ભારતમાં રેડ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. માથા પર લાલ મુકુટધારી કાચબાને ગંભીર જોખમી શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ એની તસ્કરી માટે મોખરે છે. એવા અનેક કેસ ઉજાગર થયા છે.

ધરતી પરના કાચબાની વિવિધ પ્રજાતિઓ પર મંડરાતું જોખમ વૈજ્ઞાનિકો માટે પણ ચિંતાનો વિષય છે. લગભગ બસો વર્ષ સુધી જીવિત રહેનારા કાચબાના શરીરની રચના એવા પ્રકારની હોય છે, જેને જોખમનો અંદાજો આવતા પોતાના કવચ કે ઢાલમાં સુરક્ષા માટે છુપાઈ જાય છે. હવે તેઓ પોતાને બચાવવામાં નિષ્ફળ જઈ રહ્યા છે.

એવામાં જો કાચબાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જરૂરી પગલાં ન લેવામાં આવ્યાં તો એ સમય દૂર નથી જ્યારે કરોડો વર્ષોથી ધરતી પર વસતા કાચબા જલદી ગાયબ થઈ જશે. ■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# લકી, તુમકો ન ભૂલ પાયેંગે



લકી, તું આજે પણ મારી સાથે જ છે. તારી મસ્તી, તારો સ્નેહ, તારી સાથે માણેલી એ મધુર ક્ષણો મારા જીવનને સભર કરી જાય છે.

નાશિકના મારા કોટેજ હાઉસમાં સાંજે ચાર વાગે અચાનક તું પોતાનો હક્ક જમાવતો હળવેથી મારા બેડ પર ચઢી ગયો!

સફેદ રૂ જેવું મુલાયમ-પોચું તારું કાઠું- ભૂરી અણિયાળી આંખોથી તું ટગર ટગર મારી સામું તાકી રહ્યો હતો. તું આમ અચાનક આવી ચઢ્યો એ જોઈને હું ગભરાઈ તો ગઈ પણ, તારા પગના કોમળ સ્પર્શે અને મર્માળા સ્મિતે મને અકળ રોમાંચ જાગ્યો. તારી આંખમાં મેં એક દૈવી ચમક જોતાં, મેં તારી પીઠ પસવારી. હું સોળ વર્ષની કન્યા અને તું ત્રણ મહિનાનું નાનું પપ્પી ડોગ !

આ મારા પપ્પી ડોગ અને મારો, એટલે કે દિવ્યા જોશીનો ફર્સ્ટ સાઈટ લવ.

અમે જેના ઘરે ગયા હતા એ ડો.સુલભા આંટીને મેં કહ્યું- આંટી, મને આ પપ્પી ડોગ ગમી ગયો છે. હું એને મારા ઘરે મુંબઈ લઈ જઉં? મારી સોસાયટીમાં ગાર્ડન છે. ત્યાં આવા બે ડોગી પણ છે.

જો, ડોગીને સાચવવું અઘરૂં છે. એક બાળકની જેમ તેનું ધ્યાન રાખવું પડે. સુલભા આંટીએ કહ્યું.

યસ. આય નો આંટી. મારા ફ્લેટની સામે મેહુલ રહે છે. એનો ડોગી છે. દિવ્યાએ કહ્યું.

રાત્રે પપ્પા સાથે ફોન પર વાત કરી. ડોકટર આંટીએ પપ્પી ડોગની ખરીદી માટે પ્રોસીજર કર્યો.

સુલભા આંટી, મોમ અને હું પપ્પી ડોગને લઈને અમે બધા મહાબળેશ્વર ફરવા ગયા. હું તો ડ્રાઈવરની બાજુની સીટમાં જ પપ્પી ડોગને લઈને બેસી ગઈ. એના માથે મેં એક નાની લાલટોપી પહેરાવી ત્યારે એ ખૂબ સોહામણો લાગતો હતો.

સુલભા આંટીએ કહ્યું- દિવ્યા તું તો લકી છે, આ પપ્પી ડોગ ફોરેનનો છે. એ સંસ્થાવાળા જેમણે મારા ઘરે મોકલ્યો હતો, એણે કહ્યું એની મા બ્રિટિશર છે, અને પિતા સ્પેનીશ છે. અમે વિદેશી પપ્પી ડોગ મંગાવીએ છીએ એની ડિમાંડ વધારે છે. જો, આ સંસ્થાના આયોજકો એનું કેવું સરસ ધ્યાન રાખે છે.

આંટી, આવો સરસ પપ્પી ડોગ મને મળ્યો અને આજે જ મને જાણવા મળ્યું કે હું મેડીકલની એન્ટરંસ પરીક્ષામાં ફર્સ્ટગ્રેડમાં પાસ થઈ ગઈ- મોમ, એનું નામ હું લક્કી પાડું?

મોમ અને આંટીએ કહ્યું- વાહ, સરસ નામ, લક્કી.

એ સાંજે તો હું લક્કીને એક મોટી બાસ્કેટમાં બેસાડીને ગર્વભેર આખા માર્કેટમાં ફરી. બજારમાં બધા મારા લક્કી સામું જ તાકી તાકીને જોતા હતા, પણ મારો પપ્પી ડોગ-લક્કી મારી સામું જ જોતો હતો. હું ક્યારેક એના માથા પર તો ક્યારેક તેની પીઠ પર હાથ ફેરવતી હતી. હું મનોમન ફુલાતી હતી, કે હવે મેહુલની જેમ મારી પાસે પણ રૂપાળો લક્કી છે.

સ્ટોરમાં જઈને લક્કી માટે ડોગીફૂડ ખરીદ્યું, એની સફાઈ માટેનાં સાધનો પણ આંટીએ અપાવ્યા. હવે તો જ્યાં હું ત્યાં લક્કી અને જ્યાં લક્કી ત્યાં હું.

અમારી સોસાયટીનાં બાળકો લક્કી સાથે રમવા સાંજે ગાર્ડનમાં આવે. લક્કી બોલ રમે, અમે એની પાસે જુદા જુદા ખેલ કરાવીએ. પણ, એને ચોખ્ખા રહેવું ગમે, પગ પર ધૂળ લાગે તો રામુ પાસે જાય,અમારો ઘરનોકર રામુ એનું ધ્યાન રાખે, પણ, હું ઘરમાં હોઉં તો મારી સાથે જ બેઠો હોય. હું ભગવાનના મંદિર આગળ પૂજા કરું તો એ પણ આંખ મીંચીને બેસે, પછી આગલા બે પગથી રમે.

મારો લક્કી એક વર્ષનો થયો, મેં સોસાયટીના ગાર્ડનમાં બચ્ચા પાર્ટી રાખી. મેં એને લાલ ચડ્ડી પહેરાવી હતી અને માથે લાલ ટોપી મૂકી હતી, મારો લક્કી રાજકુમાર જેવો શોભતો હતો. મેં એને નાની ખુરશી પર બેસાડ્યો અને કેક કાપી. બધાએ ગાયું હેપી બર્થડે લક્કી. આજે કેક સાથે લક્કીએ કૂકીસ પણ ખાધી.

અમે લક્કીને લઈને હરદ્વાર ગયા હતા, એક દુકાન પાસે અમે ખરીદી કરી રહ્યા હતા તે અચાનક લક્કી કશે ક જતો રહ્યો. હવે એને કેવી રીતે શોધવો. હું તો એકદમ મૂંઝાઈ ગઈ, મારો લક્કી ક્યાં ખોવાઈ ગયો? દુકાનવાળાએ કહ્યું- તમારા કૂતરાની કોઈ વસ્તુ મારા કૂતરાને આપો, એ તમારા કૂતરાને શોધી લાવશે.

મારી પાસે લક્કીની સુપસ્ટીક હતી તે મેં દુકાનદારને આપી. પેલા કૂતરાના મોંમા નાંખીને પેલો દુકાનદાર એ કૂતરાના કાન પાસે જઈને કશુંક બોલ્યો.

મેં જોયું પેલો કૂતરો અમારી આસપાસ ફર્યો, પછી જરા દૂર ગયો. દુકાનવાળાએ તરત એક ફોન કર્યો. અજયભાઈ. આપ ઓફિસમેં હો? યે બંબઈકી એક પાર્ટી હૈ. ઉનકા સફેદ રંગ કા છોટા કુત્તા ગુમ હો ગયા હૈ-

હાં જરૂર મૈં હમારી આસ્થા ચેનલ પે એનાઉંસમેન્ટ કરાતા હૂં. ઔર સભીકો તાકીદ કરતા હૂં અગર કોઈ સફેદ કુત્તા દીખે તો પકડ લે. આપ ઉસકા ફોટો વોટ્સએપ કર દો.

મેં મનોમન માતાજીની માનતા રાખી કે મા, હું સુખડીનો ભોગ ધરાવીશ. મા, મારા લક્કીની રક્ષા કરજે.

બરાબર બે કલાકમાં જ પેલો સ્ટીકવાળો કૂતરો અમારી ગાડીની આસપાસ આંટા મારવા લાગ્યો અને એક પોલીસ મારા લક્કીને લઈને આવ્યો. યે દૂસરી ગલી કે મંદિરકે ચોગાનમેં બૈઠા થા. મેં એને તરત બે હાથે ઉપાડીને વહાલ કર્યું. અમારી બંનેની આંખ ભરાઈ આવી. મેં મનોમન નક્કી જ કર્યું હવે લક્કીને પટ્ટો બાંધીને રાખીશ.

ગયા મહિને અમે લક્કીને ડોગશોમાં લઈ ગયા હતા, ત્યાંના ટ્રેનરે કહ્યું લક્કી અમને સોંપી દો- અમે એને ટ્રેન કરીશું. અઠવાડિયા પછી પાછો લઈ જજો.

અઠવાડિયા પછી લક્કીને લઈ આવ્યા. મને જોતાની સાથે જ ખુશ થઈ ગયો. ઘરે લઈ આવ્યા પણ એ સાવ બદલાઈ ગયેલો લાગ્યો.

ત્રીજે જ દિવસે લક્કીને તાવ આવ્યો, એ કશું જ ખાતો ન હતો. એની આંખો લાલ થઈ ગઈ. અમે વેટરનીટી ડોક્ટરને ફોન કર્યો.

ડોક્ટરે કહ્યું- એના પેટમાં કંઈ ઈન્ફેક્શન લાગે છે. હોસ્પિટલ લઈ જવો પડશે.

મેં હોસ્પિટલમાં ફોન કર્યો. એમણે એક ખાસ વાન મોકલી જેમાં હોસ્પિટલના બે વોર્ડ બોય હતા. તે સમયની લક્કીની એ ગંભીર હાલત આજે પણ ભૂલી શકી નથી.

સાંજે વેટરનીટી હોસ્પિટલમાંથી જ ફોન આવ્યો કે સોરી અમે તમારા ડોગીને બચાવી શક્યા નહીં. હમણાં જ એ એક્સપાયર થઈ ગયો છે. તમે એને જોવા આવશો કે મ્યુનિસિપલ સ્મશાનમાં મોકલીએ.

મારા માથે જાણે આભ તૂટ્યું- મારા લક્કીને શું થઈ ગયું? મેં કહ્યુ કે હું એને જોવા આવીશ. પછી જ તમે આગળની કાર્યવાહી કરજો.

હોસ્પિટલમાં હું અને પપ્પા પહોંચ્યા. ડોક્ટરે અમને શબઘરમાં લક્કી બતાવ્યો. મને તમ્મર આવી ગયા, મેં ડોક્ટરને પૂછ્યું- મારા લક્કીને આમ અચાનક શું થઈ ગયું?

ડોક્ટરે સામો પ્રશ્ન કર્યો કે તમારા કૂતરાનું ઓપરેશન કોણે કર્યુ હતું? ઓપરેશન? અમને તો કંઈ ખબર જ નથી. એને સખત તાવ આવે છે એટલે અહિં રાખ્યો હતો.- પપ્પાએ કહ્યું. મિ.જોશી તમારી સાથે દગો થયો છે. કોઈએ એની કિડની કાઢીને એનો ધંધો કર્યો.

શું આવું કોઈ કરી શકે? મેં પૂછ્યું.

આપણે તપાસ કરાવીએ કે એ કોણ હતું. આપણે એની સામે કેસ માંડીશું.- પપ્પાએ કઠોર શબ્દોમાં કહ્યું. દિવ્યાએ કહ્યું- એ નરાધમને ઈશ્વર શિક્ષા આપશે જ. મારો લક્કી તો ગયો જ ને- કેસ માંડુ તો પણ મારો લક્કી તો મને નહીં જ મળે. સાથે લાવેલી મીણબત્તી એની પાસે પ્રગટાવીને દિવ્યાએ એના વહાલા લક્કીને વિદાય આપી.

હા, સાચું કહું છું એ ઘટનાને ચાર વર્ષ થયા પણ મારો લક્કી આજે પણ મારી સાથે જ છે. સદેહે નહીં એના સૂક્ષ્મ દેહે એ મારી સાથે જ છે.

એક વાર હું મારા એક મિત્રને ત્યાં ગણપતિના દર્શન કરવા ગઈ હતી. ભજન-આરતી અને પ્રસાદ લેવામાં તો રાત્રિના અગિયાર વાગી ગયા. જો કે મારું ઘર બહુ દૂર ન હતું અને મારો ભાઈ પણ મારી સાથે જ હતો. પંદર મિનિટ થઈ રિક્ષા ન મળી એટલે અમે ઘર તરફ ચાલવાનું શરૂ કર્યું. મેં મનોમન લક્કીને યાદ કર્યો. ત્યાં જ સામેના રસ્તાના ખૂણે બેઠેલો એક કૂતરો મારી સાથે ચાલવા લાગ્યો. એ અજાણ્યો કૂતરો મારી સામે જોઈ પૂંછડી પટપટાવતો છેક મારી સોસાયટીના ગેટ સુધી આવ્યો, જાણે મારો બોડીગાર્ડ ન હોય! ઘરે પહોંચ્યા પછી હું ચોથા માળની મારા ઘરની બાલકનીમાં ઊભી રહીને જોવા લાગી કે એ અજાણ્યો કૂતરો છે કે ગયો? મેં જોયું કે પેલો સ્ટ્રીટ ડોગ હજુ મારી સોસાયટીના ગેટ પાસે જ ઊભો હતો. મને જોઈને એ પાછો વળ્યો અને રાત્રિના અંધકારમાં ખોવાઈ ગયો. મને લાગ્યું નક્કી મારો લક્કી જ આ શેરીકૂતરાના રૂપે મારું રક્ષણ કરવા આવ્યો હશે.

લક્કી, તુમકો ન ભૂલ પાયેંગે. ■

## સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# કસીનોમાં ભાગ્યદેવીનું હેત ઊભરાયું...







૧૯૮૦ - ૯૦ના દાયકામાં શાળામાં આફ્રિકા એટલે ‘અંધારિયો ખંડ’ એવું ભણાવવામાં આવતું હતું. મારી એવી ગેરસમજ હતી કે એ ખંડમાં અંધારું વધારે રહેતું હશે એટલે એની આવી ઓળખ બની હશે. જોકે, આફ્રિકાના પ્રવાસ દરમિયાન એક અભ્યાસુ સહ કલાકારે મને સાચો અર્થ સમજાવી મારા અજ્ઞાનનો અંધકાર દૂર કર્યો હતો. કવિ ન્હાનાલાલની પંક્તિ યાદ આવી ગઈ ‘ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા.’

આફ્રિકામાં રણ વિસ્તાર બહુ જ વિશાળ. વિશ્વનું સૌથી મોટું ઉષ્ણ રણ સહારાનું રણ ઉત્તર આફ્રિકામાં આવ્યું છે. અહીં બંદરગાહનો વિસ્તાર ન થયો હોવાથી અને હવામાન અત્યંત ગરમ અને ભેજવાળું હોવાને કારણે વિદેશના પ્રવાસીઓ આફ્રિકા આવતા ખચકાતા હતા અને પરિણામે આફ્રિકા ખંડના અંતરિયાળ વિસ્તાર ફરતે રહસ્યનું જાળું વીંટળાઈ ગયું હતું. એટલે વિદેશીઓ એને ‘ડાર્ક કોન્ટિનેન્ટ’ - અંધારિયો ખંડ કહેવા લાગ્યા હતા. સહારા શબ્દ અરેબિક શબ્દ સહરા પરથી આવ્યો છે જેનો અર્થ વન - જંગલ એવો થાય છે. એવી જ રીતે આફ્રિકન સફારીમાં સફારી શબ્દ અરેબિક શબ્દ સફર પરથી આવ્યો છે જેનો અર્થ મુસાફરી થાય છે. આફ્રિકાના પ્રવાસમાં નાટક ભજવવાના આનંદ સાથે આવી જાણકારી મળતા મન પ્રફુલ્લિત થઈ ગયું.

સાઉથ આફ્રિકામાં અમારો પહેલો પડાવ હતો ડર્બન નામના શહેરમાં. આ જ શહેરમાં ગાંધીજીએ ૧૯૦૪માં ફિનિક્સ સેટલમેન્ટમાં એક આશ્રમની સ્થાપના કરી હતી. આ આશ્રમમાં જ સત્યાગ્રહના પ્રયોગોની શરૂઆત કરી હતી અને ‘ઈન્ડિયન ઓપિનિયન’ અખબારનું પ્રકાશન કર્યું હતું. આવી ભૂમિ પર મને ટહેલવા મળી રહ્યું હતું એના આનંદ અને અભિમાનનું વર્ણન કરવા માટે શબ્દોનો પનો ટૂંકો પડે. ડર્બનમાં રહેવાની વ્યવસ્થા બહુ જ સરસ હતી. દરિયા કિનારા નજીક એક મોટું રેસિડન્સ હાઉસ હતું જ્યાં અમે બધા કલાકાર સાથે રહેતા હતા.

ડર્બનના નાટકના શો દરમિયાન એક પટેલ દંપતીને મળવાનું થયું. પતિ - પત્ની બંને ડોક્ટર હતાં. ભાઈનું નામ હતું પ્રભાકાંત પટેલ. દંપતીને અમારું નાટક તો પસંદ પડ્યું જ, મિસ્ટર પટેલને મારો અવાજ બહુ જ ગમી ગયો હતો. દંપતીએ ઘરે જમવાનું આમંત્રણ આપ્યું અને મારી પાસે ગીતો ગવડાવ્યાં. ગીતોની સાથે મારી પાસે ડાયલોગ બોલાવી મારો અવાજ પણ રેકોર્ડ કર્યો. બીજી પણ કેટલીક વાતો એમની સાથે થઈ. વાતચીતમાં ખબર પડી કે ભાઈ હતા હાર્ટ સ્પેશિયાલિસ્ટ પણ આર્ટ માટે સુધ્ધાં સ્પેશિયલ રુચિ ધરાવતા હતા. આમ પણ આર્ટનો જન્મ હાર્ટમાં જ થતો હોય છે ને.

ડર્બનમાં નાટકના શો પૂરા થયા પછી અમારો કાફલો પહોંચ્યો જોહાનિસબર્ગ. ૧૯મી સદીમાં સોનાની ખાણના શહેર તરીકે ઓળખ મેળવનાર જોહાનિસબર્ગ સાઉથ આફ્રિકાનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર હતું. ડર્બનની જેમ અહીં અમને બધાને સાથે રહેવા ન મળ્યું. બધા વિખેરાઈ ગયા. અહીં એક પત્રકાર પરિષદમાં હાજર રહેવા અમને આમંત્રણ મળ્યું હતું જેમાં એક સાવ નવી જ વાત જાણવા મળી. માણસને પોતાના સાંસ્કૃતિક મૂળિયાં માટે કેવો લગાવ હોય છે એ જોવા મળ્યું.

વાત એમ હતી કે એ સમયમાં ઘણી ભારતીય કન્યાઓ પરણીને સાઉથ આફ્રિકા સ્થાયી થતી હતી. આ વાત પર પ્રકાશ પાડી પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું કે ‘અહીંના લોકો ભારતીય કન્યા સાથે લગ્ન કરવામાં વિશેષ રુચિ એટલા માટે ધરાવે છે કે એ કન્યાના આગમન સાથે પરિવારને એક પુત્રવધૂ તો મળે જ છે, સાથે સાથે ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો પણ એ આણામાં લઈ આવે છે. આ વાત સાંભળ્યા પછી હું વિચારે ચડી ગઈ. વાતચીતમાં જાણવા મળ્યું કે ભારતીયો પહેલી વાર સાઉથ આફ્રિકા આવ્યા ત્યારબાદ પેઢીઓ વિકસતી ગઈ પણ એ લોકોનો સ્વદેશ સાથેનો નાતો તૂટી ગયો. ભારતીય વંશના અમુક લોકોએ તો ભારત જોયું પણ નહોતું. મૂળ સોતા ઊખડેલા માણસોની વ્યથા અને પીડા બહુ તીવ્ર હોય છે. ભારતે કેટલી પ્રગતિ કરી એનાથી પણ એ લોકો અજાણ હતા. ટૂંકમાં સ્વદેશી સંસ્કૃતિ સાથે ફરી અનુસંધાન થાય એ આશય સાથે ભારતીય કન્યાઓનું વિદેશાગમન થઈ રહ્યું હતું. મૂળ સોતા ઊખડેલા ફરી મૂળિયાં સાથે જોડાઈ જવા તલપાપડ હતા.

જોહાનિસબર્ગમાં પણ નાટકના શો કર્યા અને મુંબઈ પાછા ફરવાને દસેક દિવસની વાર હતી ત્યારે અમને એક એવા સ્થળે લઈ જવામાં આવ્યા જે અમારામાંના મોટા ભાગના લોકોએ અંગ્રેજી ફિલ્મમાં જ જોઈ હતી. એ જગ્યા હતી

જોહાનિસબર્ગથી આશરે ૧૪૦ કિલોમીટર દૂર આવેલો સનસિટી નામનો લક્ઝરી રિઝોર્ટ અને કસીનો. રિઝોર્ટની ભવ્યતા જોઈ આંખો અંજાઈ ગઈ. આ સન સિટીમાં અનેક બ્યુટી કોન્ટેસ્ટનું આયોજન થયું હતું અને વિશ્વવિખ્યાત મિસ વર્લ્ડ સ્પર્ધા અહીં થઈ ચૂકી હતી. ૧૯૯૫માં સન સિટીમાં આયોજિત મિસ વર્લ્ડ સ્પર્ધામાં એક નિર્ણાયક અમિતાભ બચ્ચન પણ હતા. રિઝોર્ટમાં જ્યારે કસીનોમાં એન્ટ્રી લીધી ત્યારે આંખો ચકળવકળ થવા લાગી. ઠેર ઠેર સ્લોટ મશીનો દેખાતાં હતાં અને એ મશીનમાંથી નીકળતા સિક્કાઓનો ખણખણાટ મનમાં ગલગલિયાં કરતો હતો.

કસીનોમાં કેમ નસીબ અજમાવવું એ મેં જોઈને તરત શીખી લીધું. બહુ સહેલું હતું. આજે તો દાવ રમી આનંદ માણવો છે, પૈસા જાય તો કોઈ પ્રકારે કકળાટ નહીં કરવાનો એવા મક્કમ નિર્ધાર સાથે હું રમવા લાગી. એ દિવસે ભાગ્યદેવી મારા પર પ્રસન્ન હોય અને હેત ઉભરાવતા હોય એમ કસીનોના સ્લોટ મશીનમાંથી ધડાધડ સિક્કા મને મળવા લાગ્યા. એક સિક્કો નાખું અને એનો મોટો ગુણાકાર થઈ મને મળવા લાગ્યા. મને પણ ચાનક ચડી. પૈસાનો રણકાર કોને ન ગમે! આ બધું કાંતિ મડિયાનાં પત્ની નીતિન બહેને જોયું અને એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. નસીબ કેવું બળવાન હોઈ શકે એ એમણે નજરોનજર જોયું. એવામાં મુંબઈથી એક ફોન આવ્યો અને નીતિન બહેને તેમને કહ્યું કે... ■

## નાટ્ય લેખકનો એક દેશ એક લિપિનો આગ્રહ

રણછોડભાઈ ઉદયરામ દવે. ગુજરાતી રંગભૂમિની અત્યંત આદરણીય વ્યક્તિ. કોઈ કારણસર મળવી જોઈએ એવી ખ્યાતિ કે પ્રશંસાના હકદાર નથી બન્યા. કાયદાનો અભ્યાસ કરી સામયિકના તંત્રી બન્યા અને ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ શોભાવ્યું હતું. ભાષાપ્રેમ એવો તીવ્ર કે સમગ્ર ભારત માટે એક લિપિ હોવાની દરખાસ્ત તેમણે રજૂ કરી હતી. આ વિચારને ઉત્તેજન મળે એ સાટુ પોતાના કેટલાક પુસ્તક તેમણે દેવનાગરી લિપિમાં છપાવ્યા પણ હતા. રણછોડભાઈ ઉદયરામ દવેએ અન્ય નાટ્ય પ્રેમીઓ સાથે ભેગા મળી ‘નાટક ઉત્તેજક મંડળી’ સ્થાપી હતી. રણછોડભાઈ દવેનું ‘હરિશ્ચંદ્ર’ નાટક ૧૮૭૬માં ભજવાયું હતું. ગાંધીજીની આત્મકથામાં એમણે જે ‘હરિશ્ચંદ્ર’ નાટક જોયાનો ઉલ્લેખ છે તે આ જ નાટક હતું. ૧૮૮૪ સુધી નાટક ઉત્તેજક મંડળીએ રણછોડભાઈનાં નાટકો ભજવ્યાં હતાં. ‘નળ-દમયંતી’ના ત્રણસો અને ‘હરિશ્ચંદ્ર’ના અગિયારસો પ્રયોગ થયા હતા. નાટક દ્વારા સંસ્કાર શિક્ષણ મળે એ રણછોડભાઈનો ઉદ્દેશ હતો. જોકે, લેખકશ્રીને ભવાઈ પ્રત્યે ભારે સૂગ હતી. એટલે એનો કોઈ અંશ તેમનાં નાટકોમાં જોવા નથી મળ્યો. રણછોડભાઈ અન્ય ભાષાનાં નાટકો ગુજરાતીમાં ભજવાય એના આગ્રહી હતા. તેમણે સંસ્કૃત અને અંગ્રેજી નાટકોના ગુજરાતીમાં અનુવાદ પણ કર્યો હતો. ■

## કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# માણો, સ્વાદ- આસ્વાદ કેરી પુરાણનો...!



કેરીના ગરવાળા ભીના પીળા હાથોમાં લોહીનો લાલ રંગ....ઘરે જમણવાર હોય અને કોઈ એક પરિવારજન કેરીની આખી પેટી સુધારવા માટે બેઠું હોય તો છરી વાગી જતા આવું દૃશ્ય જોવા મળે. પીડાની દ્રષ્ટિથી આ દુઃખમય અણગમતું લાગે, પણ પીડામાં સૌંદર્ય હોય છે. ઘાટા પીળા અને ઘાટા લાલ રંગનું જ્યાં સંયોજન થાય એ સૌંદર્યશાસ્ત્રનું એક સુંદર પ્રકરણ બની શકે.

કેરીની સિઝન આખા વર્ષને ચાર્જ કરી દે. મોટા ભાગે વેકેશન હોય. વેકેશન દરમિયાન આખો દિવસ ચોરના માથાની જેમ ક્રૂર રીતે રખડવાનું ને સમય બગાડવાનો થતો. મોબાઈલ ન હતો એટલે સમયનો વેડફાટ પણ ગુણવત્તા સભર થતો. પોતાની જાત અને દુનિયાની અવનવી ભાત સરસ રીતે એક્સપલોર થઇ શકતી. એક ડઝન ઇન્ડોર ગેમ્સ ને એક ડઝન આઉટડોર ગેમ્સ રમી શકાતી. રાતે મમ્મી-પપ્પા પરાણે ઘરે બોલાવે ત્યારે માંડ માંડ પરાણે સૂવું પડતું. ટમટમતા તારલા નીચે હવાની લહેરખીઓની રાહ જોતા ક્યારે આંખ મળી જતી એ ખબર ન રહેતી. ચયાપચય એટલું સારું હતું કે ઋજુતા દિવાકરોની મદદ વિના સવારે આંખ ખુલે એ ભેગી કકડીને ભૂખ લાગી જતી. ધાબેથી નીચે ઊતરીએ ને ઘરમાં પ્રવેશ કરીએ એ ભેગી કેરીની અવર્ણનીય સોડમ નાકમાં પ્રવેશીને આખા અસ્તિત્વને ભરી દે. કેરીની સુગંધ એટલે ઘરની સુગંધ. ઘર એટલે તમારું સ્વર્ગ.... તમારું રજવાડું.

ઘરના વડીલોએ આખાય ઘરમાં સર્વે કરીને એક સરસ જગ્યા શોધી હોય, જ્યાં કેરીનો ’દાબો’ નાખવામાં આવે. કાચી કેરીઓને જ્યાં એક જ દિશામાં હારબંધ ગોઠવીને પકવવામાં આવે. મમ્મી શીખવાડે કે બધી કેરીનું મોઢું એક જ દિશામાં રાખવું. બધી કેરી અડકાડીને રાખવી. એક હરોળ પછી બીજી હરોળ એની નીચે ચોક્કસ પદ્ધતિથી કરવી. કેરી બહુ કાચી હોય તો કેરીના દાબા ઉપર સૂકું ઘાસ લઈને તેને ગરમાટો આપવો. તેની ઉપર ઓછાડ ઢાંકવો. બીજે દિવસે કોઈ કેરી પાકી છે કે નહીં એ ચેક કરવા અવશ્ય જવું.

કેરીને કઈ રીતે દાબીને તે પાકી ગઈ છે કે નહીં તે શિક્ષા પણ પદ્ધતિસર લેવી પડે. દાબો નાખ્યો હોય એમા રોજિંદુ કામ એ હોય કે રોજ કેરીઓ પલટવી પડે. કેરીની સાઈડ બદલવાની. ડાબા પડખે હોય તો જમણા પડખે ફેરવવી. આ કામ બાળકોને સોંપવામાં આવે. જાણે જમીનમાંથી સોનાની ખેતી કરતા હોઈએ એ અદાથી અને એટલી જ ગંભીરતા સાથે એ કામ કરવામાં કઈંક અનેરો સંતોષ થતો.

એ પછી પસંદ કરેલી કેરી આરોગવી કઈ રીતે?

એની જુદી સભા ન ભરાય, પણ સીઝન પહેલા એકાદ-બે વખત ઘરના બધા સભ્યોને એ પ્રેફરન્સ પૂછી લેવામાં આવે. ભીંડા જેવા સુક્કા કે કારેલા જેવા કડવા શાકની સાથે ફરજિયાત કેરીનો રસ કાઢવાનો આવે. ઘરની યુવા બ્રિગેડને રસમાં કેરીના થોડા ટુકડા તરતા હોય એવું ગમે. થેપલા-ભાખરી સાથે કેરીના બટકાને મહત્ત્વ આપવામાં આવે. વસ્તારી ઘર હોય તો કેરીની ફટાફટ ચીર કરી નાખવામાં આવે - છાલ વાળી. બપોર વચાળે ટાઈમપાસ માટે કોઈ ફિમેલ કેરીને ઘોળીને એની જ્યાફત માણતી પણ દેખાય. અમુક પ્રયોગશીલ લોકો કેરીનો ગોટો પણ ખાય એટલે કે છાલ ઉતારેલી પણ સમાર્યા વિનાની આખી હોલસમ કેરી. હાથ અને હોઠ જ્યાં સુધી બગડે નહીં ત્યાં સુધી કેરી ખાવાનો સંતોષ ન થાય. મહેમાન આવે ત્યારે કેરીનો મેંગો શેક પણ બને અને કેરીના ગોટલા ધોઈને અમુક ઘરોમાં કેરીનો ફજેતો પણ બને. મેંગો કસ્ટર્ડ ને મેંગો પાઈ ને એ બધા ફેન્સી ડેઝર્ટ છેલ્લા પંદરેક વર્ષથી વધુ પ્રચલિત થયા. બાકી કેરી ખાવાના આ ચાર-પાંચ તરીકા જ હતા અને તે પ્રોફાઉન્ડ હતા.



કેરી સમારવા માટે ઘરના કુશળ માણસને જ બેસાડવા પડે. કાઢવામાં આવતી છાલ સાથે કેરીનો ગર મિનિમમ અમાઉન્ટમાં ચોંટેલો હોવો જોઈએ. કેરીની છાલ સાથે જ અડધોઅડધ કેરી વેસ્ટ જતી જોવામાં આવે તો તરત તેની પાસેથી એ કામ આંચકી લેતા કોઈને પણ સંકોચ થાય નહીં. કેરી સુધારી લીધા પછી અને તેને ફ્રિજમાં મૂકી દીધા પછી કેરીના ગોટલા બચે.

આ ગોટલા કોણ ચૂસશે? એક મહાન લેખકે કરેલા સર્વે મુજબ કેરીના ગોટલા ચૂસવાનું મુખ્ય કામ મોટાભાગે દરેક ઘરમાં એક જ વ્યક્તિ કરતી હોય છે અને તે જવાબદારી એમણે જ આખી જિંદગી નિભાવવી પડતી હોય છે. ગૃહિણી ઘરમાં હોય તો એ કેરીના ગોટલા ધોઇને સૂકવીને આખું વર્ષ ચાલે એટલો ગોટલીનો મુખવાસ પણ બનાવે. કાચી કેરીના અથાણા બનાવવાનો તો એક અલગ જ અધ્યાય છે.

કેરીને લઈને આવી કેટલી મીઠી ગોઠડી માંડી શકાય. પણ આ પાંચ ફકરાથી વધુ વાત નથી કરવી. અંદર રહેલું સામાજિક પ્રાણીત્વ ના પાડે છે. આપણે ત્યાં કેરી એક ફળ જ નથી પણ એક વ્યવહાર પણ છે. કેરી સમૃદ્ધિનું પ્રતીક છે, કેરી અમીરીનો સિમ્બોલ છે. સમાજનો એક હિસ્સો કેરી માણી શકવા સક્ષમ નથી. તે હિસ્સો મોટો છે, મેજોરીટી છે. એક મોટા વર્ગ માટે કેરી લક્ઝરી છે. આખો દિવસ કામ કરતા અને ચાર વર્ષથી ઘસાયેલું પાકીટ ન ફેંકી શકતો માણસ કેરીનાં સપનાં જુએ છે અને ઓફ સિઝનની રાહ જુએ છે. જે ગામમાં પિત્તળ-કાંસાનાં વાસણો વપરાતા હોય ત્યાં સિલ્વર ડિનર સેટમાં ડિનરનો આગ્રહ રાખવો શોભનીય છે? ■

## બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# ઈવેન્ટ... માર્કેટિંગ માટે એક મૂલ્યવાન અંશ




‘ઇવેન્ટ’ શબ્દ આજે લોકો માટે નવો નથી. માર્કેટિંગમાં આનું મહત્ત્વ મોટું છે, ખાસ કરીને B2B બિઝનેસ માટે. B2C માટે પણ આ ઉપયોગી છે પણ B2C માટે બીજાં ઘણાં માધ્યમ છે, જેના થકી કંપની પોતાની બ્રાન્ડ અને વેપારને લોકો સુધી લઇ જઇ શકે. માર્કેટિંગના વિવિધ પ્રકારોમાંનો એક પ્રકાર છે ઇવેન્ટ, બીજા શબ્દોમાં કહીએ તો ઇવેન્ટ એક માધ્યમ છે લોકો સુધી પહોંચવાનું. ઇવેન્ટ માર્કેટિંગ એ એક વ્યૂહાત્મક અભિગમ છે, જેમાં બ્રાન્ડ, પ્રોડક્ટ અથવા સર્વિસને પ્રમોટ કરવા માટે ઇવેન્ટ્સને પ્લાન કરવામાં આવે છે. આ ઇવેન્ટ મોટા પાયે ટ્રેડ શો અને કોન્ફરન્સથી લઈને વર્કશોપ અને વેબિનાર્સ સુધીની હોઈ શકે છે.

ઇવેન્ટ માર્કેટિંગનો પ્રાથમિક ધ્યેય પ્રેક્ષકોની સાથે સીધો સંપર્ક સાધવાનો, બ્રાન્ડ અને તેના ટાર્ગેટ માર્કેટ સાથે ઇવેન્ટમાં આવનાર સંભવિત વર્ગ વચ્ચેના જોડાણને પ્રોત્સાહન આપવાનો છે.

પરંપરાગત માર્કેટિંગ વ્યૂહરચનાઓ જેમ કે ટીવી, ન્યૂઝ પેપરમાં જાહેરાતો અથવા ઇમેલ, જે મોટેભાગે એકતરફી હોય છે, અર્થાત્ તમે બ્રાન્ડ જે મેસેજ આપે છે તે જુવો અથવા સાંભળો છો. તેનાથી વિપરીત, ઇવેન્ટ માર્કેટિંગ ઈન્ટરેક્ટિવ અર્થાત્ બેતરફી હોય છે, જે બ્રાન્ડ સાથે મજબૂત ભાવનાત્મક જોડાણ તરફ દોરી શકે છે.

ઇવેન્ટ માર્કેટિંગનાં ઉદાહરણો જોઈએ તો નવા પ્રોડક્ટ કે સર્વિસ અથવા નવી ઓફરો રજૂ કરવા માટે પ્રોડક્ટ લોન્ચ પાર્ટીઓ, પ્રોડક્ટ અને નેટવર્ક પ્રદર્શિત કરવા માટે ટ્રેડ શો અને પ્રદર્શનો, વર્કશોપ્સ અને વેબિનાર્સ જે શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરે છે વગેરે.

ઈવેન્ટ્સ વિવિધ પ્રકારના હોય છે અને તેનું એ રીતે પ્લાનિંગ થાય છે પણ આમાં સૌથી મહત્ત્વપૂર્ણ વાત એટલે તમારા ઇવેન્ટનો હેતુ નક્કી કરવો, જેમકે...

તમારું લક્ષ્ય શું છે? ટાર્ગેટ ઓડિયન્સ અર્થાત્ લક્ષ્ય પ્રેક્ષકો કોણ છે? ઇવેન્ટમાં આવનારાઓની અપેક્ષા શું હશે?

આ હેતુ સ્પષ્ટ થશે ત્યારે તમારા વ્યવસાય કે બ્રાન્ડ માટે કેવી ઈવેન્ટ શ્રેષ્ઠ રીતે અનુકૂળ રહેશે એનો અંદાજ આવશે. એ મુજબ ઇવેન્ટનો પ્રકાર પસંદ કરી શકાશે, જેમ કે :કોન્ફરન્સ, ટ્રેડ શો, વર્કશોપ, સેમિનાર વગેરે. તમે વિવિધ ઇન્ડસ્ટ્રીના ટ્રેડ શો જોયા હશે. મુંબઈમાં ગોરેગામમાં નેસ્કો અને હવે જીઓ સેન્ટરમાં કોઈને કોઈ ઇન્ડસ્ટ્રીના એક્સપો જોવા મળશે. આનો મુખ્ય ઉદ્દેશ્ય તે ઇન્ડસ્ટ્રીમાં શું નવું છે તે બતાવવાનો અને વિવિધ કંપની / બ્રાન્ડ માટે પોતાને પ્રમોટ કરવાનું પ્લેટફોર્મ પ્રદાન કરવું.

કોન્ફરન્સ અને સેમિનાર મોટેભાગે અભ્યાસાત્મક હોય છે, જેમાં વિવિધ વિષયો પર ચર્ચા-વિચારણા, આખ્યાનો, અનુભવોની આપ-લે થતી જોવા મળે છે.

હમણાં થોડા સમયથી અમુક ઇવેન્ટ નાના પાયે થાય છે, જેમાં નાના વેપારીઓ પોતાનો માલ લાવી સીધા ઘરાકોને વેચે છે. આ મોટા લેવલના ટ્રેડ શોથી અલગ હોય છે. આમાં ફેશન, ઘરનો સમાન, ફર્નિચર, પુસ્તકો વગેરે જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. કોઈ એક બેન્કવેટ હોલ અથવા હોટેલમાં નાના નાના સ્ટોલ બનાવી આ ઇવેન્ટ યોજાય છે. આજે ઘણા એવા વેપારીઓ છે જે પોતાનો વેપાર ફક્ત અને ફક્ત આ માધ્યમના સહારે કરે છે. કોઈ જગ્યામાં રોકાણ નહિં અને બીજા રોજિંદા ખર્ચ નહિં. આવા ઈવેન્ટ એક્ઝિબિશન તરીકે ઓળખાય છે.

હવે ઇવેન્ટના ફાયદાઓ જોઈએ તો સૌથી અગત્યની વાત થાય છે અને ઈવેન્ટથી તમારી બ્રાન્ડની અવેરનેસ વધે છે. તમારા ટાર્ગેટ ઓડિયન્સ સાથે સીધો સંપર્ક થાય છે.

ગ્રાહકને ફેસ ટુ ફેસ મળવાના ફાયદાથી આપણે વાકેફ છીએ અને આવી ઇવેન્ટ તે પૂરી પાડે છે. અહીં તમને તમારી ઇન્ડસ્ટ્રીના લોકો મળશે અને ગ્રાહકો પણ, આથી ફાયદો તો થશે કે તમને તમારી બ્રાન્ડનો ફર્સ્ટ હેન્ડ ફીડબેક મળશે અને જો નવું પ્રોડક્ટ લોન્ચ કરતા હશો તો રિસર્ચ પણ થઇ જશે. તમે જો કંઈ નવું લાવ્યા હશો તો લોકો તેની તરત નોંધ લેશે,

જો તમારો સ્ટોલ અલગ ડિઝાઇનનો હશે અથવા તમારી બ્રાન્ડ અલગ રીતે પ્રદર્શિત કરશો તો પ્રતિસ્પર્ધીથી અલગ તરી આવશો.

એકંદરે, ઇવેન્ટ માર્કેટિંગ માત્ર લીડ્સ અને વેચાણના સંદર્ભમાં તાત્કાલિક પરિણામો લાવતું નથી, પરંતુ લાંબા ગાળાના સંબંધોને પણ પોષે છે અને બ્રાન્ડ ઇક્વિટીમાં વધારો કરે છે, જે તેને વ્યાપક માર્કેટિંગ વ્યૂહરચનાનો મૂલ્યવાન અંશ બનાવે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# લાલચટક-પીળે પાને-સફેદ જૂઠ

તમારું શાળા શિક્ષણ જો ગુજરાતીમાં થયું હશે તો તમને મજેદાર બાળ કાવ્યોનો રસાસ્વાદ કરવાનો મોકો મળ્યો હશે. કવિ 'સુંદરમ્'નું **હાં રે અમે ગ્યાં'તાં. હો રંગના ઓવારે, કે તેજના ફૂવારે, અનંતના આરે, કે રંગ રંગ વાદળિયાં** બાળકાવ્યનો આનંદ જરૂર માણ્યો હશે. એ સિવાય **લાલ પીળો ને વાદળી એ મૂળ રંગ કહેવાય, બાકીના બીજા બધા મેળવણીથી થાય** પંક્તિઓથી પણ પરિચિત થયા હશો. દરેક રંગની ખાસિયત છે, લાક્ષણિકતા છે. લાલ રંગને ગુસ્સો - રોષ સાથે સીધો સંબંધ છે. **લાલ આંખ કાઢવી કે દેખાડવી** એટલે ક્રોધિત નજરે જોવું, ગુસ્સે થઈને જોવું. રાતો રંગ ચળકતો હોય, ઝગારા મારતો હોય ત્યારે લાલચટક છે એમ કહેવાય છે. એવી જ રીતે **લાલાશ** તેજસ્વિતા સાથે સંબંધ ધરાવે છે. ખુશનુમા વાતાવરણમાં રહેવાને કારણે ચહેરા પર લાલાશ આવી ગઈ. લીલો રંગ તાજગી સાથે સંબંધ ધરાવે છે. **લીલુંછમ મેદાન કે લીલુડી ધરતી** પ્રયોગ જાણીતા છે. **સફેદ** - **ધોળો** રંગ સાદગીનું પ્રતીક છે. જોકે, **ધોળી પૂણી જેવો એટલે નિસ્તેજ** - ફિક્કો એવો અર્થ છે ઘરે અચાનક પોલીસ જોઈ એનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયો. જોકે, **ધોળામાં ધૂળ પડવી** એટલે ઘડપણમાં શરમજનક કૃત્ય કરવું, વૃદ્ધાવસ્થા વગોવવી.



ચિત્રપટમાં અને ટીવીમાં રંગની હાજરી નહોતી ત્યારે એ બ્લેક એન્ડ વાઈટ - શ્વેત શ્યામનો યુગ હતો. જોકે, **કાળા ધોળા કરવા** એટલે ખરાબ - સારા કામ કરવા. કાળું એટલે હીન, ખરાબ, વિલન જ્યારે સફેદ એટલે ઊચ્ચ કોટિનું, સારું, હીરો જેવું. **સફેદ જૂઠ** એટલે સત્યના આભાસવાળું નફ્ફટાઈપૂર્વક રજૂ થતું જૂઠાણું. પીળો રંગ હળદરનો હોય અને સોનાનો પણ હોય. એક ગુણકારી પદાર્થ જ્યારે બીજી કિંમતી ધાતુ. જોકે, **પીળે પાને** એટલે માંડી વાળવું કે ન મળવાની ખાતરી હોય એને માટે કહેવાય છે. લખાણ કે દસ્તાવેજ વગર આપેલી રકમ પીળે પાને અપાઈ કહેવાય છે. **હાથ પીળા કરવા** એટલે પરણાવવું એવો અર્થ છે. **પીળું પચ** એટલે શરીરમાંથી લોહી ઊડી ગયું હોય એવું ફિક્કું, **પીળું પત્રકારત્વ** એટલે વાચકવર્ગને ખેંચવા સનસનાટીપૂર્ણ વચન સામગ્રી આપવી.

## ENગ્લિશ વિંGLISH — BLUE IDIOMS




દરેક રંગને પોતાનો મૂડ, પોતાની આગવી ભાષા હોય છે. Do you feel energized when you see red? Does the colour blue make you feel calm and relaxed? Colour can dramatically affect moods, feelings, and emotions. લાલ રંગ જોઈને શરીરમાં ઊર્જાનો અનુભવ થાય છે? બ્લુ રંગ જોઈ શાંતિ અને નિરાંત અનુભવાય છે? રંગ મનુષ્યના ચિત્ત પર અસર કરે છે એવું વિજ્ઞાન પણ કહે છે. આજે આપણે બ્લુ - વાદળી રંગ ભાષાને કેવા કેવા રંગ આપે છે એ જાણીએ. There are many idioms with reference to BLUE. Today we will see how BLUE is related to Rare - Unexpected events. વાદળી રંગના સંદર્ભમાં અંગ્રેજીમાં ઘણા રૂઢિપ્રયોગો છે. અણધાર્યા કે ક્વચિત પ્રસંગોમાં વાદળી રંગ કેવો વણાઈ ગયો છે એ આપણે જાણીએ. Happen once in a blue moon એટલે ભાગ્યે જ બનતી ઘટના. I am very health conscious. So once in a blue moon I eat fast food. સ્વાસ્થ્ય પ્રત્યે હું એકદમ સભાન છું અને એટલે ક્યારેક જ ફાસ્ટ ફૂડ ખાઉં છું. Appear out of the blue એટલે અચાનક કે અણધાર્યા પ્રગટ થવું કે સામે થવું. One day, out of the blue, I got a call from my school teacher, 30 years after leaving the school. શાળા ભણતર પૂરું કર્યાના ૩૦ વર્ષ પછી એક દિવસ અચાનક સ્કૂલ ટીચરનો ફોન આવ્યો.

A bolt from the blue એટલે ધાર્યું ન હોય કે અપેક્ષા ન રાખી હોય એવો આંચકો મળવો. The news of his retirement was bolt from the blue. એના નિવૃત્તિના સમાચાર એકદમ અણધાર્યા હતા. Blue twist એટલે અનપેક્ષિત વળાંક. It seemed that India will lose, but bowlers' performance gave the Blue twist to the match and ultimately India won. ભારત મેચ હારી જશે એવું લાગતું હતું, પણ બોલરોએ મેચને અણધાર્યો વળાંક આપ્યો અને અંતે મેચમાં ભારતનો વિજય થયો.

## રાષ્ટ્ર ભાષા — गानो में लाल रंग

હિન્દી ચિત્રપટ રંગીન હોય છે અને એની વાર્તામા પણ વિવિધ રંગ પૂરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ગીત - સંગીત પણ ફિલ્મમેકીંગનો એક રંગ જ છે ને. મેઘધનુષના સાત રંગો પૈકી લાલ રંગ ઘણા ગીતોમાં ઘૂંટાયેલો નજરે પડે છે. જોકે, આ એક લાલ રંગ અનેક રંગ દેખાડે છે. રાજેશ ખન્ના પર પ્રમુખપણે ફિલ્માવાયેલા યે **लाल रंग कब मुझे छोडेगा, मेरा नाम कब तलक मेरा दिल तोडेगा.** ગીતમાં લાલ રંગ શરાબને સંબોધિત છે. શરાબના વ્યસનને કારણે નાયકનો પરિવાર છિન્નભિન્ન થાય છે અને એના પસ્તાવા રૂપે શરાબની લત છોડવાની તમન્ના આ ગીતમાં વ્યક્ત થઈ છે. **लाल छडी मैदान खडी क्या खूब लडी क्या खूब लडी.** ગીત પ્રેમિકાને સંબોધિત છે. લાલ રંગના પહેરવેશમાં નાયિકા એટલી મોહક લાગે છે કે નાયકનું દિલ ડોલવા લાગે છે અને આ ગીત ગાય છે. **लाल लाल होठों पे गोरी किसका नाम है** ગીતમાં પ્રેમની ભાવના વ્યક્ત કરતી વખતે ટીખળ કરવામાં આવ્યું છે. પ્રેમિકાના મોઢે પોતાનું નામ સાંભળવા તલપાપડ નાયકનો તલસાટ સમજી શકાય છે. રાજ કપૂરના દોરના પ્રારંભનું પહેલું રેકોર્ડ થયેલું ગીત એટલે **हवा में उडता जाए मेरा लाल दुपट्टा मलमल का** રમેશ શાસ્ત્રી નામના ગીતકારે પ્રેમિકાના હૃદયના ભાવ બહુ સુંદર રીતે ઉપસાવ્યા છે. રૂણા લૈલા નામની ગાયિકાએ સુપરહિટ બનાવેલા **ओ लाल मेरी पत रखियो बला झूले लालण** ભજનમાં ભક્તિ ભાવ કેન્દ્રમાં છે. ઓ લાલ સિંધ પ્રાંતના પ્રસિદ્ધ સૂફી સંત ઝૂલેલાલને સંબોધીને કરવામાં આવ્યું છે. ભક્ત પ્રાર્થના કરે છે કે સંત એની રક્ષા કરે અને એના દુઃખ દૂર કરે. લાલ રંગના કેટલા બધા રંગ જોવા મળે છે, હેં ને.

## સઞ્ઞી બહિણ — मराठी म्हणी मध्ये रंग

મરાઠી ભાષામાં પણ રંગનો વિસ્તાર જોવા મળે છે. કવિતા અને કહેવતમાં એનો પ્રભાવ ભાષાને સૌંદર્ય આપવાની સાથે અનોખો ભાવ સુધ્ધાં બક્ષે છે. મરાઠી ભાષાના પ્રતિષ્ઠિત કવિ સુરેશ ભટનું કાવ્ય **रंगुली रंगांत साऱ्या रंग माझा वेगळा! गुंतुनी गुंत्यात साऱ्या पाय माझा मोकळा!** કેવળ રંગનો મહિમા નથી ગાતું, બલકે તત્વજ્ઞાન દર્શાવે છે. આધ્યાત્મના રંગ સુધી પહોંચી ગયેલા કવિ કહે છે કે ભલે હું બધા રંગે રંગાઈ ગયો હોઉં, મારો રંગ નિરાળો છે. લૌકિક ગતિવિધિઓમાં અટવાયો હોવા છતાં હું મુક્ત છું. ટૂંકમાં અકિંચન રહેવાની વાત છે. રંગની એક જાણીતી કહેવત છે **तेरड्याचे रंग तीन दिवस-कोणत्याही गोष्टीचा ताजेपणा किंवा नवताई अगदी कमी वेळासाठीच असते.** તેરડા નામનું એક ફૂલ હોય છે જે વિવિધ મોહક રંગ ધરાવે છે. જોકે, આ ફૂલનું આયુષ્ય બહુ થોડા દિવસનું હોવાથી એના રંગનો મહિમા બહુ જલદી સમાપ્ત થઈ જાય છે. કોઈ બાબત શાશ્વત નથી હોતી. **रंग जाणे रंगारी, धुनक जाणे पिंजारी! आपआपल्या विधेंत जो तो प्रवीण असतो, इतरांस त्याचें ज्ञान नसतें.** આ કહેવત જેનું કામ તેનું થાય બીજા કરે સો ગોથા ખાય જેવો ભાવાર્થ ધરાવે છે. એકંદરે દરેક વ્યક્તિ પોતપોતાની વિદ્યામાં પારંગત હોય છે. અન્ય લોકોને એનું જ્ઞાન નથી હોતું. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# આજે હાસ્યનો તાકો નહીં ...કટ પીસ વાંચો !



'એંય ઉઠો.' કોઇક આવો અવાજ કરતું હતું. એ પણ રાતના અઢી વાગ્યે. એ વખતે આપણે રશ્મિકા મંદાના કે તૃપ્તિ ડિમરી સાથે સુહાગરાતની સર્જિકલ સ્ટ્રાઇક કરતા હોય.... જેવા જેના નસીબ તેવા તેના ડ્રીમ.

'એંય ઉઠોને..' પાછું કોઇ મને હડબડાવતુ હતું. ઊંઘ ઉડી. જાગીને જોવ તો રશ્મિકા મંદાના કે તૃપ્તિ ડિમરી જેવી ડ્રીમગર્લને બદલે કોઠીસુંદરી રાધારાણી મને હચમચાવી રહ્યાં હતાં .

'શું થયું છે? અડધીરાતે ઊંઘ કેમ બગાડે છે? ચોર ચોરી કરવા આવ્યા છે? ચોરેલી વસ્તુના લિસ્ટમાં ચોર મારી સહી માગે છે? મારી સહી ડાબા હાથે કરી દે. તારી તબિયત બગડી છે? ' મેં ઊંઘરેટિયા અવાજે આંખો ખોલ્યા વિના સવાલોની ઝડી વરસાવી.

'તમારા ઘરમાં તમારા લેખની પસ્તી અને ડબ્બા ડૂબલી છે. ચોરે ક્યારેય રદીવાળાના ઘરે ચોરી કરી હોય તેવું સાંભળું છે?' રાધારાણી અડધીરાતે મારો ઉપહાસ કરવાની કદી તક છોડતા નથી.

'તો પછી મારી ઊંઘ કેમ બગાડી?' મેં મારી નારાજગી જતાવી.

'મારે ત્યાગ કરવો છે.' રાધારાણીએ મક્કમ અને મૃદુ ઇરાદો વકત કર્યો.

'શેનો ત્યાગ? એ પણ અડધી રાતે? સવાર સુધી રાહ ન જોઇ શકાય?' .

'આપણે ત્યાં બધુ અડધી રાતે થાય છે. ભગવાન કૃષ્ણ અડધી રાતે જન્મેલા. ગૌતમ બુધ્ધ અને મહાવીરે અડધી રાતે સંસારનો ત્યાગ કરેલો. આઝાદી અડધી રાતે મળેલી. લોકો સીજી રોડ પર અડધી રાતે જ નાતાલની ઉજવણીની ચિચિયારીઓ પાડે છે.

'તારે ત્યાગ કરવો હોય તો મને જગાડવાની શી જરૂર છે?' મે ગુસ્સો બુલંદ કર્યો.

'મહીં ગરોળી છે કે નહીં તે તમારે જોવું પડે કે નહીં.' દીનહીનભાવે રાધારાણી બોલી.

ધત્ તેરે કી. રાધારાણીને મળમૂત્રત્યાગ મંદિરમાં જવું હતું. એમાં અડધી રાતે મારી મેથી મારી. વાંચકોને એમ હશે કે જ્યાં હાસ્ય લેખકો હોય ત્યાં હસગુલ્લા જ હોય. હાસ્યની છોળો જ હોય. કરૂણતાને સ્થાન ન હોય. લો, અમારી જિંદગીના કિસ્સા પરથી અમારી સ્થિતિ જોઇ લો. હજુ વધુ બે ત્રણ કિસ્સા વાંચી લો એટલે તમારા દિલને ઠંડક થાય....

આ રહ્યો હાસ્યનો કટ પીસ....

***

'ગિરધરલાલ ગિધુ.' રાધારાણીની એમ્બ્યુલન્સની સાયરન જેવી ચીસથી ડ્રોઇંગરૂમની દીવાલો ધાંય ધાંય કરતી ધણધણી ઊઠી. મકાનનું બાંધકામ મજબૂત છે એટલે વાંધો આવતો નથી. બાકી હમણા પાલનપુરના એક ગામમાં તકલાદી ડીજેનો વર ગધેડો પસાર થયા પછી કંપન થવાની લીધે મકાનની જર્જરિત દીવાલ જમીનદોસ્ત થઇ ગયેલી.

'ક્યારની બૂમ મારું છું .... તમે ક્યાં મરી ગયા છો? આહીં ફાટી પડો.' રાધારાણીએ અમારા પર ગાઇડેડ મિસાઇલ છોડી.

'સવાર સવારમાં શેની બૂમાબૂમ કરે છે? કયું રાજ રંડાઇ ગયું છે?' અમે હૂંફાળા પાણી જેવા ગરમ થયા.

'સાતે કામ પડતા મેલીને રસોડામાં મારતા ટાંટિયે મારી જાવ ભૈસાબ.' અમારા નરમગરમ ગુસ્સાથી રાધારાણી ચોકલેટની જેમ પીગળ્યા. અમે છાપું ટિપોઇ પર મુકયું. અમે રસોડા તરફ અગ્રસર થયા.

'આ માટલાના નળથી હું ત્રાસી ગઇ છું. માટલાના પ્લાસ્ટિકના નળનું હેન્ડલ વારંવાર હેઠું પડી જાય છે અને માટલું ખાલી થતું નથી. સવાર સવારમાં ગોળા ગળવા, વાસણો માંજવા, શાકભાજી ધોવા, કૂકર ચઢાવવું, તુવેરદાળ ધોવી કે ઠોયાની જેમ નળ ઝાલીને ઊભું રહેવું? માટલું ખાલી ન થાય ત્યાં સુધી નળને ઝાલીને નારદની જેમ ખોડાઈ રહું તો તો મારા બીજા કામ ક્યારે આટોપું?. હમણા નળ જતો રહેશે.' રાધારાણીએ ધૂંધવાટ મારા પર ઠાલવ્યો.

'ઓકે.' અમને આટલું જ બોલવાનો પતિ અધિકાર છે. કેટલાક તો તુષાર કપૂરની જેમ 'આ ,ઉં ,એયા, હા હૂં હીં હૈં' જ કરી શકે છે. અમે માટલા અને નળ વચ્ચે સોનાનું દિવેલિયું ભરીવી દીધો. (પિતળ કે તાંબાનુ દિવેલિયુ લખીએ તો અમારી આબરૂનું ચીરહરણ થઇ જાય કે નહીં? )નળ બંધ ન થઇ શક્યો અને માટલું ખાલી થઇ ગયું. અમને મગજ વગરના સમજતી મગજવગરની રાધારાણી ફાટી આંખો અને ખુલ્લા મોંએ જોઇ રહી.

***

હવે છેલ્લો કિસ્સો ન સાંભળો તો તમને મનગમતીના સમ.

'હું તો કંટાળી.' ઉપરના ખાલી માળેથી ધમાધમ કરતા રાધારાણી ઊતર્યાં . એમનાં ચહેરા પર અણગમાના ભાવ હતા.

'શું થયું?' મેં આટલી જ જામગીરી ચાંપી કે ભડકો ચાલુ.

'મારે કિટી પાર્ટીમાં જવાનું છે. અમેરિકન નેલ પોલિશ લગાવી છાકો બોલાવી દેવો છે. નેલ પોલિશની બાટલી હઠે ભરાણી છે. બાટલી દોઢે ચડી ગઇ છે. મેં દસ મિનિટ ટ્રાય કરી પણ હઠીલી માનતી જ નથી. હવે તમે ટ્રાય કરો.' આમ કહી નેલ પોલિશની બાટલી મારા હાથમાં થમાવી દીધી. મારે મારા સંસારમાં ભરથાર એટલે કે પતિ સિવાયના તમામ કામ એટલે પ્લમ્બર, ટર્નર, ફિટર, પોટર, ડ્રાઇવર, કેશિયર, વેઇટર,વેઇટ લિફ્ટર, એક્ટર, જોકર જેવાં કામો કરવા પડે છે. અમારું કામ જેક ઓલ ઓલ બટ માસ્ટર ઓન નન ( અહીં નન (સાધ્વી) નો ભળતો અર્થ કરવાની સંપૂર્ણ છૂટ છે.)મજબૂરીનું ચોથું નામ ગિરધરલાલ છે. બાકી હતું તે બાટલી ઓપનરનો કોન્ટ્રેકટ મળ્યો. મેં સજ્જનની જેમ બાટલીના ઢાંકણાને ખોલવા પ્રયાસ કર્યા. સાણસી લઇને ઢાંકણાને સાણસામાં લેવા જેવું ગુલશન ગ્રોવર જેમ બેડમેન કામ કર્યું . બાટલીના ઢાંકણા અને બાટલી વચ્ચે ચપ્પુ ભરાવી ડિવાઇડ એન્ડ રૂલ પોલિસી અખત્યાર કરી બાટલીનું ઢાંકણું ખોલવા પ્રયાસ કર્યો. અમારી કારી બર ન આવી. છેવટે બાટલીને દાંત વચ્ચે ફસાવી તેના ઢાંકણાને ખોલવાનો મરણિયો પ્રયાસ કર્યો. એવામાં બાટલી ગોફણમાંથી વછૂટેલા પાણીની જેમ દાંત વચ્ચેથી છટકી. બાટલી પંખા સાથે અથડાઈ. જે ખુલતી ન હતી તે તૂટી ગઇ. બહુ તૂલ પકડવામાં મજા નથી તેવો મેસેજ શહીદ બાટલી દઇ ગઇ. પછી તો નેલ પોલિશે આખા રૂમમાં ગમતાનો ગુલાલ કર્યો. રાધારાણી મારા પર ભઠયાં. એક નેઇલ પોલિશની બાટલીએ કરેલ ખાનાખરાબી દૂર કરવા દસથી બાર નેલ પોલિશ રિમુવરની બાટલી, ટર્પેન્ટાઇન, સ્પિરિટની બાટલી ખાલી કરવી પડી. અધૂરામાં પૂરું રાધારાણીના બગડેલા મૂડને રિપેર કરવા ગેરેજ (આડુંઅવળું ન વિચારો..અમારા શહેરમાં નકામી ગાડી, ટાયર ટ્યૂબ વગેરેનો ઉપયોગ કરી ગેરેજ ઇસ્ટાઇલનું યુનિક રેસ્ટોરેન્ટ ખુલ્યું છે.)માં લઇ જવી પડી તે તો લટકામાં ! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સંસ્કૃતિ-પરંપરા ને સહજીવનનું પ્રતીક એટલે તળાવ...


અનુપમ મિશ્ર લિખિત 'આજ ભી ખરે હે તાલાબ'નું દિનેશભાઈ સંઘવી દ્વારા ગુજરાતી અનુવાદિત અદ્ભુત અને અભ્યાસપૂર્ણ પુસ્તક હમણાં વાંચ્યું. સંસ્કૃતિ, પરંપરા અને સહજીવનનું પ્રતીક સ્વરૂપ તળાવને એકદમ સહજ સુંદર રીતે સમજાવ્યું છે કે કોઈ મારા જેવો અભ્યાસી જીવડો હોય તો તો મજા પડી જાય.

દિનેશભાઈના શબ્દોમાં કહીએ તો તેમણે આજના સળગતા સવાલ 'પાણી' વિષેની પુરાતન ભારતની એક નવીન ઓળખ આપણી સમક્ષ સુચારુરૂપે પ્રસ્તુત કરીને આપણને ઓશિંગણ બનાવ્યા છે. આપણે અત્યારે એકવીંસમી સદીના ઊંબરે ઊભા છીએ અને સમાજ જીવનમાં 'સાત સાંધો ત્યાં તેર તૂટે'ની ઘોર નિરાશાની સ્થિતિનો સામનો કરી રહયા છીએ ત્યારે આજથી માત્ર એકસો વર્ષના ભૂતકાળમાં ડોકિયું કરવાનું ગમશે. કેવળ લોકશકિતના સહારે પાણી, તળાવો અને સિંચાઈની ભવ્ય, સમુચિત અને સુરૂઢ પરંપરા ભારતવર્ષે ઊભી કરેલી હતી અને ચલાવેલી હતી એ વાંચીને આપણે ગૌરવ અને શરમની મિશ્ર લાગણીના આનંદ અને આઘાતના ઓઘમાં ડૂબકાં ખાઈએ છીએ.

હમણાં થોડા દિવસો પહેલા વર્લ્ડ મોન્યુમેન્ટ ફંડ (WMF) દ્વારા વિશ્વના પાંચ ખંડોમાંથી '૨૦૨૫ વર્લ્ડ મોન્યુમેન્ટ વોચ' માટે ૨૫ ટોચના સ્થળોને પસંદ કરવામાં આવ્યા છે જેમાં ભારતના માત્ર બે પૈકી હૈદરાબાદની મૂસી જળ વ્યવસ્થા સાથે ભુજના સાડા ચારસો વર્ષ જૂની હમીરસરની જળ વ્યવસ્થાને પસંદ કરવામાં આવી છે.

ઐતિહાસિક શહેરના પ્રારંભિક વિકાસને ટકાવી શકે એવી રીતે ભુજના હૃદયસમાં હમીરસરમાં તળાવની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. વિતેલી ત્રણ સદીઓમાં આ તળાવની આસપાસ વાવ, કૂવા અને નહેરોનું સુવ્યવસ્થિત માળખું રચાયું હતું; જે વિષમ આબોહવામાં પણ જળાશયોના પાણીને સાચવી રાખવા માટે સક્ષમ હતું.

સમય જતાં શહેરના આધુનિક માળખાકીય વિકાસમાં પરંપરાગત જળ વ્યવસ્થા અસરગ્રસ્ત બની! અલબત્ત, ઐતિહાસિક જળ વ્યવસ્થા આજે પણ શહેરને પાણી પૂરું પાડવાની ક્ષમતા ધરાવે છે પરંતુ ક્યાંક ને ક્યાંક માનવસહજ હસ્તક્ષેપો જળ વ્યવસ્થાની કાર્યક્ષમતા છીનવી રહ્યા છે. આમ WMF ની આ પસંદગી ભવ્ય ભૂતકાળને પુનર્જીવીત કરવાની તક અને જળ વ્યવસ્થાઓના મહત્ત્વને વૈશ્વિક ધોરણે માન્યતા આપશે.



ત્રાજવાંમાં ત્રોફાવેલી તળાવની ભાત



ભૂતકાળમાં તળાવો પાણી માટેનો ઉપાય સ્થાન હોવાની સાથે સમાજ જીવનના કેન્દ્રમાં સ્થિત રહ્યા. અહીં મેળા લાગતાં, ઘાટો પર ઉજવણીઓ થતી, સ્ત્રીઓ સંગાથે ગીત ગાતી અને તળાવો આસપાસ સહજીવન વિકસતું. અમુક તળાવોની સ્મૃતિઓ આજે પણ વિવિધ ખાસ તિથિઓ પર તાજી થાય છે. જોકે ઘણી જગ્યાએ શહેરીકરણ, બેફામ બાંધકામ અને પરંપરાગત જ્ઞાનથી દૂર અંધાધૂંધ દબાણો અને ટાઉન પ્લાનિંગ આ તળાવોના અસ્તિત્વને સંકટમાં મૂકી ગયા છે.

તળાવ સમાજના દિલમાં રમી રહ્યું છે તો ક્યાંક ક્યાંક વળી એમના વનમાં પણ ઘણા બધા વનવાસી સમાજમાં ત્રાજવાં ત્રોફાવવામાં તળાવ વાવ પણ ત્રોફાવે છે. ત્રોફાવવાની નિશાનીઓમાં પશુ, પક્ષી, ફૂલ વગેરેની સાથે સાથે સહરિયા સમાજમાં સીતા વાવડી અને સાધારણ વાવડીના ચિહ્નો પણ પ્રચલિત છે. સહરિયા શબરીને પોતાના પૂર્વજ માને છે. સીતાજી સાથે વિશેષ સંબંધ છે એટલા માટે સહરિયા પોતાની પિંડલીઓ ઉપર સીતા વાવડી ભાવપૂર્વક ત્રોફાવે છે.


લેખમાં પ્રસ્તુત તસવીર સીતાવાવડીની છે. જેમાં એક મુખ્ય ચોરસ છે. અંદર મોજાંઓ છે. વચ્ચોવચ એક બિંદુ છે જે જીવનનું પ્રતીક છે. ચોરસની હારની બાજુ પગથિયાં છે અને ચારેય ખૂણા ઉપર ફૂલ છે અને ફૂલમાં છે અને ફૂલમાં છે જીવનની સુગંધ-આ બધી વાતો એક સરળ, સરસ રેખાચિત્રમાં ઉતારવી બહુ જ કઠણ છે છતાંય ત્રાજવા ત્રોફાવનારા કલાકાર અને ત્રોફાવનારા સ્ત્રી-પુરુષોના મન તળાવ અને વાવડીમાં રમમાણ રહે છે.

તળાવો એ માત્ર પાણીના સ્ત્રોત નથી અને ભૂતકાળમાં પણ નહોતા. સમાજની સંસ્કૃતિ, પરંપરા અને સહજીવનના પ્રતીક સ્વરૂપ આ તળાવો કચ્છ અને રાજસ્થાન જેવી રણભૂમિમાં માત્ર પ્યાસ શમાવતું જ નહિ, પણ જીવન જીવવાના આધાર તરીકે રજૂ થયા છે. તળાવને લગતા હજુ બે મુદ્દા પર વાત કરવી છે એક 'જલસંહિતા' પુસ્તક વિશે તેનાં વાંચન પછી અને બીજું તેરા ગામના અદ્ભુત તળાવોની ખાસિયતોના અભ્યાસ પછી. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# આભને આંબવા...




કાળની સંદુકમાંથી ધીમે ધીમે બહાર નીકળતું નવું વર્ષ થનગની રહ્યું છે ક્ષિતીજ પર. તમે પૂછશોઃ ભાઈ? બધું ઠેકાણે? જી હા, નવું શૈક્ષણિય વર્ષ. આભને આંબવા તૈયાર નવા વર્ષે વેકેશનના અંતના ખેદ સાથે મીઠ્ઠી ગમતીલી મૂંઝવણનો પણ સંચાર કરવા માંડ્યો છે ગલગોટા જેવા માનસપટ(ઓ) પર.

જ્ઞાનીય અંધારું ઊભું કરી, ફક્ત નિયત જાણકારી પેઢીની પેઢીને પિવડાવવાના બદઈરાદાથી મેકોલે ઈત્યાદિ હરામીઓએ અખંડ ભારતની બહુઆયામી જ્ઞાન પ્રણાલીને તોડીફોડી નાંખી એ આખીય વ્યવવસ્થા એવી ટકોરાબંધ હતી કે એમાં ભ્રષ્ટતાને(નો) કોઈ અવકાશ જ નહોતો. હમણાં એક મજાનો મેસેજ વાંચવા મળ્યો હતો કે ભારતના જણાવ્યા પ્રમાણે એના નિશાનમાં હવે પાકિસ્તાનના મોટા શહેરો હોવાથી લંડન, માન્ચેસ્ટર અને લીવરપુલને ખાલી કરાવાઈ રહ્યા છે...

'અહીંયાનું અહીંયા' વ્યક્તિજીવન વિષે વપરાતું, હવે દેશોના સંદર્ભમાં ય... જે દેશ મેકોલે અને ડાયર જેવી કમબખતમાં કમબખત ઓલાદ પેદા કરે એ દેશે આવા દિવસ જોવા જ પડવાના. મૂળ વાત વિસરીને શોભિતછાપ આડ વાત આગળ ન વધે એ યાદ કરું તો શિક્ષણની આખી વ્યવસ્થા તહસનહસ થઈ ગઈ છેલ્લા બસ્સો વર્ષમાં, જેના કારમા પરિણામ આઝાદ ભારતે ૧૯૪૭થી ૧૯૯૦ સુધી અનુભવ્યા, વિશેષ ૧૯૬૫થી ૧૯૮૦ સુધી. કોઈ એક પાર્ટીનું મ્હોરું પહેરીને ખુલ્લેઆમ લૂંટ ચલાવતા ગુંડા, બદમાશ, મહાદંભી, કમ્યુનિસ્ટોએ આખો દેશ પચાવી પાડ્યો અને લંપટ યુનિયન લીડર્સના માધ્યમથી, ધમધમી શક્યું હોત એ ઉદ્યોગ ક્ષેત્રને સ્મશાનમાં ફેરવી નાખ્યું. આ તો ભલું થજો કોમ્પ્યુટરનું- સોફ્ટવેરનું કે જેણે ઘેન છાંટીને કુંભકર્ણ નિદ્રામાં સુવાડી દીધેલા દેશને જાગતો કર્યો અને ૧૯૯૮ પછી તો ધમધમાટ કરતો કરી મૂક્યો. BA BSC BCom તો જવા દો, એન્જિનિયર્સની બેકારી અનંત હતી, એમાંથી આજે સાત ચોપડી પછી ફોન રિપેરિંગ કલા જાણનાર તાજા એન્જિનિયરના પગાર જેટલું કમાવા માંડ્યો છે.

છે આ બધું... સારું જ છે... પણ આપણો વાંધો જ એ છે કે આપણે માંડ માંડ મળતાં પૂરતાને પુષ્કળ સમજીને જીવતી પ્રજા છીએ. એ હિસાબે તો હજી આ રાજકીય કરપ્શનપ્રુફ 'નિપુણો'ના હાથમાંથી શૈક્ષણિક ક્ષેત્રને મુક્ત કરવાની પા પા પગલીય ભરી છે? ઈમાનદારીથી આપજો જવાબ.... અને હજીય બિહાર- યુપી- જે એન્ડ કે વગેરે તરફ નજર નાંખો! હેકટરનાં હેકટર જગ્યાઓ મફતમાં મેળવી, કરપ્શનના પૈસાથી ઊભા કરાયેલા શૈક્ષણિક સંકુલોમાં પ્રવેશની ગોબાચારી વિષે કેટલા અને શું જાણે છે? અને બાકીના, પશ્ચિમી વગેરે વિસ્તારો પણ દૂધે ધોયેલા છે એમ તમે માનો છો? ત્યારના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને નર્મદ યુનિવર્સિટી અને ઉત્તરમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીનાં નવા નામનું પગલું ખૂબ શાતા પહોંચાડે એવું હતું જ. પણ એવાં પગલાં કેટલા?

જ્યાં સુધી reservation આધારિત admissions દેશમાં ચાલુ રહેશે ત્યાં સુધી કરોડ- બે કરોડ- ત્રણ કરોડ per admissionની લાંચ ચાલુ જ રહેશે અને ત્યાં સુધી લાંચની વસૂલી ભવિષ્યના ડૉક્ટરો ખોટી દવાઓ ચટાડી, ખોટા એન્જિનિયર્સ નવા નક્કોર પુલ પાડી અને રાજકારણીઓ 'કંઈ નથી બન્યું, આવું તો થાય આવડા મોટા દેશમાં'નો નફ્ફટ અંચળો ઓઢીને ચાલુ જ રાખશે.

ગુણાંક વ્યવસ્થાને નામશેષ કરીને દરેક બાળકના મનહૃદયની પસંદગી ચકાસી એક પણ પૈસાના ડોનેશન વગરની શિક્ષણ વ્યવસ્થા જો આપણને પરવડી શકે તો આપણે અર્થ વગરની વ્યગ્રતામાં પ્રેશર વધારતી મા(બહુવચન) વગરનો સમાજ જોઈ શકીએ... છીએ આપણે તૈયાર એને માટે?

*ઉઠાવી ભારના વૈભવ શિશુઓ જાય છે સ્કૂલમાં*
*ઉપાડીને ખભે શૈશવ શિશુઓ જાય છે સ્કૂલમાં*

*ઘરોની બહાર છે પગરવ, શિશુઓ જાય છે સ્કૂલમાં*
*ને નભ જેવા જ છે કલરવ, શિશુઓ જાય છે સ્કૂલમાં*

*મનોરમ મસ્તીઓ લઈ આવતા નિર્જીવ વાહનમાં*
*ભરી જીવંત ગુંજારવ, શિશુઓ જાય છે સ્કૂલમાં*

*બધી ચિંતાઓ બચપણની ભરી દીધી છે દફતરમાં*
*'ને દફતરને ગણી ઉત્સવ શિશુઓ જાય છે સ્કૂલમાં*

*'વઢે છે કેમ તું માડી? તેં સપનામાં કર્યું'તું વહાલ'*
*ખયાલોમાં લઈ અવઢવ શિશુઓ જાય છે સ્કૂલમાં*

*'છૂટાશે ક્યારે બચપણથી? અમે ક્યારે બનીશું પુખ્ત?'*
*લગાડીને બધાને દવ, શિશુઓ જાય છે સ્કૂલમાં...*

આજે આટલું જ... ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

## મહત્ત્વના ડેટા-મલ્ટિમીડિયા ને બીજી અનેક વસ્તુને સાચવતી

# મેમરીનું એ ટુ ઝેડ...



માણસ પર આફત આવે ત્યારે એને આઘાત લાગે પછી એની સીધી અસર વ્યક્તિના હૃદય પર થાય. આવી જ રીતે જ્યારે મોબાઈલ ફોન કે કમ્પ્યુટર પર અણધારી આફત આવે ત્યારે એની પહેલી અસર જે તે મેમરી પર થાય છે. ફોન ડેમેજ થાય એ પહેલાં જ આપણે સૌ એના બેકઅપની ચિંતા કરીએ છીએ. ઘણીવાર ફોન નવો લેવાનો હોય એવા સમયે પણ જૂનો ડેટા યથાવત રીતે સચવાઈ રહે એ વાતને અગ્રતા આપીએ છીએ. ડેટા હવે સામાન્ય જનજીવનનો એક દૈનિક હિસ્સો બની ગયો છે. એ પછી કોઈ પણ ફોર્મેટમાં કેમ ન હોય. આપણો હોય કે આપણને કામ આવે એવો હોય. ડેટાની જરૂરિયાત હવે પાણી અને હવાની જરૂરિયાત જેટલી અનિવાર્યતા બની ગઈ છે. ડેટા કેટલો રાખવો અને કેટલો કાઢી નાખવો એને લઈને દરેક વ્યક્તિએ ક્યારેક તો મુંઝવણ અનુભવી હશે જ. એ પછી ફોટાનો ડેટા હોય કે દરરોજ જરૂરી વિગત સ્પષ્ટ કરતી પીડીએફની ફાઈલ્સ. આના માટે આમ તો ઘણાબધા એવા જુગાડ છે, જે અંતે તો બધુ મેમરી ઉપર જ નિર્ભર છે. જગ્યા હશે તો કંઈ થશે. નવું ઘર અને નવો ફોન બન્ને કેટલાક અંશે અમુક સમય સુધી સરખા રહે છે. ખાલી અને પૂરતી -મોકળાશ પછી ધીમે ધીમે એવી ભરાય કે ઘર ગોદામ બને અને ફોન ઓલ ઈન વનનું ઉપકરણ.

ડેટા મેનેજમેન્ટ સારી રીતે કરવામાં આવે તો મેમરી લાંબા સમય સુધી સારી રીતે અને સ્પીડ સાથે કામ કરે છે. કમ્પ્યુટર હોય કે ફોન ડેટા કેવી રીતે સેવ થાય છે એ વાતને સમજી લેવી ફાયદાકારક છે. એટલું જ નહીં, એને લીધે તે ડિવાઈસ પાસેથી કામ લેવું પણ સરળ બની જાય છે.

ફોન કે સિસ્ટમમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના ડેટા સેવ થતો હોય છે. હા, હવેના ઘણા લેપટોપમાં ઓટોસેવ ઓપ્શન આવે છે. ઘણા ઓનલાઈન પ્રોગ્રામમાં પણ આ વિકલ્પ મળે છે, જેથી અચાનક કોઈ સિસ્ટમ બંધ થઈ જાય કે બેટરી ખૂટી જાય એ સમયે છેલ્લે સુધી કરેલું કામ તે કાયમી ધોરણે સેવ કરીને રાખે છે. સ્માર્ટફોનમાં કોઈ એપ્લિકેશન પર કામ કરતા હોઈએ કે બ્રાઉસિંગ કરતા હોઈએ ત્યારે તો આ ત્રણ પ્રકાર પૈકી કોઈ એક રીતે મેમરીનો ઉપયોગ થાય છે. પછી જે તે ડેટાની આપ-લે શરૂ થાય છે.

ડેટા સ્ટોરેજ અને એક્સેસની મુખ્ય ત્રણ રીત છે કેશ, મેમરી અને ડેટા ડ્રાઈવ. કમ્પ્યુટરમાં હોય કે ફોનમાં, એપ્લિકેશન ફટાફટ ખોલીએ અને બંધ કરીએ પછી એપ્લિકેશનમાં કરેલું બધુ ફટાફટ મળી જાય છે. ડેટા તૈયાર હોય છે આ પાછળ કામ કરે છે કેશ મેમરી. ઈન્સ્ટંટલી ખોલેલું અને જોયેલું બધું અહીં જમા થાય છે, પણ મર્યાદા એ છે આ મેમરી ટાઈપ પાસે મર્યાદિત જગ્યા હોય છે. એના કારણે ડેટા સતત ઓવરરાઈટ થતો રહે છે.

દાખલા તરીકે, મોબાઈલની એક સર્ફિંગ એપ્લિકેશનમાં દર વખતે નવા નવા સજેશન આવે છે. એમાંય આપણે છેલ્લે સર્ચ કરેલી સામગ્રી પહેલા આવે છે.

બીજો પ્રકાર છે મેમરી, જેને આપણે રેમ અથવા રેન્ડમ એક્સેસ મેમરી તરીકે ઓળખીએ છીએ. ફોન હોય કે કમ્પ્યુટર રેમ અનિવાર્ય હોય છે. મોબાઈલ ફોનમાં આંગળીના વેઢાંમાં સમાઈ જાય એટલા નાના કદની રેમ હોય છે.

એક્ટિવ પ્રોગ્રામ અને પ્રોસેસનો ડેટા રેમમાં સ્ટોર થાય છે. એક સાથે વધુ પડતી એપ્લિકેશન ખોલવા કે એના પર એક જ સમયે જુદા જુદા કામ કરવા માટે રેમ મેમરી જરૂરી હોય છે, પણ પ્રોગ્રામ બંધ કરતા કે એપ્લિકેશન બંધ કરતા જ રેમમાંથી ડેટા ડિલિટ થઈ જાય છે. આ એવા ડેટાને હંગામી ધોરણે સંગ્રહ કરી રાખે છે જેનો પછીના ટૂંક સમયમાં ઉપયોગ થવાનો હોય છે.

કોઈ પણ પ્રોગ્રામની ફાઈલ, આપણે ફોનમાં એપ્લિકેશનની મદદથી બનાવેલી કે એડિટ કરેલી ફાઈલ કે કોઈ મલ્ટીમીડિયા આ તમામ વસ્તુ ડેટા ડ્રાઈવમાં સ્ટોર થાય છે.

આ એક એવી મેમરી છે જે કોમ્પ્યુટરમાં લાંબા સમય સુધી ડેટા સ્ટોર રાખે છે. જ્યારે ફોનમાં તે ઈન્ટરનલ સ્પેસને વાપરી ડેટા સેવ રાખે છે. જ્યાં સુધી ડ્રાઈવ બગડે નહીં ત્યાં સુધી ડેટા અહીં સ્ટોર રહે છે. હવે મોટી ફાઈલ્સ કે વધુ પડતા મલ્ટીમીડિયાને સાચવવા માટે એ ડેટાને મર્જ કરીને પણ સાચવી શકાય છે. જેમ કે, તમામ બિલની રિસિપ્ટ, ફોટો હોય તો એપ્લિકેશનમાં મર્જ કે રેન્ડમ સેવ કરીને સ્ટોર કરી શકાય. ■

**આઉટ ઑફ બોક્સ**


*ફોનને પણ રિ-સ્ટાર્ટ કરી શકાય એ વિકલ્પ શોધ કરનાર નોકિયા પ્રથમ કંપની હતી.*


ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## હિમાલયનો આલીશાન વૈભવ

# બરફાચ્છાદિત નંદાદેવી





Look deep into nature, and then you will understand everything better.
Albert Einstein

એલબર્ટ આઈન્સ્ટાઈન કુદરત માટે લખે છે કે, નિસર્ગમાં જેટલા ઊંડા ઊતારશો, એટલા જ સરળતાથી સઘળું સમજી શકશો અને ખૂબ સારી રીતે સમજી શકશો. મારું માનવું છે કે કુદરતને ખરા અર્થમાં જાણવા અને સમજવાની રીત એ મુસાફરી જ છે.

દેશના ખુલ્લા વગડામાં વિવિધ રીતે મુસાફરી કરીને જંગલોની પ્રકૃતિને માણવી અને સમજવી, નદીઓની ધારાઓ સાથે કિનારે કિનારે ચાલતા જઈને એના બદલતા રૂપ રંગ અને સંગીતને માણવું, ખુલ્લા આકાશ તળે બેસીને હજારો તારાઓથી પ્રકાશિત અગોચર વિશ્વમાં ભજવાતા વૈશ્વિક નર્તનને અનુભવવું, અણુ અણુમાં સ્પંદિત થતા લય અને કુદરતની ધ્વનિને મસ્તિષ્કથી છેક હૃદયનાં ઊંડાણ સુધી અનુભવવી. આ બધી રીતો જ કુદરતનાં સમીપે રહીને નિસર્ગને મહાલવાની છે, અને આ રીતોને મેં પ્રત્યક્ષ રીતે સતત માણી છે. મેં હંમેશા કુદરત પર અને કુદરતનાં દરેક સજીવ અને નિર્જીવ તત્ત્વો પર ભરોસો મુક્યો છે.

અજાણી જંગલોની કેડીઓએ મને હંમેશાં કોઈ શ્રેષ્ઠ સ્થળે જ પહોંચાડ્યો છે અને હું એ પરમ મનોહર દ્રશ્યોને પામી શક્યો છું જે વર્ણવવા માટે હું અસમર્થ છું. અજાણ્યા રસ્તાઓ એ મને નિર્ભય બનાવ્યો છે. ખુલ્લા આકાશમાં ચમકતી મંદાકિનીએ મને જીજ્ઞાસુ બનાવ્યો છે. મધુર ગાન ગાતા ગાતા ઊંચાઈથી વહેતી સરિતાની સરવાણીઓએ મને પરોપકાર શીખવ્યો છે. સવાર ઉઘડતા જ મધુર ગાન ગાતા રંગબેરંગી નાનકડાં પંખીઓએ મને પોતાની ક્ષમતા પર વિશ્વાસ કરતા શીખવ્યું છે. વિશાળ જંગલોમાં ત્રાડ પાડતાં વાઘે મને સંઘર્ષ શીખવ્યો છે તો વળી વાઘથી પોતાનાં અસ્તિત્વને ટકાવી રાખવા હરણાઓએ મને સતત પ્રયત્નશીલ રહેતા શીખવ્યું છે. પ્રકૃતિનો મૂળભૂત ગુણ હંમેશાં હકારાત્મક જ રહ્યો છે અને એ હકારાત્મકતા હું મારી અંદર કેળવી શકું છું એનું એક જ કારણ છે કે પ્રકૃતિ જ મારા આરાધ્ય દેવ છે, તે જ મારા ગુરુ છે અને હું આ પ્રકૃતિને વારંવાર નમું છું.

ઊંચાઇએથી દુનિયા જોવાનો મને ગજ્જબનો શોખ એમાં પણ પ્રતિકૂળ સંજોગોમાં તો ખાસ એનું એક જ કારણ કે બહુ જ જૂજ લોકો ત્યાં જોવા મળે.

હિમાલયમાં ઉત્તરાખંડમાં બરફવર્ષા પછી કેદારનાથ અને નંદાદેવીનો નજારો જોવાની એટલી મજા આવે કે જાણે આદિત્ય ખુદ હિમાલયને સોનાનાં ઢોળથી સજાવે એ જોતા આંખો ન ધરાય. કુદરતનાં અનેરા દશ્યો નિહાળવા હોય અને અનુભવવા હોય તો કપરાં ચઢાણ ચઢવા પડે જે સામાન્ય રીતે ખૂબ જ ઓછો વર્ગ ચઢતો હોય છે. દુર્ગમ રસ્તાઓ જરા ઓછા ખેડાયેલા હોય એટલે એની સુંદરતા અકબંધ હોય. ઉત્તરાખંડમાં ચોપતા વેલીમાં તુંગનાથ મહાદેવનો મજાનો ટ્રેક છે. ચોપતાથી શરૂઆત કરીને એક દિવસનો આ ટ્રેક કરી શકાય.

તુંગનાથ મહાદેવ પહોંચતા સુધી તો ઘણાં લોકો તુંગનાથથી જ પરત ફર્યા હશે પણ તુંગનાથથી ઉપર બીજો ત્રણ- ચાર કિમીનો ટ્રેક છે જે સ્વર્ગની અનુભૂતિ કરાવી શકે. ચંદ્રશિલા નામનો આ ટ્રેક ખૂબ જ રમણીય છે. ચંદ્રશિલાના કપરા ચઢાણ પછી હિમાલયનાં નરી આંખે દર્શન કરનાર વ્યક્તિ કદાચ એ ક્ષણને જિંદગીભર ન ભૂલી શકે એવો નજારો જોવા મળે. ખૂબ કપરું ચઢાણ અને તુંગનાથ સુધીનો થાક પણ ખરો પણ આત્મવિશ્વાસ હોય તો ચંદ્રશિલા ચઢી જ શકો. ચઢાણ કરતા ઉતરાણ વધારે કપરું ખરું પણ એવું કહેવાય છે જે વ્યક્તિ ચંદ્રશિલા પહોંચી જાય એ ત્યાંનું દ્રશ્ય જોઈને બોખલાઈ જાય છે, આભો બની જાય છે. ઘડીભર માટે એની વાચા હણાઈ જાય છે. ચંદ્રશિલા પરથી ચારે તરફ હિમાલયના સુવર્ણ શિખરો દેખાય છે. નરી આંખે જોયેલું દ્રશ્ય કોઈ કેમેરા લઇ શકે તેમ નથી કે કોઈ રીતે એ સુંદરતાને હું શબ્દોમાં ઢાળી શકું એમ નથી. હું નતમસ્તક શિવની જટામાં ખોવાયો હોઉ એવો જ કઈક અનુભવ હતો. ચંદ્રશિલા જનાર વ્યક્તિ પણ દિવસ આથમે એ પહેલા તો નીચે ઊતરી જ જાય કેમ કે ઠંડોગાર પવન, ચોતરફ બરફ અને ક્યાંય રસ્તો પણ ન દેખાય. ચઢાણ કરતા ઊતરવાનું વધારે, જ્યાં પગ મુકો ત્યાંથી લપસીને સીધા નીચે આવો એટલે પાછી ફરી શરૂઆત કરવાની. કોઈક કોઈક જગ્યાએ પાકો બરફ જાણે કુદરતી લસરપટ્ટીની રચના થઇ હોય એવું જ કંઈક પણ આ બધા અંતરાયોને ઓળંગીને ચંદ્રશિલા ચઢતા સાથે જ મેં સુમેરુ અને નંદાદેવીને જોતા જ અહીંયાના સૂર્યાસ્ત પછીની લાલિમાની કલ્પના કરી અને નક્કી કર્યું કે સૂર્યાસ્ત પહેલા અહીંયાથી હટવું નથી. પૂનમ પહેલાંની ઢળતી સાંજ હતી, ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો, સૂરજ ડૂબું ડૂબું થઇ રહ્યો હતો અને ચંદ્રશિલા પરના એક પથ્થરને અઢેલીને વાદળોને પહાડની સોડમાં લપેટાયેલાં જોતો હું લગભગ કલાક જેટલો સમય અવાચક બનીને કુદરતની આ પરમ મનોહર લીલાને આંખોથી મારામાં ભરી રહ્યો હતો. આ બધી ક્ષણો એ હતી જે સંપૂર્ણપણે ખાલી મારા માટે જ હતી, મારી જાત માટે જ હતી. સાંજ ઢળતાં સૂરજને ગંગોત્રીની સોડમાં લપાઈ જતા જોઈને જાતને ઢંઢોળી ત્યાં સુધીમાં એકલદોકલ ટ્રેકર પણ નીકળી ચુક્યા હતા અને હું સાવ એકલો અનિમેષ નજરે હાથી પર્વત પર ચંદ્રને જોઈ રહ્યો અને સૂરજની છેલ્લી લાલાશ બરફાચ્છાદિત પર્વતોને તમસની ચાદર ઓઢાડતી ગઈ. કપરા ચઢાણ પછી ચંદ્રશિલા પહોંચે કે કુદરત પોતાની પાસે ખેંચીને તમને વહાલ કરે એવો સાક્ષાત્કાર અહીં થાય છે એટલે જ અહીંયા આવનાર વ્યક્તિ સમયનું ભાન ભૂલીને હિમાલયમાં લીન થઇ જાય છે. આ એ જ જગ્યા છે જ્યાં ચંદ્રએ દક્ષ પ્રજાપતિના ક્ષય રોગના શ્રાપમાંથી મુક્તિ માટે મહાદેવની આરાધના કરી હતી અને ભગવાન શ્રી રામે રાવણવધ પછી બ્રહ્મહત્યા નિવારણ માટે શિવ આરાધના કરી હતી.

ગમે તેવો નાસ્તિક અહીંયા આવીને જ સાચો આસ્તિક બની જાય અને શિવમય થઇ જાય. વાદળોની રંગો સાથે રમાતી રમત અને ૪૦૦૦ મીટર ઊંચાઈએ આથમતો સૂરજ કઈ રીતે નંદાદેવી અને ત્રિશૂળ પર્વત પર સોનેરી ઢોળ ચઢાવે છે એ જોવાની જિજ્ઞાસાએ મને ચંદ્રશિલા પર સૂરજ આથમ્યાં પછી પણ રોકી રાખ્યો. અંધારું થતા હું પાછા ફરવાનો રસ્તો ભૂલી જઈશ, તાપમાન નીચું જતા બરફ જામી જશે અને ઉતરાણ કપરું બનશે, પિવાનું પાણી પણ પૂરું થઇ ગયું હતું આવા ઘણા પ્રશ્નો હતા પણ કુદરતના એ વિશાળ કેનવાસ સામે આ બધા જ પ્રશ્નો સાવ વામણાં લાગતા હતા. સૂર્યાસ્ત થતા જ હું સાવ દિગ્મૂઢ...

ચંદ્રશિલા પરથી જ નંદાદેવી દ્રશ્યમાન થાય છે. સ્વર્ગ વિષે જેટલી પણ કલ્પનાઓ વાંચી છે એ સઘળી આની સામે વામણી છે. સાંભળ્યું છે કે અહીં સ્વર્ગની હવા આવે છે, પણ હવે અનુભવ્યું છે કે અહીં પહોંચવાનો આનંદ સ્વર્ગથી વિશેષ છે. મારા જીવનની શ્રેષ્ઠ ઘડીઓમાંની આ એક ઘડી છે કે ટોચ પર પહોંચીને 'નંદાદેવી' - ભારતના બીજા સહુથી ઊંચા પર્વતને શાંતિથી જોઈ શકું. નંદાદેવીને ભારતીય લોકસાહિત્યમાં હિમાલયની પુત્રી તરીકે ઓળખાવવામાં આવ્યા છે અને ૬૪૦૦ મીટર કરતાં ઊંચા બારેક જેટલા હિમાલયના પહાડોથી નંદાદેવી અને સુનંદાદેવી બંને ઘેરાયેલા છે. એ જ રીતે ભારતની મોટા ભાગે નદીઓનું ઉદ્દગમ સ્થાન એવું ચૌખંભાનાં અદ્ભુત શિખરો અહીંથી નજર સમક્ષ તરવરે. ચૌખંભા ચાર પિલ્લરના પર્વતોથી રચાયેલ અને ગંગોત્રી ગ્લેશિયર સ્થિત ગઢવાલ હિમાલયની સહુથી સુંદર પર્વત શૃંખલા છે અને એને કોઈ પણ દિશામાંથી જુઓ એક સરખી જ દેખાય એ એની ખાસ વિશેષતા છે. ચૌખંભા જ અલકનંદા અને ભાગીરથીની ધારાનું મૂળ છે. કેદારનાથ, શિવલિંગ પર્વત જેવા હિમાલયના મનમોહક પર્વતોને કંપની આપતો આ ઉત્તરાખંડનો સહુથી સુંદર પર્વત છે.ગંગોત્રી ગ્રુપના આ દિવ્ય અને મુખ્ય પર્વતને ગુપ્તકાશી, તુંગનાથ, ચંદ્રશિલા, વાસુકીતાલ, દેઓરીયા તાલ, સાતોપંથ લેક, નાગ ટિબ્બા, કૌરી પાસ અને મદમહેશ્વરથી ખૂબ જ સુંદર રીતે જોઈ શકાય છે. મદમહેશ્વરથી તો સૂર્યની સોનેરી ઝાંય સવાર સાંજ એટલી અદ્ભુત લાગે કે પોતાની આંખો પાર વિશ્વાસ ન થઇ શકે. આ તસ્વીર ચંદ્રશિલા પર સૂર્યાસ્ત સમયની છે. ખાસ તો સૂર્યાસ્ત સમયે ચૌખંભા અને એની શ્રેણીની તમામ પર્વતમાળાને નરી આંખે જોવા માટે હું સૂર્યાસ્ત સુધી ચંદ્રશિલા પર રોકાયો અને હું કુદરતની આ ભવ્યતાને કલાક સુધી માણી શક્યો. હિમાલયની આ પર્વતમાળાઓમાં શિવની ઝટાની કલ્પનાનો સાક્ષાત્કાર થાય જ.

આવાં દ્રશ્યો રૂબરૂ જોઈને જ સમજી શકાય કે મહાન વિભૂતિઓ, મહર્ષિઓ કે દેવતાઓ હિમાલયને જ કેમ પોતાના આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પસંદ કરતા હશે? આ વર્ષે હિમાલય તરફ પગલા માંડો તો નંદાદેવીને વધારે ક્ષણો માટે અચૂક નિહાળજો કુદરત પ્રત્યે અન્યાય કરતા પહેલા તમારી અંદરની સંવેદના તમને જરૂર ટોકશે. ■

# આવી પરીક્ષા તો આવે ને જાય....

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@
bombaysamachar.com

કર્ણાટકના બગલકોટની બસવેશ્વર ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થી અભિષેક ચોલચાગુડાએ એસએસસીની પરીક્ષા આપી હતી. થોડા દિવસ પહેલાં તેનું પરિણામ આવ્યું અને તે તમામ છ વિષયમાં નાપાસ થયો. તેને કુલ ૬૦૦ માર્ક્સના છ પેપરમાંથી માત્ર ૨૦૦ માર્ક્સ મળ્યા એટલે કે તે ૩૨ટકા માર્ક્સ જ મેળવી શક્યો.

આજના સમયમાં સામાન્ય રીતે કોઈ વિદ્યાર્થીનું આટલું ખરાબ પરિણામ આવે તો તે ભાંગી પડે અને તેના માતા-પિતા માટે તો જાણે આભ ફાટી પડ્યું હોય એવી સ્થિતિ સર્જાય, પરંતુ અભિષેકના કિસ્સામાં એવું કશું ન થયું. માતા- પિતાએ એને કહ્યું, :

'તું એસ.એસ.સી.ની પરીક્ષામાં ફેલ થયો છે જિંદગીની પરીક્ષામાં નહીં. જિંદગીમાં ઘણી પરીક્ષાઓ આવશે એ તારે પાસ કરવાની છે. અને વાત એસ.એસ.સી.ની પરીક્ષાની છે તો એના માટે પણ અમને વિશ્વાસ છે કે તું વધુ મહેનત કરીને એસ.એસ.સી.ની પરીક્ષા પણ ફરી આપીશ અને પાસ થઈશ. તું પાસ નથી થઈ શક્યો કે આટલા ઓછા માર્ક્સ લાવ્યો એ માટે સહેજ પણ નિરાશા અનુભવતો નહીં.'

એક તરફ, અભિષેકના સહાધ્યાયીઓ અને મિત્રોએ એની મજાક ઉડાવી હતી, પરંતુ માતા-પિતા એની સાથે ઢાલ બનીને ઊભા રહ્યા. અભિષેકને ભાંગી પડવાને બદલે ફરી પ્રયાસ કરવાની સલાહ આપી અને એ ફેલ થયો એના માટે ઘરમાં માતમ જેવું વાતાવરણ સર્જવાને બદલે એમણે કેક ખરીદી અને અભિષેકની નિષ્ફળતાની ઉજવણી કરી!

આપણા દેશના તમામ માતા- પિતા આવાં સમજુ હોય તો એસ.એસ.સી. કે એચ.એસ.સી.ની અથવા અન્ય કોઈ પરીક્ષામાં નાપાસ થવાને કારણે અથવા તો નાપાસ થવાના ડરને કારણે કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની આત્મહત્યા કરી લે એવી ઘટનાઓ બને નહીં.

એક વારએક પરિચિતના ઘરે જવાનું થયું ત્યારે એમના લિવિંગ રૂમમાં ટીવી પ્લાસ્ટિકમાં વીંટાળેલું જોઈને મને નવાઈ લાગી હતી. એ પરિચિત અને એમની પત્નીને ટીવી જોવાનો બહુ શોખ હતો. ટીવીને પ્લાસ્ટિકમાં વીંટાળેલું જોઈને મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું ત્યારે તેમણે ખુલાસો કર્યો કે 'અમારી દીકરી એસ.એસ.સી.માં આવી છે એટલે અમે હવે ટીવી બંધ જ રાખીએ છીએ! અમે કેબલ કનેક્શન જ કઢાવી નખ્યું છે. એ હવે એચ.એસ.સી.ની પરીક્ષા આપશે પછી જ અમે ઘરમાં ફરી ટીવી ચાલુ કરીશું!'

એ સાંભળીને મને એ કુટુંબની દયા આવી



ગઈ. વિદ્યાર્થીઓ ભણતરના ભારને કારણે અને પોતે પરીક્ષામાં નિષ્ફળતા મળશે એવા ખોફને કારણે જીવન ટૂંકાવી લે એવા કેટલાય કિસ્સાઓ આપણા દેશમાં સતત બનતા રહે છે. આપણા દેશમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આપઘાત કરે છે. એ માટે આપણી શિક્ષણ પદ્ધતિ જેટલી જવાબદાર છે એટલા જ જવાબદાર પેરન્ટ્સ પણ છે.

સંતાનનું બારમું ધોરણ પૂરું ન થાય ત્યાં સુધી માતા-પિતા પોતે ખોફ હેઠળ જીવે અને સંતાનને પણ ખોફ હેઠળ જીવવા મજબૂર કરે એવા કિસ્સાઓ સામાન્ય છે. આ સ્થિતિમાં ઘણા પેરન્ટ્સે ક્યારેક સંતાનના અકાળ મોતને કારણે માથે હાથ મૂકીને રડવાનો વારો આવે છે. એ વખતે કેટલાક પેરન્ટ્સને સમજાય છે કે આપણે જ આપણા સંતાનનો ભોગ લઈ લીધો! પછી જિંદગી આખી પસ્તાવો કરવા સિવાય એ કશું કરી શકતાં નથી. 'કોટા' નામના કતલખાનામાં (કોટા શહેરના કોચિંગ ક્લાસીસ માટે આ જ શબ્દપ્રયોગ બરાબર છે) વિદ્યાર્થીઓ અભ્યાસના દબાણને કારણે જીવન ટૂંકાવી લે એવી ઘટનાઓ અવારનવાર બહાર આવતી જ રહે છે. પરિણામોની 'મોસમ' આવે એ પછી સંખ્યાબંધ વિદ્યાર્થીઓ જાણે જીવન હારી ગયા હોય એવા મોઢા લઈને ફરતા જોવા મળશે અને એમનાં માતા-પિતાઓ એવા ચહેરાઓ સાથે ફરતા જોવા મળે છે કે જાણે એમનું સર્વસ્વ લૂંટાઈ ગયું હોય. આવા બેવકૂફ વિદ્યાર્થીઓ અને ઘેટાં જેવા વડીલો પરીક્ષાને જિંદગીથી પણ વધુ મહત્ત્વ આપી દે છે અને જીવનની પરીક્ષામાં આવા પેરન્ટ્સ અને સંતાન સાગમટે નાપાસ થાય છે. માત્ર પરીક્ષામાં નિષ્ફળ જવાને કારણે આપણા દેશમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લે છે.'નેશનલ ક્રાઇમ રેકર્ડ્સ બ્યૂરો'ના આંકડા પ્રમાણે દર વર્ષે ૧૩ હજારથી વધુ વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓ આપઘાત કરી લે છે. યાદ રહે, આ માત્ર સત્તાવાર રીતે નોંધાયેલા આંકડાની જ વાત છે!

આવી સ્થિતિમાં માતા-પિતા સમજદાર હોય તો સંતાનને ડિપ્રેશનમાં જતાં કે જીવન ટૂંકાવતાં અટકાવી શકે છે, પણ કડવી વાસ્તવિકતા એ છે કે સંતાનોના અભ્યાસને કારણે માતા કે પિતા ડિપ્રેશનમાં સરી પડે છે અને એમણે સાઇકોલોજિસ્ટ કે સાઇકિયાટ્રિસ્ટ પાસે જવું પડે એવા કિસ્સાઓ પણ બનતા રહે છે.

થોડા વર્ષો અગાઉ નાગપુરમાં એક છોકરી ધાર્યા માર્ક્સ ન લાવી શકી એના કારણે એના ઘરમાંથી એક દિવસે ત્રણ અંતિમયાત્રા નીકળી હતી! છોકરીની બોર્ડની પરીક્ષાનું પરિણામ નબળું આવ્યું એટલે માતા એના પર તૂટી પડી. છોકરીના ભાઈએ મમ્મીને બહેન પર ગુસ્સો કરતાં જોઈ. છોકરો નવમા ધોરણમાં ભણતો હતો, પણ તેના પર એસ.એસ.સીની પરીક્ષાનું દબાણ આવી ચૂક્યું હતું. બહેનના પરિણામને કારણે ઘરમાં જે ધમાલ થઈ જોઈને નવમા ધોરણમાં ભણતા છોકરાએ આપઘાત કરી લીધો અને એને કારણે માતાએ પણ આત્મહત્યા કરી લીધી. પોતાના કારણે ભાઈ અને માતાએ જીવન ટૂંકાવી લીધાં એથી વ્યથિત થઈને પેલી છોકરીએ પણ આયખાનો અંત આણી દીધો! બોર્ડની પરીક્ષામાં નબળું પરિણામ આવ્યું એમાં આખું કુટુંબ ખતમ થઈ ગયું!

પેરન્ટસે સંતાનોને દસમા કે બારમા ધોરણની પરીક્ષાઓમાં ઊંચા માર્ક્સ સાથે પાસ થવાનું શીખવવાને બદલે જીવનની પરીક્ષાઓમાં પાસ થવાનું શીખવવું જોઈએ. એવું કરવાથી બાળકો સુખી રહી શકશે અને પેરન્ટસે પણ અકાળે બાળકો ગુમાવવાનું દુ:ખ ભોગવવાનો વારો નહીં આવે!

બિલ ગેટ્સ, જેક મા કે ધીરુભાઈ અંબાણી કે બીજા ઘણા સફળતમ માણસો કોઈ ઊંચી ડિગ્રી વિના જગવિખ્યાત બની શક્યા એ વાત પેરેન્ટ્સ સમજી લે તો એ અજાણે સંતાનના દુશ્મન ન બને.

એસ.એસ.સી.ની કે એચ.એસ.સી.ની પરીક્ષાઓ કોઈ પણ વિદ્યાર્થી માટે મહત્ત્વની ગણાય છે, પણ આવી પરીક્ષાઓ એ જીવનના પર્યાય સમી નથી એ વાત વડીલોએ સમજવી જોઈએ અને પોતાના સંતાનોને ય સમજાવવી જોઈએ. કર્ણાટકના વિદ્યાર્થી અભિષેકના માતા- પિતાએ એ કરી બતાવ્યું છે. એના પરથી દેશના તમામ વડીલોએ પ્રેરણા લેવી જોઈએ.

કોઈ વિદ્યાર્થી એસ.એસ.સી.ની કે એચ.એસ.સી.ની પરીક્ષામાં કે અન્ય કોઈ પરીક્ષામાં નિષ્ફળ સાબિત થાય તો ચાલે, પણ તે જીવનની પરીક્ષામાં નિષ્ફળ ન થવો જોઈએ.■

# એક ટાગોર આવા પણ...
# એક મહાન કવિની અનેક લહાન વાત...

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@
bombaysamachar.com

**ટાઇટલ્સ:**
**કવિ કવિતા લખે, મહાકવિ ઇતિહાસ રચે. (છેલવાણી)**

એકવાર બ્રિટિશ પત્રકારે રવીન્દ્રનાથ ટાગોરને પૂછ્યું :


'વિશ્વના મહાન કવિ તરીકે તમે કેવું અનુભવો છો? '


ટાગોરે તરત હસીને કહ્યું:

'હું વિશ્વનો મહાન કવિ છું કે નહીં એ તો નથી ખબર...પણ આ રૂમમાં તો ચોક્કસ મહાન કવિ છું!'

આપણે જેમને 'શાંતિનિકેતન' વિશ્વવિદ્યાલયના પ્રણેતા કે 'ગીતાંજલિ' કાવ્ય સંગ્રહ માટે નોબલ ઇનામ વિજેતા કે ભારત અને બાંગ્લાદેશ એમ બબ્બે દેશના રાષ્ટ્રગીતના સર્જક રૂપે ઓળખીએ છીએ. એવા ગુરુદેવની આ મહિનાની ૭ તારીખે ૧૬૫મી જન્મ-જયંતી હતી.

ટાગોર ભલે ગંભીર લખતા, પણ સતત સોગિયું ડાચું લઇને નહોતા ફરતા. આપણે ત્યાં તો પાર્ટ-ટાઇમ કવિઓ ફૂલ-ટાઇમ ગંભીરતાનો ઝભ્ભો પહેરીને ફરતા હોય છે, પણ આ મહાકવિ તો દુનિયા કે ખુદ પર પણ હસી લેતા. ત્યાં સુધી કે હળવી હાજર જવાબીમાં એમણે ગાંધીજીને પણ છોડ્યા નહોતા.





ટાગોરની ટ્રેનમાં છેલ્લી તસવીર

એકવાર ગાંધીજી શાંતિનિકેતન ગયેલા ત્યારે ટાગોરને ટપારેલા કે 'જમવાનું પીરસવામાં ને સાથે બેસીને જમવામાં જાતિભેદ ના હોવો જોઇએ. નોકરોની મદદ વિના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ રસોઇથી માંડીને બધાં જ કામ જાતે કરવા જોઇએ.....' ત્યારે ટાગોરે આખી વાત પર હસી નાખીને કહેલું : 'હું પોતે જાતિભેદમાં નથી માનતો, પણ વિદ્યાર્થીઓ એમની મરજી વિરુદ્ધ કોઇ પણ વાત સ્વીકારે એ માટે હું એમના પર જબરદસ્તી ના કરી શકું, કારણ કે આ હોસ્ટેલ છે, તમારો આશ્રમ નથી! '

કેટલાંને ખબર છે કે ટાગોરે અદ્‌ભુત હાસ્ય-વાર્તાઓ પણ લખી છે? સદીઓથી લોકો ભગવાને બનાવેલી દુનિયામાં વાતે વાતે વાંધા કાઢતા હોય છે એટલે ટાગોરની 'દેવતાના રાજીનામાં' વ્યંગકથામાં બધા દેવતા કંટાળીને નોકરી છોડવાનું નક્કી કરે છે, જેમ કે યમરાજે કહ્યું : 'આજ સુધી હું જ મૃત્યલોકમાં સૌથી મોટા ભયનું કારણ હતો, પણ હવે મારા કરતાં ય વધારે ભયજનક પ્રાણીઓ પેદા થઈ ગયા છે. એટલે મારો 'યમ-દંડ ' પોલીસોને સોંપીને આજથી રાજીનામું આપું છું....'

વરૂણ દેવે આંસુ વહાવીને કહ્યું : 'બાટલી-વાહિની વારુણીએ (દારૂએ) મારું પત્તું કાપી નાખવાનો સંકલ્પ કર્યો છે એટલે સમયસર માન જાળવીને ખસી જાઉં એ જ ઠીક છે!'

વાયુએ કહ્યું : 'દુનિયામાં અત્યારે આઠે ય દિશામાંથી હજાર જાતના વાયુ (પ્રદૂષણ) વાય છે એટલે હવે હું આરામ લઈશ!'

ચંદ્રમાએ કહ્યું : 'પૃથ્વીલોકમાં કવિઓ પોતાની પ્રેમિકાનાં પગના નખને મારા કરતાં વધુ મહત્ત્વ આપે છે એટલે જ્યાં સુધી કવિ રમણીભવનમાં પાદુકાનો સંપૂર્ણ પ્રચાર ન થાય ત્યાં સુધી હું અંત:પુર(મહેલ)માંથી બહાર નીકળીશ નહીં.'

...તો એક ટાગોર આવા પણ હતા.

**ઇન્ટરવલ:**
**છૂ કર, મેરે મન કો,**
**કિયા તુંને, ક્યા ઇશારા?**
**(રવીન્દ્ર-સંગીતવાળું ફિલ્મ ગીત)**

૧૯૩૨માં ગાંધીજીએ અત્યંત નિરાશ અવસ્થામાં યરવડા જેલમાં ઉપવાસ આદરેલા. ત્યારે ૭૨ વરસે છેક કોલકતાથી વૃદ્ધ ટાગોરે બાપુને હિંમત આપવા આવેલા ને અશ્રુભીની આંખે ગીત ગાયેલું:

જીવન જ્યારે સૂકાઇ જાયે,
કરુણાં વર્ષતા આવો!

જોકે, એ જ ટાગોર-ગાંધી વચ્ચે 'અહિંસા' કે 'સ્વદેશી' વગેરેને લઇને સતત ટકરાવ પણ ચાલતો. એકવાર સાબરમતી આશ્રમમાં ટાગોર પહોંચ્યા ત્યારે ગાંધીજી હાજર નહોતા. ત્યારે એક યુવાન છોકરો, ટાગોરને આવકારવા આવ્યો ને એણે સ્વાવલંબન ને બ્રિટિશ શાસન સામે 'પ્રતિકારના પ્રતીકાત્મક કાર્ય' તરીકે ટાગોરને ચરખો કાંતવા માટે કહ્યું. ટાગોરે ના પાડી, કારણ કે એક રસિક રસકવિ તરીકે ગાંધીજીના આવા 'ચરખા કાંતવાના આગ્રહ'ની વાત એમને બહુ જ બકવાસ-

બોરિંગ અને વિકાસને પાછળ ધકેલનારી પ્રવૃત્તિ લાગતી, જેની જાહેરમાં એમણે ટીકા પણ કરેલી, પરંતુ ન જાણે કેમ એ દિવસે છોકરા પાસે ટાગોર પીગળી ગયા. જેમ જેમ એમણે ચરખો કાંતવાનો શરૂ કર્યો કે એ પ્રક્રિયા એમને ધ્યાનસ્થ કરતી શાંતિપૂર્ણ લાગી.

આ જાણીને ગાંધીજીએ કહ્યું : 'ગુરુદેવ, તમારે રોજ ચરખો કાંતવો જોઇએ...' ત્યારે ટાગોરે હસીને માર્મિક ચાબખો માર્યો :

'મહાત્મા, તમે જ્યારે રોજ એક કવિતા લખશો ત્યારે હું પણ રોજ ચરખો કાંતવાનું શરૂ કરીશ! '

'કાબુલીવાલા' કે 'ડાકઘર' જેવી સંવેદનાપૂર્ણ કૃતિઓના ધીર-ગંભીર લેખક ટાગોર રમૂજી નાટક 'વિદ્યાર્થીની પરીક્ષા'માં ઊંડાણવાળો અવો વ્યંગ કરે છે:

શિક્ષક: ઇતિહાસમાં સિરાજ-ઉ-દૌલાને કોણે ખતમ કર્યો?

બાળક: ઊધઇએ! (માસ્તર, એને સોટી મારે)

સાહેબ, ખરેખર! એકલો સિરાજ-

ઉ-દૌલા જ નહીં, પણ આખે આખો ઇતિહાસ જ ઊધઇએ ખતમ કર્યો છેને?! '

બીજી તરફ, વળી ટાગોર 'પોપટની વાર્તા'માં જાણે પોતે કોઇ બીજા જ લેખકનું રૂપ ધારણ કરીને લખે છે કે:

એક શેઠ, પોપટ ખરીદીને લાવે છે ને એને બોલવાની તાલીમ આપવા માટે ખાસ ટ્રેનર રાખે છે. ટ્રેનર દિવસો સુધી પોપટને બોલતા શીખવે છે, પણ પોપટ તો બોલે જ નહીં. હવે શેઠ અકળાય છે ત્યારે ટ્રેનર એમને કહે છે કે 'પોપટને થોડા દિવસ એકલો રૂમમાં પૂરી રાખો...' તો ક્યારેક કહે છે કે 'પોપટ બહુ જિદ્દી છે, જલદી નહીં માને '..વગેરે વગેરે.. છેવટે શેઠ ગુસ્સામાં પોપટને જાનથી મારવા જાય છે

ત્યારે ટ્રેનર શેઠને રોકીને કહે છે : 'પોપટને મારશો નહીં, મારામાં જ કોઇ ખામી હશે.'

હવે ગુસ્સામાં શેઠ પેલા ટ્રેનરને મારવા જાય છે ત્યારે પોપટ પહેલીવાર બોલી પડે છે:

'શેઠ, એ બિચારાને મારતા નહીં. એણે તો બહુ કોશિશ કરી પણ શું છે કે હું જ બોલવાના મૂડમાં નહોતો! '

અહીં ટાગોર બહુ સ્માર્ટલી-સિફતથી કહે છે કે કોઇને બદલવાનો કે સુધારવાનો પરાણે પ્રયત્ન કરવો નહીં...'

જુઓને, 'જનગણમન' ચડે કે 'વંદેમાતરમ' જેવી ચર્ચા કરવામાંથી આપણે હજી યે આટલાં વરસે પણ સુધર્યા છીએ?!

કહે છે એક માણસની અંદર બે-ચાર માણસ વસે છે તો ટાગોર જેવી હસ્તીમાં કંઇ કેટલાં સેંકડો ટાગોર વસતા હશે! શતખંડમાંના કેટલા ખંડને આપણે સમજી શક્યા છીએ?

**એન્ડ-ટાઈટલ્સ:**
**આદમ: જોગિંગ કરવા આવવું છે?**
**ઈવ: એકલો જાને રે..** ■

# તમારી કારકિર્દીનું મૂલ્યાંકન જરૂરી છે, કારણ કે...

કેરિયર
કીર્તિશેખર
feedback@
bombaysamachar.com

તમારી પાસે એક એવી જોબ છે જેમાં તમને સારું વળતર મળે છે અને તમે કામ પણ સારી રીતે ક્રો છો, પરંતુ તો પણ તમને લાગતું હશે કે ક્યાંક કશુંક ખૂટે છે. તમારી જોબ તમને ચેલેન્જિંગ નથી લાગી રહી અથવા તો એમ લાગે કે કેરિયરમાં કાંઈ બાધા આવે છે, આગળ નથી વધી શકાતું. તમારે ચિંતા કરવાની જરૂર નથી કારણકે બધાના જ કેરિયરમાં એવો સમય આવે કે જેમાં એવું લાગે કે ગાડી પાટા પરથી ઊતરી ગઈ છે.

એક અણગમતી કારકિર્દીમાં રહેવું એ પણ એક સમસ્યા છે. ઘણાનું તો એમ પણ માનવું છે કે, આ એક સક્રિય કારકિર્દી જીવનનો અંત છે અને આના આંતરિક અને બાહ્ય કારણ હોય છે,પરંતુ આ વાત સાચી નથી. ખોટી કારકિર્દીમાંથી નીકળવાના ઘણા સફળ રસ્તા છે. જો તમને એવું લાગતું હોય કે તમે પણ આવી પરિસ્થિતિમાં છો તો નીચે આપેલાં સૂચનોથી લાભ લઈ શકો છો.

**તમારી કારકિર્દીનું મૂલ્યાંકન કરો -** સૌથી પહેલા તમારે તમારી કારકિર્દી મૂલ્યાંક્ન કરવાનું છે. મૂલ્યાંકન એટલે તમારી વર્તમાન કારકકિર્દી તમારી ક્ષમતા અને વ્યક્તિગત યોગ્યતા અનુસાર છે? એવું તો નથી ને કે તમારી સાથે કોલેજમાં ભણતા કે પછી તમારી ઓફિસમાં તમારા પછી જોડાયેલા તમારી આગળ તો નથી નીકળી ગયા ને? અને જો આવું હોય તો આવું શું કામ છે ?

તમે કયાં હિસાબે પાછળ રહી ગયા છો? તમારી પ્રગતિ શું કામ નથી થઈ રહી? આ બધા જ પ્રશ્નોના જવાબ તમને સાચું મૂલ્યાંકન કરવામાં મદદ કરશે. એના જવાબને આધારે તમે આગળની યોજનાઓ બનાવી શકો.

**વાસ્તવિક લક્ષ્યો નિર્ધારિત કરો -** તમે તમારી કારકિર્દીમાં જ્યા પહોંચવા માગતા હોય તેના નાનાથી મોટા લક્ષ્ય નક્કી કરો કે જેને વાસ્તવિક રૂપે પ્રાપ્ત કરી શકવાનું સંભવ હોય. વિશેષજ્ઞોનું કહેવું છે કે, લક્ષ્ય એવાં હોવાં જોઈએ જે સાકાર થઈ શકે. તેથી જ લક્ષ્ય નક્કી કરતા સમયે પોતાના ઉદ્યોગ અને સંસ્થાના સંદર્ભોને ધ્યાનમાં રાખો.

જેમકે જો તમારી કંપની લોસમાં હોય તો તમે પ્રમોશનની આશા ન રાખી શકો. સાથે સાથે તે પણ જરૂરી છે કે, પોતે નક્કી કરેલાં લક્ષ્યોને ધ્યાનમાં રાખી નિયમિત




રૂપે પોતાની પ્રગતિનું મુલ્યાંકન કરવું.

**પોતાના કૌશલ્યને અપગ્રેડ કરો -** એ જ વ્યક્તિ પ્રગતિ કરે છે જે નિરંતર નવું શીખવાનો પ્રયાસ કરે છે. તેથી જ તમારે માત્ર તમારી એક્સપરટીઝ પર જ ધ્યાન નથી આપવાનું પરંતુ સાથે સાથે પ્રોફેશનલ ટ્રેનિંગ પણ લેવી જોઈએ. જેથી તમે તમારા હરીફોથી હંમેશાં એક પગલું આગળ રહેશો.

**આંખ અને કાન ખુલ્લા રાખવા -** આગળ વધવા માટે દુનિયામાં શું ચાલી રહ્યું છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. તમારી કંપની કે તમારી આજુબાજુ જેટલા પણ નવા બદલાવ થાય છે તેની જાણકારી તમને હોવી જોઈએ. તમારે એવા પ્રોજેક્ટમાં સહયોગ આપવો કે જેનાથી કંપની પર સારો પ્રભાવ પડે.

**નેટવર્ક -** આજકાલ વ્યવસાયોને જે નવી નવી રીતે ચલાવવામાં આવે છે તેમાં મજબૂત નેટવર્ક હોવું ખૂબ જ જરૂરી છે. અલગ અલગ સામાજિક અને પ્રોફેશનલ નેટવર્કિંગ સાઈટ તમને પોતાનું નેટવર્ક વધારવા માટે નવા નવા ચાન્સ આપે છે જેથી કોઈ નવી દિશા મળી શકે.

**ચેલેન્જિંગ રોલ કરવા -** તમારા કન્ફર્ટ ઝોનથી બહાર નીકળી ચેલેન્જિંગ રોલ કરવા. આ રીતે તમે નોકરીની વધારાની જવાબદારીઓ સ્વીકારો છો અથવા આંતરિક વિભાગીય સમિતિમાં નિમણૂક પામો છો અને સફળતાની સીડી ચડી શકો.

**મદદ લેવી -** જો તમને કોઈ કામ ન સમજાતું હોય તો પ્રોબ્લેમ સોલ્વ કરવા માટે તમે પ્રોફેશનલની મદદ માગી શકો. આજકાલ વ્યવસાય સંબંધી મદદ માટે કેટલી કંપનીઓ છે જે માત્ર તમારું માર્ગદર્શન જ નથી કરતી પરંતુ તે તમારા પ્રોફેશનલ કોચ બની જાય છે.

**વિજેતાઓથી શીખવું-** પ્રેરણાના સ્રોત બધી જ જગ્યાએ હોય છે. તમારી કંપનીમાં પણ એવા કેટલા લોકો હશે કે જેનું તમે અનુકરણ કરી શકો. વિજેતાઓને પોતાના આદર્શ બનાવો, તેઓ એ જે બેન્ચ માર્ક સેટ કર્યા છે તેમનું અનુકરણ કરો. તેઓ પાસેથી એ શીખવાનું કે કોઈપણ પ્રોજેક્ટને અલગ રીતે કઈ રીતે કરી શકાય.

**જોબ માટે અપ્લાય કરવું-** માર્કેટ પર હંમેશાં ધ્યાન રાખવું. જોતા રહેવું કે કઈ ટાઈપની જોબ અવેલેબલ છે. જરૂર લાગે ત્યાં અપ્લાય પણ કરવું . આ એક સારો નુસખો છે તમારી માર્કેટ વેલ્યૂ જાણવાનો. આ રીતે તમને પોતાની ક્ષમતા અને બાહરી વિકાસનો ખ્યાલ આવે છે. તમને તરત ખ્યાલ આવશે કે તમે ક્યાં છો અને ક્યાં પહોંચવાનું છે.

**પોતા પર વિશ્વાસ રાખવો -** સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે, તમને તમારી યોગ્યતા પર પૂરેપૂરો ભરોસો હોવો જોઈએ. સંપૂર્ણ વિકાસ માટે તમારો આત્મવિશ્વાસ જ કામ આવશે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ‘ઈન્ડિયા ફર્સ્ટ’ એમાં ખોટું શું છે ?

**વૈશ્વિક વેપારના નકશા પર ભારત સક્ષમ સ્થાન બનાવવા સજાગપણે સક્રિય થઈ રહ્યું છે. ભારત સીધા વિદેશી રોકાણના નીતિ-નિયમોમાં પણ સુધારા કરવાની પ્રક્રિયામાં છે. આપણી વિશાળ માર્કેટ સામર્થ્ય અને વ્યવહારુ અભિગમ જોઈને હવે કોઈ હિંદુસ્તાનની ઉપેક્ષા નહીં કરી શકે.**



તાજેતરના ટૅરિફ યુદ્ધની ઘટનાએ સમગ્ર વિશ્વમાં એક ખાસ સબક એ શીખવી દીધો છે કે ખુદ વેપાર-આયાત-નિકાસ ક્ષેત્રે મજબૂત બનો. સ્પર્ધામાં સક્ષમ બનો. ટ્રમ્પના એક પછી એક જાહેર થયેલા અને સતત બદલાતા નિયમોના પગલે દરેક દેશ પોતાની આર્થિક રક્ષા માટે જાગ્રત અને સક્રિય બની રહ્યો છે. આ સંદર્ભમાં આપણો દેશ પણ સતત સજાગતા સાથે વ્યવહારું બનીને પગલાં લઈ રહ્યો છે.

જયારે બીજીબાજુ ચીન અમેરિકાનું ટૅરિફ યુદ્ધ પણ શાંત પડી ગયું દેખાય છે. ભારત આ સંજોગોમાં શું કરી રહ્યું છે અને વિચારી રહ્યું છે તેના પર નજર કરવી-સમજવી જોઈએ. વિદેશી માલિકીની કંપનીઓ પ્રત્યે ભારતના દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને વિદેશી રોકાણો માટેના નવા કડક નિયમોનો અમલ થવાની ચર્ચા ચાલુ થઇ છે. આવા ફેરફારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવતાં રોકાણોને લગતાં હશે અને એમાં સવિશેષપણે શેર ટ્રાન્સફર અથવા રિસ્ટ્રક્ચરિંગ(પુનર્ગઠન)ના કિસ્સામાં આવાં રોકાણોને વિદેશી સીધા રોકાણ (FDI-ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ) નિયમોને આધીન બનાવાશે.

**વિદેશી માલિકીના નિયમો કડક થશે**

મળતી માહિતી અનુસાર ભારત વિદેશી માલિકીના નિયમોને કડક બનાવવાની યોજના બનાવી રહ્યું છે,જે ઈ- કોમર્સથી લઈને ફાર્માસ્યુટિકલ્સ સુધીના બિઝનેસ પર નોંધપાત્ર અસર કરી શકે છે. આ ફેરફારો વિદેશી માલિકીની કંપનીઓ પ્રત્યે ભારતનો દૃષ્ટિકોણ ફરીથી ડિફાઈન કરશે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતાં આવાં રોકાણો તેમ જ ખાસ તો શેર ટ્રાન્સફર અથવા પુનર્ગઠનની બાબતમાં તેમને વિદેશી સીધા રોકાણ (FDI) નિયમો હેઠળ આવરી લેશે. આ વિષયની ચર્ચાઓ અંતિમ તબકકામાં છે અને તેમાં નાણાં મંત્રાલય અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના અધિકારની રૂ એ ઘડાયેલા આ અંતિમ નિયમો ટૂંક સમયમાં જ જારી થશે.

**FOCE ની નવી શ્રેણી બની શકે...**

આ સમીક્ષાનો હેતુ વિદેશી રોકાણ કાયદાઓને સરળ બનાવવાની સાથે સાથે છટકબારીઓને બંધ કરવાનો પણ છે.

કેન્દ્ર સરાકર ‘વિદેશી માલિકીની અને તેમના દ્વારા નિયંત્રિત સંસ્થાઓ’ (Foreign Owned and Controlled Entitiesquot; -FOCE), ની એક નવી શ્રેણી બનાવવાની યોજના ધરાવે છે, જેમાં પરોક્ષ વિદેશી રોકાણ ધરાવતી ભારતીય કંપનીઓનો પણ સમાવેશ થવાની સંભાવના છે. ભારતમાં જે સીધા મૂડી રોકાણ દ્વારા કરી શકાતું નથી તેને પરોક્ષ રીતે પણ મંજૂરી આપવી જોઈએ નહીં એવું સરકાર દ્રઢપણે માને છે અને તેથી જ હવે આ વિશે નવા નિયમોમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થશે.

આ નવા નિયમના ફેરફારો અમલમાં આવ્યા બાદ સ્થાનિક પુનર્ગઠન અથવા આંતરિક ટ્રાન્સફર પણ વિદેશી માલિકીની કંપનીઓ માટેની FDI જોગવાઇઓને આકર્ષશે અને તે મુજબ જ ટ્રાન્સફર કે રિસ્ટ્રક્ચરિંગ કરી શકાશે. FOCEને ભારતીય કંપની અથવા રોકાણ ભંડોળ તરીકે ડિફાઈન કરવામાં આવશે અને ભારતની બહાર રહેતી વ્યક્તિઓ દ્વારા નિયંત્રિત થતાં રોકાણોનો એમાં સમાવેશ કરાશે. એમાં પરોક્ષ માલિકીને આવરી લેવાની સાથે, તે માળખા અથવા માલિકીમાં ફેરફારની વાત આવે ત્યારે સીધી માલિકીની વિદેશી કંપનીઓ માટેનાં FDI નિયમોને આધીન બનાવાશે.

**પાછલે બારણેથી ભારતમાં પ્રવેશ કઠિન બનશે**

ખાસ કરીને, પરોક્ષ શેરહોલ્ડિંગની કોઈપણ ટ્રાન્સફરની બાબતની જાણ કરવાની જરૂર પડશે અને એણે દરેક ક્ષેત્રદીઠ વિદેશી રોકાણ મર્યાદાઓનું પાલન કરવું પડશે. આ વ્યવહારો વાજબી બજાર મૂલ્ય પર કરવા માટેના નિયમોને પણ આધીન રહેશે. નિયમોમાં પ્રસ્તાવિત સુધારાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિદેશી રોકાણકારો ભારતની FDI નીતિના ઉદ્દેશ્યને બાયપાસ ન કરી શકે. સેન્ટ્રલ બેંક આ બાબતે સહમત છે. નવી FOCE વ્યાખ્યા ચીની અથવા અન્ય વિદેશી રોકાણકારો માટે ઓફશોર ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ અથવા લેયર્ડ સ્ટ્રક્ચરવાળી ભારતીય સંસ્થાઓ જેવા પરોક્ષ માળખાનો ઉપયોગ કરીને પાછળના દરવાજેથી વિશેષ નિયમન હેઠળનાં ક્ષેત્રોમાં પ્રવેશ કરવાનું મુશ્કેલ બનશે.

**ભારત ફર્સ્ટ પણ....**

ભારતને મોટા અને સાતત્યપૂર્ણ વિદેશી રોકાણની જરૂર છે અને હજી લાંબો સમય રહેશે. એથી ભારતે આ દિશામાં ઉદાર રહેવું પણ પડશે, ભારતે સ્થાનિક ઉત્પાદકો તેમ જ પોતાના ‘મેક ઈન ઈન્ડિયા’ મિશનને પણ આગળ વધારવાનું છે. જો અમેરિકન સરકાર ‘અમેરિકા ફર્સ્ટ’ કરતું હોય તો ભારતે પણ ‘ભારત ફર્સ્ટ’ પર જોર આપે એમાં કંઈ ખોટું નથી. અલબત્ત, દરેક દેશ પોતાને અગ્રક્રમે મુકવાનું ચાહશે, કિંતુ એમ કરવા માટેની શક્તિ કે સામર્થ્ય બધાં દેશોમાં હશે નહીં, જેથી ઘણાં દેશોએ સમાધાન પણ કરવા પડશે. ટૅરિફ યુદ્ધમાં મોટા અને અગ્રણી યોદ્ધા દેશોમાં ચીન, યુરોપ, બ્રિટન, ભારત, રશિયા ગણાય છે. હાલ તો ભારત અને યુએસ વચ્ચે ત્રણ તબક્કામાં વેપાર કરાર કરવાની વાટાઘાટ ચાલુ છે.

જોકે ટ્રમ્પના અભિગમને ધ્યાનમાં રાખતા આમાં ફેરફાર સંભવ છે, પરંતુ હવેના સંજોગોમાં ભારતની સદંતર ઉપેક્ષા થવાનો સમય ચાલ્યો ગયો છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# જાસૂસ જયોતિ મલ્હોત્રા તો માતાહારી સામે બચ્ચુ છે!

ભારત-પાકિસ્તાન વચ્ચેના તાજેતરના મિનિ-યુદ્ધ પછી યુ-ટયૂબર જયોતિ મલ્હોત્રા પાકિસ્તાન વતી જાસૂસી કરતી હોવાનું બહાર આવ્યું: થોડા સમય અગાઉ માધુરી ગુપ્તાનું નામ ચગ્યું હતું. ભારત વતી પાકિસ્તાનમાં જાસૂસી કરતી સહમત ખાન (જેની વાર્તા ફિલ્મ ‘રાઝી’માં હતી), નેતાજી સુભાષચંદ્ર બોઝની ઇન્ડિયન નેશનલ આર્મી વતી જાસૂસી કરતા નીરા આર્યા જેવી ઘણી મહિલા જાસૂસો સમાજમાં થઇ ગઇ.

જોકે મહિલા જાસૂસોમાં સૌથી શિરમોર એટલે માતાહારી ઉર્ફે ઝેલ્લે ઉર્ફે માર્ગારિટા ગેરત્રુઇદ મેક્લોઇડ. માતાહારી એટલે મદહોશ કરતું સૌંદર્ય. ગજબની અદા, અદ્ભુત ડાન્સ... ટૂંકમાં ગ્લેમર જ ગ્લેમર. સ્ત્રીત્વ, સુંદરતા, લાવણ્ય, માદકતા અને નશીલી આંખોથી માતાહારી એક સમયે યુરોપને પોતાની આંગળી પર નચાવતી હતી.

ઇ.સ. ૧૮૭૬ની સાતમી ઓગસ્ટે નેધરલેન્ડમાં જન્મેલી માર્ગારિટા ટોપીના વેપારીની દીકરી. આ ખાધેપીધે સુખી પરિવારે માર્ગારિટા અને તેના ત્રણ ભાઇઓનો વ્યવસ્થિત ઉછેર કર્યો. સ્કૂલમાં ભણતી માર્ગારિટ તેર વર્ષની થઇ. ત્યાં પિતાએ દેવાળું ફૂંકયું એટલું જ નહીં. માતા-પિતાએ છૂટાછેડા લઇ લીધા. પિતાએ બીજા લગ્ન કર્યા ને માર્ગારિટાએ જવું પડ્યું દાદાને ઘરે. સ્કૂલના હેડમાસ્ટર માર્ગારિટ સાથે ઇશ્કબાજી કરવા માંડ્યો તો દાદાએ પૌત્રીનું ભણવાનું છોડાવી દીધું. થોડા મહિનામાં એ દાદાનું ઘર છોડીને હેગમાં કાકાને ઘરે રહેવા પહોંચી ગઇ.

૧૮ વર્ષની થઇ ત્યારે માર્ગારિટાએ ડચ લશ્કરના કેપ્ટન રૂડોલ્ફ મેકલોઇડની લગ્ન-વિષયક જાહેરખબર જોઇ અને તેણે સંપર્ક સાધ્યો. ૧૮૯૫ની ૧૧મી જુલાઇએ માર્ગારિટ આમસ્ટર્ડેમમાં મિસિસ મેકલોઇડ બની ગઇ. હવે માર્ગારિટા સમાજના ઉચ્ચ-ધનિક વર્ગમાં વિહરવા માંડી. ચાર વર્ષમાં એ બે સંતાનની માતા બની ગઇ પણ એકંદરે લગ્ન નિરાશાજનક નિવડ્યા. દારૂડિયો રૂડોલ્ફ ક્યારેક માર્ગારિટ પર હાથ પણ ઉપાડી લેતો હતો. પોતાની બઢતી ન થવા બદલ એનો વાંક પણ કાઢતો હતો. દીકરા નોર્મનનું બીમારીમાં અવસાન થયું. એના મોત અંગે



ય ખૂબ અફવાઓ ઊડી.

પતિની બદલી બાદ માર્ગારિટા સાથે ન ગઇ. આ સમયમાં એ દોસ્તો-સખીઓને લખતી કે મેં હવે મારું નામ ‘માતાહારી’ સ્થાનિક (ઇન્ડોનેશિયન ભાષામાં સૂર્ય). રૂડોલ્ફના ખૂબ મનામણા બાદ માર્ગારિટા એની પાસે ગઇ પણ એ જરાય સુધર્યો નહોતો. અંતે ૧૯૦૨ની ૩૦મી ઓગસ્ટે બન્નેએ સત્તાવારપણે છૂટા પડવાની પ્રક્રિયા શરૂ કરી જે પૂરી થઇ ૧૯૦૬માં. એક સંતાનની સોંપણી માર્ગારિટાને થઇ અને બાળકના ભરણપોષણ માટે આપવાની રકમ નક્કી થઇ પણ રૂડોલ્ફે ક્યારેય ચૂકવી નહીં. થોડા સમય બાદ દીકરી જેની પિતા પાસે જતી રહી અને પિતાએ એને ક્યારેય પાછી ન મોકલી.

૧૯૦૩માં ઝેલ્લે ઉર્ફે માર્ગારિટા ફ્રાંસના પેરિસમાં પહોંચી ગઇ. અહીં તેણે સર્કસમાં અશ્વ-સવાર તરીકેની નોકરી મેળવી ને નામ રાખ્યું લેડી મેકલોઇડ. ક્યારેક જીવન-નિર્વાહ માટે એ આર્ટિસ્ટ સામે પોઝ આપતી હતી. એ વ્યવસાય બદલતી રહી અને ૧૯૦૪માં એ જાણીતી ડાન્સર બની ગઇ. લોકપ્રિયતા અને વ્યસ્તતા વધવા સાથે તેણે એજન્ટને પણ રોક્યો.

હવે ઝેલ્લે સફળતાને માણવા માંડી. એ બેફામ બની ગઇ. ખુલ્લેઆમ અંગ-પ્રદર્શન કરવા માંડી અને ફલર્ટિંગ કરવા માંડી. એ પોતાના પ્રેક્ષકો અને ચાહકોને મંત્રમુગ્ધ કરવા લાગી. એ અબજોપતિ ઉદ્યોગપતિ એમીલ ગુઇમેગીની ઉપવસ્ત્ર તરીકે જીવવા માંડી, મોજશોખ કરવા માંડી.

એ સમયે મનોરંજન ઉદ્યોગમાં એવી ફેશન-પરંપરા કે દરેક પોતાના સંઘર્ષ કે ભૂતકાળની બનાવટી કાલ્પનિક વાર્તાઓ વહેતી કરે. ઝેલ્લેએ ગપગોળા ચલાવ્યા કે પોતે જન્મે હિન્દુ છે અને જાવાની રાજકુમારી છે. પોતે બાળપણથી ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં ગળાડૂબ હોવાનો દાવો ય કર્યો. આ અવધિમાં તેણે કલાકારો માટે સંપૂર્ણ નગ્ન કે અર્ધ-નગ્ન ફોટાય પડાવ્યા. તેના પતિએ આ ફોટાનો ઉપયોગ દીકરીને પાછી માતા પાસે ન મોકલવા માટે અદાલતમાં કર્યો હતો.

અંદરની દુ:ખી માતાને જીવતી રાખીને ઝેલ્લે ઉર્ફે માતાહારી ઉર્ફે માર્ગારિટા સ્ટેજ ગજવતી હતી. એ નૃત્ય દરમિયાન પોતાના શરીર પરથી એક-એક વસ્ત્ર ત્યાગ કરતી ત્યારે ઘણાં ફાટી આંખે જોઇ રહેતા હતા. એના રૂપના યૌવનના દીવાના રોજબરોજ વધી રહ્યા હતા.

તેણે પેરિસમાં ઇરોટિક ડાન્સની એક નવી શૈલીને લોકપ્રિય કરી જે પછીથી વિશ્વભરે અપનાવી લીધી. એના ચાહકોની સાથોસાથ ટીકાકારોય વધી રહ્યા હતા. એની શૈલીની ઠેરઠેર નકલ થવાને બદલે એનું આકર્ષણ ઘટવા માંડ્યું. ૧૯૧૨માં ડાન્સર તરીકેની કારકિર્દી અસ્તાચલ તરફ જવા માંડી. ૧૯૧૫ની ૧૩મી માર્ચે તેણે છેલ્લો ડાન્સ કર્યો.

પહેલું વિશ્વ યુદ્ધ થયું એમાં નેધરલેન્ડ એકદમ તટસ્થ રહ્યું હતું. આથી ડચ નાગરીક તરીકે ઝેલ્લે-માર્ગારિટા-માતાહારીને ફ્રાંસ અને નેધરલેન્ડ વચ્ચે મુક્તપણે અવરજવરની છૂટ હતી, જે એ ક્યારેક વાયા સ્પેન કે બ્રિટન ફરતી હતી.

આ વિશ્વ-યુદ્ધ દરમિયાન તે ૨૩ વર્ષના રશિયન કેપ્ટન વાદિમ માસ્લોવના ગળાડૂબ પ્રેમમાં પડી. ત્યાં પ્રેમમાં કોઇ બંધન નહોતા અને બેમાંથી કોઇને નિયંત્રણ પસંદ નહોતા. આ પ્રેમી-પંખીડા એકદમ બેફામ અને બિન્દાસ્ત હતાં. આ પ્રેમ જ માતાહારીને એક નવી રોમાંચક, જોખમી અને અજાણી દુનિયામાં લઇ જવાનો હતો. વિશ્વભરમાં ખ્યાતિ મળવાની હતી પણ એની કિંમત કે જાણતી નહોતી. (ક્રમશઃ) ■

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# સ્વાદની દુનિયામાં કઈ રીતે મહારાજા બન્યા બટાકા?





જો આજે દુનિયાના કોઇ પણ ખૂણામાં જમવાની થાળીમાં કોઇ એક શાકને જોવું હોય તો તે નિશ્ચિત રીતે બટાકા હશે. વાસ્તવમાં બટાકા સ્વાદની દુનિયાનો મહારાજા છે. એમાં ફ્રેન્ચ ફ્રાઇઝ હોય કે પછી મસાલેદાર ચાટ હોય, કે પછી બંગાળની બટાકા પોસ્ત હોય, કે પછી ઉત્તર ભારતના પ્રખ્યાત આલૂ દમ હોય, રશિયાની ઓલિવેયર સલાડ હોય કે પછી આફ્રિકાના એમ્સ સાથે બનેલી ડીશ હોય, બટાકા તમામ જગ્યાએ સુપર છે. બટાકા તમામ જગ્યાએ હોય છે, દરેક સ્વરૂપમાં હાજર હોય છે. દુનિયાનો કોઇ એવો વિસ્તાર નહીં હોય જે વિસ્તારમાં કોઇ ખાસ સ્વાદમાં બટાકાની હાજરી નહીં હોય. સવાલ એ છે કે જમીનની નીચે ઉગતું આ સાધારણ કંદમૂળ ખાવાની દુનિયામાં ટોપ પર કેવી રીતે પહોંચ્યુ? આખરે શું કારણ છે જેણે બટાકાને વૈશ્વિક ભોજનની સંસ્કૃતિનો તારો બનાવી દીધો.

**બટાકાનો જન્મ**

આજથી લગભગ ૭૦૦૦ વર્ષ અગાઉ બટાકા આજના પેરૂ અને બોલિવિયાના એન્ડીઝ પર્વતો પર પ્રથમવાર મળી આવ્યા હતા. સૌ પ્રથમ ત્યાંના સ્થાનિક આદિવાસીઓએ જંગલી બટાકાની પ્રજાતિઓ શોધી હતી. તેને ખાવાની ચીજ બનાવવાનું જોખમ ઉઠાવ્યું હતું. આ રીતે લગભગ ૭૦૦૦ વર્ષ અગાઉ એન્ડીઝ પર્વતના આદિવાસીઓએ આપણા માટે બટાકાની શોધ કરી અને તેનો સ્વાદ અને સ્વાદના વિવિધ પ્રકારોની ઓળખ કરાવી હતી. આ એટલા માટે રાતોરાત લોકપ્રિય થઇ ગયા કારણ કે બટાકા એક એવો પાક છે જે બરફના પર્વતોથી લઇને ઓછો વરસાદ હોય તેવા વિસ્તારોમાં પણ સરળતાથી ઉગી જાય છે. સૌથી મોટી વાત એ હતી કે તેનું ઉત્પાદન પણ સારું થઇ રહ્યું હતું અને તે સરળતાથી લોકોનું પેટ ભરવાનું માધ્યમ બની ગયું. એટલા માટે બટાકા પોતાની શોધના થોડા સમયમાં રાતોરાત પહેલા સ્થાનિક લોકો વચ્ચે અને બાદમાં જ્યાં પણ ગયા જોત જોતામાં છવાઇ ગયા હતા. દક્ષિણ અમેરિકાના આદિવાસીઓએ ફક્ત બટાકાને ખાવાની ચીજવસ્તુ બનાવવાનું જોખમ લીધું હતું તેમાં સ્વાદની શોધ કરી પરંતુ તેને સુરક્ષિત રાખવાની કળા પણ વિકસિત કરી હતી. તેમાં બટાકાને સુકવીને ગમે ત્યારે ઉપયોગ કરવા લાયક બનાવવામાં આવ્યા હતા.

**બટાકાની વિશ્વ યાત્રા**

એકવાર જ્યારે બટાકા સ્થાનિક સ્તર પર લોકપ્રિય થતા તો તેનો વૈશ્વિક વિસ્તાર શરૂ થયો હતો. ૧૫મી સદીમાં સ્પેનિશ ઉપનિવેશવાદી જ્યારે દક્ષિણ આફ્રિકા પહોંચ્યા તો તેઓ અહીંથી ફક્ત સોનું અને ચાંદી જ લૂંટીને પોતાની સાથે નહોતા લઇ ગયા, પરંતુ પાણીના જહાજોમાં બટાકા લઇને આવ્યા હતા અને આ રીતે દક્ષિણ અમેરિકા બાદ યુરોપમાં બટાકાના વૈશ્વિક સફરની શરૂઆત થઇ હતી. શરૂઆતમાં યુરોપિયન ખેડૂતોને બટાકાની ખેતી થોડી શંકાસ્પદ લાગી હતી કારણ કે તે જમીનની નીચે થતી હતી. લોકોએ વિચાર્યું કે ક્યાંક આ કોઇ શેતાની કાવતરું તો નથી ને પરંતુ એકવાર જ્યારે યુરોપના લોકોને બટાકાના સ્વાદનો ચસકો લાગ્યો તો બટાકાની લોકપ્રિયતા દિવસે ને દિવસે વધવા લાગી. એટલું જ નહીં બટાકા યુરોપના અનેક દેશોના ખાદ્ય સંસાધનોનો મુખ્ય આધાર બની ગયા.

**બટાકાનો વિશ્વ વિજય**

૧૮મી, ૧૯મી સદીમાં બટાકાએ દુનિયામાં રહેલા તમામ પ્રકારના શાકભાજી અને ખાવાની ચીજવસ્તુઓ પર એક તરફી વિજય હાંસલ કરી લીધો હતો અને આ રીતે બટાકાના વિશ્વ વિજય અભિયાનની શરૂઆત થઇ હતી. તે દિવસોમાં યુરોપના અનેક દેશો, આયરલેન્ડમાં વસ્તી વિસ્ફોટ થયો અને આ વસ્તીનું પેટ ભરવાનું કામ બટાકાએ કર્યું હતું. રશિયા, જર્મની અને ફ્રાન્સમાં વ્યાપક પ્રમાણમાં જે સૈન્ય શક્તિ બની તેના મૂળમાં પણ બટાકાની ક્રાંતિ જ હતી કારણ કે સૈનિકોના ભોજનના રૂપમાં બટાકા સરળ અને સસ્તા લાગ્યા, પરંતુ તેમાં પોષણની ક્ષમતા પણ ખૂબ હતી. આફ્રિકા અને એશિયામાં તે જ સમયની યુરોપિયન તાકાતોએ બટાકાને પહોંચાડ્યા હતા. અને તમામ સ્થળોમાં બટાકાએ એવો જ ધમાકેદાર વિજય હાંસલ કર્યો હતો. જેવો યુરોપ અને લેટિન અમેરિકામાં મેળવ્યો હતો. પરંતુ ૧૮૪૫ની આસપાસ બટાકાની ખેતીમાં ફંફૂદી નામની બીમારી ફેલાઇ હતી અને આ બીમારીના કારણે લાખો લોકો માર્યા ગયા હતા.. તેનાથી બટાકા પ્રત્યે લોકોની સજાગતા પણ વધી હતી.

જ્યાં સુધી ભારતમાં બટાકાની શરૂઆતની વાત છે તો ૧૬મી સદીમાં પ્રથમવાર પોર્ટુગલના વેપારીઓ બટાકા સાથે ગોવા પહોંચ્યા હતા, પરંતુ બટાકાનો ભારતમાં વાસ્તવિક પ્રચાર બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કર્યો હતો જ્યારે તેણે બટાકાની ખેતી માટે ખાસ પ્રકારના કેટલાક પર્વતોની પસંદગી કરી હતી જેમ કે શિમલા, નૈનીતાલ અને દાર્જિલિંગ. આ સ્થળોમાં બટાકાની ખેતીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શરૂઆતમાં જોકે ખેડૂતો બટાકાના ઉત્પાદનમાં વધુ રસ દાખવતા નહોતા પરંતુ જોતજોતામાં બટાકા ભારતીય ખેડૂતોની પસંદગીની ખેતી બની ગઇ હતી. આ સ્વાભાવિક હતું. કારણ કે બટાકા કોઇ પણ પ્રકારની ઋતુમાં ઉગાડવામાં આવે છે. બટાકા ઓછામાં ઓછા પાણી અને મહેનતથી ઉગાડી શકાય છે. આ એક સાથે ગરીબો અને અમીરો વચ્ચે પોતાના સ્વાદ અને બજાર કેન્દ્રોના કારણે લોકપ્રિય થઇ ગયા. ભારતમાં બટાકા લોકોને એટલી હદે પસંદ આવ્યા કે આજે ભારત બટાકાના ઉત્પાદનમાં ચીન પછી બીજા નંબર પર છે અને એકલા ભારતમાં જ બટાકાના ૨૦૦થી વધુ પ્રકારના વ્યંજન લોકપ્રિય છે. દેશના અનેક રાજ્યો જેમ કે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને પંજાબ બટાકાના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે.

ફક્ત ઉત્પાદનના રૂપમાં જ નહીં ભોજનની સંસ્કૃતિમાં પણ બટાકાએ પોતાની લોકપ્રિયતાથી ભારતના તમામ વિસ્તારોમાં પોતાની બાદશાહત બનાવી છે. ઉત્તર ભારતમાં આલુના પરાઠા, દમ આલુના શાક, અને તમામ સામાન્ય લોકોના ઘરના રસોડામાં તેની હાજરી છે. ગુજરાતમાં બટાકાનો હાંડવો અને ફાફડા બનાવવામાં આવ્યા, મહારાષ્ટ્રમાં વિશ્વ પ્રસિદ્ધ વડાપાઉં બટાકાના ખભા પર જ ટક્યો છે. દક્ષિણ ભારતના જે મસાલા ઢોસાની બાદશાહત અડધાથી વધુ દુનિયા પર છે તેના કેન્દ્રમાં બટાકા જ છે. આ રીતે ભારતના તમામ વિસ્તારોમાં બટાકાએ પોતાની ખાસ ઓળખ બનાવીને અન્ય તમામ શાકભાજીને પાછળ છોડી દીધા છે. આજે બટાકા ફક્ત શાકભાજી કે પાક જ નહીં, પરંતુ બટાકાના ઉત્પાદનમાં ઘટાડો અથવા વધારો થવાથી બજાર પર થતી અસરોના કારણે તે રાજકીય મુદ્દો પણ બની જાય છે. જો બટાકા કોઇ પણ સમયે જરૂર કરતા વધુ મોંઘા થઇ જાય અને તે જ સમયે દેશમાં ચૂંટણી થઇ રહી હોય તો સંભવ છે કે સત્તાધારી રાજકીય પાર્ટી મોંઘા બટાકાના કારણે ચૂંટણી હારી જાય.

ભારત જ નહીં બટાકાએ પોતાના સ્વાદનું સામ્રાજ્ય દુનિયાના તમામ ખૂણામાં જમાવ્યું છે. અમેરિકામાં આ ફ્રેન્ચ ફ્રાઇઝ, વેટ પોટેટો અને મેશ પોટેટોના રૂપમાં લાખો ટન ઉપયોગમાં આવે છે. તો રશિયામાં રશિયાની ઓળખ બનેલી વોડકા બટાકામાંથી બનાવવામાં આવે છે. નેધરલેન્ડ અને જર્મની જેવા દેશોમાં બટાકા આધારિત નાસ્તાનો બિઝનેસ અબજો ટનમાં છે. બટાકાનું મહત્ત્વ ફક્ત ખાવાની થાળી અને જીભના સ્વાદ સુધી સીમિત નથી. આ વૈજ્ઞાનિક અધ્યયનનો વિષય છે. તેની જેનેટિકલી મોડિફાઇડ પાક અનેક પ્રકારની બીમારીઓનો સફાયો કરી રહી છે. નાસાએ બટાકાને એવો પાકના રૂપમાં પસંદ કર્યો છે જેને અવકાશમાં ઉગાડી શકાય છે અને ભારતના કૃષિ વૈજ્ઞાનિકોએ કુફરી નામની ડઝનેક હાર્ડ બટાકાની જાતો વિકસિત કરી છે. એટલું જ નહીં જે રીતે ગ્લોબલ વોર્મિંગના કારણે દુનિયાની પારંપરિક ખેતી પ્રભાવિત થઇ રહી છે. તેમાં પણ આવનારા દિવસોમાં બટાકાની બાદશાહત યથાવત રહેવાની સંભાવના છે. કારણ કે બટાકાને કોઇ પણ જળવાયુ અને પરિસ્થિતિમાં સારી રીતે વિકસિત કરી શકાય છે. એટલા માટે બટાકાને પરિસ્થિતિક પણ કહે છે. આ અનાજ અને ઘઉંની તુલનામાં ઓછા પાણીનો ઉપયોગ કરે છે. બટાકાના અનેક પ્રકારના ખાદ્ય ઉત્પાદનો તૈયાર થાય છે. જેમ કે ચિપ્સ, સ્ટાર્ચ, ફલેક્સ અને બાયોપ્લાસ્ટિક. એ રીતે જોઇએ તો બટાકા આજે ફક્ત એક શાકભાજી નથી પણ આ વિશ્વ ખાદ્ય સંસ્કૃતિના મહારાજા છે. જે દક્ષિણ અમેરિકાની આદિવાસી ઘાટીઓમાંથી શરૂ થઇને દુનિયાના તમામ ખૂણાઓમાં પોતાની બાદશાહત ફેલાવી રહ્યા છે. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૩)

## ૯. લગ્ન સંબંધી

■ લગ્ન વિષયક - 1977, બોર્ન, જૈન યુવતી. 5'.3" અપરણિત દેખાવડી, MBA માટે, વેલસેટ/એજ્યુકેટેડ ઉચ્ચ જ્ઞાતિ યુવક આવકાર્ય, Whattsap - BH On - 9484600820. (દહેજ નહીં.) (બી-૧૬૦૨૦)

■ લગ્ન વિષયક - 1980, બોર્ન, ગુજરાતી જૈન વેલસેટ હેન્ડસમ અપરણિત યુવક. 5'.10" B.COM / B. INET વાર્ષિક આવક - 24 લાખ માટે, દેખાવડી યુવતી, Whattsap - BH On - 9484600820. (દહેજ નહીં.) (બી-૧૬૦૨૧)

■ મુંબઈનાં/દુબઈનાં/અમેરિકાનાં/કેનેડાનાં/ લંડનનાં બાયોડેટાઓ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૯૯૭)

## ૯. લગ્ન સંબંધી

**પરિચય સંમેલન**

01/06/2025, રવિવારે, કાંદિવલીમાં, સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતિના કુંવારા દિકરા/ દિકરીઓ માટે તથા અન્ય હિન્દુ જ્ઞાતિની દિકરીઓ પણ આવી શકે છે. શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૪૮-બી)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૯૩૨-એ)

■ મુંબઈનાં કંપનીમાં ડીરેક્ટર યુવક 1992 Divorce રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૫૭)

■ અવિવાહિત વિર્લેપારલા સ્થિત હાઈલી એજ્યુકેટેડ ૭૮' ઓક્ટોબર માટે સમકક્ષ કન્યા આવકાર્ય Contact 9870059931. (દહેજ નહીં) (૨૭૯)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15882-A)**

## ૧૦. મહિલાઓ માટે

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૯૮૩)

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ - લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૬૩૯)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૨)

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**નિઃશુલ્ક મહાબળેશ્વર**

નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે ભારે માંગને કારણે હવેથી દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૯૯)

## ૧૪. નોકરી ખાલી છે

**રસોઈ માટે કાંદિવલી (વેસ્ટ)**

**સ્ટેશનથી નજીક જૈન નાના કુટુંબ માટે બન્ને ટાઈમ રસોડું સંભાળી શકે તેવા બહેનની જરૂર છે. સંપર્ક :- 9920018137. (૧૫૯૦૨-સી)**

REQUIRED ACCOUNT Assistant for Part Time or Full Time Office Work Churchgate Whatsup: 7021831500. (B-16007)

## ૧૭. જગ્યા આપવી છે

**''જુહુ''**

'નવામાં 3000' કાર્પેટ ફ્લેટ (20 કરોડમાં)'' ''OC છે'' :- 9833666191. (૧૫૯૫૧-ડી)

**લોનાવાલા**

**3 બેડરૂમ, હોલ, કિચન બંગલો, ફુલ્લી ફર્નિશ્ડ, રેડી-ટુ-યુઝ, વેલ મેન્ટેન્ડ સોસાયટીમાં, વેચાણથી.:- 9821084539. - 9821182461. (બી-૧૬૦૧૯)**

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**

લીવલાયસંસથી-વેચાતામાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

**બોરીવલીમાં**

ઓબેરોયમાં - રીવાલી પાર્કમાં - લોઢામાં - કલ્પતરુમાં - ગોદરેજમાં લેવા/વેચવા/ભાડેથી - ''શ્રીજી'' 98200 45571. (જેપી/ ૪૯૯૦-એચ)

**કાંદિવલી**

ઠાકુર કોમ્પ્લેક્સમાં ''1 બેડ+પાર્કિંગ'' કાણકિયા પાર્કમાં 97,00,000/- ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૯૦-ડી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

3-4 બેડ, અંડર કંન્સ્ટ્રકશન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંકવેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. CALL:JIGAR-9820511575. (૧૫૮૭૭-એચ)

**અંધેરી (વેસ્ટ)**

2-3-4 બેડ અંડર કેન્સ્ટ્રકશન, SV રોડ, SHOPPER STOPની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ-જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંકવેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. CALL:JIGAR-9820511575. (૧૫૮૭૭-એફ)

**મુલુન્ડ (વેસ્ટ) - ભાડે આપવાનો**

ઝવેર રોડ, 3 BHK, 1000' કારપેટ, ફુલ્લી લકઝરી ફર્નિશ્ડ, હાયર ફ્લોર ફ્લેટ. દેરાસર, ઉપાશ્રય, સ્ટેશન, માર્કેટ, હોસ્પિટલ બધું ચાલતાં ફક્ત ૫ મિનિટ. ભાડું-120000. સંપર્ક ફક્ત WhatsApp 9322213582. (એસડીબી-૨૬૧૮)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દેરાસર લેન, 4 બેડરૂમ, હોલ, કિચન, 1700' કારપેટ, હાયર ફ્લોર, 2 કાર પાર્કિંગ, ફાઈનલ 6.11 CR બધા ચાર્જીસ સાથે. 9821147578, 9987254333. (૧૫૯૨૭/એ)

**પાર્લા (ઈસ્ટ)**

**દીક્ષીત રોડ, 2 બેડરૂમ, 636', મોર્ડન એમેનીટીસ વેંચાણથી આપવાનો. 9869208149. (૧૫૯૨૬/એ)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/દેરાસર નજીક રેડીમાં એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ (5 બાથરૂમ) 1567' રેરાકાર્પેટના હાયરફ્લોરના ફ્લેટો 31,500/-થી ઓલ ઈન્કલુઝીવ ભાવે (2 પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૪)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/ -ના ભાવે (ઓલ ઈન્કલુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૫)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક રેડી ટાવરમાં 1 બેડરૂમ 456' રેરા કાર્પેટના 18મે માળના ફ્લેટો 1,51,00,000/- (બધા ખર્ચાઓ + પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૬)**

**પાર્લા (વેસ્ટ)**

**દાદાભાઈ રોડ, અલ્ટ્રામોર્ડન એમિનિટીઝવાળા બંધાતા ટાવરમાં 2/3/ 5 બેડરૂમના ફ્લેટો, MAY 31 પહેલા બુકિંગમાં મોટું ડિસ્કાઉન્ટ રાખેલ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૦૩)**

**ગામદેવી**

૪ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ પાર્કિંગ હાયર ફ્લોર, ઓનરશીપથી, વેચવાની, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૬)

**લીવલાયસન્સ**

પેડર રોડ- ફર્નિશ્ડ, ત્રણ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, White Goods, પાર્કિંગ, હાયર ફ્લોર, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૭)

**લીવલાયસન્સ**

પ્રાર્થનાસમાજ, એક/બે બેડરૂમ, ફર્નિશ્ડ/ અનફર્નિશ્ડ વેજીટેરીયન રેડી પઝેશન, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૮)

**મલાડ (વેસ્ટ)**

**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૫૯૦)**

**ગામદેવી**

3 બેડરૂમ- 1400' - કાર્પેટ - પાર્કીંગ - 9,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ઈ)

**મલબાર હીલ**

6 બેડરૂમ- 3500' - 2-ગેરેજ - પાર્કીંગ - સી.ફેસીંગ 30,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૫૧/ડી)

**કેમ્પ્સકોર્નર**

2 બેડરૂમ- 850' - કાર્પેટ - 1 ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૫૧/સી)

**વાલ્કેશ્વર**

3 બેડરૂમ- 900' - કાર્પેટ - પાર્કીંગ - 5,30,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૧/બી)

**નાનાચોક**

1 બેડરૂમ- 400' - કાર્પેટ - પાર્કીંગ - 1,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૧/એ)

**વિલેપાર્લા ઈસ્ટ**

**અતિશય સુંદર હવાઉજાસવાળો 1125 SQ FEET 3 બેડરૂમ હોલ કીચન ચાર બાલકની 2 પાર્કીંગ બધી જ સગવડતાવાળો ફ્લેટ 3.75માં આપવાનો છે. જયેશભાઈ 9076328422. (૨૬૮)**

**જુહુસ્કીમ**

3-4 બેડ, 1200-1500-1700-3300-3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રકશન, બધીજ એમેનીટીઝ સાથે. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-જી)

**અંધેરી (વેસ્ટ)**

૪૮૦૦' બંગલો ભાડેથી અંબોલીમાં. બે બેડરૂમ ફર્નિશ્ડ ભાડે તથા ૩ બેડરૂમ વેચાણથી પાર્લા (વેસ્ટમાં) એસ. વી. રોડ ઉપર દુકાન ભાડેથી તથા ૧૨૫૦૦' ભાડેથી મળશે. રીઝર્વેશન પ્લોટ પવઈ નજીક. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૯૦૫-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમીનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૯૯૩-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા - KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફ્લેટ હાયરફ્લોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ - 9819117722. (જેપી/૪૯૯૩-ડી)

**પ્રભાદેવી**

ફ્લેટો, ઓફિસ, દુકાન, ગોડાઉન, લેવા-વેચવા, ભાડાથી- જીતુભાઈ 9869322453. (૧૫૯૩૭-એ)

**દહિસર (ઈસ્ટ)**

**માનવ કલ્યાણ પાસે જૈન દેરાસરની બાજુમાં 1 બેડરૂમ અર્જન્ટ લેવા ''પંડ્યા એસ્ટેટ''- 9004921209/ 9820621209. (૧૫૯૪૨-એ)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ગ્રીનકોર્ટ- (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ- જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433/ 9821069632. (૧૫૯૩૭-સી)

**દહિસર (ઈસ્ટ)**

**ચાંડક (નિશ્ચય) 2 બેડરૂમનો ફ્લેટ રેડી પઝેશનથી લેંવા ''પંડ્યા એસ્ટેટ'' - 9004921209/ 9820621209. (૧૫૯૪૨-સી)**

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૯૮૪)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**

પ્રબોધન ઠાકરે હોલ પાસે, 2/3 BHK, રેડી, OC સાથે, વાસ્તુ ડોર, ગુજરાતી લોકાલિટી, 2 કાર પાર્કિંગ, દેરાસર/ સ્ટેશન નજીક, અનટચ ફ્લેટ એમેનીટીઝ સાથે વેચાણથી. 9821472329/ 9833562999. (૧૫૯૩૫-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK 715' Sq. Ft., ડૉ. આંબેડકર રોડ અને RHB રોડ પર, પાર્કિંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડિંગ. સંપર્ક: 9930333456. (એસડીબી-૨૬૦૬)

**મલાડ વેસ્ટ**

સ્ટેશનથી 5 મિનિટ દૂર ભાડા પર શુભ પ્રસંગ માટે 2 Bed (દિવસ દીઠ 5,000/-) અને 3 Bed (દિવસ દીઠ 7,500/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૦૧૧)

**પ્રાર્થના સમાજ**

**રેર 1 BHK વેચાણથી, 520 કારપેટ, 2.1 cr ફક્ત, હવાદાર ફ્લેટ, પુરાની બિલ્ડિંગમાં લિફ્ટ સાથે, સેલ્ફ વપરાશ/ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ. ચર્નીરોડ 9820855056. (૧૫૯૪૯-એ)**

**NAPEANSEA ROAD**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

**MATUNGA (E)**

Sale - 3 BHK - 1029' with Clear Title, OC, Lifts, Parking, Club Membership. 9820101904. (15350-A)

**VILE PARLE WEST**

**Sale 3 BHK New Building, Bajaj Road, 1525 Carpet, 2 Car Park, 8.33 Cr. Broker excuse. R Estate. Rahul - 9967489498. (B-16002)**

**MIRA ROAD**

East. Ramdev Park, Available Row House. Ground Floor + 2 Stories. 1400' + 300 Varanda, Two Terrace, 3 Washrooms, 2 Parking, Registered Society, Low Maintenance, Ready Possession. Asking Cost Rs. 200 Lacs. Full Cheque Ok. Call Owner: 9987763404. (15905-C)

**SALE MATUNGA WEST**

**3 BHK 4.02 Cr. nego & 2 BHK 3.08 Cr. nego. New Bldg. Ravi: 9820109761. (JP/ 4990-F)**

**ZERO MAINTENANCE SOCIETY**

1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-15958)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ગોડાઉન જોઈએ છે**

શીવરી, કોટનગ્રીન, રે રોડમાં ૧૦,૦૦૦ - ૧૫૦૦૦ સ્કે.ફૂટ ભાડે/આઉટરાઈટથી મળો. - મહેશ શાહ - 9820253026/ 23422261. (એસડીબીજી-૨૬૩૪)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**''ચર્નીરોડ''**

સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડીયો, લીઝ - 35,000/-: 9867222020. (૧૫૯૪૪-એ)

**FOR IMMEDIATE SALE / LEASE**
**COMMERCIAL SPACE**
**AT VERSOVA, ANDHERI (W)**
Vastu Compliant Square Office
**1350 RERA Carpet, 1st Floor,**
Excellent & Strategic Location,
Opp. Kokilaben Hospital with
Main Road Frontage for Display,
Metro Station 5 Minutes Walking.
**IDEAL FOR:** Office/ Clinic / Professional / Finance / Insurance / Government Office
**9930247763 / 7021039785**
(SDB-2620)

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશનથી બાજુમાં**

કમર્શિયલ ટાવરમાં ભાડેથી ઓફિસીસ. કારપેટ 223' તથા 865' (સેલ્ફ કન્ટેન્ડ), પાર્કિંગ, 3 લિફ્ટ, કોર્પોરેટ, અન્ય બિઝનેસને લાયક. ''અતુલ સંગોઈ એસોસિએટ્સ'' 9820203032. (૧૫૯૪૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર- 10 માળનાં ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી મયુરભાઈ- 9821147578, 9987254333. (૧૫૯૨૭-ઈ)

# મહારાષ્ટ્ર ૨૦૪૭ રોકાણ માટેનું વિઝન નીતિ આયોગની બેઠકમાં ફડણવીસે માંડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સરકારના વિઝન ૨૦૪૭ના ધોરણે રાજ્યમાં મહારાષ્ટ્ર-૨૦૪૭ અમલમાં મૂક્યું હતું અને ૧૦૦ દિવસના સુશાસનમાં મહારાષ્ટ્રના વિવિધ વિભાગોએ ૭૦૦થી વધુ લક્ષ્યાંકોને સાધ્ય કર્યા હતા એવા શબ્દોમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને નીતિ આયોગની બેઠકમાં રાજ્યની રજૂઆત માંડી હતી. પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં તેમણે કહ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' માટે ભારતીય સેના અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર અને અભિનંદન. આ આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના સંકલ્પને રેખાંકિત કરે છે.

રાષ્ટ્રીય નીતિ મુજબ મહારાષ્ટ્ર સરકાર ત્રણ તબક્કામાં મહારાષ્ટ્ર ૨૦૪૭નું વિઝન પણ તૈયાર કરી રહી છે. અમારી સરકારે ૧૦૦ દિવસના સુશાસન, નાગરિક-કેન્દ્રિત ઉકેલો અને જવાબદારીની થીમ પર આધારિત એક કાર્યક્રમ હાથ ધર્યો છે. આમાં વિવિધ વિભાગોએ ૭૦૦ થી વધુ લક્ષ્યો પ્રાપ્ત કર્યા હતા.

હવે ૧૫૦ દિવસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આમાં ૨૦૪૭ માટે એક લાંબા ગાળાનું વિઝન તૈયાર કરવામાં આવશે અને જ્યારે મહારાષ્ટ્ર તેનો અમૃત મહોત્સવ ઉજવશે તે સમયગાળા માટે ટૂંકા ગાળાનું પાંચ વર્ષનું વિઝન એટલે કે ૨૦૩૫ અને ૨૦૨૯ માટે વાર્ષિક લક્ષ્યો સાથે ટૂંકા ગાળાનું પાંચ વર્ષનું વિઝન તૈયાર કરવામાં આવી રહ્યું છે.

અમારો મુખ્ય ઉદ્દેશ વર્તમાન અર્થતંત્રને ૨૦૩૦ સુધીમાં એક ટ્રિલિયન ડોલર અને ૨૦૪૭ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનો છે. નવી ઔદ્યોગિક નીતિનો ઉદ્દેશ જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રના યોગદાનને ૨૦ ટકાથી ઉપર લઈ જવાનો છે. મૈત્રી ૨.૦ એક સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, જે ઈવી, સેમી-કન્ડક્ટર, ગ્રીન હાઇડ્રોજન, ડેટા સેન્ટર જેવા નવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપે છે, એમ તેમણે જણાવ્યું હતું.

૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશમાં સૌથી વધુ ૧.૩૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ મહારાષ્ટ્રમાં આવ્યું છે. દાવોસ વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં ૧૫.૯૬ લાખ કરોડ રૂપિયાના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ૫૦ ટકા દરખાસ્તો પર પ્રક્રિયા કરવામાં આવી છે, જેમાં મોટાભાગના રોકાણો ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં કરવામાં આવ્યા છે, એવી માહિતી તેમણે આપી હતી.

અમારું ધ્યાન વિકાસને વેગ આપવા માટે માળખાકીય સુવિધાઓ, વિવિધ સુધારાઓ અને રોજગાર વધારવા પર છે. સમૃદ્ધિ મહામાર્ગ, અટલ સેતુ, કોસ્ટલ રોડ વગેરે જેવા પ્રોજેક્ટ્સ મહારાષ્ટ્રના વિકાસને ગતિ આપી રહ્યા છે અને માળખાકીય ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યા છે. દેવેન્દ્ર ફડણવીસે આ પ્રસંગે જણાવ્યું હતું કે વાઢવાણ બંદર, નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, મેટ્રો, રેલ્વે, મલ્ટિ-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક પ્રાદેશિક વિકાસને વેગ આપશે અને તે માટે અમે વડા પ્રધાનના આભારી છીએ. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર [વેસ્ટ]**
**દુકાન રોડટચ**

**263' કાર્પેટ, ખારાવાડી, ગોપાલ ભવન બસ સ્ટોપની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ વેચાણ/ ભાડેથી લેવા દેવેન્દ્ર ખારા 9869125605. (૧૫૯૨૦-એ)**

**Exclusive Office in KHAR (WEST)**
**2460 Sq.ft Carpet Area**
Full Floor, Ready with OC,
Prime Location S.V. Road,
Walkable from Khar Station,
Ideal for Businesses,
Sale & Rent
**9987464111**
(B-16018)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના- 6500/-**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૯૨૨/એ)

**હાસ્ય ધમાકા**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૧૫૯૩૫-સી)**

## ૩૨. જમીન-મિલકત

**AGRICULTUREL PLOT SALE AT KARJAT**

**Agricultural Plot 30000 sq.ft. Rate 300/- per sq. ft. available for Sale, Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner, Ideal for Resort, Farm House, Home Stay, etc. Contact: 98211 14355 / 9321807605. (15948-C)**

## ૩૩. ધંધાદારી

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

**સ્પેશ્યાલિસ્ટ**

ડાંબરકામ, વોટરપ્રૂફિંગ, કેમિકલ વર્ક્સ, છજ્જા, પેઈન્ટિંગ, બેડરૂમ, કિચન. - 9769888191. - 9930926930. (બી-૧૫૯૯૯)

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન, કાયદેસર પાસપોર્ટ, વિઝા સાથે દુનિયાભરમાં જવા સોનેરીતક 9377992110, 9867510027. (બી-૧૫૯૯૮)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**ACCOUNTS**

**GST, TDS, Filing of Income Tax Return. Anjali: 9324521219. (15936-A)**

STRUCTURAL AUDIT, REpair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. 9222212231. (B-15985)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

**ટેરેસ, પેરાપીટ વોલ, છજ્જા, આઉટસાઈટ વૉલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરીંગ વીથ પેઈન્ટીંગ, ASIAN PAINT, રૂફ કુલ. 5-7 વર્ષની ગેરંટી સાથે. 9320210293. (૧૫૯૦૨-ઈ)**

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**

બિલ્ડિંગ રીપેરીંગ, છજીયા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. **7977141377.** (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૦૧)

# પોલીસ દળે પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે કામ કરવું જોઈએઃ અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણેઃ મહારાષ્ટ્ર પોલીસ દળના બહાદુર અને કર્તવ્યનિષ્ઠ પોલીસ અધિકારીઓએ મહારાષ્ટ્ર પોલીસ દળની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે, જેના કારણે પોલીસ દળનો ગૌરવશાળી ઇતિહાસ છે એમ જણાવતાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને પુણેના પાલક પ્રધાન અજિત પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પોલીસ દળની પ્રતિષ્ઠા વધારવા અને તેની તાકાત સાબિત કરવા માટે આ જ રીતે સારું કાર્ય કરવું જોઈએ.

તેઓ પુણે ગ્રામીણ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કાર્યાલય હેઠળ નારાયણગાંવ પોલીસ સ્ટેશનના નવા મકાનના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા. પવારે કહ્યું હતું કે, પોલીસ શાસન વ્યવસ્થામાં એક મહત્ત્વપૂર્ણ સંસ્થા છે અને સરકારના દૃષ્યમાન પ્રતિનિધિઓ તરીકે કામ કરે છે. પોલીસ દળનું વર્તન સમાજમાં પોલીસ દળની અને સરકાર છબી નિર્માણ થાય છે.

નાગરિકો એવી અપેક્ષા રાખે છે કે પોલીસ સ્ટેશનમાં આવ્યા પછી તેમને સારી સેવા મળે, સમાજમાં દુષ્ટ વૃત્તિઓને કાબુમાં લેવા ઉપરાંત, ખોટું કરનારાઓને સજા મળે, રાજકીય હસ્તક્ષેપ ન થવો જોઈએ અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. તેથી પોલીસે નાગરિકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે સ્વચ્છ અને પારદર્શક રીતે કામ કરવું જોઈએ. ■

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# પાકિસ્તાને મિત્રતા અને સદ્ભાવના સહિતના સિદ્ધાંતો નેવે મૂક્યા હોવાને કારણે જ સિંધુ કરાર રદ કરાયાઃ એમઈએ

*નવી દિલ્હી:* પાકિસ્તાને મિત્રતા અને સદ્ભાવનાના સિદ્ધાંતો નેવે મૂકી દીધા હોવાને કારણે જ ભારતે સિંધુ કરાર રદ કરવાનો નિર્ણય લીધો હોવાનું મિનિસ્ટ્રી ઑફ એક્સટર્નલ અફેર્સ (એમઈએ)એ સંસદીય કમિટીને જણાવ્યું હતું.

એન્જિનિયરિંગ ટૅકનિક, હવામાનમાં પલટો અને ગ્લેસિયર પીગળવા સહિત જમીની પરિસ્થિતિમાં જોવા મળેલા બદલાવને કારણે આ કરારની શરતોમાં ફેરફાર કરવા નવેસરથી વાટાઘાટ કરવી જરૂરી બની છે તેમ જ પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાને મિત્રતા અને સદ્ભાવના સહિતના સિદ્ધાંતો નેવે મૂક્યા હોવાને કારણે જ સિંધુ કરાર રદ કરવાનો ભારતે નિર્ણય લીધો હોવાનું જણાવવા જ સર્વપક્ષી પ્રતિનિધિમંડળ ૩૩ દેશોની મુલાકાતે ગયું છે.


વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કરાર અંગે ટૂંકમાં આપેલી જાણકારી મુજબ વર્ષ ૧૯૬૦માં બંને દેશ વચ્ચે કરવામાં આવેલા આ કરારના પ્રાસ્તાવિક ભાગમાં જણાવ્યાનુસાર મિત્રતા અને સદ્ભાવનાના સિદ્ધાંતોના પાલનના આધારે જ આ કરાર કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાન દ્વારા આ તમામ સિદ્ધાંતોને નેવે મૂકી દેવામાં આવ્યા હોવા ઉપરાંત કરાર કરવામાં આવ્યા બાદથી અત્યાર સુધીમાં બદલાયેલી જમીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંને દેશ વચ્ચે કરાર અંગે નવેસરથી વાટાઘાટ કરવાની ભારતની વિનંતીને મામલે પાકિસ્તાન અવરોધ ઊભું કરી રહ્યું છે.

આ કરાર ૨૧મી સદીને અનુરૂપ બને તે માટે નવેસરથી વાટાઘાટ કરવાની ફરજ પાડતી આ બાબત છે.

પાકપ્રેરિત આતંકવાદ આ કરારની જોગવાઈઓનો ભંગ કરે છે અને એ કારણે જ ભારતને આ કરારમાં પાયાના ફેરફાર કરવાનો અધિકાર રહે છે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તાજેતરમાં જ કહ્યું હતું કે 'લોહી અને પાણી એકસાથે ન વહી શકે'. *(એજન્સી)* ■



**પ્રતિનિધિમંડળઃ** ભારતે ત્રાસવાદીઓ સામે હાથ ધરેલા ઑપરેશન સિંદૂરના સંબંધમાં વિશ્વના વિવિધ દેશને જાણકારી આપવા અમેરિકા, બ્રાઝિલ, પનામા, કોલમ્બિયા, ગ્યાનાના પ્રવાસે રવાના થતાં પહેલાં કૉંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વ હેઠળનું અનેક પક્ષનું બનેલું પ્રતિનિધિમંડળ. *(પીટીઆઇ)*

# પોલીસના વડાએ અમરનાથ યાત્રાની સુરક્ષાની સમીક્ષા કરી

*શ્રીનગર :* જમ્મુ અને કાશ્મીરના ડિરેક્ટરેટ જનરલ ઑફ પોલીસ (ડીજીપી) નલિન પ્રભાતે અમરનાથ યાત્રાની સુરક્ષા વ્યવસ્થાની શનિવારે સમીક્ષા કરી હતી. પ્રભાતે પોલીસ, સીઆરપીએફ, આઈટીબીપી, ટ્રાફિક પોલીસ, રેલવે, સુરક્ષા અને ગુપ્તચર એજન્સીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સ્પેશ્યલ ડીજીપી કો-ઓર્ડિનેશન એસ. જે. એમ. ગિલાની, એડીજીપી એમ. કે. સિંહા, એડીજીપી-સીઆઈડી નીતીશ કુમાર, કાશ્મીર અને જમ્મુ ઝોનના આઈજી તથા બીએસએફ, કાશ્મીરના આઈજીએ હાજરી આપી હતી.

શ્રી અમરનાથ જી યાત્રા-૨૦૨૫ની સૂચિત સલામતી વ્યવસ્થાની માહિતી ઝોનલ ઈન્સ્પેક્ટર જનરલે ડીજીપીને આપી હતી.

સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ અને બીજાં સુરક્ષા દળોના અધિકારીઓએ પણ ડીઆઈજીને તેમનાં સૂચનો કર્યા હતાં.

બેઠક દરમિયાન ડીજીપીએ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનો બરાબર અમલ થાય એવો આદેશ આપ્યો હતો. તેમણે ફિલ્ડ ઑફિસરને આતંકવાદીની ઈકોસિસ્ટમને તોડી નાખવાના પ્રયાસોને વેગવંતા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ડીજીપીએ યાત્રાના રૂટ પર એન્ટિસેબોટેજ ટીમ ગોઠવીને સંભવિત જોખમ ઘટાડવા અને સુરક્ષા પગલાંને મજબૂત બનાવવાની ફિલ્ડ ઑફિસરને સૂચના આપી હતી.

તેમણે અધિકારીઓને યાત્રાના બન્ને રૂટ પર દેખરેખ રાખીને અને અદ્યતન તંત્રજ્ઞાનનો ઉપયોગ કરીને ચોકીપહેરો વધારવાની અને જોખમ પારખવાની ક્ષમતા વધારવાની સૂચના આપી હતી. *(એજન્સી)* ■

# સરકારી બસમાંથી રાજ્યનું નામ કાઢી નાખવાના વિરોધમાં મણિપુરમાં જોરદાર દેખાવો : તપાસનો આદેશ

*ઈમ્ફાલ :* અઠવાડિયાની શરૂઆતમાં સરકારી બસમાંથી રાજ્યનું નામ કથિત રીતે કાઢી નખાયું એના વિરોધમાં શુક્રવારે સાંજે દેખાવકારોએ ઈમ્ફાલ વેસ્ટ અને ઈમ્ફાલ ઈસ્ટના જિલ્લામાં રૅલી કાઢી હતી. ઈમ્ફાલ વેસ્ટના ચિંગમેઈરોંગમાં દેખાવકારોએ સૂત્રોચ્ચાર કર્યો હતો અને રાજભવન તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા દળોએ દેખાવકારોને રોક્યા હતા. માનવસાંકળ સહિત આવા દેખાવો ઈમ્ફાલ ઈસ્ટના કોન્ગબા અને લામલોન્ગમાં યોજાયા હતા.

એક દેખાવકારે દાવો કર્યો હતો કે જે બસમાં પત્રકારો હતા એને જવાનો દ્વારા રોકવાનો બનાવ સ્પષ્ટપણે બતાડે છે કે સરકારને મણિપુરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની કોઈ પડી નથી.

સુરક્ષા દળોએ મંગળવારે ઉખરુલ જિલ્લામાં 'શિરુઈ ઉત્સવ' પર અહેવાલ આપવા આવેલા પત્રકારોને કથિત રીતે અટકાવ્યા હતા અને ડિરેક્ટોરેટ ઑફ ઈન્ફોર્મેશન એન્ડ પબ્લિક રીલેશન્સના કર્મચારીઓને વિન્ડશિલ્ડમાં લખાયેલા રાજ્યના નામને સફેદ કાગળથી ઢાંકી દેવાની ફરજ પાડી હતી. મૈતેઈ ઑર્ગેનાઈઝેશન કમિટી ઓન મણિપુર ઈન્ટીગ્રીટી (સીઓસીઓએમઆઈ)એ આ બનાવના વિરોધમાં ૪૮ કલાકના બંધની હાકલ આપી હતી. મણિપુર સરકારે સુરક્ષા દળ સામેના આક્ષેપોની તપાસ કરવાનો આદેશ આપ્યો છે.

ગૃહ મંત્રાલયે બહાર પાડેલા હુકમ પ્રમાણે બે સભ્યની સમિતિની રચના કરવામાં આવી છે જે ગ્વાલતાબી ચેકપોસ્ટ આગળ બનેલા પત્રકારને લઈ જતી બસ સુરક્ષા દળો દ્વારા રોકવાના બનાવને લગતી હકીકતો અને સંજોગોની તપાસ કરશે. પત્રકારો ૨૦ મેએ શિરુઈ લીલી ઉત્સવને કવર કરવા જઈ રહ્યા હતા. *(એજન્સી)* ■

# અમેરિકાની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલનું કદ ઘટાડાયું

*વૉશિંગ્ટનઃ* અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નેશનલ સિક્યોરિટી કાઉન્સિલનું કદ ઘટાડવાનો આદેશ આપ્યો હતો.

એક અધિકારીએ આ સંવેદનશીલ બાબતમાં પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે નેશનલ સિક્યોરિટી કાઉન્સિલમાંના અનેક લોકોને પાણીચું આપવામાં આવ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઇક વૉલ્ટ્ઝે ચાલુ મહિનાની શરૂઆતમાં હોદ્દો છોડ્યો, તે પછી વિદેશ પ્રધાન માર્કો રુબિયો આ હોદ્દો સંભાળી રહ્યા છે.

ટ્રમ્પે માઇક વૉલ્ટ્ઝની નિમણૂક સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના અમેરિકાના રાજદૂત તરીકે કરી છે.

અમેરિકાની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલની રચના ટ્રૂમેનના શાસન વખતે કરાઇ હતી. તે દેશના પ્રમુખને રાષ્ટ્રીય સલામતી અને વિદેશ નીતિ અંગે સલાહ આપવા ઉપરાંત વિવિધ સરકારી એજન્સી સાથે સંકલન સાધે છે.

નેશનલ સિક્યોરિટી કાઉન્સિલમાં હાલમાં અંદાજે ૩૯૫ લોકો કામ કરી રહ્યા છે અને તેમાંના આશરે ૧૮૦ જણ સપોર્ટ સ્ટાફ તરીકે કામ કરે છે. આ કાઉન્સિલમાંથી જે ૯૦થી ૯૫ લોકોને કાઢવામાં આવ્યા છે, તેમાંના મોટા ભાગના લોકો અન્ય એજન્સીઓના નિષ્ણાત છે.

અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના અનેક અધિકારીને પાણીચું આપ્યું હતું. *(એજન્સી)* ■



**ધડાકોઃ** નવી દિલ્હીમાં શનિવારે બવાના ઔદ્યોગિક ક્ષેત્રમાં આવેલા એક કારખાનામાં ધડાકા બાદ તૂટી પડેલી ઈમારત. (પીટીઆઇ)

# આ સમય આતંકવાદ સામે એક થવાનો, રાજકારણનો નહીં : સુપ્રિયા સુળે

નવી દિલ્હી : એનસીપી-એસપી નેતા સુપ્રિયા સુળેએ શનિવારે કહ્યું કે તેઓ વિશ્વના નેતાઓને આતંકવાદ અને તેના સમર્થકો સામે લડવાના ભારતના દૃઢ સંકલ્પનો સંદેશ આપશે અને ઓપરેશન સિંદૂરના મુદ્દા પર રાજકારણ માટે કોઈ જગ્યા નથી.

તેઓ કતારથી શરૂ કરીને ચાર દેશોમાં બહુપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. સુળે, ભાજપના નેતાઓ રાજીવ પ્રતાપ રૂડી, અનુરાગ ઠાકુર અને વી. મુરલીધરન, કૉંગ્રેસના નેતાઓ મનીષ તિવારી અને આનંદ શર્મા, ટીડીપી નેતા લાવુ શ્રી કૃષ્ણ દેવરાયાલુ, આપ નેતા વિક્રમજીત સિંહ સાહની અને ભૂતપૂર્વ રાજદ્વારી સૈયદ અકબરુદ્દીન સહિત કતાર, દક્ષિણ આફ્રિકા, ઇથોપિયા અને ઇજિપ્તના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે.

''આ રાજકારણ વિશે નથી, આ ભારત વિશે છે. પહલ-ગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર હુમલો ભારતના આત્મા પર હુમલો હતો. તેના પ્રત્યેનો અમારો પ્રતિભાવ આતંક પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો સ્પષ્ટ સંદેશ મોકલવા માટે માપવામાં આવ્યો હતો,'' એમ સુળેએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

કૉંગ્રેસ દ્વારા આ મુદ્દાને રાજકીય બનાવવાના પ્રયાસો અંગે સુળેએ કહ્યું કે અમારાં વડા શરદ પવારે પાર્ટી વતી સ્પષ્ટ કર્યું હતું કે આ રાજકારણમાં કરવાનો કે ટીકા કરવાનો સમય નથી.

''આપણા બધા પાસે સરકાર માટે કેટલાક મુશ્કેલ પ્રશ્નો છે, પરંતુ આ સમય સરકાર સાથે એક થવાનો છે. આ સમય એ બતાવવાનો છે કે ભારત એક છે અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે. આ રાજકીય લડાઈમાં સામેલ થવાનો સમય નથી. જે પણ સત્તામાં હોય, અમારી નીતિ રહેશે - પહેલા રાષ્ટ્ર, પછી રાજ્ય, પછી પક્ષ, ત્યારબાદ પરિવાર'' એમ સુળેએ કહ્યું હતું.

પ્રતિનિધિમંડળ પહેલા કતાર જશે, જે પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં પ્રભાવ ધરાવતું માનવામાં આવે છે અને પ્રાદેશિક સંઘર્ષોમાં મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવે છે.

સુળેના નેતૃત્વ હેઠળનું જૂથ દક્ષિણ આફ્રિકા જશે, જે વર્તમાન જી-૨૦ પ્રમુખપદ ધરાવે છે અને પછી ઇથોપિયા જશે, જે આફ્રિકન યુનિયનનું ઘર પણ છે. પછી પ્રતિનિધિમંડળ આરબ વિશ્વના પ્રભાવશાળી દેશ ઇજિપ્તની મુલાકાત લેશે. ■

# વર્ષોથી સુકાઈ ગયેલી બુંદેલખંડની નૂન નદી ફરી જીવંત થઈ રહી છે

જાલૌન (યુપી): બુંદેલખંડ ક્ષેત્રમાં એક સમયે જીવનની મહત્ત્વપૂર્ણ ગણાતી, નૂન નદી, લાંબા વર્ષોની પર્યાવરણીય ઉપેક્ષા પછી, હવે તેના પાછલા અવિરત પ્રવાહમાં પુનઃસ્થાપિત થવાના માર્ગ પર છે અને સ્થાનિક લોકો તેને કોદાળીથી સાફ કરવા માટે ઝઝૂમી રહ્યા છે.

કોચ ડેવલપમેન્ટ બ્લોકના સતાહ ગામથી ઉદ્ભવીને, અને આગ્રા તરફ વળતી, નદી લાંબા સમયથી પાણી ભરાયેલી, બિનઉપયોગી જમીનના વિશાળ પટ તરીકે દેખાતી હતી.

''નૂન નદી પહેલા મુક્તપણે વહેતી હતી, નહેરના પાણી અને કુદરતી ઝરણાં એમાં સમાતા હતાં, પરંતુ સમય જતાં, તેની આસપાસની જમીન વધુ પડતી ખેતીલાયક થઈ ગઈ હતી અને પાણી ક્યાંય જતું નહોતું. નદીને બદલે આપણી પાસે જે હતું તે એક સ્થિર કળણ બની ગયું હતું.'' એમ ગામની એક વ્યક્તિ એ જણાવ્યું હતું.

નૂન નદી ૮૭ કિલોમીટર સુધી ફેલાયેલી છે અને તેના મુખથી ૪૦ કિલોમીટરના પટમાં નોંધપાત્ર રીતે સુકાઈ ગઈ છે.

હવે નદીનો વીસ કિલોમીટરનો ભાગ જ પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યારે બાકીનો ભાગ જુલાઈના પહેલા અઠવાડિયામાં ચોમાસું આવે તે પહેલાં પૂર્ણ થવાની અપેક્ષા છે. પર્યાવરણીય પતનને કારણે હજારો એકર ખેતીલાયક જમીન ડૂબી ગઈ અને બિનઉપયોગી બની ગઈ, અને પીવા અને સિંચાઈ માટે પાણી અદૃશ્ય થવા લાગ્યું, જેના કારણે તેના પર નિર્ભર લોકોની દુર્દશા વધુ ખરાબ થઈ ગઈ.

નદીને પુનઃજીવીત કરવા માટેના પગલાં ૨૦૧૯ની શરૂઆતમાં જ વરસાદી પાણીના વહેણને રોકવા માટે શરૂ થયા હતા. ૨૦૨૧માં જિલ્લા વહીવટીતંત્રે કાંપ કાઢવાનું કામ શરૂ કર્યું અને સ્થાનિક લોકોની એ માટે મદદ માગી હતી. લોકોએ પણ સારો પ્રતિસાદ આપ્યો હતો. એકવાર સંપૂર્ણપણે પુનઃપ્રવાહિત થઈ ગયા પછી, નૂનનાં જળથી ૪૭ ગામની આશરે ૨૮૦૦ હેક્ટર ખેતીની જમીનને સિંચાઈ કરાશે તેવી અપેક્ષા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૧ના નવેમ્બરમાં તેમના માસિક મન કી બાત સંબોધનમાં પણ આ પ્રયાસોની પ્રશંસા કરી હતી. ■

### ભારતનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ

# જસ્ટિસ નાગરત્ના જસ્ટિસ ઓકાની નિવૃત્તિ બાદ કોલેજિયમનો ભાગ બનશે

નવી દિલ્હીઃ ભારતના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બનવાની કતારમાં રહેલા જસ્ટિસ બી. વી. નાગરત્ના કે જેઓ જસ્ટિસ અભય એસ. ઓકાની નિવૃત્તિ બાદ સુપ્રીમ કોર્ટ કોલેજિયમના સભ્ય બનવાની તૈયારીમાં છે.

હવે પાંચમા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ હોવાના નાતે જસ્ટિસ નાગરત્ના સત્તાવાર રીતે ૨૫ મે એટલે કે આજના દિવસે કોલેજિયમનો ભાગ બનશે અને ૨૯ ઓક્ટોબર ૨૦૨૭ના રોજ ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થાય ત્યાં સુધી તેનો ભાગ રહેશે.

હવે કોલેજિયમમાં મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઇ, ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ જે. કે. મહેશ્વરી અને ન્યાયાધીશ નાગરત્નાનો સમાવેશ થશે.

સુપ્રીમ કોર્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર સીજેઆઇ ગવઇ સોમવારે સુપ્રીમ કોર્ટમાં ખાલી જગ્યાઓને સંબોધવા અને અનેક હાઇ કોર્ટમાં મહત્વપૂર્ણ નિમણૂકો કરવા માટે તેમની પ્રથમ કોલેજિયમ બેઠક બોલાવે તેવી શક્યતા છે.

જસ્ટિસ ઓકાની નિવૃત્તિ પછી વડી અદાલતમાં ત્રણ ન્યાયાધીશોની જગ્યાઓ ખાલી પડશે.

વર્ષ ૧૯૯૩માં સુપ્રીમ કોર્ટના એક ચુકાદા બાદ અસ્તિત્વમાં આવેલી કોલેજિયમ વ્યવસ્થા હેઠળ સુપ્રીમ કોર્ટના પાંચ ટોચના ન્યાયાધીશો સુપ્રીમ કોર્ટ અને ૨૫ ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક, બદલી અને પ્રમોશનની ભલામણ કરે છે.

જસ્ટિસ નાગરત્નાનો જન્મ ૩૦ ઓક્ટોબર, ૧૯૬૨માં થયો હતો. તેણી ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ઇ. એસ. વેંકટરામૈયાના પુત્રી છે.

તેમને ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ કર્ણાટક હાઇ કોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ તેઓ કાયમી જજ બન્યા હતા. તેમનો કાર્યકાળ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ૨૯ ઓક્ટોબર, ૨૦૨૭ સુધી રહેશે અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૭ પછી પ્રથમ મહિલા સીજેઆઇ તરીકેનો તેમનો કાર્યકાળ એક મહિનાથી વધુ સમય સુધી ચાલી શકે છે. ■



**સિદ્ધિઃ** માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરનારી હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લાના ચાંગો ગામની નેત્રહીન મહિલા છોન્ઝીન આંગમો. આ સિદ્ધિ મેળવનારી તે ભારતની પ્રથમ અને વિશ્વની પાંચમી નેત્રહીન વ્યક્તિ છે. *(પીટીઆઇ)*

# બિહારમાં બે જૂથો વચ્ચેની અથડામણમાં ત્રણનાં મોત

### અહિયાપુર ગામમાં સવારે પાંચ વાગ્યે નજીવી બાબતમાં બોલાચાલી પછી અથડામણ

બકસરઃ બિહારના બકસર જિલ્લામાં શનિવારે એક નજીવી બાબતે બે જૂથો વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં ત્રણ લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમ જ બે લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર રાજપુર પોલીસ સ્ટેશન હેઠળના અહિયાપુર ગામમાં સવારે લગભગ પાંચ વાગ્યે બંને જૂથો વચ્ચે બોલાચાલી થયા બાદ અથડામણ થઇ હતી.

રાજપુર પોલીસ સ્ટેશનના એસએચઓ સંતોષ કુમારે જણાવ્યું કે અહિયાપુર ગામમાં એક નજીવી બાબતે બે જૂથો વચ્ચે ગોળીબાર થયો હોવાની માહિતી મળી હતી. પોલીસની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યાં પાંચ લોકો ગોળી વાગવાથી ઘાયલ હાલતમાં મળી આવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે તમામ ઘાયલોને સરકારી હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે બાકીના બે લોકોની સારવાર ચાલી રહી છે. એસએચઓએ જણાવ્યું કે મૃતકોમાંથી બેની ઓળખ વિનોદ સિંહ અને વીરેન્દ્ર યાદવ તરીકે થઇ છે. જ્યારે ત્રીજાની ઓળખ હજુ સુધી થઇ શકી નથી. તેમણે કહ્યું કે આ ઘટનાનું વાસ્તવિક કારણ જાણી શકાયું નથી. કેટલાક ગ્રામજનોએ દાવો કર્યો છે કે ગોળીબાર નજીવી બાબતે થયો હતો. આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે. ■

# મણિપુરમાં બે કરોડ રૂપિયાથી વધુ કિંમતનું ડ્રગ્સ જપ્ત, બેની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં અલગ-અલગ કાર્યવાહીમાં બે કરોડ રૂપિયાથી વધુ કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. તેમજ એક મહિલા સહિત બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતી પોલીસે શનિવારે આપી હતી. ગુરૂવારના રોજ એક કાર્યવાહી દરમિયાન મોંગકોટ ખોપી ગામમાંથી એક ડ્રગ પેડલરની ધરપકડ કરવામાં આવી હતી. તેના કબજામાંથી લગભગ ૧.૭૪ કરોડ રૂપિયાની કિંમતનું ૮૭૦ ગ્રામ બ્રાઉન સુગર, ૫૨ લાખ રૂપિયાની કિંમતના હેરોઇનથી ભરેલા ૨૦ સાબુના બોક્સ, ૨૯.૫ લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ અને બે રેડિયો સેટ મળી આવ્યા હતા. તેમણે જપ્ત કરાયેલી રોકડ ડ્રગ ડીલમાંથી મળેલી રકમ હોવાની શંકા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે પોલીસે શુક્રવારે તંગનુઆમ ગામમાં એક ૪૬ વર્ષીય મહિલાની તેના ઘરેથી ધરપકડ કરી હતી. તેની પાસેથી ૨૫ સાબુના બોક્સ જપ્ત કર્યા હતાં. જેમાંથી ૨૮૯ ગ્રામ શંકાસ્પદ બ્રાઉન સુગર અને આઠ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. ■




# શુભમન ગિલ ટેસ્ટમાં ભારતનો ૩૭મો સુકાની અને પાંચમો યંગેસ્ટ કૅપ્ટન

**ભારતના પહેલા ૩૬ સુકાની કોણ હતા, જાણો છો...આ રહ્યું લિસ્ટ**

મુંબઈઃ ભારતે ૧૯૩૨માં ટેસ્ટ-ક્રિકેટમાં આગમન કર્યું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ભારતીય ક્રિકેટરોએ ૩૬ ટેસ્ટ કૅપ્ટન જોયા છે અને હવે ઇંગ્લૅન્ડની આવતા મહિનાની ટૂર માટે નીમવામાં આવેલો શુભમન ગિલ દેશનો ૩૭મો ટેસ્ટ કૅપ્ટન છે. દેશના સૌથી યુવાન ટેસ્ટ કૅપ્ટનોમાં ગિલ પાંચમા નંબરે છે.

ભારત ૧૯૩૨થી ૨૦૨૫ સુધીમાં કુલ ૫૮૯ ટેસ્ટ મૅચ રમ્યું છે અને એમાં ૩૬ કૅપ્ટનોએ નેતૃત્વનું કૌશલ્ય બતાવ્યું છે.

ઇંગ્લૅન્ડના પ્રવાસમાં ભારતીય ટીમ ગિલના સુકાનમાં પાંચ ટેસ્ટ રમશે. પ્રથમ ટેસ્ટ ૨૦મી જૂનથી લીડ્સમાં રમાશે. ગિલ આ સિરીઝથી રોહિત શર્માનો અનુગામી બનશે. રોહિતે તાજેતરમાં ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેના પછી વિરાટ કોહલીએ પણ ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ જાહેર કર્યું હતું.

પચીસ વર્ષનો ગિલ ભારતનો પાંચમા નંબરનો સૌથી નાની વયનો ટેસ્ટ સુકાની છે. આ લિસ્ટમાં તેની પહેલાંના ચાર યુવા કૅપ્ટનમાં મન્સૂર અલી ખાન પટૌડી (૨૧ વર્ષ), સચિન તેન્ડુલકર (૨૩ વર્ષ), કપિલ દેવ (૨૪ વર્ષ) અને રવિ શાસ્ત્રી (પચીસ વર્ષ)નો સમાવેશ છે.

ઉલ્લેખનીય છે કે ગિલ અગાઉના ભારતના ૩૬ ટેસ્ટ સુકાનીઓમાં કર્નલ સી. કે. નાયુડુ પ્રથમ હતા. તેમની આગેવાનીમાં ૧૯૩૨માં ભારત પહેલી વાર ટેસ્ટ મૅચ રમ્યું હતું. જોકે ત્યારે ૨૦ વર્ષ બાદ (૧૯૫૨માં) ભારતે પહેલી વાર ટેસ્ટ વિજય માણ્યો હતો. ત્યારે વિજય હઝારે કૅપ્ટન હતા અને યોગાનુયોગ એ પ્રથમ ટેસ્ટ વિજય ઇંગ્લૅન્ડ સામે મેળવ્યો હતો. ભારતની એ ઐતિહાસિક ટેસ્ટ ૧૯૫૨ના ફેબ્રુઆરીમાં મદ્રાસ (હવે ચેન્નઈ)ના એમ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી. ભારતે વિદેશમાં પ્રથમ ટેસ્ટ-શ્રેણી વિજય ૧૯૬૭-'૬૮માં મન્સૂર અલી ખાન પટૌડીના સુકાનમાં મેળવ્યો હતો. તેમના સુકાનમાં ભારત ૪૦માંથી નવ ટેસ્ટ જીત્યું હતું. માત્ર પાંચ ભારતીય ટેસ્ટ કૅપ્ટનના નેતૃત્વમાં ભારત ૧૦ કે વધુ ટેસ્ટ જીત્યું છે અને એમાં મોહમ્મદ અઝહરુદ્દીન, સૌરવ ગાંગુલી, એમએસ ધોની, વિરાટ કોહલી અને રોહિત શર્માનો સમાવેશ છે.

કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ટ સુકાની છે. તેની કૅપ્ટન્સીમાં ભારત ૬૮માંથી ૪૦ ટેસ્ટ જીત્યું હતું. એ રીતે તેની કૅપ્ટન્સીનો સફળતાનો રેશિયો ૫૮.૮૨ ટકા છે. ■


ઇંગ્લૅન્ડમાં ૨૦મી જૂને શરૂ થનારી ટેસ્ટ સિરીઝ માટેની ટીમ ઇન્ડિયાના ખેલાડીઓમાં (ટોચની હરોળમાં ડાબેથી) કૅપ્ટન શુભમન ગિલ, વાઇસ-કૅપ્ટન રિષભ પંત, યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઇ સુદર્શન તથા અભિમન્યુ ઈશ્વરન. (વચ્ચેની હરોળમાં ડાબેથી) કરુણ નાયર, નીતીશ રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ, વૉશિંગ્ટન સુંદર તથા શાર્દુલ ઠાકુર. (નીચલી હરોળમાં ડાબેથી) બુમરાહ, સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ, અર્શદીપ સિંહ તથા કુલદીપ યાદવ. (પીટીઆઇ)

### ભારતના ૩૭ ટેસ્ટ કૅપ્ટનો

(૧) કર્નલ સી. કે. નાયુડુ, (૨) મહારાજકુમાર ઑફ વિઝિયાનગરમ, (૩) ઇફ્તિખાર અલી ખાન પટૌડી, (૪) લાલા અમરનાથ, (૫) વિજય હઝારે, (૬) વિનુ માંકડ, (૭) ગુલામ અહમદ, (૮) પોલી ઉમરીગર, (૯) હેમુ અધિકારી, (૧૦) દત્તા ગાયકવાડ, (૧૧) પંકજ રૉય, (૧૨) ગુલાબરાય રામચંદ, (૧૩) નરી કૉન્ટ્રેક્ટર, (૧૪) મન્સૂર અલી ખાન પટૌડી, (૧૫) ચંદુ બોરડે, (૧૬) અજિત વાડેકર, (૧૭) શ્રીનિવાસ વેન્કટરાઘવન, (૧૮) સુનીલ ગાવસકર, (૧૯) બિશનસિંહ બેદી, (૨૦) ગુંડપ્પા વિશ્વનાથ, (૨૧) કપિલ દેવ, (૨૨) દિલીપ વેન્ગસરકર, (૨૩) રવિ શાસ્ત્રી, (૨૪) કૃષ્ણમાચારી શ્રીકાંત, (૨૫) મોહમ્મદ અઝહરુદ્દીન, (૨૬) સચિન તેન્ડુલકર, (૨૭) સૌરવ ગાંગુલી, (૨૮) રાહુલ દ્રવિડ, (૨૯) વીરેન્દર સેહવાગ, (૩૦) અનિલ કુંબલે, (૩૧) મહેન્દ્રસિંહ ધોની, (૩૨) વિરાટ કોહલી, (૩૩) અજિંક્ય રહાણે, (૩૪) કેએલ રાહુલ, (૩૫) રોહિત શર્મા, (૩૬) જસપ્રીત બુમરાહ, (૩૭) શુભમન ગિલ ■

# સતત ત્રીજા દિવસે પ્લે-ઑફની ટીમને ઊતરતા ક્રમની ટીમે હરાવી

**▶ દિલ્હીનો પંજાબ સામે છ વિકેટથી રોમાંચક વિજય**

જયપુરઃ દિલ્હી કૅપિટલ્સની ટીમ આઇપીએલની ૨૦૨૫ની સીઝનના પ્લે-ઑફની બહાર થઈ ગઈ છે, પરંતુ શનિવારે રાત્રે ફાફ ડુ પ્લેસીના સુકાનમાં આ ટીમે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી પંજાબ કિંગ્સને (ત્રણ બૉલ બાકી રાખીને) છ વિકેટના માર્જિનથી હરાવીને રહીસહી આબરૂ સાચવી રાખી હતી. પંજાબનું ટૉપ-ટૂના સ્થાનમાં જવાનું સપનું તૂટી રહ્યું છે.

પ્લે-ઑફમાં પહોંચી ગયેલી ટીમનો પૉઇન્ટ્સ-ટેબલની ઊતરતા ક્રમની ટીમ સામે પરાજય થયો હોય એવું સતત ત્રીજા દિવસે બન્યું. શુક્રવારે હૈદરાબાદે બેંગલૂરુને ૪૨ રનથી અને ગુરુવારે લખનઊએ ગુજરાતને ૩૩ રનથી હરાવ્યું હતું.

ગુજરાત, બેંગલૂરુ અને પંજાબ ઉપરાંત મુંબઈની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે. પ્રથમ પ્લે-ઑફ મૅચ (ક્વૉલિફાયર-વન) ગુરુવાર, ૨૯મી મેએ મુલ્લાંપુરમાં રમાશે.

શનિવારે દિલ્હીએ સમીર રિઝવી (૫૮ અણનમ, પચીસ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) અને કરુણ નાયર (૪૪ રન, ૨૭ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) તેમ જ અફઘાનિસ્તાનના નવા ખેલાડી સેદિકુલ્લા અટલ (બાવીસ રન, ૧૬ બૉલ, બે સિક્સર)ના યોગદાનોની મદદથી ૨૦૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક ૧૯.૩ ઓવરમાં ૨૦૮/૪ના સ્કોર સાથે મેળવી લીધો હતો. ઓપનર કેએલ રાહુલે ૩૫ રન તથા કૅપ્ટન ડુ પ્લેસીએ ૨૩ રન અને ટ્રિસ્ટેન સ્ટબ્સે અણનમ ૧૮ રન બનાવ્યા હતા. પંજાબ વતી હરપ્રીત બ્રારે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, પંજાબે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. શરૂઆતની બે સાધારણ ભાગીદારી બાદ કૅપ્ટન શ્રેયસ ઐયરે (૫૩ રન, ૩૪ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) ટીમને થોડી સ્થિરતા આપી હતી અને પછી છેલ્લી ક્ષણોમાં માર્કસ સ્ટોઇનિસે (૪૪ અણનમ, ૧૬ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) હાર્ડ હિટિંગથી ટીમનો સ્કોર ૨૦૦ પાર કરાવ્યો હતો.

ઓપનર પ્રિયાંશ આર્ય ફક્ત છ રન કરીને આઉટ થઈ ગયો હતો, પણ સાથી ઓપનર પ્રભસિમરન સિંહ (૨૮ રન, ૧૮ બૉલ, એક સિક્સર, ચાર ફોર) અને વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૩૨ રન, ૧૨ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) યોગદાન આપી શક્યા હતા. દિલ્હી વતી મુસ્તફિઝુર રહમાને સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ વિપ્રજ નિગમ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી. ■

**આજે કઈ બે મૅચ**

ગુજરાત વિરુદ્ધ ચેન્નઈ
અમદાવાદ, બપોરે ૩.૩૦

કોલકાતા વિરુદ્ધ હૈદરાબાદ
નવી દિલ્હી, સાંજે ૭.૩૦

# આઇપીએલમાં 'કરે કોઈ, ભરે કોઈ'નો બીજો કિસ્સો બન્યો

**▶ ઓવર-રેટની કસૂર જિતેશની, ૨૪ લાખનો દંડ પાટીદારનેઃ સૅમસને રિયાનને લીધે ભોગવેલું**

લખનઊઃ નિર્ધારિત સમયમાં ઓવર પૂરી ન કરાવી શકવા બદલ (સ્લો ઓવર-રેટના ભંગ બદલ) સંબંધિત ટીમના મુખ્ય કૅપ્ટનને લાખો રૂપિયાનો દંડ થાય છે અને શુક્રવારે અહીં બેંગલૂરુ-હૈદરાબાદ મૅચમાં જે બન્યું એવું આઇપીએલની આ સીઝનમાં અગાઉ પણ એક વાર બન્યું હતું.

વાત એવી છે કે શુક્રવારની મૅચમાં બેંગલૂરુનો મુખ્ય કૅપ્ટન રજત પાટીદાર ઈજાને લીધે આખી મૅચમાં નહોતો રમ્યો અને તેણે (ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે) માત્ર બૅટિંગ કરી હતી અને તેની ગેરહાજરીમાં કૅપ્ટન્સી વિકેટકીપર જિતેશ શર્માને સોંપાઈ હતી. જોકે જિતેશ એ મૅચમાં સમયસર ૨૦ ઓવર પૂરી નહોતો કરાવી શક્યો એટલે પાટીદાર મુખ્ય સુકાની હોવા બદલ પાટીદારને આઇપીએલના નિયમ હેઠળ સીઝનમાં બીજી વાર સ્લો ઓવર-રેટના ભંગને કારણે ૨૪ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો.

એ જ મૅચની વિજેતા ટીમના સુકાની પૅટ કમિન્સે નિર્ધારિત સમયમાં ઓવર્સ પૂરી નહોતી કરાવી એટલે તેને (સીઝનમાં પહેલી વાર ભંગ થયો હોવા બદલ) ૧૨ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

હૈદરાબાદના ૨૩૧/૬ના સ્કોર સામે બેંગલૂરુની ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૮૯ રનના સ્કોર પર આઉટ થઈ જતાં હૈદરાબાદનો ૪૨ રનથી વિજય થયો હતો. સ્લો ઓવર-રેટ બદલ કોઈ કાર્યવાહક સુકાનીથી કસૂર થઈ હોય, પણ દંડ મુખ્ય કૅપ્ટને ભરવો પડ્યો હોય એવું આ જ સીઝનમાં બની ગયું હતું. રાજસ્થાન રૉયલ્સનો મુખ્ય કૅપ્ટન સંજુ સૅમસમ ઈજાને લીધે ઘણી મૅચ નહોતો રમ્યો. એમાંની એક મૅચ કે જેમાં રિયાન પરાગ સુકાની હતો તે સમયસર ૨૦ ઓવર નહોતો કરાવી શક્યો એટલે ટીમનો મુખ્ય કૅપ્ટન હોવા બદલ ૨૪ લાખ રૂપિયાનો દંડ સૅમસને ભોગવવો પડ્યો હતો. ■

# બુમરાહે બીસીસીઆઈને પહેલાં જ કહી દીધું હતું કે 'હું પાંચેય ટેસ્ટ નહીં રમું'

મુંબઈઃ ટેસ્ટ ક્રિકેટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઈ)ને શનિવારે ટીમના સિલેક્શન પહેલાં જ કહી દીધું હતું કે ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસમાં તે બધી પાંચ ટેસ્ટ નહીં રમે, ફક્ત ત્રણ ટેસ્ટ રમશે.

ઇંગ્લૅન્ડમાં ભારતની ટેસ્ટ સિરીઝ ૨૦મી જૂને શરૂ થશે અને એ માટેના કૅપ્ટન તથા ટેસ્ટ ટીમની જાહેરાત ગઈ કાલે બપોરે કરવામાં આવી હતી.

ભારતની ટેસ્ટ ટીમના નવા કૅપ્ટન તરીકે શુભમન ગિલનું નામ જાહેર કરાયું છે અને ટેસ્ટ ટીમમાં સાઇ સુદર્શન તથા અર્શદીપ સિંહનો પહેલી વાર સમાવેશ કરાયો છે. બુમરાહે પોતાની ફિટનેસ તેમ જ વર્ક લૉડ મૅનેજમેન્ટને ધ્યાનમાં રાખીને અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની સિલેક્શન કમિટીને કહી દીધું હોવાનું મનાય છે કે પોતે માત્ર ત્રણ ટેસ્ટ રમશે.


ઑસ્ટ્રેલિયામાં રોહિતનો વાઇસ કૅપ્ટન બુમરાહ (ડાબે) હતો અને હવે ઇંગ્લૅન્ડમાં ગિલનો ડેપ્યૂટી રિષભ પંત (જમણે) હશે.

બુમરાહને ત્રણ મહિના પહેલાં ઑસ્ટ્રેલિયાની ટૂર દરમ્યાન સિડની ખાતેની છેલ્લી ટેસ્ટમાં ઈજા થઈ હતી. ભારત એ ટેસ્ટ મૅચ સહિત સિરીઝ ૧-૩થી હારી ગયું હતું. બુમરાહ એ ટૂર બાદ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પણ નહોતો રમ્યો. તેણે આઈપીએલની શરૂઆતની કેટલીક મૅચો પણ ગુમાવી હતી. બુમરાહે બીસીસીઆઈને એવું કહ્યું હોવાનું મનાય છે કે 'હું તમામ પાંચ ટેસ્ટ મૅચ સુધી મારા શરીરને પરિશ્રમ કરાવી શકું એવી સ્થિતિમાં નથી.'

બુમરાહના આ નિર્ણયને લીધે જ સિલેક્ટરોએ રોહિત શર્માની નિવૃત્તિ બાદ હવે બુમરાહને કેપ્ટન્સી સોંપવાનું ટાળ્યું છે. ■

# અમે ગયા વર્ષે જ ગિલને કૅપ્ટન બનાવવા વિચારી લીધેલુંઃ અજિત આગરકર

**▶ ચીફ સિલેક્ટરે પંતને વાઇસ કૅપ્ટન બનાવવા પાછળનું અને સુદર્શન, અર્શદીપ, કરુણ નાયરને સિલેક્ટ કરવાનું કારણ બતાવ્યું**

મુંબઈઃ ભારતીય ટેસ્ટ ટીમ પરિવર્તન કાળમાંથી પસાર થઈ રહી છે અને ખાસ કરીને રોહિત શર્મા તથા વિરાટ કોહલીની ટેસ્ટમાંથી નિવૃત્તિ પછી સિનારિયો ઘણો બદલાઈ ગયો છે અને એમાં શુભમન ગિલ પર દેશના ૩૭મા ટેસ્ટ કૅપ્ટન તરીકે કળશ ઢોળાયો છે એ જોતાં તેને નેતૃત્વની જવાબદારી સોંપવાનું ક્યારે નક્કી થયું એ મુદ્દો હાલમાં ચર્ચામાં છે. ચીફ સિલેક્ટર અજિત આગરકરે શનિવારે અહીં પત્રકારોને કહ્યું હતું કે ' અમે ગયા વર્ષે જ ગિલને સુકાની બનાવવા વિચારી લીધું હતું.'

૨૦મી જૂનથી ઇંગ્લૅન્ડમાં રમાનારી પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ માટેની ટીમના વાઇસ-કૅપ્ટન તરીકે વિકેટકીપર રિષભ પંતની નિયુક્તિ કરવામાં આવી છે. આગરકરે પત્રકારોને ગિલના મુદ્દે કહ્યું હતું કે ' ટેસ્ટ ટીમની આગેવાની માટે ગયા વર્ષથી જ ગિલ અમારા ધ્યાનમાં હતો. અમને આશા છે કે તે ટેસ્ટ ટીમને ઘણી આગળ લઈ જશે. તેને સોંપવામાં આવેલી જવાબદારી ખૂબ માનસિક દબાણવાળી કહેવાય, પરંતુ ગિલ અસાધારણ ખેલાડી છે અને અમને તેના નેતૃત્વ પર ભરોસો છે. આ નવી જવાબદારી માટે અમારી તેને હાર્દિક શુભેચ્છા છે.'

જસપ્રીત બુમરાહ ફિટનેસ તથા વર્કલૉડ મૅનેજમેન્ટના કારણસર ઇંગ્લૅન્ડમાં પૂરી પાંચ ટેસ્ટ રમવા નહોતો માગતો એટલે તેને કૅપ્ટન તરીકે પસંદ કરવાનું સિલેક્ટરોએ માંડી વાળ્યું હોવાનું મનાય છે. ગિલે ખાસ કરીને સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામે સારું પર્ફોર્મ કર્યું છે.

આગરકરે ટીમની જાહેરાત બાદ પંત વિશે કહ્યું, 'છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં પંત ટેસ્ટ ક્રિકેટમાં ભારતના શ્રેષ્ઠ બૅટ્સમેનોમાં ગણાતો થયો છે. વિકેટકીપર પોતાના દૃષ્ટિકોણથી આખી ગેમને બહુ સારી રીતે પારખી લેતો હોય છે અને એટલે જ અમે પંતને ગિલનો ડેપ્યૂટી બનાવ્યો છે. તેનો અનુભવ ગિલને ઘણો કામ લાગશે.'

ટૉપ-ઑર્ડરના બૅટ્સમૅન અને આઇપીએલની વર્તમાન સીઝનમાં (શનિવાર સાંજ સુધીમાં) સૌથી વધુ ૬૩૬ રન બનાવીને ઑરેન્જ કૅપ મેળવનાર સાઇ સુદર્શનને ટેસ્ટ ટીમમાં સિલેક્ટ કરવા વિશે અજિત આગરકરે કહ્યું, 'સુદર્શનને અમે માત્ર આઇપીએલના પર્ફોર્મન્સને આધારે નથી લીધો. ટેસ્ટ ક્રિકેટ માટે તેની માનસિકતા અમને ખૂબ સચોટ લાગી અને અમને એવું પણ લાગ્યું કે ટોચના સ્તરે સફળ થવા માટેની પૂરી કાબેલિયત તેનામાં છે. અમે ઘણા સમયથી તેના પર્ફોર્મન્સ પર નજર રાખતા જ હતા.'

લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને પણ સુદર્શનની જેમ પહેલી વાર ટેસ્ટ રમવાનો મોકો મળી રહ્યો છે. અર્શદીપે ગયા વર્ષે ઇંગ્લિશ કાઉન્ટીમાં કેન્ટ વતી રમીને કુલ ૧૩ વિકેટ લીધી હતી. તેને ઇંગ્લૅન્ડની પિચો પર રમવાનો અનુભવ મળી ગયો છે. ત્યાં ૫૮ રનમાં ત્રણ વિકેટ તેનો બેસ્ટ પર્ફોર્મન્સ હતો. તેણે પંજાબ વતી ચાર-પાંચ દિવસની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની ૧૨ મૅચમાં કુલ ૩૯ વિકેટ લીધી છે. આગરકરે કહ્યું, 'અર્શદીપની બોલિંગ ખૂબ જ સારી છે. તે ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટ રમી ચૂક્યો છે. છેલ્લા બે વર્ષમાં અમે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેનો પર્ફોર્મન્સ જોયો છે. આ જ કારણસર અમે તેને ઇંગ્લૅન્ડની ટૂર માટે સિલેક્ટ કર્યો છે.'

૩૩ વર્ષનો કરુણ નાયર ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં વીરેન્દર સેહવાગ પછીનો બીજો ટ્રિપલ સેન્ચુરિયન છે. તેણે ૨૦૧૬માં ચેન્નઈમાં ઇંગ્લૅન્ડ સામે ટ્રિપલ સેન્ચુરી (અણનમ ૩૦૩) ફટકારી હતી. તે ભારત વતી છેલ્લે ૨૦૧૭માં ટેસ્ટ મૅચ રમ્યો હતો. તે આઠ વર્ષે પાછો ટેસ્ટ ટીમમાં આવ્યો છે. છ ટેસ્ટમાં તેણે કુલ ૩૭૪ રન કર્યા છે. ચીફ સિલેક્ટર આગરકરે કરુણ નાયર વિશે કહ્યું, 'તેણે છેલ્લાં બે-ત્રણ વર્ષમાં ડોમેસ્ટિક ક્રિકેટમાં પુષ્કળ રન કર્યા છે. તેને ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટનો પણ થોડો અનુભવ છે. હવે ટૉપ-ઑર્ડરમાં વિરાટ કોહલી નહીં હોય એટલે તેના સ્થાને અમારે કોઈ અનુભવી બૅટ્સમૅનને લેવો હતો એટલે કરુણને પસંદ કર્યો છે.'

કરુણ નાયરે ગ્લેમૉર્ગન સામેની એક કાઉન્ટી મૅચમાં ડબલ સેન્ચુરી ફટકારી હતી. કરુણ નાયરે ૨૦૨૩-'૨૪ની ડોમેસ્ટિક સીઝનમાં ૧૦ મૅચમાં ૬૯૦ રન કર્યા હતા અને વિદર્ભને ગયા વર્ષે રણજી ચૅમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ૨૦૨૩-'૨૪ની સીઝનમાં કરુણે ૧૬ મૅચમાં કુલ ૮૬૩ રન કર્યા હતા જેમાં તેની ચાર સેન્ચુરી સામેલ હતી. એ પહેલાં, તે વિજય હઝારે ટ્રોફીમાં પણ ઘણું સારું રમ્યો હતો જેમાં તેણે માત્ર આઠ ઇનિંગ્સમાં ૩૮૯.૫૦ની અદ્ભુત સરેરાશે કુલ ૭૭૯ રન કર્યા હતા. ■


મુંબઈમાં ગઈ કાલે ટીમની જાહેરાત વખતે ચીફ સિલેક્ટર આગરકર (જમણે) અને સિલેક્ટર શિવ સુંદર દાસ. (અમય ખરાડે)

### ગિલ અને પંતની ટેસ્ટ-કરીઅર પર એક નજર...

**શુભમન ગિલઃ** ૩૨ ટેસ્ટમાં પાંચ સેન્ચુરી અને સાત હાફ સેન્ચુરીની મદદથી કુલ ૧,૮૯૩ રન, ઇંગ્લૅન્ડ સામે ૧૦ ટેસ્ટમાં બે સદીની મદદથી કુલ ૫૯૨ રન.

**રિષભ પંતઃ** ૪૩ ટેસ્ટમાં છ સેન્ચુરી અને ૧૫ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૨,૯૪૮ રન તેમ જ ૧૪૯ કૅચ તથા ૧૫ સ્ટમ્પિંગ, ઇંગ્લૅન્ડ સામે ૧૨ ટેસ્ટમાં ત્રણ સદીની મદદથી ૭૮૧ રન તેમ જ ૪૧ કૅચ તથા પાંચ સ્ટમ્પિંગ.

**ભારતની ટેસ્ટ-ટીમઃ** શુભમન ગિલ (કૅપ્ટન), રિષભ પંત (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઇ સુદર્શન, અભિમન્યુ ઈશ્વરન, કરુણ નાયર, નીતીશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ, અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવ.

# ઇંગ્લૅન્ડ જીતી ગયું

નૉટિંગહૅમઃ બેન સ્ટૉક્સના સુકાનમાં ઇંગ્લૅન્ડે અહીં શનિવારે ઝિમ્બાબ્વેને એકમાત્ર ટેસ્ટમાં એક ઇનિંગ્સ અને ૪૫ રનથી હરાવી દીધું હતું. બન્ને દેશ વચ્ચે બાવીસ વર્ષે ફરી એક વાર ટેસ્ટ મૅચ રમાઈ અને એમાં બ્રિટિશરોએ લગભગ બે દિવસ બાકી રાખીને વિજય મેળવી લીધો.

ઇંગ્લૅન્ડે પ્રથમ દાવમાં છ વિકેટે ૫૬૫ રન બનાવીને પહેલો દાવ ડિક્લેર કરી નાખ્યો હતો. ઝિમ્બાબ્વેની ટીમ ઓપનર બ્રાયન બેનેટ (૧૩૯)ની સેન્ચુરી છતાં ૨૬૫ રનમાં આઉટ થઈ જતાં ઇંગ્લૅન્ડે ૩૦૦ રનની સરસાઈ લેવાની સાથે ઝિમ્બાબ્વેને ફૉલો-ઑન આપી હતી. બીજા દાવમાં ઝિમ્બાબ્વેની ટીમ ૨૫૫ રને ઑલઆઉટ થઈ ગઈ હતી. ઇંગ્લૅન્ડના મૅન ઑફ ધ મૅચ સ્પિનર બશીરે પ્રથમ દાવમાં ત્રણ અને બીજા દાવમાં છ વિકેટ લીધી હતી. ■

# નીરજ બે વાર વિશ્વવિજેતા બનેલા ઍન્ડરસનથી ચડિયાતો, રજત જીતી લીધો

કોઝૉર્વ (પોલૅન્ડ): ભાલાફેંકમાં ભારતનો નંબર-વન ઍથ્લીટ નીરજ ચોપડા શુક્રવારે અહીં એક સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. જોકે થોડા જ દિવસ પહેલાં કારકિર્દીમાં પહેલી જ વખત ૯૦ મીટરનું વિઘ્ન પાર કરનાર નીરજનો અહીં પર્ફોર્મન્સ નબળો હતો, પરંતુ અહીંની સ્પર્ધામાં તેણે ૮૪.૧૪ મીટરના પોતાના સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે બે વાર વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા ગ્રેનાડાના ઍન્ડરસન પીટર્સે ૮૩.૨૪ મીટરના બેસ્ટ થ્રો સાથે નીરજ પછી ત્રીજું સ્થાન મેળવ્યું હતું અને બ્રૉન્ઝ જીતી લીધો હતો.



યાનુઝ કુસૉસિન્કી મેમોરિયલ સ્પર્ધામાં જર્મનીનો જુલિયન વેબર ૮૬.૧૨ મીટરના સર્વશ્રેષ્ઠ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

નીરજ ૮૪.૧૪નો બેસ્ટ થ્રો છેક છઠ્ઠા અને છેલ્લા રાઉન્ડમાં કરી શક્યો હતો. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
### ક્લાસિફાઈડ રેટ કાર્ડ
ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફની ટ્રમ્પની ધમકી અને વેરાના બિગ બ્યુટીફૂલ બિલે સોનાને ઉછાળ્યું

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકા અને ચીન વચ્ચેનું ટૅરિફ વૉર શાંત પડતાં વૈશ્વિક વેપાર યુદ્ધની હળવી થયેલી ચિંતા અલ્પકાલિન નિવડી હોવાથી સોનામાં વૈશ્વિક સ્તરે જોવા મળેલો ભાવઘટાડો પણ થોડા સમયગાળા પૂરતો જ રહ્યો હતો. ગત સપ્તાહે રેટિંગ એજન્સી મૂડીઝે અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કર્યો હોવાથી અમેરિકાની રાજકોષીય સ્થિતિની ચિંતા સપાટી પર આવતા રોકાણકારોનો અમેરિકી અસ્કયામતોમાં નિરુત્સાહ રહેતાં બૉન્ડ માર્કેટમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું. તેમ જ અમેરિકી ૨૦ વર્ષીય બૉન્ડને પણ નબળો પ્રતિસાદ મળતાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગમાં વધારો થવાથી ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. વધુમાં સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે પહેલી જૂનથી ૫૦ ટકા ટૅરિફ લાદવાની અને અમેરિકામાં ઉત્પાદન ન થયું હોય તેવા એપલના આઈફોનના વેચાણ પર ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં ૨.૧ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહ દરમિયાન સોનામાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૭૦નો ઉછાળો આવ્યો હતો. જોકે, આગલા સપ્તાહના ભાવઘટાડાના માહોલથી વિપરીત વલણ રહ્યું હોવાથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગમાં જોવા મળેલો સળવળાટ પણ ગત સપ્તાહે શાંત પડી ગયો હતો અને માત્ર રોકાણકારોની છૂટીછવાઈ માગ જોવા મળી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૬મી મેના રૂ. ૯૨,૩૦૧ સામે તેજીના અન્ડરટોને રૂ. ૯૩,૬૧૯ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૩,૦૫૮ અને ઉપરમાં રૂ. ૯૫,૮૧૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૩૧૭૦ અથવા તો ૩.૪૩ ટકા વધીને રૂ. ૯૫,૪૭૧ના મથાળે રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન એકતરફી તેજીનું વલણ રહ્યું હોવાથી જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગ શાંત રહી હતી અને માત્ર રોકાણકારોની છૂટી છવાઈ માગ જોવા મળી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

એકંદરે મૂડીઝ દ્વારા અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો કરવામાં આવતા અમેરિકાની રાજકોષીય સ્થિતિની ચિંતા સપાટી પર આવતા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો અને ૨૦ વર્ષીય બૉન્ડના વેચાણને નબળો પ્રતિસાદ મળતાં સોનું રોકાણકારોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે પ્રવર્તમાન મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ બજારોને ધમરોળતા હોવાથી સોનું ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી જાળવી રાખે તેવી શક્યતા નકારી ન શકાય. વધુમાં ગત સપ્તાહે રિપબ્લિકન પક્ષની બહુમતી ધરાવતા યુએસ હાઉસમાં ગઈકાલે ડૉનલ્ડ ટ્રમ્પનું સ્વીપિંગ ટૅક્સ (વ્યાપક વેરા) અને સ્પેન્ડિંગ (ખર્ચ) નું બિલ પસાર થઈ ગયું હતું. જોકે, આ બિલ ટ્રમ્પના પૉલિસીના એજન્ડામાં હતું અને આ બિલને કારણે દેવામાં ટ્રિલિયન ડૉલર કરતાં વધુ માત્રામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવી હતી. નોંધનીય બાબત એ છે કે ટ્રમ્પ દ્વારા આ બિલને 'બિગ બ્યુટીફૂલ બિલ' નામ આપવામાં આવ્યું છે. હવે આ બિલ સંસદ (સેનેટ)માં જશે. જેમાં રિપબ્લિકન પક્ષની બહુમતી ૫૩:૪૭ની સરાસરીમાં હોવાથી સંસદમાં પણ આ બિલ પસાર થઈ જવાની શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

વધુમાં ગત સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી પહેલી જૂનથી યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારી હતી અને અમેરિકામાં ઉત્પાદન ન થયું હોય તેવા એપલના આઈફોનના વેચાણ પર ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૧ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૬૨.૭૦ ડૉલર અને ૩૩૬૫.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે બે સપ્તાહનો સૌથી મોટો ૫.૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ટ્રમ્પની યુરોપિયન યુનિયન સામેની ટૅરિફની જાહેરાત પશ્ચાત્ ઈક્વિટી માર્કેટમાં કડાકો બોલાઈ ગયો હતો અને ડૉલર ઈન્ડેક્સ પણ ૦.૯ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હતો. તાજેતરમાં સોનામાં ખાસ કરીને આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાને પગલે સોનામાં સલામતી માટેની માગમાં વધારો થયો છે અને જો સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલરની સપાટી કુદાવે તો ભાવ વધીને ૩૮૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે, એમ આરજેઓ ફ્યુચર્સના માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવિલિયનીસે જણાવ્યું હતું. અમેરિકી રાજકોષીય સ્થિતિની ચિંતા, અમેરિકા હાઉસમાં પસાર થયેલા વેરાના બિલને કારણે અમેરિકાની અંદાજપત્રીય ખાધ વધવાની ભીતિ, મૂડીઝ દ્વારા અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો અને યુરોપિયન યુનિયન પર લાદવામાં આવેલી ૫૦ ટકા ટૅરિફ જેવાં કારણોસર વૈશ્વિક સોનામાં તેજીની મજબૂત રેલી જોવા મળી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝરનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવની સ્થિતિએ સોનાની તેજીને ઈંધણ પૂરું પાડ્યું હતું. ખાસ કરીને ગત સપ્તાહે ઈઝરાયલ ઈરાનની ન્યુક્લિયર સુવિધાઓ પર હુમલો કરે તેવી શક્યતા વ્યક્ત કરતાં અહેવાલ વહેતા થતાં મધ્યપૂર્વમાં સરહદી તણાવ વધ્યો હોવાથી સોનામાં સલામતી માટેની માગ વધી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન અમેરિકાની મુખ્ય ભાગીદાર દેશો સાથેની ટ્રેડ ડીલ અંગેના અહેવાલોની સોનાના ભાવ પર અસર જોવા મળી શકે છે તેમ છતાં સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૩૪૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ માટે ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૨,૫૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને રૂ. ૯૮,૫૦૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે. દરમિયાન ગત એપ્રિલ મહિનામાં ચીનની સોનાની આયાત ૭૩ ટકા વધીને ૧૧ મહિનાની ઊંચી ૧૨૭.૫ ટનની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. ■

# બ્લ્યુ વૉટર લૉજિસ્ટિકના આઈપીઓની પ્રાઈસ બૅન્ડ શૅરદીઠ ₹ ૧૩૨થી ૧૩૫

નવી દિલ્હીઃ મલ્ટિમૉડેલ ટ્રાન્સપોર્ટ ઓપરેટર બ્લ્યુ વૉટર લૉજિસ્ટિકે આજે એક યાદીમાં જણાવ્યું હતું કે આગામી ૨૭મી મેના રોજ ખૂલનારા રૂ. ૪૦.૫ કરોડનાં પ્રારંભિક ભરણા અથવા તો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઑફર) માટેની પ્રાઈસ બૅન્ડ શૅરદીઠ રૂ. ૧૩૨થી ૧૩૫ નિર્ધારિત કરી છે.

કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું કે આ ભરણું આગામી ૨૯મી મેના રોજ સમાપન થશે અને રોકાણકારો ભરણામાં લઘુતમ એક હજાર શૅરની અને ત્યાર બાદ તેનાં ગુણાંકમાં અરજી કરી શકશે. આ આઈપીઓ સંપૂર્ણપણે નવા ૩૦ લાખ શૅર માટેનો છે અને ઉપલા ભાવની પ્રાઈસબૅન્ડને ધ્યાનમાં લેતાં કંપની રૂ. ૪૦.૫૦ કરોડ એકત્રિત કરવાની નેમ ધરાવે છે. ભરણાના કુલ ભંડોળ પૈકી રૂ. ૧૦.૫૧ કરોડનું ભંડોળ મૂડીગત ખર્ચમાં અને રૂ. ૨૦ કરોડનો ઉપયોગ કાર્યકારી મૂડી તરીકે કરવામાં આવશે. ■

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ધીમો ભાવવધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૬થી ૩૯૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૬૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ટીન અને નિકલની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ કોપરની અમુક વેરાઈટીઓ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી પાંચ વધી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. બે ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૫૨, રૂ. સાત વધીને રૂ. ૨૮૫૦ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૪૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૨૭, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ .બે વધીને અનુક્રમે રૂ. ૮૧૬ અને રૂ. ૫૫૦ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૮૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તથા સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૬૦ અને રૂ. એક ઘટીને રૂ. ૨૪૦ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમ કે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૫૧, રૂ. ૫૮૦, રૂ. ૨૦૦ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી).

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૪ સેન્ટનો સાધારણ સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંત તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હતાં અને મુખ્યત્વે રવાનગીના કામકાજો રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને જીવનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫ તથા સોયારિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ઈમામી અને રૂચીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૮૫ અને રૂ. ૧૨૧૦ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં આજે ગોંડલ મથકે ૮૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં અને રાજકોટની મંડીમાં ૧૭,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ.૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૨૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગ જળવાઈ રહેતા તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હતા. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૪.૮૮ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૧૬મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૮૮ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૫.૭૨૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૫૫૩ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૯૦.૧૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪માં અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા હાજર બજારમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૨૭.૯ કરોડ ડૉલર વધીને ૫૮૧.૬૫૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના અન્ય મુખ્ય ચલણો જેમ કે યુરો, પાઉન્ડ અને યેન સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. જોકે, આગલા સપ્તાહમાં સોનાની અનામતમાં ૪.૫૨ અબજ ડૉલરનો ઉછાળો આવ્યા બાદ સમીક્ષા હેઠળના સપ્તાહમાં સોનાની અનામત ૫.૧૨૧ અબજ ડૉલર ઘટીને ૮૧.૨૧૭ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૪૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૩૦ લાખ ડૉલર ઘટીને ૪.૩૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■


## પશ્ચિમ રેલવે દોડાવશે સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનો

| ટ્રેન નં. | અહીંથી ઉપડશે અને અહીં પહોંચશે | સેવાની તારીખ | ડિપાર્ચર | અરાઈવલ |
|---|---|---|---|---|
| ૦૯૦૧૭ | મુંબઈ સેન્ટ્રલ - ગાંધીધામ (અઠવાડિક) | ૦૨-૦૬-૨૦૨૫ થી ૩૦-૦૬-૨૦૨૫ | ૨૩:૨૦ કલાકે (સોમવાર) | ૧૨:૫૫ કલાકે (બીજે દિવસે) |
| ૦૯૦૧૮ | ગાંધીધામ - મુંબઈ સેન્ટ્રલ (અઠવાડિક) | ૦૩-૦૬-૨૦૨૫ થી ૦૧-૦૭-૨૦૨૫ | ૧૮:૫૫ કલાકે (મંગળવાર) | ૭:૩૦ કલાકે (બીજે દિવસે) |

**અહીં થોભશેઃ** બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વીરમગામ, સામખિયાળી અને ભચાઉ સ્ટેશન. (બંને દિશામાં)

| ટ્રેન નં. | અહીંથી ઉપડશે અને અહીં પહોંચશે | સેવાની તારીખ | ડિપાર્ચર | અરાઈવલ |
|---|---|---|---|---|
| ૦૯૦૦૫ | મુંબઈ સેન્ટ્રલ - રાજકોટ (અઠવાડિયામાં બે વાર) | ૩૦-૦૫-૨૦૨૫ થી ૨૭-૦૬-૨૦૨૫ | ૨૩:૨૦ કલાકે (બુધવાર અને શુક્રવાર) | ૧૧:૪૫ કલાકે (બીજે દિવસે) |
| ૦૯૦૦૬ | રાજકોટ - મુંબઈ સેન્ટ્રલ (અઠવાડિયામાં બે વાર) | ૩૧-૦૫-૨૦૨૫ થી ૨૮-૦૬-૨૦૨૫ | ૧૮:૩૦ કલાકે (ગુરુવાર અને શનિવાર) | ૦૭:૩૦ કલાકે (બીજે દિવસે) |

**અહીં થોભશેઃ** બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વીરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશન. (બંને દિશામાં)

**ઉપરની બંને ટ્રેનની રચનાઃ** ફર્સ્ટ એસી, એસી-ટૂ ટિયર, એસી-થ્રી ટિયર કોચ

ટાઈમિંગ, હોલ્ટ અને અક્મ્પોઝિશનની વિગતવાર માહિતી માટે પ્રવાસીઓ મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

ટ્રેન નંબર ૦૯૦૧૭ અને ૦૯૦૧૮, ૦૯૦૦૫ અને ૦૯૦૦૬ માટેનું બુકિંગ ૨૫-૦૫-૨૦૨૫ના તમામ પીઆરએસ કાઉન્ટર અને IRCTCની વેબસાઈટ પરથી થશે. ઉપર જણાવેલી ટ્રેનો વિશેષ દિવસે વિશેષ ભાડાથી દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે મહેરબાની કરીને ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખશો


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિઅલ-મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિઅલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

કામ- મુંબઈ ડિવિઝન ઉપર વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| ઓક્શન કેટલોગ નં. | ઓક્શન પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-ADVT-૨૫-૧૪ | ૦૩.૦૬.૨૫, ૧૫.૦૦.૦૦ |

| ક્ર. નં. | લોટ નં. | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓક્શનની બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-NSP-OH-૩૫૧-૨૫-૧ (જાહેરાત આઉટ ઓફ હોમ) | ૦૭ મુદતની માટે કુલ એરિયા ભરતમાં ૬૦૦ ચો. ફૂટના નાલાસોપારા (બુકિંગ ઓફિસના ક્યૂનિંગ એરિયામાં નોર્થ સર્ક્યૂલેટિંગ એરિયા ખાતે સાઈઝ ૨૦x૧૦ની હોર્ડિંગ્સ ૦૩) ખાતે નવા હોર્ડિંગ્સ સ્ટ્રક્ચર્સની ઈરેક્શન દ્વારા જાહેરાતના પ્રદર્શન માટે બલ્ક જાહેરાત હક્કો. | ૨૫૫૭ | ૦૩.૦૬.૨૫, ૧૫:૩૦:૦૦ |

નોંધઃ સંભવિત બિડરોએ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવી. લોટ વાઈસ વિગતો દર્શાવેલ કેટલોગ હેઠળ ત્યાં ઉપલબ્ધ છે. 0188

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

### પશ્ચિમ રેલવે
**ઈલેક્ટ્રિકલ વર્ક્સ**

ડેપ્યૂટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન), પશ્ચિમ રેલવે, ૧લો માળ, સ્ટેશન બિલ્ડિંગ, રૂમ નં. ૧૬૫, ચર્ચગેટ, મુંબઈ-૨૦, ટેન્ડર નં.: EL-૯૨-૧૨-C-CCG-૨૦૨૫-૨૬-૦૧, તા. ૨૩.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન હેઠળ BCCI સ્ટન્ડર્સ તરીકે મહાલક્ષ્મી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સ્પોર્ટસ લાઈટિંગ સિસ્ટમ અને સંબંધિત ઈલેક્ટ્રિકલ કામોની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. NIT કિંમતઃ ₹ ૧,૯૮,૧૮,૫૩૦/-. બારડીઃ ₹ ૨,૪૯,૧૦૦/-. ઈ-બીડ સુપ્રતીની બંધ થવાનીઃ ૧૬.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ઈ-બીડ ખોલવાની તા. ૧૬.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0197

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

### પશ્ચિમ રેલવે
**એન્જિનિયરીંગ વર્ક્સ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WR), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ., ડિપાર્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૮, મંગાવે છે. ક્ર. નં. ૧. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૭૨, તા. ૨૨.૦૫.૨૦૨૫. કામ અને સ્થળઃ કાંદિવલી & વિરાર (કારશેડ): ૧ વર્ષની મુદત માટે આઉટસોર્સિંગ દ્વારા આજના ધોરણે રિપેર ધોરણે જરૂરી. કામની અંદા. કિંમતઃ ₹ ૨૭,૭૫,૮૩૫.૨૦. બારડીઃ ₹ ૫૫,૫૦૦/- ક્ર.નં. ૨. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૭૩, તા. ૨૨.૦૫.૨૦૨૫. કામ & સ્થળઃ ૭૩૦ દિવસોની મુદત માટે આઉટસોર્સિંગ દ્વારા ડે ટુ ડે ધોરણે રિપેર ધોરણે જરૂરી ખાર રોડ (પૂર્વ) અને સાંતાક્રુઝ (પૂર્વ & પશ્ચિમ) કોલોની. કામની અંદા કિંમતઃ ₹ ૯૮,૩૧,૧૭૫.૫૪. બારડીઃ ₹ ૧,૯૬,૬૦૦/- બંને ટેન્ડરોની સુપ્રતિની તારીખ & સમયઃ ૨૦.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. બંને ટેન્ડરોની ખોલવાની તા. & સં.: ૨૦.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0196

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

### પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

W/૬૨૩/NIT/૧ — તારીખઃ ૧૬.૦૫.૨૦૨૫

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | સંપૂર્ણ મુદત |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૪૧ | ૫,૪૦,૯૪,૬૪૦.૭૩ | ૪,૨૦,૫૦૦/- | ૧૦ મહિના |
| | ચાંદેરિયા-રતલામ સેક્શન-સબવે (RUB)નું બાંધકામ-બંધ LC નં.૧૪૧ KM : ૨૭૫/૦૩-૦૫ રીલીવિંગ ગર્ડર દાખલ કરીને અને બોક્સને રીલીવિંગ ગર્ડરની નીચે દબાણ કરીને બોક્સ(ઓ) મુકવા. | | | |
| | કામનો સમાન પ્રકારઃ- ચાલતા રનિંગ રેલવે લાઈન હેઠળ રેલ બ્રિજનું કોઈપણ પ્રકારનું બાંધકામ. | | | |
| ૨ | RTM-૨૦૨૪-૨૫-૧૨૭R | ૨,૪૪,૦૯,૫૦૩.૭૫ | ૨,૭૨,૧૦૦/- | ૧૫ મહિના |
| | DEN/નોર્થ/RTMના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક રિન્યૂવલ વર્કસ માટે એલ્યૂમીનો થેર્મીટ વેલ્ડીંગ્સનો એક્સેક્શન અને AT વેલ્ડીંગ ભાગની સપ્લાય | | | |
| | કામનો સમાન પ્રકારઃ- RDSOની અપ્રુવ્ડ લિસ્ટમાં ટેન્ડરર. નોંધ- રેલવે બોર્ડના પત્ર નં. ૨૦૧૭/ટ્રેક-P/૯(૨) વોલ્યુમ III તા. ૭ માર્ચ ૨૦૧૯ના સંદર્ભમાં, થર્મિટ વેલ્ડીંગના અમલીકરણ માટે લઘુતમ સુવાચ્યતા માપદંડ રદ કરવામાં આવ્યો છે, જેની ટેકનિકલ ક્ષમતાઓ RDSO દ્વારા પહેલાથી જ સ્થાપિત થઈ ગઈ છે. | | | |
| ૩ | RTM-૨૦૨૪-૨૫-૧૫૩R | ૪,૬૪,૭૬,૬૦૫.૨૮ | ૩,૮૨,૪૦૦/- | ૧૫ મહિના |
| | લક્ષ્મીબાઈનગર - ડૉ. આંબેડકર નગર (DADN) સેક્શન - અતિક્રમણ અને ચોરી અટકાવવા માટે સ્ટેશનના અભિગમમાં અને ટ્રેક સાઈડ પર બાઉન્ડ્રી વોલની જોગવાઈ (કુલ- ૫.૮૦ km) | | | |
| | કામનો સમાન પ્રકારઃ- PSC ગર્ડર્સ/PSC સ્લેબ્સ/PSC સ્લીપર વગેરે જેવા PSC એલીમેન્ટ સહિત કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. | | | |
| ૪ | RTM-૨૦૨૫-૨૬-૫૨ | ૧,૪૬,૩૬,૪૮૭.૭૮ | ૨,૨૩,૨૦૦/- | ૦૯ મહિના |
| | રતલામ - ખંડવા સેક્શન - CRO ખાતે મેટલ કટલ સેફ્ટી ફેન્સીંગની જોગવાઈ. | | | |
| | કામનો સમાન પ્રકારઃ- કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ વર્ક. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યુલ મુજબ. ટેન્ડર ફોર્મની કિંમતઃ Nil. ક્ર. નં. ૧. વેબસાઈટ પર અપલોડિંગની તારીખઃ ૧૩.૦૫.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૦૬.૦૬.૨૦૨૫. ક્ર. નં. ૨ થી ૪. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૧૫.૦૫.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૧.૦૬.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

AK/5/1/052 — ડિવિઝનલ રેલવે મેનેજર, (W/A), રતલામ, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly

### પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં: 70/2025-26 થી 76-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 70-2025-26 | સિનિયર ડીઈએન (સેન્ટ્રલ) બીવીપી અધિકારક્ષેત્ર: ભાવનગર ડિવિઝનના મંજૂર કાર્ય સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ (36 નંગ) કર્વ્સ પૂરા પાડવા ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ પૂરા પાડવા. | 3,46,97,548.80 | 3,23,500.00 |
| 2 | 71-2025-26 | મંજૂર કાર્ય સામે ફ્લેશ બટ વેલ્ડ કાર્ય રાજુલા-પીપાવાવ અને ઢસા-રાજુલા સેક્શનમાં 87 નંગ સ્વીચ એક્સપાન્શન જોઈન્ટ્સ (SEJs) ના રિપ્લેસમેન્ટ સાથે 1604 નંગ વેલ્ડના વેલ્ડ રિન્યુઅલ (TWR) દ્વારા. | 1,84,71,153.96 | 2,42,400.00 |
| 3 | 72-2025-26 | રાજુલા-પીપાવાવ અને ઢસા-રાજુલા સેક્શનમાં 87 નંગ સ્વીચ એક્સપાન્શન જોઈન્ટ્સ (SEJs) ના રિપ્લેસમેન્ટ સાથે 1604 નંગ વેલ્ડના સેનિટેશન કરેલ કાર્ય સામે ટ્રેક સંબંધિત કાર્ય. | 98,47,017.00 | 1,97,000.00 |
| 4 | 73-2025-26 | PRCL લાઇનમાં ઢસા-પીપાવાવ સેક્શન વચ્ચે 40 Tkm લંબાઈનું ડીપ સ્ક્રીનીંગ. (તબક્કો-III). | 3,56,57,054.58 | 3,28,300.00 |
| 5 | 74-2025-26 | કાનાલુસ-પોરબંદર સેક્શન: KM 928/1-2 પર LC નં. 55 ને KM 929/0-1 પર LC નં. 56 દ્વારા કનેક્ટિંગ રોડ પૂરો પાડીને બંધ કરવો. | 1,52,33,738.97 | 2,26,200.00 |
| 6 | 75-2025-26 | સાબરમતી-બોટાદ સેક્શન: ફેન્સીન્ગનું બાંધકામ/(4.47) ટ્રેક પર અતિક્રમણ અને ઉલંઘન અટકાવવા માટે બાઉન્ડ્રી વોલ. | 3,44,34,946.31 | 3,22,200.00 |
| 7 | 76-2025-26 | ભાવનગર ડિવિઝન : 52 સ્ટેશનો પર 150 લિટર ક્ષમતાવાળા 57 વોટર કુલરની જોગવાઈ. | 53,62,122.31 | 1,07,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 02/06/2025 **બિડિંગ બંધ થવાની તારીખ:** 16/06/2025 NIT ને રેલવે વેબસાઇટ **www.ireps.gov.in પર તારીખ - 23/05/2025** ના રોજ અપલોડ કરવામાં આવ્યું છે. 034

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## કોરોના ફરી માથું ઊંચકે છે

# થાણેમાં યુવાનનાં મોતથી ચિંતા વધી

**મુંબઈમાં ૧૦૬, રાજ્યમાં ૧૬૨ કેસ**

થાણેઃ કોરોનાએ દેશમાં ફરી માથું ઊંચક્યું છે ત્યારે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં પણ ચિંતામાં વધારો થયો છે. સિંગાપોર, ચીન, હોંગકોંગ અને થાઇલેન્ડમાં ઝડપથી કોરોના વધી રહ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૬૨ કેસ જ્યારે મુંબઈમાં ૧૦૬ કોરોનાના દર્દી નોંધાયા છે. આ દરમિયાન શનિવારે થાણેમાં કોરોનાને કારણે એક ૨૧ વર્ષીય યુવાનનું મૃત્યુ થયું હોવાનું નોંધાયું હતું. પ્રશાસન તરફથી નાગરિકોને માસ્ક પહેરવા તથા અન્ય લોકોથી અંતર રાખવાની અપીલ કરવામાં આવી છે.

આ દરમિયાન થાણેમાં શનિવારે એક યુવાનનું કોરોનાને કારણે મૃત્યુ થયું હોવાનું જણાયું હતું. આ યુવાન ડાયાબિટિસને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તે મુંબ્રાનો રહેવાસી હતો અને તે સાત વર્ષનો હતો ત્યારથી તે ડાયાબિટિસની સારવાર લઇ રહ્યો હોવાનું થાણે પાલિકાના આરોગ્ય વિભાગના અધિકારી ડો. પ્રસાદ પાટીલે જણાવ્યું હતું. તેને ફેફસામાં ઇન્ફેકશન થયું હતું તેથી તેની કોરોના ટેસ્ટ કરાવવામાં આવી હતી. રિપોર્ટમાં તે કોરોના પોઝિટિવ હોવાનું જણાયું હતું.

શહેરમાં પણ છેલ્લા ત્રણ દિવસમાં કોવિડ-૧૯ના ૧૦ જેટલા કેસ મળી આવ્યા છે, જેમાં મહાનગરપાલિકાના (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યમાં રેડ અલર્ટ

**રાયગઢ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી**

**મુંબઈ-થાણેમાં હળવાથી મધ્યમ વરસાદ રહેશે**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચોમાસુ જલદીથી બેસવાના એંધાણ છે અને આગામી બે-ત્રણ દિવસમાં તેની માટેનું પ્રતિકુલ વાતાવરણ ઊભું થશે, એમ ભારતીય હવામાન વિભાગે (આઇએમડી)એ આગાહી કરી છે. શનિવારે સવારે કેરળમાં નૈઋત્યનું ચોમાસુ દાખલ થઇ ગયું હતું જે ૨૦૦૯થી પહેલી વખત આટલું જલદી ચોમાસુ બેઠું છે.

સામાન્ય રીતે મુંબઈમાં સાતમીથી ૧૦મી જૂન સુધી ચોમાસુ બેસતું હોય છે, પરંતુ આ વખતે મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું જલદી બેસવાની શક્યતા છે.

મુંબઈના રિજનલ મેટીઓરોલોજીકલ સેન્ટરના વડા ડો. શુભાંગી ભૂતેએ જણાવ્યું હતું કે ચોમાસુ બેસવા માટે પ્રતિકુલ વાતાવરણ સર્જાયું છે. કેરળમાં સમય કરતા અઠવાડિયા પહેલા જ ચોમાસુ બેસી ગયું છે અને મહારાષ્ટ્ર તરફ નૈઋત્યના મોસમી પવનો ઝડપથી વધી રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગે સમગ્ર રાજ્ય માટે રેડ અલર્ટ ચેતવણી જારી કર્યું છે. અરબી સમુદ્રમાં નીચા દબાણનો પટ્ટો સર્જાયો છે. તે હજુ સુધી ચક્રવાતમાં ફેરવાયું નથી. જોકે, દક્ષિણ કોંકણ કિનારા પર ઓછા દબાણવાળા ક્ષેત્રની તીવ્રતાને (જુઓ પાનું ૪) ▶▶




## પુણેમાં બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ

# ગુજરાતના ચાર સહિત પાંચની ધરપકડ

**અમેરિકનોને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને રોજ પચીસ લાખથી વધુ રકમ વસૂલવામાં આવતી હતી**

પુણેઃ પુણેના ખરાડી વિસ્તારમાં ચાલી રહેલા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરીને ક્રાઇમ બ્રાન્ચે ગુજરાતના ચાર રહેવાસી સહિત પાંચ જણની ધરપકડ કરી હતી. આરોપીઓ અમેરિકન નાગરિકોનો સંપર્ક સંપર્ક કરતા હતા અને તેમના એકાઉન્ટનો ડ્રગ્સ ટ્રાફિકિંગ અથવા અન્ય ગુના માટે દુરુપયોગ કરાયો હોવાનો દાવો કર્યા બાદ ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને તેમની પાસેથી દરરોજ પચીસ લાખથી વધુની રકમ વસૂલતા હતા, એવું તપાસમાં બહાર આવ્યું હતું.

પુણે ક્રાઇમ બ્રાન્ચે આ પ્રકરણે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રાજસ્થાનના સરજીતસિંહ ગિરાવતસિંહ શેખાવત તથા અમદાવાદના અભિષેક અજયકુમાર પાંડે, શ્રીમય પરેશ શાહ, લક્ષ્મણ અમરસિંહ શેખાવત અને એરોન અરુમન ખ્રિશ્ચન તરીકે થઇ હતી. બીજા ત્રણ શકમંદ ફરાર હોવાથી પોલીસ ટીમ તેમની શોધ ચલાવી રહી છે.

પુણેના ખરાડી વિસ્તારમાં બહુમાળી વ્યાવસાયિક ઇમારતના એક ફ્લોર પર ઑગસ્ટ, ૨૦૨૪થી બોગસ કૉલ સેન્ટર મેગ્નેટેલ બીપીએસ એન્ડ કન્સલટન્ટ્સ એલએલપી કાર્યરત હતું. ત્યાં નાઇટ શિફ્ટમાં કામ કરવા માટે એક ડઝન મહિલા સહિત ૧૨૦થી વધુ કૉલિંગ એજન્ટ્સને રખાયા હતા, જેમને પૂછપરછ માટે અટકાયતમાં લેવાયા હતા.

અમેરિકન નાગરિકોને છેતરતા બોગસ કૉલ સેન્ટર અંગે માહિતી મળ્યા બાદ પુણે ક્રાઇમ બ્રાન્ચની ટીમે શુક્રવારે રાતે ત્યાં રેઇડ પાડી હતી, જ્યારે તે અમેરિકન ટાઇમ ઝોન મુજબ કાર્યરત હતું. રેઇડ દરમિયાન ત્યાં ૧૨ મહિલા અને ૧૧૧ પુરુષ કામ કરતા મળી આવ્યાં હતાં. પોલીસ ટીમે ત્યાંથી ૬૪ લેપટોપ અને ૪૧ મોબાઇલ જપ્ત કર્યા હતા. અનેક લેપટોપમાં શંકાસ્પદ (જુઓ પાનું ૪) ▶▶

# ફરીથી લાડકી બહેનો માટે આદિવાસીઓનું ભંડોળ છીનવાયું

**કુલ રૂ. ૬૭૧ કરોડ ડાયવર્ટ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારે ફરી એકવાર આદિવાસી અને જનકલ્યાણ વિભાગોના ભંડોળને લાડકી બહેનની યોજનામાં વાળ્યું છે. ૩૩૫.૭૦ કરોડ રૂપિયા મહિલા અને બાળ કલ્યાણ ખાતાને વળતા કરવામાં આવ્યા છે. આદિવાસી વિભાગના કુલ રૂ. ૬૭૧ કરોડના ભંડોળ પર ફટકો પડ્યો છે.

રાજ્યની આદિવાસી મહિલાઓને મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજનાનો લાભ મળે છે. આ આદિવાસી સમાજની મહિલાઓને નામે આદિવાસી કલ્યાણ યોજનામાંથી ભંડોળ મહિલા અને બાળ કલ્યાણ ખાતાને વળતું કરવામાં આવતું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે, જોકે કેટલી આદિવાસી બહેનોને આ યોજનાનો લાભ મળે છે તેના કોઈ નક્કર આંકડા મહિલા અને બાળકલ્યાણ ખાતા દ્વારા રજૂ કરવામાં આવ્યા નથી.

નાણા વિભાગે એ પણ તપાસ કરી (જુઓ પાનું ૪) ▶▶

### દર મહિને આવી રીતે ભંડોળ ડાયવર્ટ કરાશે

રાજ્ય સરકારે ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં અનુસૂચિત જનજાતીઓ માટે રૂ. ૨૧,૪૧૫ કરોડની ફાળવણી કરી છે, તેમાંથી આદિવાસી વિકાસ ખાતાને આપવામાં આવેલા રૂ. ૩,૪૨૦ કરોડના સહાયક અનુદાનમાંથી દર મહિને ૩૩૫.૭૦ કરોડનું ભંડોળ લાડકી બહેન યોજના માટે વાળવામાં આવશે. આ બંને ખાતામાંથી દર મહિને આ ભંડોળ કાપવામાં આવશે એમ પણ જાણવા મળ્યું છે. ■

## રાજ્યના સાત જિલ્લાનું જીએસડીપીમાં ૫૪ % યોગદાન

મુંબઈઃ મહારાષ્ટ્રના ૩૬ જિલ્લાઓમાંથી માત્ર સાત જિલ્લાઓ કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન (જીએસડીપી)માં ૫૪ ટકા ફાળો આપે છે, જે ૨૦૨૪માં રૂ. ૪૫ લાખ કરોડ હતું, એમ એક સરકારી અહેવાલમાં જણાવાયું છે.

આ સાત જિલ્લાઓમાં મુંબઈ, પુણે અને નાગપુરના બે જિલ્લાઓનો સમાવેશ થાય છે.

૧૬મા નાણાપંચને સુપરત કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે ૧૮ જિલ્લાઓનો વિકાસ દર જીએસડીપી વિસ્તરણ દરના ૦.૮ ગણા કરતા ઓછો છે અને માથાદીઠ (જુઓ પાનું ૪) ▶▶

## મધ્ય રેલવેમાં આજે બ્લોક

મુંબઈઃ મુંબઈ આવી આ મુંબઈ લોકલના મેઈન્ટનન્સ માટે દર રવિવારે મેગા બ્લોક હાથ ધરવામાં આવે છે. ૨૪મી મેના પણ ટ્રેક મેઈન્ટેનન્સ, સિગ્નલ મેઈન્ટેનન્સ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મળતી માહિતી મુજબ માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧થી સાંજે ચાર વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે મુલુંડ-માટુંગા વચ્ચે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ નાહુર, કાંજુરમાર્ગ, વિદ્યાવિહાર સ્ટેશન પર નહીં ઊભી રહે. લોકલ ટ્રેનો પોતાના નિર્ધારિત હોલ્ટ ઉપરાંત મુલુંડ, ભાંડુપ, (જુઓ પાનું ૪) ▶▶




# અટલ સેતુ, સમૃદ્ધિ માર્ગ પર ઇ-વાહનોને ૧૦૦ % ટોલ માફ

**હાઈવે પર દર ૨૫ કિમીએ ચાર્જિંગ સ્ટેશન ફરજિયાત**

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે નવી ઇલેક્ટ્રિક વાહન નીતિ-૨૦૨૫ની જાહેરાત કરી છે. આ અંતર્ગત આગામી પાંચ વર્ષ માટે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે, સમૃદ્ધિ મહામાર્ગ અને અટલ સેતુ પર ઇલેક્ટ્રિક કાર અને ઇ-બસોને ૧૦૦ ટકા ટોલ માફી આપવામાં આવશે. ટૂંક સમયમાં રાજ્યમાં જાહેર બાંધકામ વિભાગ (પીડબલ્યૂડી) હેઠળના તમામ હાઇવે પર ટોલ માફી લાગુ કરવામાં આવશે.

શુક્રવારે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા જીઆરમાં કહેવામાં આવ્યું છે કે ટોલ માફીની રકમ પરિવહન વિભાગ દ્વારા પૂરક જોગવાઈઓ દ્વારા પીડબલ્યૂડી ને આપવામાં આવશે. આ નિર્ણય મુખ્ય સચિવના અધ્યક્ષતામાં રચાયેલી સ્ટીયરિંગ કમિટી દ્વારા લેવામાં આવશે. સરકારની યોજના હેઠળ રાજ્ય અને નેશનલ હાઇવે પર દર ૨૫ કિમીએ એક ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશન બનાવવાનું ફરજિયાત કરવામાં આવ્યુ છે. બધા પેટ્રોલ પંપ પર ઓછામાં ઓછી એક ચાર્જિંગ સુવિધા હશે. આ માટે, ઓઇલ માર્કેટિંગ (જુઓ પાનું ૪) ▶▶







## ‘મનસે અને દિલ સે’

# ઉદ્ધવ જૂથે પાલિકાની ચૂંટણી પહેલા રાજ ઠાકરે સાથે જોડાણ માટે આપ્યો ખુલ્લેઆમ સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે જણાવ્યું હતું કે શિવસેના-યુબીટી રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સાથે જોડાણ માટે તૈયાર છે અને રાજકીય વિભાજનના લગભગ બે દાયકા પછી અલગ થયેલા ઠાકરે પિતરાઈ ભાઈઓ વચ્ચે સંભવિત સમાધાનનો સંકેત આપ્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું હતું કે મનસે સાથે જોડાણ તરફ પાર્ટીનો અભિગમ સકારાત્મક છે અને મરાઠી લોકો (મરાઠી ભાષી લોકો)ના સહિયારા હિતમાં મૂળ છે.

‘મરાઠી લોકોના હિત માટે રાજ ઠાકરે સાથે જોડાણ અંગે ઉદ્ધવ ઠાકરેનું વલણ ‘મન સે’ અને ‘દિલ સે’ (મન અને હૃદયથી) છે,’ એમ રાઉતે કહ્યું હતું.

ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે બંનેએ જાહેરમાં ટિપ્પણી કરી હતી કે તેઓ મરાઠી ઓળખ અને એકતાના વ્યાપક હિત માટે ‘તુચ્છ મુદ્દાઓ’ને અવગણવા તૈયાર છે ત્યારથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં સેના (યુબીટી)-મનસે જોડાણની અટકળો વધી ગઈ છે.

મુંબઈ, થાણે, નાસિક, નાગપુર અને પુણેમાં મહાનગરપાલિકાની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આ વર્ષના અંતમાં યોજાવાની છે, જેના કારણે રાજકીય પુનર્ગઠન અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**